સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 1
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ પૌષ સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૫ જાન્યુઆરી, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




Book Now: 9988542642 | 9988524624
info@lumisafaris.com www.lumisafaris.com
LG 02 & 03, B-Wing, Art Guild House Next to Phoenix Market City, Kurla, BKC annexe, Mumbai

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજકોટ ખાતેથી ખેલ મહાકુંભ ૩.૦નો પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એથ્લેટિક્સ મેદાન ખાતેથી રાજ્યકક્ષાના ખેલ મહાકુંભ ૩.૦નો પ્રારંભ કરાવ્યો હતો. ખેલ મહાકુંભની ઓપનિંગ સેરેમનીમાં ગુજરાતી ગાયક એશ્વર્યા મજમુદારે લાઈવ પર્ફોર્મન્સથી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ ઉપરાંત રાજ્યના શ્રેષ્ઠ જિલ્લા, શાળા અને મહાનગરપાલિકાને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં શ્રેષ્ઠ જિલ્લો અને શ્રેષ્ઠ શાળા તરીકે સુરતે બાજી મારી હતી. જ્યારે ખેડા મહાપાલિકા મોખરે રહેતાં એવોર્ડ એનાયત કરાયો હતો.

ખેલ મહાકુંભ ૩.૦નો પ્રારંભ કરાવતાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સંબોધનમાં કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૫ નવા વર્ષની શરૂઆતના દિવસમાં જ આ ખેલ મહાકુંભનો પ્રારંભ એ રાજ્યના સૌ ખેલપ્રેમીઓમાં આખું વર્ષ નવી ચેતના, ખેલદિલીની નવી ભાવના અને જુસ્સાનો સંચાર કરનારો બની રહેશે. પેરિસના પેરા ઑલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓનું રેકોર્ડબ્રેક પ્રદર્શન, ચેસની વિશ્વ રમતમાં ઐતિહાસિક જીત અને મહિલા શક્તિની ખેલકુંભમાં ભાગીદારીએ નવાં કીર્તિમાન સ્થાપ્યાં છે.

તેમણે ઉમેર્યું હતું કે, ૨૦૩૬ પહેલાં સુગ્રથિત સ્પોર્ટ ઇકો સિસ્ટમ વિકસે તે માટે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ઑલિમ્પિકમાં દેશને વધુ મેડલ મળે તે માટે પ્રતિભાશાળી ખેલાડીઓને ટોપ એટલે કે ટાર્ગેટ ઑલિમ્પિક પોડિયમ સ્કીમ યોજના હેઠળ તૈયાર કરવામાં આવી રહ્યા છે. ગુજરાત પણ ઑલિમ્પિક ૨૦૩૬ રનઅપના ભાગ રૂપે ૨૦૨૫માં આ વર્ષે તેમજ ૨૦૨૬ તથા ૨૦૨૯માં પણ એમ ત્રણ વર્ષમાં પાંચ જેટલી વર્લ્ડ ક્લાસ ગેમ્સના આયોજન માટે પ્રત્યનશીલ છે. આ બધી રમતનું આયોજન દેશમાં અને ગુજરાતમાં ખેલકૂદને પ્રોત્સાહક અને પ્રતિભાને નિખારવાનું વાતાવરણ બનાવશે એવો મને ચોક્કસ વિશ્વાસ છે.

ગુજરાતના રમતગમત પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, અગાઉ ગુજરાતી યુવાનોને ફાફડા-જલેબી અને ખમણઢોકળાના નામે બોલાવાતા હતા. આ ફાફડા-જલેબી, ખમણઢોકળાના નામે ચીડાવતા લોકોને આજે ગુજરાતનો એક એક દીકરો અને દીકરી મેદાન પર ઊતરે તો પરસેવો છોડાવી દેવાનું કામ ગુજરાતીઓ દેશભરની અનેક ટૂર્નામેન્ટમાં કરી રહ્યાં છે. ખેલ મહાકુંભના માધ્યમથી યુવાનો માટે રાજ્ય સરકાર દ્વારા રમતગમત પ્રત્યે એક નવું પ્લૅટફૉર્મ પૂરું પાડવામાં આવ્યું છે.

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રેકોર્ડ બ્રેક કુલ ૭૧,૩૦,૮૩૪ રજિસ્ટ્રેશન થયાં છે. અંડર-૯ કેટેગરીથી માંડીને અબોવ-૬૦ કેટેગરી સુધી મળીને વિવિધ ૭ વયજૂથના ખેલાડીઓ વિવિધ ૩૯ રમતોમાં ભાગ લેશે. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રમતવીરોને રૂા. ૫ લાખથી માંડીને રૂા.૧૦ હજાર સુધીના રોકડ પુરસ્કાર આપવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૪૫ કરોડના રોકડ પુરસ્કાર તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને આપવામાં આવશે. જિલ્લા અને રાજ્યકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવશે. ■

# ભાવનગરમાં ડિમોલિશન અટકાવવા કૉંગ્રેસે ન્યાયયાત્રા યોજીઃ શક્તિસિંહ ગોહિલ અને જિજ્ઞેશ મેવાણી જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરમાં ઝૂંપડપટ્ટી વસાહત હિત રક્ષા સમિતિ તથા કૉંગ્રેસના સહયોગથી ન્યાયયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગર શહેરમાં વર્ષોથી રહેતા સેંકડો ગરીબ અને મધ્યમ વર્ગના સામાન્ય લોકોનાં મકાનો તોડી પાડવાના તંત્રના નિર્ણયના વિરોધમાં કૉંગ્રેસે અસરગ્રસ્તોને સાથે રાખીને વિશાળ રૅલી કાઢી હતી અને મ્યુનિસિપલ કમિશ્નરને આવેદનપત્ર આપ્યું હતું. આ રેલીનો કાર્યક્રમ પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, વડગામના ધારાસભ્ય અને કાર્યકારી અધ્યક્ષ જિજ્ઞેશ મેવાણીની આગેવાનીમાં યોજાઈ હતી જેમાં કૉંગ્રેસના આગેવાનો સહિત શહેરના લોકો પણ જોડાયા હતા. ત્યારે આ દરમિયાન જિજ્ઞેશ મેવાણી સહિતના નેતાઓએ શાસક પક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગરમાં ગઢેચી નદીના શુદ્ધીકરણ માટે નદીકાંઠે વસવાટ કરી રહેલા ૧,૦૦૦થી વધુ મકાનોના રહીશોને તંત્ર દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે.

જિજ્ઞેશ મેવાણીએ કહ્યું હતુ કે,એક તરફ કૉંગ્રેસ તમારા ઘર બચાવાની કોશિશ કરે છે અને બીજી તરફ ભાજપ સરકાર ૭૦ કરોડ ખર્ચવા તૈયાર થઈ છે તમને બેઘર કરવા માટે અને તમારાં ઝૂંપડાં તોડવા માટે વધુમાં તેમણે એમ પણ કહ્યું હતુ કે, જ્યાં સુધી તમારી લડવાની તૈયારી હશે ત્યાં સુધી તમારા મકાનની એક પણ કાંકરી નહીં ખરે તેના માટે જે પણ મહેનત કરવાની થશે તે મહેનત કરવા અમે તૈયાર છીએ. આ સાથે તેમણે કહ્યું હતું કે, જો મકાન તોડવું હોય તો વૈકલ્પિક વ્યવસ્થાની વાત કરો. જિજ્ઞેશ મેવાણીએ સરકારને સવાલ કરતાં જણાવ્યું હતું કે તમારા પસંદગીના બિલ્ડરો, તમારા નેતાઓએ ગૌચર સહિત અનેક જમીન ગેરકાયદે હડપ કરી છે, ત્યાં બુલડોઝર નહીં અને શ્રમિકની છાતી પર બુલડોઝર ફેરવો છો, એ અમે ચલાવી લેવાના નથી. ■

# બનાસકાંઠા વિભાજન મુદ્દે સતત ત્રીજા દિવસે વિરોધ પ્રદર્શન

## શિહોરી-થરા બાદ ધાનેરા સજ્જડ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન થતા વિરોધનો વંટોળ જોવા મળી રહ્યો છે. બનાસકાંઠાના વિભાજનનો સ્થાનિક લોકો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. સતત ત્રીજા દિવસે વિરોધ પ્રદર્શન યથાવત્ રહ્યો હતો. શિહોરી-થરા બાદ શનિવારે ધાનેરામાં લોકોએ બંધ પાળીને વિરોધ નોંધાવ્યો હતો. વહેલી સવારથી ધાનેરાના બજારો સદંતર બંધ રહ્યા હતા. બંધનું એલાન હિત રક્ષક સમિતિ દ્વારા આપવામાં આવ્યું હતું. લોકો દ્વારા ધાનેરાને બનાસકાંઠામાં જ રાખવાની માંગ કરવામાં આવી રહી છે. ધાનેરાના ધારાસભ્ય માવજી દેસાઇએ પણ કહ્યું હતું કે, ધાનેરા વર્ષોથી પાલનપુર સાથે સંકળાયેલું છે.

ધાનેરા તાલુકાને વાવ-થરાદ જિલ્લામાં સમાવી દેતા ધાનેરા વિસ્તારના લોકોમાં ભારે રોષ ભભૂક્યો છે. રોષે ભરાયેલા હજારો લોકોએ રસ્તા પર ઊતરી સરકાર સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો અને ધાનેરાને બનાસકાંઠા જિલ્લામાં જ યથાવત રાખવા માગ કરી હતી. ધાનેરામાં બંધના એલાન સાથે વિશાળ જન રેલી યોજાઈ હતી અને ધાનેરા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી ધાનેરાને બનાસકાંઠામાં જ રાખવા માગ કરાઈ હતી. ધાનેરાના બુદ્ધિજીવી આગેવાનોએ સૂત્રોચ્ચાર કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ધાનેરાને બનાસકાંઠામાં સમાવવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન અને વિરોધની ચીમકી આપી હતી.

કાંકરેજના ધારાસભ્ય અમૃતજી ઠાકોર પણ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. બનાસકાંઠામાં વિભાજનનો વિરોધ સૌ પ્રથમ કાંકરેજથી શરૂ થયો છે. કાંકરેજના શિહોરી ખાતે વેપારીઓ દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. કાંકરેજના થરાના વેપારીઓ દ્વારા ફરી દુકાનો બંધ નાખીને વિરોધ કરવામાં આવ્યો હતો. ■

# વડોદરામાં ૬થી તા.૧૪ જાન્યુઆરી સુધી સેનાનો ભરતી મેળો

## ૮,૩૫૪ યુવાનો અગ્નિવીર પરીક્ષા આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં મહારાજ સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના મેદાનમાં આગામી તા. ૬થી તા.૧૪ જાન્યુઆરી સુધી યોજાનારી ભારતીય સેનાની અગ્નિવીર જવાનની ભરતીની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો, જેમાં ગુજરાતના તમામ જિલ્લામાંથી કુલ ૮૩૫૪ નવલોહિયા યુવાનો ભાગ લેશે. સેનામાં જોડાઇ દેશ સેવા કરવાની પ્રબળ ભાવના ધરાવતા આ યુવાનો સારી રીતે શારીરિક કસોટી આપી શકે એવી તમામ તૈયારી કરવામાં આવી છે.

ભારતીય સેનાના ભરતી વિભાગ દ્વારા વિવિધ જિલ્લાઓના અગ્નિવીરો માટે તારીખ પ્રમાણે શારીરિક કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં તા. ૬ના રોજ મહેસાણા જિલ્લાના ૭૬૩ ઉમેદવારોની કસોટીથી ભરતી પ્રક્રીયાનો પ્રારંભ થશે.

એ બાદ તા. ૭ના રોજ સાબરકાંઠાના ૮૧૧ ઉમેદવારો, તા. ૮ના અમદાવાદના ૮૫૩, તા. ૯ના રોજ વડોદરાના ૧૫૬ અને અરવલ્લી ૭૧૩, તા. ૧૦ના રોજ બનાસકાંઠા જિલ્લાના આઠ તાલુકાના ૮૭૩ અને તે બાદ તા. ૧૧ના રોજ બનાસકાંઠાના છ જિલ્લાના ૫૮૬ અને ગાંધીનગરના ૨૨૮ ઉમેદવારો શારીરિક કસોટી આપશે. એ રીતે જોઇએ તો ગુજરાતમાં સૌથી વધુ બનાસકાંઠા જિલ્લાના ૧૪૫૯ યુવાનો અગ્નિવીર બનવા માટે થનગની રહ્યા છે.

એ જ પ્રકારે તા.૧૨ના રોજ નવસારીના ૫૧, ખેડાના ૩૩૦, પંચમહાલના ૪૫૯ ઉમેદવારો, તા. ૧૩ના રોજ સુરતના ૩૦૬, દાહોદના ૪૫૭, વલસાડના ૩૦ યુવાનો, તા. ૧૪ના મહિસાગર જિલ્લાના ૩૧૧, છોટાઉદેપુરના ૨૦૦, ડાંગના ૧૩, નર્મદાના ૧૪, દાદરાનગર હવેલીના ૮, ભરૂચના ૨૬, તાપીના ૧૩, આણંદના ૧૭૨ ઉમેદવારો અગ્નિવીર ભરતીમાં જોડાશે. તા.૧૫ના રોજ ભારતીય સેના વિવિધ ટેક્નિકલ જગ્યાઓ ઉપર ભરતી પ્રક્રીયા થશે. જેમાં ૯૮૧ ઉમેદવારોએ નોંધણી કરાવી છે. શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થનારા ઉમેદવારોનું તા.૧૬ના રોજ પ્રારંભિક મેડિકલ અને દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે. વડોદરામાં તરસાલી સ્થિત રોજગાર કચેરીના સંયોજનમાં અગ્નિવીર ભરતીમાં ભાગ લેવા આવતા યુવાનોને કોઇ મુશ્કેલીનો સામનો ના કરવો પડે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. ■

# ભાજપના ધારાસભ્ય પી.સી. બરંડાએ શામળાજીને તાલુકો અને હાર્દિક પટેલે વિરમગામને જિલ્લો બનાવવા હુંકાર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નવ નગરપાલિકાઓને મહાનગરપાલિકાઓનો દરજજો મળતાં અન્ય શહેરોને નગરપાલિકાનો તેમજ તાલુકાનો દરજજો આપવા માગ ઉઠી હતી. બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને વાવ-થરાદ જિલ્લા જાહેર કર્યા બાદ હવે યાત્રાધામ શામળાજીને તાલુકો બનાવવા માટે ધારાસભ્ય પીસી બરંડાએ હુંકાર કર્યો હતો. તેમણે ભિલોડાને નગરપાલિકાનો દરજજો આપવા પણ મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી. તે ઉપરાંત ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલે વિરમગામને જિલ્લો બનાવવા અને નળકાંઠાને તાલુકો બનાવવા હુંકાર કર્યો હતો.

શામળાજી મહોત્સવમાં સંબોધન કરતા ભિલોડાના ધારાસભ્ય પી.સી.બરંડાએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૬થી શામળાજીને તાલુકો બનાવવા માટે રજૂઆતો કરાઈ છે. જે આ વર્ષમાં કદાચ પૂરી થઈ શકે છે. શામળાજી તાલુકો બને તો સ્થાનિક લોકોની રોજગારી પણ વધી શકે એમ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, મુખ્ય પ્રધાનને ભિલોડાને નગરપાલિકાનો લાભ મળે એ માટે પણ રજૂઆત કરી હતી.તેમના આ નિવેદન બાદ શામળાજીને તાલુકો બનાવવાની માગ બુલંદ થઈ છે.

વિરમગામ તાલુકાના નળકાંઠા વિસ્તારમાં કુમરખાણ ખાતે ધારાસભ્ય હાર્દિક પટેલના હસ્તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવીન મકાનનું ભૂમિ પૂજન અને પ્રાથમિક શાળાના નવનિર્મિત મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય હાર્દિક પટેલે કહ્યું હતું કે, છાતી ઠોકીને તમને કહીને કહું છું, આપણુ વિરમગામ જિલ્લો બનશે. વિરમગામ જિલ્લો બનશે એટલે નળકાંઠા તાલુકો બનશે.

બોટાદના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ઉમેશ મકવાણા દ્વારા બોટાદ નગરપાલિકાને મહાનગર પાલિકાનો દરજજો આપવા માગ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, બોટાદ નગરપાલિકાને મહાનગરપાલિકા જાહેર નહીં કરીને ભાજપ સરકારે ફરી એકવાર બોટાદની જનતા સાથે વિશ્વાસઘાત કર્યો છે. વસ્તીની દૃષ્ટિએ અને વિસ્તારની દૃષ્ટિએ બોટાદથી નાની નગરપાલિકાઓને પણ મહાનગરપાલિકા બનાવવામાં આવી છે, પરંતુ બોટાદની અવગણના કરીને બોટાદ સાથે અન્યાય કરવામાં આવ્યો છે. સાંસદ સભ્યો અને ધારાસભ્યોની રજૂઆતોની અવગણના કરીને સરકાર પોતાની અણઆવડત બતાવી રહી છે. ■

# ગુજરાત સરકારે પીએમજય-મા યોજના હેઠળ સારવારમાં થતી મુશ્કેલીઓ માટે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના ખ્યાતિ હૉસ્પિટલની ઘટના બાદ પીએમજય યોજનામાં થઈ રહેલા ભ્રષ્ટાચાર સામે સરકાર એક્શનમાં આવી ગઈ છે. આ યોજનામાં જે હૉસ્પિટલની ગેરરીતિ જણાય તેની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. બીજી તરફ રાજ્ય સરકારે આયુષ્યમાન કાર્ડમાં થતી સારવારમાં કોઇ પણ પ્રકારની મુશ્કેલી જણાય તો સરકારને જાણ કરવા એક હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે.

આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે એક્સ પર પોસ્ટ કરીને કહ્યું હતું કે, પીએમજય કાર્ડના એપ્રુવલ આપતી એજન્સીને બદલી દેવામાં આવી છે. ક્રાઇમ બ્રાન્ચ આ એજન્સીનું સમગ્ર કૌભાંડ બહાર લાવી હતી. જેથી હવે પીએમજય-મા યોજનામાં જોડાયેલી હૉસ્પિટલોમાં આયુષ્યમાન કાર્ડ હેઠળ અપાતી સારવારમાં કોઈપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વોટ્સએપ નંબર ૯૨૨૯૯ ૨૩૦૦૫ પર સંપર્ક કરીને સરકારને જણાવી શકો છો. સરકાર તમારી મુશ્કેલીનું નિરાકરણ લાવશે.

તાજેતરમાં આરોગ્યપ્રધાને પીએમજય યોજનાની નવી એસઓપી જાહેર કરી હતી. જેમાં આ યોજના સાથે જોડાયેલી હોસ્પિટલો માટે વધુ કડક નિયમો બનાવાયા હતા.

કાર્ડિયોલોજીની સારવાર માટે હૉસ્પિટલોમાં ફુલ ટાઈમ ડોક્ટરો જરૂરી છે. ખાસ કિસ્સામાં ઇમરજન્સી સારવાર માટે ફક્ત કાર્ડિયોલોજિસ્ટ સેવાઓ આપતા સેન્ટર એન્જિયોપ્લાસ્ટિ કરી શકશે. હોસ્પિટલોએ એન્જિયોગ્રાફી તેમજ એન્જિયોપ્લાસ્ટિના વીડિયોની સીડી અપલોડ કરવાની રહેશે. દર્દીઓ અને સગાની સંમતિ માટે લેખિત અને વીડિયોગ્રાફી દ્વારા સંમતિ લેવી પડશે. ■

# વડોદરામાં ભાજપની સેન્સ પ્રક્રિયામાં બે નેતા વચ્ચે બોલાચાલી થતાં કાર્યકરોમાં સોપો પડી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃગુજરાત ભાજપ સંગઠન પર્વની પ્રક્રિયામાં નવા પ્રદેશ પ્રમુખથી લઈ શહેર પ્રમુખની હવે નિમણૂક કરવામાં આવશે. શનિવારે શહેર અને જિલ્લાના પ્રમુખોની નિમણૂક માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. જેમાં ડોદરા શહેર ભાજપ કાર્યાલય ખાતે સેન્સપ્રક્રિયા દરમિયાન શહેર ભાજપના ઉપપ્રમુખ અને પૂર્વ કોર્પોરેટર વચ્ચે બોલાચાલી થતાં કાર્યાલય પર સોપો પડી ગયો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરા શહેર ભાજપ મહિલા મોરચાનાં ઉપપ્રમુખ સનિતાબેન શુક્લાએ મહિલાઓ મુદ્દે ગંદી કોમેટ કરવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, વિવાદ અંગે પહેલા પ્રમુખને કહીશ અને બાદમાં તેમની મંજૂરી લઈને આગળની કાર્યવાહી કરીશ.મેં કોઈ પ્રકારનો સ્પર્શ કર્યો નથી. શિસ્તબદ્ધ પાર્ટીમાં જે બોલ્યું છે તેને પૂછો.હવે છેક હાઇકમાન્ડ સુધી વાત કરાશે. મારી પાસે રેકોર્ડિંગ આવ્યું છે. સાયન્ટીફીક તપાસ કરાવીશું. શું બોલ્યા છે તે સાંભળી મારે જે કરવાનું છે તે હું ચોક્કસ કરીશ.

બીજી તરફ પૂર્વ કોર્પોરેટર ગોપી તલાટીએ કહ્યું હતું કે હું કોઈપણ કાર્યકર્તા અંગે બોલ્યો નથી. આક્ષેપો પાયાવિહોણા છે. તેમને એમ લાગતું હશે કે મારી અધ્યક્ષપદ માટેની દાવેદારી વર્તમાન અધ્યક્ષ સાથે હરીફાઈ થઈ રહી છે એટલે ગંદા આક્ષેપો કરી રહ્યા છે. મેં પાર્ટીની પ્રક્રિયા મુજબ મારી ઉમેદવારી નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે, ગોપી તલાટી અપશબ્દો બોલતા હોય તેવો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. ■

# આરોપીઓના સરઘસ કાઢીને અપમાનિત કરતી પોલીસ કાર્યવાહી અટકાવવા હાઈ કોર્ટમાં અરજી દાખલ કરાઈ

અમદાવાદઃ ગુજરાતમાં ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતા રીઢા ગુનેગારોની ધરપકડ કરીને તેમની સામે ફોજદારી ફરિયાદ દાખલ કર્યા બાદ પોલીસ દ્વારા તેમનું જાહેરમાં સરઘસ કાઢવામાં આવે છે અને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાય છે. આ પ્રકારના સરઘસો અટકાવવા મુદ્દે હાઈ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. અરજીમાં કહેવાયું હતું કે, સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટના ચુકાદાઓનું ચુસ્તપણે પાલન કરવું જોઇએ.

અરજદારે કોર્ટમાં અરજી દાખલ કરીને આરોપીઓનું સરઘસ કાઢીને તેમને જાહેરમાં અપમાનિત કરીને ડી. કે. બાસુના કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલા ચુકાદાઓનો ભંગ થતો હોવાનો અને ગુજરાત હાઇ કોર્ટ દ્વારા વર્ષ ૨૦૧૮માં એક જાહેર હિતની અરજીમાં અપાયેલા ચુકાદા બાદ આવું કૃત્ય નહિ કરવા માટે પોલીસ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાનો કડક અમલ થવો જોઇએ તેવી માગ કરી હતી. ગુજરાત પોલીસ દ્વારા આરોપીના સરઘસ કાઢવા મુદ્દે રાજકોટના વેપારી પ્રતીક ચંદારાણા મારફતે ગયા મહિને હાઈ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ અરજીમાં તેમણે જણાવ્યું હતું કે, ગત ડિસેમ્બરમાં તેમની વિરુદ્ધ રાજકોટના 'બી' ડિવીઝન પોલીસ સ્ટેશન અને ત્યારબાદ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદીઓને માર મારવાની ધમકી આપવા સહિતની બે ફરિયાદો નોંધવામાં આવી હતી. તેમને માહિતી મળી હતી કે, ઉચ્ચ પોલીસ અધિકારીઓએ કોઇ માથાભારે આરોપી પકડાય તો તેનું જાહેરમાં સરઘસ કાઢવું એવી સૂચનાઓ આપી છે.જેથી તેમને એવો ડર છે કે, પોલીસ દ્વારા તેમનું સરઘસ કાઢીને અપમાનિત કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટ દ્વારા ડી. કે. બાસુના કેસના ચુકાદામાં કસ્ટડીમાં રહેલા આરોપીઓની સુરક્ષા માટે જે માર્ગદર્શિકા ઘડાઈ છે તેનો કડક અમલ કરવાનો આદેશ કરાયો હતો. તે મુજબ પોલીસ વિભાગના ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પ્રિઝન્સ દ્વારા જાહેરનામું બહાર પાડીને દરેક પોલીસ સ્ટેશનને મોકલી આપવામાં આવ્યું છે. આથી તેમની સાથે પણ પોલીસ ગેરવર્તન કરે નહી અને સરઘસ કાઢે નહીં તે માટેનો આદેશ કરવો જોઇએ. આ કેસની વધુ સુનાવણી ૫ ફેબ્રુઆરીએ હાથ ધરવામાં આવશે. ■

# મહાઠગ ભૂપેન્દ્ર ઝાલાના વધુ ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર

## ૧૧,૨૩૨ પૈકી ૧૨૮૬ રોકાણકારોની વિગત મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતમાં બીઝેડ ગ્રૂપની પોન્ઝી સ્કીમ ચલાવી ૬,૦૦૦ કરોડનું કૌભાંડ આચરનારા ભૂપેન્દ્ર ઝાલાના ૭ દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં સીઆઈડી ક્રાઈમે ફરી એક વખત અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરી વધુ છ દિવસના રિમાન્ડની માગ કરી હતી. જોકે કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ભૂપેન્દ્રસિહ ઝાલાના વધુ ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટના મુખ્ય સરકારી વકીલ પ્રવીણ ત્રિવેદીએ રિમાન્ડ માગતાં કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે, ૨૮ ડિસેમ્બરે આરોપીની અટકાયત કરાઈ હતી. જેના અગાઉ સાત દિવસના રિમાન્ડ કોર્ટે આપ્યા હતા. આજે આ રિમાન્ડ પૂર્ણ થતાં વધુ ૬ દિવસના રિમાન્ડની જરૂર છે.

બીઝેડ ફાઇનાન્સની વેબસાઇટ મુજબ બીઝેડમાં ૧૧,૨૩૨ રોકાણકારો છે, જેઓએ ૪૨૨.૯૬ કરોડનું રોકાણ કર્યું છે. તે રોકાણકારોને મહિને ત્રણ ટકા વ્યાજની લાલચ આપતો હતો. આરોપીએ કરેલા રોકડ વ્યવહારોની તપાસ જરૂરી છે. બીઝેડના એજન્ટોને માર્કેટિંગ ચેઇન મુજબ ૧ ટકા, ૦.૫૦ ટકા, ૦.૨૫ ટકા, ૦.૧૦ ટકા મુજબ અનુક્રમે કમિશન મળતું હતું. આ કેસમાં કેટલા એજન્ટ છે અને તેમની વિરુદ્ધ પુરાવા મેળવવા તપાસ કરવાની બાકી છે. આરોપીના લેપટોપ ટેલીમાં હિસાબો રહેતા હતા, તે કબજે કરવાનું અને હિસાબોનો તાળો મેળવવાનો બાકી છે. આરોપીએ ૩૦૦ અને ૧૦૦ રૂપિયાનાં સ્ટેમ્પનું ફ્રેંકિંગ મોડાસા નાગરિક સહકારી બૅન્ક અને સર્વોદય નાગરિક બેંકમાં કરાવી, કુલ ૧૨,૫૧૮ સ્ટેમ્પ ખરીધાં હતાં. વેબસાઈટમાં મળેલા ૧૧,૨૩૨ રોકાણકારો પૈકી ૧૨૮૬ રોકાણકારોની એન્ટ્રી મળી નથી. આરોપી એક રોકાણકાર પાસેથી વધુમાં વધુ ૬ કરોડનું રોકાણ લેતો હતો. તેણે ૪ કરોડથી ૨૫ લાખના ૨૩૦ લોકો પાસેથી રોકાણ મેળવ્યાં છે. આરોપીએ ૪૦ સ્માર્ટ ફોન હિંમતનગરથી ખરીદ્યાં હતાં હવે ફોન તે એજન્ટોને આપ્યા કે કેમ તે જાણવાનું છે. આરોપીએ અન્ય કોઈ મિલકત ખરીદી છે? જેનું રોકાણ લેતા તેના ફોર્મ ભરાવતા તે ભૂપેન્દ્ર ઝાલા પોતાની ઑફિસમાં રાખતા તે કબજે કરવાના છે. વેબસાઈટમાં રોકાણકારોના ડેટા મુજબ રોકાણના ૪૨૨.૯૬ કરોડથી રોકાણકારોને ૧૭૨.૫૯ કરોડ ચૂકવવાના બાકી છે. ■

# વિરમગામ ડાંગર ખરીદ કેન્દ્રમાંથી ₹૩.૬૭ કરોડની ડાંગરની ચોરી

## સાત લોકો સામે ફરિયાદ નોંધાઈ

અમદાવાદઃ વિરમગામ ડાંગર ખરીદ કેન્દ્રમાં નવેમ્બર ૨૦૨૩થી જુલાઈ ૨૦૨૪ દરમિયાન ઓનલાઇન ખરીદીમાં આવેલા કુલ કટ્ટા ૩,૩૫,૫૨૪ની તપાસ કરતાં ૨,૪૪,૬૦૯ કટ્ટા જણાતા આ મામલે ખરીદ કેન્દ્રના ગોડાઉનમાંથી રૂ.૩.૬૭ કરોડની ડાંગરની ચોરી થયાનું માલૂમ પડતાં ૭ લોકો સામે વિરમગામ મામલતદારે વિરમગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.

વિરમગામ ડાંગર ખરીદ કેન્દ્રના ખરીદ અધિકારી એચ.એમ. ઠાકોર, તત્કાલીન વિરમગામ ગોડાઉન મૅનેજર જિતેન્દ્ર પરમાર, ડીએસડી ઇજારેદાર સુફિયાન મંડલી, એગ્રીકલ્ચર એપ્રેન્ટિસ અજય ચૌધરી, એગ્રી. એપ્રેન્ટીસ વિક્રમ ચૌધરી, ગ્રેડિંગ એજન્સી એજી નેક્સ્ટ ગ્રેડર અજય મહિડા, ગ્રેડિંગ એજન્સી એજી નેક્સ્ટ ગ્રેડર જયંત ઠાકોર દ્વારા ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૨૩ ૨૪ અંતર્ગત ખેડૂતો પાસેથી નવેમ્બર ૨૦૨૩ થી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ડાંગર ખરીદી કેન્દ્ર વિરમગામ ખરીદી તેમજ તેને સંલગ્ન અન્ય કાર્યવાહીની જવાબદારી સોંપાઈ હતી. ૪૮,૦૫૭ કટ્ટાની ઘટ અંગે ખરીદ કેન્દ્રના ખરીદ અધિકારી એચ.એમ. ઠાકોર, તત્કાલીન વિરમગામ ગોડાઉન મેનેજર જીતેન્દ્ર પરમાર, ડીએસડી ઇજારેદાર સુફિયાન મંડલી, એગ્રીકલ્ચર એપ્રેન્ટિસ અજય ચૌધરી, એગ્રીકલ્ચર એપ્રેન્ટિસ વિક્રમ ચૌધરી, ગ્રેડિંગ એજન્સી એજી નેક્સ્ટ ગ્રેડર અજય મહિડા,ગ્રેડિંગ એજન્સી એજી નેક્સ્ટ ગ્રેડર જયંત ઠાકોર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. આવી ગેરરીતિ બહાર આવતાં આ મામલે શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં ચકચાર મચી ગઈ હતી. ■

# અમદાવાદ મનપાના ઈજનેર વિભાગમાં ભરતી કૌભાંડ મામલે મેયરનું આકરું વલણઃ કસૂરવારો સામે કાર્યવાહીની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની સૌથી મોટી મહાનગરપાલિકા એવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઇજનેર વિભાગમાં ૯૩ સહાયક ટેકિનકલ સુપરવાઇઝરની ભરતી પ્રક્રિયામાં થયેલા કૌભાંડ મામલે રાજકારણ ગરમાતાં ભાજપના સત્તાધીશો ખૂબ ગંભીરતા દાખવી રહ્યા છે. સહાયક ટેકિનકલ સુપરવાઇઝરની ભરતીમાં ત્રણ ઉમેદવારોના માર્કસ વધારીને ગેરકાયદેસર રીતે નોકરી આપવાના કૌભાંડ મામલે અમદાવાદના મેયર પ્રતિભા જૈને મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારેસનને બે પત્ર લખીને ભરતી પ્રક્રિયામાં નિષ્પક્ષ તપાસ કરીને કસૂરવાર વિરુદ્ધ કાર્યવાહી કરવાની માગ કરી હતી.

મેયર પ્રતિભા જૈને મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી ઉચ્ચ અધિકારીઓની પણ આ મામલે તપાસ કરવાની માગ કરી હતી. ભરતી મામલે ઉચ્ચ અધિકારીઓએ વેરિફિકેશન કરેલું નથી, જેથી તેઓની બેદરકારી જણાતી હોવાથી ભરતી પ્રક્રિયામાં સંડોવાયેલા તમામ અધિકારીઓ-કર્મચારીઓની તપાસ કરી અને કડકમાં કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી.

મેયરે લખેલા પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં ઈજનેર વિભાગના ટેકિનકલ સુપરવાઈઝરની ૯૩ જગ્યા માટેની ભરતી પ્રક્રિયામાં ત્રણ ઉમેદવારોએ એએમસી સેન્ટ્રલ ઓફિસ વિભાગના હેડ કલાર્ક પુલકીત સથવારાના મેળાપીપણામાં ગેરરીતિ આચરીને નિમણૂક મેળવી હોવાનું જાણવા મળ્યું છે. આ મામલો સામે આવતાં હેડ કલાર્ક પુલકિત સથવારાને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

મેયર પ્રતિભા જૈને તેમના પત્રમાં લખ્યું હતું કે, ભરતી કૌભાંડ મામલે સ્પષ્ટ જણાઈ આવે છે કે, ઉપરની કેડરમાં ફરજ બજાવતા અધિકારીઓએ પૂરતું ક્રોસ ચેકિંગ કર્યું હોય તેવું જણાતું નથી. અધિકારીઓ અને કર્મચારીઓએ તેમની કામગીરી પ્રત્યે બેદરકારી દાખવી છે. જેથી ભરતી પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ-કર્મચારીઓની કામગીરી બાબતે જવાબદારી નક્કી કરવામાં આવે તેમ જ ખાતાકીય તપાસ કરવી અને કામગીરીમાં બેદરકારી દાખવનાર સામે કડકમાં કડક શિક્ષાત્મક કાર્યવાહી કરજો. ■

સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 1
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ પૌષ સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૫ જાન્યુઆરી, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## વિકસિત ભારતનું સપનું પૂરું કરવામાં ગામડાંની ભૂમિકા ચાવીરૂપ: મોદી

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 70,380/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

નવી દિલ્હી: જાતિવાદને નામે અમુક લોકો સમાજમાં ઝેર ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે એમ જણાવી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે વિપક્ષ પર આક્રમક પ્રહાર કર્યા હતા.

મોદીએ લોકોને ગામડાંનો વારસો તેમ જ સંસ્કૃતિ જાળવવા અને મજબૂત કરવા આવા કાવતરાંમાં ન ફસાવાનો અને તેને નિષ્ફળ બનાવવાનો અનુરોધ કર્યો હતો.

ગ્રામીણ ભારત મહોત્સવનું ઉદ્‌ઘાટન કરતા મોદીએ કહ્યું હતું કે વર્ષ ૨૦૧૪થી અમારી સરકાર ગ્રામીણ વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે.

વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું સપનું પૂરું કરવામાં ગામડાંઓ ચાવીરૂપ ભૂમિકા ભજવશે, એમ તેમણે કહ્યું હતું.

કૉંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીનો આડકતરો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે અમુક લોકો સમાજના તાણાવાણાને નબળા પાડવા જાતિવાદને નામે સમાજમાં ઝેર ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આપણે આવાં કાવતરાંને નિષ્ફળ બનાવવા જોઈએ અને ગામડાંની સંસ્કૃતિને મજબૂત બનાવવાના તેમ જ તેની જાળવણી કરવાના પ્રયાસ કરવા જોઈએ, એમ મોદીએ કહ્યું હતું.

રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ સહિત વિપક્ષના નેતાઓ સતત જાતિ આધારિત જનગણનાની માગણી કરી રહ્યા છે.

વર્ષ ૨૦૧૪થી હું સતત ગ્રામીણ ભારતની સેવામાં રત છું એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે ગ્રામીણ વિસ્તારના લોકો ગૌરવપૂર્વક જીવી શકે તેની ખાતરી કરવી, ગ્રામીણ ભારતનું સશક્તિકરણ, ગામડાંઓમાં રહેતા લોકો માટે વિપુલ માત્રામાં તક ઊભી કરવી સ્થળાંતર અટકાવવું અને ગામડાનાં લોકોનાં જીવનનું સરળીકરણ

(જુઓ પાનું ૨) ▸▸

## પંતનો પાવર, બૉલેન્ડની બોલબાલા: બીજા દિવસે પડી ૧૫ વિકેટ

### કોહલી આઠમી વાર ઑફ સ્ટમ્પની બહારના બૉલને છેડવા જતાં થયો આઉટ: ૧૭૫ જેટલો લક્ષ્યાંક ઑસ્ટ્રેલિયાને ભારે પડી શકે



સિડની: બોર્ડર-ગાવસકર ટ્રોફીની અહીં સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (એસસીજી) પર રમાતી છેલ્લી ટેસ્ટમાં શનિવારના બીજા દિવસે પડેલી કુલ ૧૫ વિકેટ (ઑસ્ટ્રેલિયાની નવ અને ભારતની છ વિકેટ) સહિત અનેક રોમાંચક વળાંકો આવ્યા બાદ હવે આ મૅચનો (અને શ્રેણીનો) મોટા ભાગે આજે (રવિવારે) અંતિમ દિન બનશે અને એ સાથે સિરીઝમાં ઑસ્ટ્રેલિયા ૩-૧થી વિજયી બનશે કે શ્રેણી ૨-૨થી ડ્રૉમાં જશે એ નક્કી થઈ જશે. હાલમાં કાંગારુંઓ ૨-૧થી આગળ છે અને સિડનીની ટેસ્ટમાં તેમનો હાથ ઉપર છે. આક્રમક બૅટિંગમાં ૬૧ રન બનાવનાર વિકેટકીપર-બૅટર રિષભ પંત અને ફરી ચાર વિકેટ લેનાર ઑસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર સ્કૉટ બૉલેન્ડ બીજા દિવસના સૌથી મોટાં બે આકર્ષણ હતાં.

બીજા દિવસની રમત બંધ રહી ત્યારે ભારતનો બીજા દાવનો સ્કોર છ વિકેટે ૧૪૧ રન હતો અને ચાર રનની લીડ ઉમેરતાં ભારતના ૧૪૫ રન હતા અને ચાર વિકેટ પડવાની બાકી હતી. રવીન્દ્ર જાડેજા ૩૯ બૉલમાં એક ફોરની મદદથી બનેલા આઠ રને નૉટઆઉટ હતો અને તેની સાથે વૉશિંગ્ટન સુંદર (૧૭ બૉલમાં છ રન) રમી રહ્યો હતો. જસપ્રીત બુમરાહને પીઠમાં

(જુઓ પાનું ૨) ▸▸




## ઓડિશા: સંબલપુરમાં ગોલ્ડ લોન કંપનીમાંથી 30 કિલો સોનાની લૂંટ

સંબલપુર: ઓડિશાના સંબલપુર શહેરમાં એક ગોલ્ડ લોન કંપનીની શાખામાંથી કથિત રીતે બંદૂકની અણી પર લૂંટ ચલાવવામાં આવી હતી. લૂંટારુંઓએ ૩૦ કિલો સોનાની લૂંટ કરી હતી. આ જાણકારી પોલીસે શનિવારે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર લૂંટની આ ઘટના શુક્રવારે સવારે બુધરાજા મેઇન રોડ પર મણપ્પુરમ ફાઇનાન્સની શાખામાં બની હતી. સોના ઉપરાંત લૂંટારુંઓ ચાર લાખ રૂપિયાથી વધુની રોકડ પણ લૂંટી ગયા હતા. પોલીસે જણાવ્યું કે બ્રાન્ચ ખુલતાની સાથે જ લૂંટારાઓની ટોળકી અંદર ઘૂસી હતી. ત્રણ કર્મચારીઓને બંદૂકની અણી પર બંધક બનાવવામાં આવ્યા હતા, જ્યારે બ્રાન્ચ મેનેજરના હાથ-પગ બાંધી દેવામાં આવ્યા હતા. જ્યારે કેટલાક લૂંટારુંઓ બ્રાન્ચના કર્મચારીઓને બંધક બનાવવામાં વ્યસ્ત હતા ત્યારે ગેંગના અન્ય સભ્યોએ તિજોરીની ચાવીઓ અને પાસવર્ડ મેળવી લીધા અને સોનાના દાગીના અને રોકડની લૂંટ કરી હતી. એફઆઇઆર મુજબ તેમાંથી કેટલાક બ્રાન્ચની બહાર ચોકીદારી પણ કરી રહ્યા હતા.

એસડીપીઓ તોફન બેગના જણાવ્યા અનુસાર લગભગ ૭ થી ૧૦ લૂંટારુંઓ હતા. તેઓએ હેલ્મેટ અને માસ્ક પહેરેલા હતા. લૂંટ કર્યા પછી તુરંત જ તેઓ મોટરસાઇકલ પર ભાગી ગયા હતા. તેમણે કહ્યું કે વિસ્તારના સીસીટીવી ફૂટેજ સ્કેન કરવામાં આવી રહ્યા છે અને કંપનીના કર્મચારીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે.

મણપ્પુરમ ફાઇનાન્સે એક નિવેદનમાં જણાવ્યું કે પ્રાથમિક તપાસમાં

(જુઓ પાનું ૨) ▸▸

## વિશ્વભરમાં ખાદ્ય સામગ્રી સહિત સામાન્ય વપરાશની ચીજોના ભાવ અનેક ગણા વધશે

નવી દિલ્હી: જર્મનીની પોટ્સ ડેમ ઇન્સ્ટિટ્યૂટ ફોર ક્લાઇમેટ ઇમ્પેક્ટ રિસર્ચે વિશ્વભરના ગરીબ, શ્રીમંત સહિત મોટા ભાગના દેશોમાં ખાદ્ય સામગ્રી સહિત સામાન્ય વપરાશની ચીજોના ભાવ અનેક ગણા વધવાની આગાહી કરી હતી.

અહેવાલમાં જણાવાયું હતું કે ઓછી આવકવાળા દેશોમાં ૨૦૫૦ સુધીમાં કન્ઝ્યુમર ફૂડ પ્રાઇસ સરેરાશ ૨.૪૫ ટકા અને પ્રોડ્યુસર પ્રાઇસ એકંદરે ૩.૩ ટકા વધશે અને તેને લીધે આ દેશના લોકો માટે પૂરતો તેમ જ પૌષ્ટિક ખોરાક મેળવવો વધુ મોંઘો અને મુશ્કેલ બની જશે.

પોટ્સ ડેમ ઇન્સ્ટિટ્યૂટ ફોર ક્લાઇમેટ ઇમ્પેક્ટ રિસર્ચના વિજ્ઞાની અને આ અહેવાલ તૈયાર કરનારાઓમાંના અગ્રણી લેખક ડેવિડ મેંગ-ચુએન ચેને જણાવ્યું હતું કે 'ક્લાઇમેટ ચેન્જ'ની માઠી અસરને લીધે સબ-સહારા આફ્રિકામાં ખેતીનો ખર્ચ ઘણો જ વધી રહ્યો છે, પણ તેની સામે ગ્રાહકોના વપરાશની ચીજોમાં 'ખેડૂતોનો હિસ્સો' ઘણો જ ઓછો છે.

આ અભ્યાસમાં વિશ્વના ૧૩૬ દેશ અને ૧૧ ફૂડ ગ્રૂપને આવરી લેવાયા હતા. આ ઉપરાંત, ઘરમાં અને ઘરની બહાર (રેસ્ટોરાંમાં) લેવાતા ભોજનની કિંમતને પણ ધ્યાનમાં લેવાઇ હતી. કરિયાણાની દુકાનમાં

(જુઓ પાનું ૨) ▸▸

## લશ્કરનું વાહન ખીણમાં ખાબકતા ચાર સૈનિકનાં મોત, બે ઘાયલ

શ્રીનગર : લશ્કરનું વાહન જમ્મુ અને કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં ખીણમાં ખાબકતાં ચાર જવાન મૃત્યુ પામ્યાં હતાં અને બે જવાનને ઈજા પહોંચી હતી, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. વાહન રસ્તા પરથી સરકીને ઉત્તર કાશ્મીર જિલ્લાના એસકે પાયેનની નજીકની ખાઈમાં પડ્યું હતું.

અધિકારીઓએ માહિતી આપી હતી કે ચાર જવાન મરણ પામ્યાં હતાં અને બીજા બે ઘાયલ થયા હતા. લશ્કરના ચિનાર કોરે 'એક્સ' પર

(જુઓ પાનું ૨) ▸▸

## વિદેશી મોડેલ બનીને ૭૦૦ યુવતીને ફસાવી

દિલ્હી: હાલમાં જ દિલ્હી પોલીસે ૨૩ વર્ષના એક સાયબર ગુનેગારને પકડી પાડ્યો છે, તેણે ઘણી યુવતીઓ અને મહિલાઓ સાથે ઓનલાઈન દોસ્તી કરીને તેમની પાસેથી પૈસા પડાવી લીધા હતા. આ ફ્રોડ વ્યક્તિ ખાસ કરીને ૧૮ થી ૩૦ વર્ષની છોકરીઓ અને મહિલાઓને ફસાવતો હતો. ડેટિંગ પ્લેટફોર્મ પર મોડલ તરીકે દર્શાવીને ૭૦૦થી વધુ મહિલાઓ સાથે તેણે છેતરપિંડી કરી છે, જે બદલ તેની ધરપકડ કરવામાં આવી હતી. આ ફ્રોડ કરનાર વ્યક્તિ દિલ્હીનો છે. તેનું નામ તુષાર છે. તેની પાસે બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં સ્નાતકની ડિગ્રી છે. છેલ્લા ત્રણેક વર્ષથી તે નોઈડાની

(જુઓ પાનું ૨) ▸▸

## છત્તીસગઢમાં પત્રકારની હત્યા: ત્રણની ધરપકડ

રાયપુર : શનિવારે છત્તીસગઢના બિજાપુર જિલ્લામાં પત્રકાર મૂકેશ ચંદ્રાકરની હત્યાના સંબંધમાં ત્રણ જણની ધરપકડ કરવામાં આવી છે. નાયબ મુખ્ય પ્રધાન વિજય શર્માએ આ કેસની તપાસ કરવા ખાસ તપાસ ટીમની રચના કરવાની જાહેરાત કરી હતી. નાયબ મુખ્ય પ્રધાને એવો પણ દાવો કર્યો છે કે મુખ્ય આરોપી કૉંગ્રેસના નેતા છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે ૩૩ વર્ષના ફ્રીલાન્સ જર્નાલિસ્ટ ચંદ્રાકર પહેલી જાન્યુઆરીથી ગૂમ હતા અને શુક્રવારે બિજાપુર નગરની ચટ્ટાનપડા બસ્તીમાં એક સેપ્ટિક ટેંકમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ સિવિલ કૉન્ટ્રાક્ટર સુરેશ ચંદ્રાકરની મિલકતમાંથી મળ્યો હતો. સુરેશ ભાગતો ફરે છે, પરંતુ તેના કુટુંબીજનો રિતેશ ચંદ્રાકર અને દિનેશ ચંદ્રાકરની સુપરવાઈઝર મહેન્દ્ર રામટેકે સાથે ધરપકડ કરવામાં આવી છે.

શર્માએ કહ્યું હતું કે આ કેસમાં સુરેશ મુખ્ય આરોપી છે. તે કૉંગ્રેસનો નેતા અને બિજાપુરમાં પક્ષનો હોદ્દેદાર છે. તેને પકડવા પોલીસની ચાર ટીમની રચના કરવામાં આવી છે. આરોપીના બૅન્ક ખાતાને થીજાવી દેવાની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી છે. અમે સુરેશના ત્રણ ખાતા હોલ્ડ પર રાખ્યા છે. આરોપીની ગેરકાયદે સંપત્તિ અને અતિક્રમણો સામે સત્તાવાળાઓએ કાર્યવાહી શરૂ કરી છે.

નાયબ મુખ્ય પ્રધાને પત્રકારની સરાહના કરતાં કહ્યું હતું કે મૂકેશ માઓવાદી વિસ્તારના અંતરિયાળના અહેવાલો માટે જાણીતો હતો. તેને સ્થાનિક મુદ્દાની સારી સમજણ હતી. તેની હત્યાને લીધે બસ્તરમાં શાંતિ સ્થાપવાના પ્રયાસોને ફટકો પડ્યો છે. છત્તીસગઢ પોલીસે હત્યાની તપાસ કરવા માટે આઈપીએસ ઓફિસર મયંક ગુર્જરની આગેવાની હેઠળ ૧૧ સભ્યોની સિટની રચના કરી છે. પોલીસ ત્રણ-ચાર અઠવાડિયામાં તહોમતનામું સુપરત કરશે અને ઝડપી ખટલા માટે અદાલતને વિનંતી કરશે. (એજન્સી)



## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૫-૧-૨૦૨૫ થી તા. ૧૧-૧-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં ધનુ રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી મંગળ કર્ક રાશિમાં મધ્યમ ગતિએ ભ્રમણ કરે છે. બુધ ધનુ રાશિમાં સમગ્ર સપ્તાહમાં શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. વક્રી ગુરુ વૃષભ રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર કુંભ રાશિમાં શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા. ૫મીએ મીનમાં, તા. ૭મીએ મેષમાં, તા. ૯મીએ વૃષભમાં, તા. ૧૧મીએ મિથુનમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ અને લેવડદેવડના વેપારના કામકાજ સફળતાથી પૂર્ણ કરી શકશો. નોકરીમાં તા. ૫, ૮, ૯, ૧૧ શુભ જણાય છે. આ સપ્તાહમાં મકાન, મિલકત, ઘર સંબંધિત નિર્ણયો લઈ શકશો. વેપારના નાણાંની આવક જળવાશે. પરંતુ ખર્ચ પર સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓને આ સપ્તાહમાં અપેક્ષા મુજબ પ્રાસંગિક કામકાજમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ઉચ્ચ પરીક્ષામાં સફળતાનો અનુભવ થશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી થશે. નોકરીમાં પરિવર્તનો શક્ય છે. તા. ૬, ૭, ૯, ૧૦ નોકરીના કામકાજ પૂર્ણ થતાં દર્શાવે છે. સાહસિકતાથી પરિવાર માટે નિર્ણયો લઈ શકશો. વેપારના કામકાજ, મુલાકાતો, વાટાઘાટો સફળ રહેશે. મુસાફરી સફળ નીવડશે. મહિલાઓને કુટુંબના સદસ્યો સાથેનો સુખદ અનુભવ થાય. વ્યવહારિકપણે પ્રશ્નોનો ઉકેલ લાવી શકશો. વિદ્યાર્થીઓનો ઉત્સાહ, ઉમંગ, આત્મવિશ્વાસ આ સપ્તાહમાં વધુ મજબૂત બનશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણની તક અનુસરી શકશો. નોકરી માટે તા. ૫, ૬, ૮ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો, મિત્રોમાં સંપ જળવાશે. વેપારના મહત્ત્વના નિર્ણયો આ સપ્તાહમાં લઈ શકશો. નવા કારોબારનો પ્રારંભ થઈ શકશે. વેપારમાં નાણાંની આવક જળવાઈ રહેશે. મહિલાઓને કુટુંબના સદસ્યો તરફથી પ્રસંગોની જવાબદારીમાં સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા નિર્ણયો લઈ શકશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય છે. શૅરબજારના કામકાજમાં આત્મવિશ્વાસ દૃઢ બનશે. તા. ૭, ૮, ૧૦, નોકરીના કામકાજ પૂર્ણ થતાં દર્શાવે છે. પ્રવાસ તથા વેપારના આયોજનો સફળ નીવડશે. નવું કામકાજ પ્રારંભી શકશો. કારોબારમાં નવા નાણારોકાણની શક્યતા જણાય છે. ભાગીદારીના મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ આવશે. મહિલાઓને આ સપ્તાહમાં નોકરીના સહકાર્યકરોનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય છે. સપ્તાહમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળતાથી પૂર્ણ કરી શકશો. તા. ૮, ૯, ૧૧ના નિર્ણયો અનુકૂળ બનતા જણાશે. સપ્તાહમાં વ્યવસાયના નવા મિત્રોનો ઉમેરો થશે. કારોબાર વધશે, વેપાર વધશે. નાણાંઆવક વધશે, ગૃહિણીઓના સંતાનોના અભ્યાસના પ્રશ્નનો ઉકેલ જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અધ્યયનમાં નિયમિતતા દાખવી શકશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ, નવું જ્ઞાન મેળવશો. નોકરી માટે રચનાત્મક, વ્યવહારિક નિર્ણયો લઈ શકશો. નોકરીમાં તા. ૬, ૭, ૧૧ પ્રગતિસૂચક જણાય છે. કુટુંબના સદસ્યો દ્વારા વેપારની મૂંઝવણોનો ઉકેલ આવી શકે તેમ છે. પરિવારના સભ્યોની પ્રગતિ જળવાશે. નાણાંની અનુકૂળતાઓ જણાય છે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સંઘર્ષ છતાંય સફળતાનો અનુભવ થાય.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજ માટે આ સપ્તાહ શુભ જણાય છે. તા. ૬, ૭, ૯, નોકરીની જવાબદારીઓમાં સફળતા દર્શાવે છે. નોકરીમાં યશ અને અગ્રેસરતા અનુભવશો. નાણાવ્યવહાર, નાણાંની આવક સુખદ પુરવાર થશે. ભાગીદાર ઉપયોગી થશે. નવા કારોબારનો પ્રારંભ થાય. મહિલાઓને કુટુંબના સભ્યોથી માન પાન–પ્રતિષ્ઠા પ્રાપ્ત થતી જણાશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભની અનુકૂળતાઓ જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. તા. ૮, ૯, ૧૦ નોકરીમાં શુભ જણાય છે. નોકરીના કામકાજ માટે લાંબા અંતરનો પ્રવાસ શક્ય છે. વેપારના સંબંધોનો વિકાસ થાય. આર્થિક વ્યવહારો આ સપ્તાહમાં પૂર્ણ થશે. નાણાંઆવક વધશે. સામાજિક, કૌટુંબિક જવાબદારીઓમાં મહિલાઓ આ સપ્તાહમાં સફળતા અનુભવશે. મહિલાઓને નાણાંકીય પ્રશ્નોમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓને ભાઈ–બહેનોનો સહયોગ અધ્યયનની પ્રવૃત્તિમાં પ્રાપ્ત થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં મિત્રો, સલાહકારો, સમયસર ઉપયોગી થશે. નોકરી માટે તા. ૮, ૯, ૧૦, ૧૧ શુભ જણાય છે. રાજકારણમાં, સામાજિક જવાબદારીઓમાં સફળતા અનુભવશો. કાર્યક્ષેત્રે એકાગ્રતા અને કાર્યદક્ષતા દાખવી શકશો. કાર્યદક્ષતામાં આત્મવિશ્વાસ વધશે. નાણાઆવક જળવાઈ રહેશે. મહિલાઓને કુટુંબના સદસ્યોનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહમાં શૈક્ષણિક કાર્યક્રમ સફળ બની રહેશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપાર અને લાંબા સમયના ઈન્વેસ્ટમેન્ટની તક મેળવી શકશો. નોકરી માટે તા. ૬, ૭, ૧૧ શુભ જણાય છે. વેપારમાં મિત્રો ઉપયોગી થાય. પરંતુ ભાગીદાર સાથેના વ્યવહારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નાણાંનું યોગ્યપણે આયોજન થઈ શકશે. નાણાંની આવક વધશે. મહિલાઓને કારોબારમાં પરિવારજનોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. સંતાનની જવાબદારીમાં રાહત થશે. વિદ્યાર્થીઓ વાંચન અભ્યાસમાં એકાગ્રતા અને નિયમિતતા દાખવી શકશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનું લેવડદેવડનું કામકાજ, લાંબા સમયના રોકાણનું કામકાજ સફળ બની રહેશે. તા. ૭, ૮, ૯ નોકરી માટે યશસ્વી જણાય છે. નોકરીમાં સ્થળની પરિવર્તનો જણાય છે. નાણા વ્યવહારમાં જોખમો ટાળવા જરૂરી છે. નાણાઆવક જળવાય, પરંતુ આયોજનોની આવશ્યકતા જણાય છે. મહિલાઓને સંતાનની જવાબદારીના કામકાજમાં અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં સફળતા અને સજાગતાનો અનુભવ કરશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વધુ પડતો આત્મવિશ્વાસ અને વધુ પડતું જોખમવાળું કામકાજ સલાહભર્યું નથી. નોકરી માટે આ સપ્તાહ શુભ જણાય છે. તા. ૯, ૧૦, ૧૧ કામકાજની સફળતાઓ દર્શાવે છે. નાણાઆવક જળવાય, પરંતુ અકારણ નાણાંખર્ચ કરાવનારું ગોચરફળ દર્શાવતું હોઈ સતર્કતા દાખવવી જરૂરી છે. મહિલાઓને આ સપ્તાહમાં નવીન હુન્નર વિષેનું જ્ઞાન સરળતાથી પ્રાપ્ત થતું જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શિક્ષણ સંબંધિત સવલતો પ્રાપ્ત કરશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, રવિવાર, તા. ૫-૧-૨૦૨૫, અનરુપા ષષ્ઠી

ભારતીય દિનાંક ૧૫, માહે પૌષ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ સુદ – ૬
જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ–૬
પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૪થો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
નક્ષત્ર પૂર્વાભાદ્રપદા રાત્રે ક. ૨૦–૧૭ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા
ચંદ્ર કુંભમાં બપોરે ક. ૧૪–૩૪ સુધી, પછી મીનમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૭, સ્ટા. ટા.
–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
ભરતી : બપોરે ક. ૧૫–૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૦૧ (તા. ૬)
ઓટઃ સવારે ક. ૦૯–૪૬, રાત્રે ક. ૨૧–૩૦
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, પૌષ શુક્લ – ષષ્ઠી. અનરુપા ષષ્ઠી (બંગાલ), પંચક.
શુભાશુભ દ્વિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
મુહૂર્ત વિશેષઃ વ્યતિપાત જન્મયોગ પૂજા, સૂર્ય–ગુરુ ગ્રહદેવતાનું પૂજન, અજૈક્યપાદ દેવતાનું પૂજન, આંબો વાવવો, વિદ્યારંભ, પરગામ પ્રયાણ મધ્યમ, ખેતીવાડી, પશુ લે–વેંચના કામકાજ, ગાયત્રી પૂજન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, અર્ઘ્ય પ્રદાન ગાયત્રી હવન.
આચમનઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ ઉગ્ર પ્રકૃતિના, ચંદ્ર–નેપ્ચૂન યુતિ ભાવનાપ્રધાન, ચંદ્ર–મંગળ ત્રિકોણ બળવાન જીવનતત્ત્વ, ચંદ્ર–રાહુ યુતિ આર્થિક બાબતોમાં સાવધાન રહેવું જરૂરી.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ, ચંદ્ર–નેપ્ચૂન યુતિ, ચંદ્ર–મંગળ ત્રિકોણ (તા. ૬), ચંદ્ર–રાહુ યુતિ (તા. ૬)
ગ્રહગોચરઃ સૂર્ય–ધનુ. વક્રી મંગળ–કર્ક, માર્ગી બુધ–વૃશ્ચિક, વક્રી ગુરુ–વૃષભ, શુક્ર– કુંભ, માર્ગી શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, વક્રી હર્ષલ–મેષ. માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૫-૧-૨૦૨૫ થી તા. ૧૧-૧-૨૦૨૫

રવિવાર, પૌષ સુદ–૬, વિ. સં. ૨૦૮૧, તા. ૫ મી જાન્યુઆરી, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર પૂર્વાભાદ્રપદા રાત્રે ક. ૨૦–૧૭ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા. ચંદ્ર કુંભમાં બપોરે ક. ૧૪–૩૪ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર, અનરુપા ષષ્ઠી (બંગાલ), પંચક. સામાન્ય દિવસ.

સોમવાર, પૌષ સુદ–૭, તા. ૬ઠ્ઠી નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા રાત્રે ક. ૧૯–૦૫ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. શાકંભરી નવરાત્રિ પ્રારંભ, ગુરુ ગોવિંદસિંહજી જયંતી, પંચક, ભદ્રા સાંજે ક. ૧૮–૨૩ થી મધ્યરાત્રિ પછી ક. ૨૯–૨૫. શુભ દિવસ.

મંગળવાર, પૌષ સુદ–૮, તા. ૭મી, નક્ષત્ર રેવતી સાંજે ક. ૧૭–૪૯ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં સાંજે ક. ૧૭–૪૯ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, પંચક સમાપ્તિ સાંજે ક. ૧૭–૪૯, મંગળ અશ્વિની અમૃતસિદ્ધિયોગ સાંજે ક. ૧૭–૪૯થી સૂર્યોદય (પ્રવેશે વર્જ્ય). શુભ દિવસ.

બુધવાર, પૌષ સુદ–૯, તા. ૮મી, નક્ષત્ર અશ્વિની સાંજે ક. ૧૬–૨૯ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. શ્રી હરી નવમી. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, પૌષ સુદ–૧૦, તા. ૯મી, નક્ષત્ર ભરણી બપોરે ક. ૧૫–૦૬ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં રાત્રે ક. ૨૦–૪૫ સુધી પછી વૃષભ રાશિ પર જન્માક્ષર.મન્વાદિ, શાંબ દશમી (ઓરિસ્સા), સૂર્યપૂજા (ઓરિસ્સા), સામાન્ય દિવસ.

શુક્રવાર, પૌષ સુદ–૧૧, તા. ૧૦મી, નક્ષત્ર કૃત્તિકા બપોરે ક. ૧૩–૪૪ સુધી, પછી રોહિણી. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. પુત્રદા એકાદશી (છાશ), વૈકુંઠ એકાદશી (દક્ષિણ ભારત) ભદ્રા સ. ૧૦–૧૯, સૂર્ય ઉત્તરાષાઢામાં મધ્યરાત્રિ પછી ક. ૨૬–૨૩. શુભ દિવસ.

શનિવાર, પૌષ સુદ–૧૨, તા. ૧૧મી નક્ષત્ર રોહિણી બપોરે ક. ૧૨–૨૮ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભમાં રાત્રે ક. ૨૩–૫૪ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. રામપ્રતિષ્ઠા મહોત્સવ (અયોધ્યા), તિથિવાસર સવારે ક. ૦૮–૨૧, તેરસ ક્ષય તિથિ છે. શનિપ્રદોષ, શનિ રોહિણી અમૃતસિદ્ધિયોગ સૂર્યોદયથી ક. ૧૨–૨૮ (પ્રયાણે વર્જ્ય). શુભ કાર્ય વર્જ્ય છે. ■

# તમિળનાડુમાં ફટાકડા બનાવતા કારખાનામાં ધડાકો થતાં છ શ્રમિકનાં મોત

વિરુદુનગર (તામિળનાડુ) : ફટાકડાનું ફત્પાદન કરતા એકમમાં શનિવારે ધડાકો થવાને પગલે છ શ્રમિકનાં મરણ થયાં હતાં. સવારે કામદારો ઉત્પાદનના પ્રક્રિયાના ભાગરૂપે કાચો માલ એટલે કે રસાયણો ભેળવી રહ્યા હતા ત્યારે ધડાકો થયો હતો. આને પગલે છ કામદારોનાં મરણ થયાં હતાં અને કારખાનના પરિસરના ચાર રૂમ જમીનદોસ્ત થયા હતા. કામદાર મોહમ્મદ સુદીન ઘાયલ થયો હતો અને તેને મદુરાઈની નજીકની સરકારી ફેસિલિટીમાં દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ કેસ નોંધીને તપાસ કરી રહી છે.

મૃતકાનાં નામો એસ. શિવકુમાર (૫૬), એસ. મીનાક્ષી સુંદરમ (૪૬), આર નાગરાજ (૩૭) તથા ૫૪ વર્ષના ત્રણ જણ જી. વેલમુરગન, એસ. કામરાજ અને આર. કાનન છે.

મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિને દુર્ઘટનામાં છ જણ મરણ પામ્યાં એ બદલ આઘાત અને શોક વ્યક્ત કર્યા હતા. સ્ટાલિને કહ્યું હતું કે મેં અધિકારીઓને ઈજાગ્રસ્ત કામદારને મદુરાઈ સરકારી હૉસ્પિટલમાં ખાસ સારવાર મળે એની તકેદારી લેવા જણાવ્યું હતું.

સ્ટાલિને મુખ્ય પ્રધાનના રાહત ભંડોળમાંથી દરેક મૃતકના કુટુંબને ચાર લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તને એક લાખ રૂપિયા આપવાનો અધિકારીઓને આદેશ આપ્યો હતો. (એજન્સી) ■

# છત્તીસગઢમાં પત્રકારની હત્યાને વખોડતું પ્રેસ એસોસિયેશન

નવી દિલ્હીઃ છત્તીસગઢમાં એક ટેલિવિઝન પત્રકારની હત્યાને પ્રેસ એસોસિયેશન અને એડિટર્સ ગિલ્ડ ઑફ ઇન્ડિયાએ વખોડી હતી તેમ જ આ કિસ્સાની યોગ્ય તપાસ યોજવા રાજ્ય સરકાર સમક્ષ માગણી કરી હતી.

છત્તીસગઢમાં રસ્તાના બાંધકામમાંની કહેવાતી ગેરરીતિ પર પ્રકાશ પાડનારા ફ્રીલાન્સ પત્રકાર મુકેશ ચંદ્રકરનો મૃતદેહ બિજાપુર શહેરના સ્થાનિક કોન્ટ્રેક્ટરની પ્રોપર્ટીમાંની સેપ્ટિક ટેન્કમાંથી મળ્યો હતો.

૩૩ વર્ષીય પત્રકારની હત્યાના સંબંધમાં ત્રણ જણની અટક કરાઇ હતી. એડિટર્સ ગિલ્ડ ઑફ ઇન્ડિયાએ જણાવ્યું હતું કે આ યુવાન પત્રકારની હત્યાની બાબત ઘણી ગંભીર ગણાય અને છત્તીસગઢ સરકારે તેના સંબંધમાં તાત્કાલિક પગલાં લેવાં જોઇએ.

પ્રેસ ક્લબ ઑફ ઇન્ડિયા અને ઇન્ડિયન વિમેન પ્રેસ કોર્પ્સે પણ આ પ્રકરણને લગતા નિવેદન બહાર પાડીને ઘટનાને વખોડી હતી.

પત્રકારોની વિવિધ સંસ્થાઓએ પ્રેસ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને પણ આ પ્રકરણને ધ્યાનામાં લઇને જરૂરી કાર્યવાહી કરવા માગણી કરી હતી. (એજન્સી) ■

# રિપબ્લિકન પાર્ટીના માઈક જૉન્સન ગૃહના સ્પીકર તરીકે ફરી ચૂંટાઇ આવ્યા

વૉશિંગ્ટનઃ નવા જ ચૂંટાયેલા અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના ટેકાથી રિપબ્લિકન પાર્ટીના માઈક જૉન્સન ગૃહના સ્પીકરપદે ફરી ચૂંટાઈ આવ્યા હતા.

નવી કોંગ્રેસના પ્રથમ દિવસે તણાવપૂર્ણ મતદાન દરમિયાન હાઉસ ઑફ ચેમ્બરની પાછળના ભાગમાં એકઠા થયેલા કટ્ટર રિપબ્લિકન સૅનેટરોએ એક પછી એક મતદાન કરવાનું નકાર્યું કે પછી અન્ય સૅનેટેર પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો.

જોકે અંતે જૉન્સન પોતાના સમર્થનમાં બાકીના બે મત મેળવવામાં સફળ રહ્યા હતા જેને રિપબ્લિકોને આવકાર્યો હતો.

સ્પીકર તરીકેની તેમની નબળી પકડ માત્ર જૉન્સનના અસ્તિત્વ સામે જ નહીં, પરંતુ નવા ચૂંટાયેલા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના ટેક્સ પર કાપ મૂકવાના અને સામૂહિક દેશનિકાલના મહત્ત્વાકાંક્ષી ઍજન્ડા સામે પણ જોખમ ઊભું કરી શકે છે.

ગ્રાં ઑલ્ડ પાર્ટીનાં અધ્યક્ષના પ્રતિનિધિ લિસા મૅક્લેઈન અને આર. મિક દ્વારા જૉન્સનનું નામ આગળ કરવામાં આવ્યું હોવાને કારણે નવા ચૂંટાયેલા સૅનેટરોએ મતદાન કરવાનું શરૂ કર્યું હતું. ■

# દિલ્હીમાં વિદ્યાર્થીની હત્યા કેસમાં સાતમાંથી પાંચ કિશોરની ધરપકડ કરવામાં આવી

નવી દિલ્હીઃ પૂર્વ દિલ્હીમાં ૧૪ વર્ષીય શાળાના વિદ્યાર્થીની હત્યાના સંબંધમાં દિલ્હી પોલીસે પાંચ કિશોર સહિત સાત લોકોની ધરપકડ કરી છે, એમ એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

જ્યારે તેમની ધરપકડ કરવામાં આવી ત્યારે શંકાસ્પદો દિલ્હીથી ભાગી જવાની યોજના બનાવી રહ્યા હતા.

પોલીસે હત્યામાં વપરાયેલ છરી અને અન્ય મહત્ત્વના પુરાવા પણ કબજે કર્યા હતા.

શુક્રવારે પૂર્વ દિલ્હીના શકરપુર વિસ્તારમાં એક શાળાની બહાર ધોરણ ૯ના વિદ્યાર્થી પર હુમલો કરવામાં આવ્યો હતો.

‘‘તપાસમાં જાણવા મળ્યું કે સાંજે ૪ વાગ્યે વિરામ દરમિયાન પીડિતના સહાધ્યાયીએ કથિત રીતે મોબાઈલ ફોન ઉધાર લીધો હતો અને કોલ કર્યો હતો. આરોપી ક્લાસમેટે કથિત રીતે પીડિત સાથે વિવાદની ચર્ચા કરી હતી અને લાઈનમાં રહેલા વ્યક્તિને ‘લોકોને મોકલવા’ સૂચના આપી હતી’’, એમ ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ (પૂર્વ) અભિષેક ધાનિયાએ જણાવ્યું હતું.

સાંજે ૬ વાગ્યાની આસપાસ, વિદ્યાર્થીઓ શાળામાંથી બહાર નીકળ્યા ત્યારે, આરોપી સહાધ્યાયી એક જૂથ સાથે બહાર રાહ જોતો જોવા મળ્યો હતો.

ધનિયાએ જણાવ્યું હતું કે જ્યારે અન્ય કિશોર, આરોપી વિદ્યાર્થીના સાથીદારે પીડિતને તેની જમણી જાંઘમાં છરો માર્યો હતો, જેના કારણે ગંભીર ઈજાઓ થઈ હતી. હુમલાખોરો ત્યાર પછી સ્થળ પરથી ભાગી ગયા હતા.

શાળાના સ્ટાફે તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી અને પીડિત વિદ્યાર્થીને હેડગેવાર હૉસ્પિટલમાં લઈ ગયા હતા. ઈજાઓની ગંભીરતાને કારણે તેને જીટીબી હૉસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો, પરંતુ તે મરણ પામ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

ત્રણ વિશેષ ટીમોએ સીસીટીવી કૅમેરા ફૂટેજની વિસ્તૃત સમીક્ષા કરી હતી, સાક્ષીઓની મુલાકાત લીધી હતી અને શકમંદોને ઓળખવા માટે ટેક્નિકલ પુરાવાઓનું વિશ્લેષણ કર્યું હતું, એમ ધનિયાએ જણાવ્યું હતું.

‘‘તેમના સંકલિત પ્રયાસોથી તમામ સાત આરોપીને પકડવામાં આવ્યા હતા, એ વખતે તેઓ ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા હતા.’’ પકડાયેલા લોકોમાં પાંચ કિશોર અને બે પુખ્ત વયના લોકો - કૉલેજનો વિદ્યાર્થી સારથી (૧૯) અને ડેરી શોપના માલિક અમન કુમાર (૩૧)નો સમાવેશ થાય છે.

આરોપીનાં લોહીથી ખરડાયેલાં કપડાં અને ચંપલ અને છરી અને તેના કવર સહિતના ગંભીર પુરાવા જપ્ત કરવામાં આવ્યા હતા. ધનિયાએ જણાવ્યું હતું કે, પોલીસ સંડોવાયેલા દરેક વ્યક્તિની ચોક્કસ ભૂમિકાઓ અને હેતુઓની તપાસ કરી રહી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### વિકસિત ભારતનું

એ અમારી સરકારની પ્રાથમિકતા છે. ગામડાવાસીઓને પ્રાથમિક સુવિધા પૂરી પાડતી યોજનાઓ અંગે મોદીએ કહ્યું હતું કે સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપ શૌચાલયો તૈયાર કરવામાં આવ્યાં છે અને પીએમ આવાસ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારના કરોડો લોકોને પાકા ઘર પણ પૂરાં પાડવામાં આવ્યાં છે. જલજીવન યોજના અંતર્ગત લોકોને સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી પણ પૂરું પાડવામાં આવી રહ્યું છે.

દેશના દોઢ લાખ કરતાં પણ વધુ આયુષમાન આરોગ્ય મંદિરમાં આરોગ્ય સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે, એમ તેમણે કહ્યું હતું.

ટેલિમેડિસિન અને ડિજિટલ ટેક્નોલોજીએ ગામડાવાસીઓને શ્રેષ્ઠ ડૉક્ટર અને હૉસ્પિટલનો વિકલ્પ પૂરો પાડવાની ખાતરી આપી છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે ઈ–સંજીવની મારફતે ગ્રામીણ વિસ્તારનાં કરોડો લોકોને ટેલિમેડિસિનનો લાભ મળી રહ્યો છે.

ગ્રામીણ અર્થતંત્રને વધુ મજબૂત કરવા મોદીએ નવી આર્થિક નીતિ ઘડવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

ગામડાંઓને વિકાસના વાઈબ્રન્ટ સેન્ટર અને તકમાં પરિવર્તિત કરી ગ્રામીણ ભારતનું સશક્તિકરણ કરવાનું સરકારનું લક્ષ્ય છે, એમ તેમણે કહ્યું હતું.

કિસાન સમ્માન નિધિ મારફત ખેડૂતોએ અંદાજે ત્રણ લાખ કરોડ રૂપિયા કરતાં પણ વધુની આર્થિક સહાય મેળવી હોવાનું તેમણે કહ્યું હતું.

છેલ્લાં દસ વર્ષમાં કૃષિ લોનની રકમ ૩.૫ ગણી વધી હોવાનું તેમણે કહ્યું હતું. હવે પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગ કરનારાંઓને પણ કિસાન ક્રેડિટ કાર્ડ અપાઈ રહ્યા છે.

આ ઉપરાંત દેશના ૯,૦૦૦ કરતાં પણ વધુ ફાર્મર પ્રોડ્યુસર ઑર્ગેનાઈઝેશન (એફપીઓ) પણ આર્થિક સહાય મેળવી રહ્યા છે. છેલ્લાં દસ વર્ષ દરમિયાન સરકારે અનેક પાકની એમએસપીમાં સાતત્યપૂર્ણ રીતે વધારો કર્યો છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે જ્યારે ઈરાદાઓ સાફ હોય છે ત્યારે પરિણામ પણ સંતોષજનક મળે છે.

વર્ષ ૨૦૧૧ની સરખામણીએ ગ્રામીણ ભારતના વપરાશ–ખર્ચમાં ત્રણગણો વધારો થયો છે જે બાબત ગ્રામીણ વિસ્તારનાં લોકો ખર્ચ કરી રહ્યા હોવાનાં સંકેત આપે છે, એમ તેમણે કહ્યું હતું.

અગાઉ ગ્રામીણ વિસ્તારના લોકોએ ખાદ્યસામગ્રી માટે તેમની કુલ આવકના ૫૦ ટકા કરતાં પણ વધુ રકમ ખર્ચ કરવી પડતી હતી, પરંતું દેશ સ્વતંત્ર થયો ત્યાર બાદ પહેલી જ વાર તેમનો આ ખર્ચ ૫૦ ટકાથી પણ ઓછો થઈ ગયો છે જેને કારણે તેમનું જીવનધોરણ સુધરી ગયું છે અને હવે તેઓ બાકીની રકમ તેમની અન્ય ઈચ્છાઓ પૂરી કરવા માટે કરી રહ્યા છે.

શહેરી અને ગ્રામીણ વિસ્તારના લોકોનાં જીવનધોરણ વચ્ચેનું અંતર ઓછું થયું છે અને અસમાનતા પણ ઘટી છે.

અગાઉની સરકારના શાસનકાળમાં પણ આ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાયું હોત, પરંતુ સ્વતંત્રતાના દાયકાઓ સુધી ગ્રામીણ વિસ્તારના લોકોને પાયાની સુવિધાઓથી વંચિત રાખ્યા હતા. (એજન્સી) ■

### પંતનો પાવર

ઈજા થઈ છે, પરંતુ રવિવારે તે બોલિંગ કરી શકશે કે કેમ અને કેવી કરશે એના પર બધો આધાર છે. બાકીના ભારતીય બોલર્સ ઑસ્ટ્રેલિયાને મળનારો સાધારણ લક્ષ્યાંક ડિફેન્ડ કરી શકશે કે કેમ એ પણ એક સવાલ છે. સિડનીની પિચ પર ફાસ્ટ બોલર્સને ઘણા ઉછાળ મળે છે અને પિચમાં તિરાડો પણ પડી છે એટલે સ્પિનર રવીન્દ્ર જાડેજા તથા વૉશિંગ્ટન સુંદર એનો લાભ લઈ શકશે. બુમરાહ અડધા ભાગની ફિટનેસ સાથે પણ રમશે તો ઑસ્ટ્રેલિયા માટે ૧૭૫ની આસપાસનો ટાર્ગેટ મુશ્કેલ બની શકે.

રિષભ પંત (૬૧ રન, ૩૩ બૉલ, ૪૭ મિનિટ, ચાર સિક્સર, છ ફોર) શનિવારે તોફાની ઇનિંગ્સ રમ્યો હતો. તેણે માત્ર ૨૯ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી અને માત્ર એક બૉલ માટે પોતાના જ ૨૮ બૉલની અડધી સદીના ભારતીય વિક્રમની બરાબરીમાં આવતાં રહી ગયો હતો. વિરાટ કોહલી (૧૨ બૉલમાં એક ફોરની મદદથી છ રન)ની વિકેટ પડ્યા બાદ પંત બૅટિંગમાં આવ્યો હતો અને તેણે પહેલા જ બૉલમાં (સ્કૉટ બૉલેન્ડના બૉલમાં) ઊંચી સિક્સર ફટકારીને પોતાની તાકાત બતાવી હતી તેમ જ પોતાની જુસ્સેદાર ઇનિંગ્સ જોવા બધા તૈયાર થઈ જાવ એવો તેણે જાણે સંકેત આપ્યો હતો.

એક તબક્કે પંતે પેસ બોલર બો વેબસ્ટરના ઉપરાઉપરી ત્રણ બૉલમાં ચોક્કા ફટકાર્યા હતા, પછીથી તેની જ ઓવરના ત્રણ બૉલમાં સિક્સર અને ફોર સહિત કુલ ૧૦ રન બનાવ્યા હતા અને બે ઓવર બાદ મિચલ સ્ટાર્કના બે બૉલમાં ફરી ઊંચી સિક્સર ફટકારી હતી. એ બન્ને સિક્સરમાં બૉલ લેડીઝ મેમ્બર્સ સ્ટૅન્ડમાં ગયો હતો અને ત્યાંની પ્રેક્ષકો રોમાંચિત થઈ ગઈ હતી. જોકે એ પછી કૅપ્ટન અને ફાસ્ટ બોલર પૅટ કમિન્સની ઓવરના બીજા બૉલમાં શૉટ મારવા જતાં પંતના બૅટના બહારના ભાગને કટ લાગ્યા બાદ બૉલ વિકેટકીપર ઍલેક્સ કૅરી તરફ ગયો હતો જેણે આસાન કૅચ પકડી લીધો હતો.

જો પંતે ફાંકડી ફટકાબાજીથી આ હાફ સેન્ચુરી ન ફટકારી હોત તો ભારતીય ટીમ કદાચ ૧૦૦ રનની આસપાસના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હોત.

બીજી તરફ, બૉલેન્ડે ટીમ ઇન્ડિયા પર ફરી આતંક ફેલાવ્યો હતો. પ્રથમ દાવમાં ૩૧ રનમાં ચાર વિકેટ લેનાર આ ૩૫ વર્ષીય બોલરે શનિવારે ૪૨ રનમાં ચાર વિકેટ લીધી હતી. કમિન્સ ઉપરાંત નવા ઑલરાઉન્ડર બો વેબસ્ટરે એક–એક વિકેટ લીધી હતી. મિચલ સ્ટાર્કને ૩૬ રનમાં એકેય વિકેટ નહોતી મળી.

એ પહેલાં, ઑસ્ટ્રેલિયાનો પ્રથમ દાવ ૧૮૧ રન પર પૂરો થયો હતો. જસપ્રીત બુમરાહે શુક્રવારે એક વિકેટ લીધી હતી અને શનિવારે પણ તેણે એક વિકેટ મેળવી હતી. જોકે પછીથી તે પીઠની ઈજાને લીધે મેદાનની બહાર જતો રહ્યો હતો અને મોહમ્મદ સિરાજ (૫૧ રનમાં ત્રણ વિકેટ), પ્રસિદ્ધ ક્રિષ્ના (૪૨ રનમાં ત્રણ વિકેટ), રવીન્દ્ર જાડેજા (૧૨ રનમાં એકેય વિકેટ નહીં) તથા નીતીશ કુમાર રેડ્ડી (૩૨ રનમાં બે વિકેટ)એ બાજી સંભાળી લીધી હતી અને યજમાન ટીમને સરસાઈ નહોતી લેવા દીધી.

સિડનીમાં ખરેખર તો બીજો દિવસ ‘બોલર્સ–ડે’ હતો જેમાં વિરાટ કોહલી (છ રન) અને ટૉપ–ઑર્ડરના બીજા બૅટર્સ યશસ્વી જયસ્વાલ (૩૫ બૉલમાં બાવીસ રન), કેએલ રાહુલ (૨૦ બૉલમાં ૧૩ રન), શુભમન ગિલ (૧૫ બૉલમાં ૧૩ રન) ખાસ કરીને સ્કૉટ બૉલેન્ડના ઝંઝાવાત સામે લાંબો સમય ક્રીઝમાં નહોતા ટકી શક્યા. બૉલેન્ડની પ્રાઇઝ વિકેટ ખાસ કરીને વિરાટ કોહલી હતો જે આ સિરીઝમાં આઠમી વાર ઑફ સ્ટમ્પની બહારના બૉલને કટ મારવાના પ્રયાસમાં કૅચ આપી બેઠો હતો. બીજી સ્લિપમાં સ્ટીવ સ્મિથ જાણે કૅચની પ્રૅક્ટિસ કરી રહ્યો હોય એ રીતે તેણે વિરાટનો કૅચ પકડ્યો હતો. ■

### ઓડિશાઃ સંબલપુરમાં

જાણવા મળ્યું છે કે ચોરાયેલી સંપત્તિની કિંમત લગભગ ૨૦ કરોડ રૂપિયા છે. કોઇપણ કર્મચારી કે ગ્રાહકને ઇજા પહોંચી નથી. તેમણે કહ્યું કે અસરગ્રસ્ત વ્યક્તિઓને કાઉન્સેલિંગ અને મદદ મળી રહ્યા છે. અમે શાખાના તમામ પ્રભાવિત ગ્રાહકોને ખાતરી આપવા માગીએ છીએ કે તેમની સંપત્તિનું કંપની દ્વારા વળતર આપવામાં આવશે. ■

### વિશ્વભરમાં ખાદ્ય સામગ્રી

અને રેસ્ટોરાં તેમ જ કેન્ટીનમાં મળતી ખાદ્ય સામગ્રીના ભાવની સરખામણી કરાઇ હતી.

શ્રીમંત દેશોમાં ૨૦૫૦ સુધીમાં કન્ઝ્યુમર ફૂડ પ્રાઇસમાં ૧.૨૫ ગણો અને પ્રોડ્યુસર પ્રાઇસમાં ૨.૭૩નો વધારો થવાની ધારણા છે. (એજન્સી) ■

### લશ્કરનું વાહન ખીણમાં

પોસ્ટ મૂકીને કહ્યું હતું કે બાંદીપોરા જિલ્લામાં ફરજ બજાવી રહેલા લશ્કરનું એક વાહન ખરાબ હવામાન અને કંગાળ દૃષ્ટિગોચરતાને લીધે રોડ પરથી સરકીને ખીણમાં પડ્યું હતું. સ્થાનિક કાશ્મીરી લોકોના સહકારથી ઈજાગ્રસ્ત સૈનિકોને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ માટે અમે નાગરિકોના કૃતજ્ઞ છે. દુઃખની વાત એ છે કે અમે ત્રણ બહાદુર જવાનને આ કમનસીબ અકસ્માતમાં ગુમાવ્યા હતા. ભારતનું લશ્કર મૃતકોના પરિવારોને શોક સંદેશો મોકલાવે છે. (એજન્સી) ■

### વિદેશી મોડેલ

એક ખાનગી કંપનીમાં ટેકનિકલ રિક્રુટર તરીકે નોકરી કરતો હતો. તેના પિતા ડ્રાઇવર છે અને માતા ગૃહિણી છે. તેની બહેન ગુરુગ્રામમાં નોકરી કરે છે.

મહિલાઓ પ્રત્યેના લોભ અને વાસનાની લાલચે તુષાર સાયબર ક્રાઇમની દુનિયામાં આવી ગયો હતો. તુષારે બમ્બલ અને સ્નેપચેટ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નકલી પ્રોફાઇલ્સ બનાવી હતી. ડેટિંગ એપ્સ પર અમેરિકન ફ્રીલાન્સ મૉડેલ બનીને તે યુવતીઓને ઠગતો હતો. તેણે બ્રાઝિલિયન મોડલના ફોટા અને વાર્તાઓ ચોરીને પોતાનો પ્રોફાઇલ બનાવ્યો હતો.

૧૮થી ૩૦ વર્ષની યુવતીઓને ટાર્ગેટ કરી તુષાર તેમની પાસે અંગત ફોટા કે વીડિયો માગતો. શરૂ શરૂમાં તો તુષાર પોતાના અંગત આનંદ માટે આવા ફોટા લેતો હતો, પણ એમાંથી ધીમે ધીમે તે બ્લેક મેઇલર બની ગયો અને યુવતીઓને બ્લેક મેઇલ કરવા માંડ્યો. તે યુવતીઓના ફોટા અને વીડિયો લઇને તેમને બ્લેકમેઇલ કરવા માંડ્યો અને તેમની પાસેથી મોટી રકમ પડાવવા માંડી. એક યુવતીએ પહેલા તો થોડી રકમ ચૂકવી , પણ પછીથી તુષારની માગણી વધી જતા તેણે ઘરમાં પેરેન્ટ્સને અને પછી પોલીસને ફરિયાદ કરી, તેમાં તુષારની આખી કરમકુંડળી બહાર આવી અને તે પકડાયો. પોલીસને તુષાર પાસેથી નકલી ઈન્ટરનેશનલ મોબાઈલ નંબર અને ૧૩ અલગ–અલગ બેંકોના ક્રેડિટ કાર્ડ મળ્યા હતા. ફોનમાંથી ૬૦થી વધુ મહિલાઓ સાથે ચેટ રેકોર્ડ અને અન્ય ઘણી વાંધાજનક સામગ્રી મળી આવી હતી. પોલીસે તુષારના કેટલાક બેંક ખાતાની તપાસ કરી છે અને એમાં પીડિત મહિલાઓએ કરેલી ચુકવણીની રકમની વિગતો મળી આવી છે. આ મામલે વધુ તપાસ ચાલુ છે. પોલીસે લોકોને સાવચેત રહેવા અને કોઈ અજાણ્યા વ્યક્તિ પર વિશ્વાસ ન કરવા અપીલ કરી છે. ■

# ધારાવીમાં એક લાખથી વધુ ઝૂંપડપટ્ટીવાસીઓને કાયમી મકાનો મળશેઃ એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં કેબિનેટના વિસ્તરણ પછી નાયબ મુખ્ય પ્રધાન અને ગૃહનિર્માણ ખાતાના પ્રધાન એકનાથ શિંદેએ તેમના વિભાગનો પદભાર સંભાળ્યા બાદ જાણકારી મેળવી હતી. સમીક્ષા બેઠકમાં મુંબઈવાસીઓના આવાસ અંગે ચર્ચા થઈ હતી. હાઉસિંગ ડિપાર્ટમેન્ટનો સૌથી મોટો પ્રોજેક્ટ ધારાવી રિડેવલપમેન્ટ ચાલી રહ્યો છે. આ પ્રોજેક્ટને લઈને ઘણો હોબાળો થયો છે, પરંતુ એકનાથ શિંદેએ હાઉસિંગ ડિપાર્ટમેન્ટની બેઠક યોજીને ખાતરી આપી હતી કે ઝૂંપડપટ્ટીમાં અપાત્ર ઠરેલા રહેવાસીઓને ઘર આપવા માટે પ્રોજેક્ટનું પુનરાવલોકન કરવામાં આવશે.

## બેઠકમાં એકનાથ શિંદેએ શું કહ્યું?

ગૃહનિર્માણ વિભાગ એ લોકોના દિલની વાત છે. ઘર એ દરેકનું સ્વપ્ન છે. મ્હાડા, એસઆરએમાં ઘર મેળવવા માટે જે પણ પ્રક્રિયા છે, તેને સરળ બનાવવાની આવશ્યકતા છે. લોકોને મુશ્કેલીનો સામનો કરવો ન પડે. આ માટે શક્ય તેટલી પ્રક્રિયા ઓનલાઈન કરો. અધિકારીઓએ સક્રિયતાથી કામ કરવું જોઈએ. આ સામાન્ય લોકોની સરકાર છે. હું સામાન્ય લોકો માટે નક્કર કામ કરવા માગું છું. ■

ધારાવીમાં ૨૦૦૭ પહેલાના ૬૦ હજારથી વધુ પાત્ર રહેવાસીઓ છે. હાલમાં અનધિકૃત ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોની સંખ્યા ૧ લાખથી ઉપર પહોંચી ગઈ છે. આ તમામને ઘર આપવા માટે એકનાથ શિંદેએ બેઠક યોજી હતી.

એકનાથ શિંદે બેઠકમાં જણાવ્યું હતું કે તત્કાલીન મહાવિકાસ આઘાડી સરકારે લોકોને ઘર આપવાનું આશ્વાસન આપ્યું હતું, પરંતુ તે સરકાર નિષ્ફળ રહી હતી. આ પછી નાયબ મુખ્ય પ્રધાને મહાયુતિ સરકારના કાર્યકાળ દરમિયાન દરેકને ઘર આપવા માટે કામ કરવાનો આદેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે ધારાવીના વિકાસની સકારાત્મક બાબતો લોકો સુધી પહોંચવી જોઈએ. રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંગે વિપક્ષ વારંવાર ખોટા આક્ષેપો કરે છે. તેથી દરેકે જાગૃત રહેવાની જરૂર છે. ■

# પિત્ઝામાં મળ્યો ચાકુનો ટુકડો

પુણેઃ અહીંના ભોસરીના ઇન્દ્રાયણી નગર ખાતે શુક્રવારે એક પરિવાર તરફથી ઓનલાઇન પિત્ઝા મગાવવામાં આવ્યો હતો જેમાં ચાકુનો તૂટેલો ટુકડો મળી આવ્યો હતો. ઇન્દ્રાયણી નગરમાં રહેનારા અરુણ કાપસેએ ૫૯૬ રૂપિયાનો પિત્ઝા ઓનલાઇન મગાવ્યો હતો. પિત્ઝા ખાતી વખતે મોંમાં કંઇક કઠણ વસ્તુ દાંત નીચે આવ્યું હોવાનું જણાયું હતું. તે ટુકડો ચાકુનો હતો. આ ઘટના બાદ કાપસેએ તાત્કાલિક પિત્ઝા કંપની સાથે ચર્ચા કરી હતી. તેમણે જવાબ આપવામાં આનાકાની કરી હતી,એક અધિકારી તેમના ઘરે આવ્યો હતો. ઓનલાઇન મગાવાતા ખાદ્યપદાર્થની ગુણવત્તા પર સવાલ ઊભા થવા લાગ્યા છે. ■

# એ લાડકી બહેનોની રકમ ફરીથી સરકારી તિજોરીમાં જમા થઈ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારે તેમના ગત વર્ષના જુલાઇના બજેટમાં મુખ્ય પ્રધાન મારી લાડકી બહેન યોજનાની જાહેરાત કરી હતી, જે અંતર્ગત રાજ્યની પાત્રતા ધરાવતી ૨૧ થી ૬૫ વર્ષની વયજૂથની કરોડો બહેનોના બેંક ખાતામાં દર મહિને ૧૫૦૦ રૂપિયાની રકમ જમા કરવામાં આવે છે.

થોડા દિવસ પહેલા ડિસેમ્બરનો હપ્તો પણ બહેનોના ખાતામાં જમા કરાવવામાં આવ્યો હતો. રાજ્ય વિધાન સભાની ચૂંટણી દરમિયાન મહાયુતિએ જાહેરાત કરી હતી કે જો તેઓ ફરીથી સત્તા પર આવશે તો બહેનોને અપાતી રકમ વધારીને ૨૧૦૦ રૂપિયા કરવામાં આવશે. બહેનોનું ધ્યાન એ વાત પર છે કે તેમની રકમ વધારીને ૨૧૦૦ ક્યારે કરવામાં આવશે. હવે આ યોજના અંગે મહત્ત્વનું અપડેટ આવ્યું છે. અયોગ્ય અને અપાત્ર વહાલી બહેનોની રકમ સરકારી તિજોરીમાં પરત જમા કરાવવામાં આવી રહી છે.

એમ જાણવા મળ્યું છે કે માપદંડોનો ભંગ કરીને મુખ્ય પ્રધાન મારી લાડકી બહેન યોજનાનો ફાયદો ઉઠાવનાર મહિલાઓ પાસેથી તેમને મળેલી રકમ પાછી લઇને સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવી રહી છે. ધૂળે જિલ્લામાં આ ઘટના બની છે. અહીં એક લાભાર્થી મહિલાને મળેલી રકમ સરકારી તિજોરીમાં ફરીથી જમા કરવામાં આવી છે.

હકીકત એ છે કે જ્યારે લાડકી બહેન યોજનાની જાહેરાત કરવામાં આવી ત્યારે તેની માટે વિવિધ માપદંડો નક્કી કરવામાં આવ્યા હતા.

જોકે, વિધાન સભાની ચૂંટણી ઢૂંકડી હોવાથી ચકાસ્યા વિના તમામ અરજીઓ સ્વીકારવામાં આવી હતી.

હવે આ ચૂંટણીમાં મહાયુતિનો ભવ્ય વિજય થયો છે અને તેઓ ફરીથી સત્તામાં આવ્યા છે. હવે તેમણે લાડકી બહેન યોજના માટે મળેલી અરજીઓની ચકાસણી કરવાનો નિર્ણય લીધો છે.

મહિલા અને બાળ વિકાસ ખાતાના પ્રધાન અદિતિ તટકરેએ લાડકી બહેન યોજના માટે મળેલી અરજીઓની ચકાસણી કરવાની જાહેરાત કરી હતી. મહિલાઓ દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજોની ચકાસણી શરૂ થઈ ગઇ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ધૂળેના નાકાને ગામની એક મહિલાએ બે વખત આ સરકારી યોજનાનો લાભ લીધો હતો. તેની પાસેથી ૭,૫૦૦ રૂપિયા પરત લેવામાં આવ્યા હતા. ■

# અંધેરીથી પકડાયેલા મોબાઈલ ચોરો પાસેથી ૧૨૦ ફોન મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી પરિસરમાંથી બે મોબાઈલ ચોરને પકડી પાડ્યા બાદ પોલીસે ચોરીના મોબાઈલ ખરીદનારાને પણ તાબામાં લીધો હતો. આરોપીઓ પાસેથી ૧૨૦ મોબાઈલ ફોન હસ્તગત કરવામાં પોલીસને સફળતા મળી હતી.

અંધેરી પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ પ્રસાદ સીતારામ ગુરવ (૩૧), વિકેશ ઓમપ્રકાશ ઉપાધ્યાય (૨૭) અને રવિ બાબુ વાઘેલા (૩૪) તરીકે થઈ હતી. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીઓની વધુ પૂછપરછ ચાલી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ ૩૧ ડિસેમ્બરે અંધેરી પૂર્વના સહાર રોડ પરના આગરકર ચોક પાસેથી ફરિયાદી મહિલા મોબાઈલ પર વાત કરતી ચાલતી જતી હતી. તે જ સમયે બાઈક પર આવેલા બન્ને શખસ મોબાઈલ ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. આ પ્રકરણે અંધેરી પોલીસે ગુનો નોંધી ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં.

ફૂટેજ અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે અંધેરી પૂર્વના માલપાડોંગરી પરિસરમાંથી ગુરવ અને ઉપાધ્યાયને પકડી પાડ્યા હતા. ચોરેલો મોબાઈલ વાઘેલાને વેચ્યો હોવાની કબૂલાત આરોપીએ કરતાં તેને પણ તાબામાં લેવાયો હતો. તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી ૯.૧૮ લાખ રૂપિયાના ૧૨૦ મોબાઈલ ફોન હસ્તગત કરવામાં આવ્યા હતા. ■

# મહારાષ્ટ્ર ભાજપનું પચીસ લાખ નવા સભ્યનું આજથી મિશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપનું મહારાષ્ટ્ર એકમ પાંચમી જાન્યુઆરીએ રાજ્યવ્યાપી સભ્યપદ અભિયાન યોજશે જેનો ઉદ્દેશ એ જ દિવસે પચીસ લાખ નવા સભ્યોની નોંધણી કરવાનો છે, એમ પાર્ટીના એક પદાધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

પાર્ટીના સંગઠન પ્રભારી રવીન્દ્ર ચવ્હાણે મીડિયાને જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, મહેસૂલ પ્રધાન અને ભાજપના પ્રદેશ પ્રમુખ ચંદ્રકાંત બાવનકુળે નાગપુરમાં આ અભિયાનમાં ભાગ લેશે.

બાવનકુળેએ નિર્દેશ આપ્યો છે કે દરેક બૂથ કાર્યકર ૨૫૦થી વધુ નવા સભ્યોની નોંધણી કરવાનો પ્રયાસ કરશે, ચવ્હાણે જણાવ્યું હતું.

ભાજપ પાંચમી જાન્યુઆરીએ એક ખાસ સભ્યપદ ઝુંબેશ ચલાવશે જેના હેઠળ તે એક જ દિવસમાં પચીસ લાખ નવા સભ્યોની નોંધણી કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

પાર્ટીએ ડિસેમ્બરમાં સભ્યપદ ઝુંબેશ શરૂ કરી હતી અને રાજ્યના ૨૮૮ વિધાનસભા મતવિસ્તારોમાંથી દરેક ક્ષેત્રમાંથી ૫૦,૦૦૦ સભ્યો બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.

આ જ ઘટનાક્રમમાં પાલઘર જિલ્લાના વસઈ અને નાયગાંવના શિવસેના (યુબીટી) અને બહુજન વિકાસ આઘાડી (બવીઆ)ના ઘણા કાર્યકરો શનિવારે ભાજપમાં જોડાયા હતા.

ભાજપે ૨૦૨૪ની વિધાનસભાની ચૂંટણીમાં બવીઆ પાસેથી વસઈ અને નાલાસોપારા બેઠકો છીનવી લીધી હતી. ■

# બાન્દ્રાની ઝૂંપડપટ્ટીમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રા (પૂર્વ)માં ઓએનજીસી કોલોનીમાં જ્ઞાનેશ્વર નગરમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં શનિવારે બપોરના ભીષણ આગ ફાટી નીકળી હતી. આગની ચપેટમાં ૨૦થી ૨૫ ઝૂંપડાં આવી જતા બળીને ખાખ થઈ ગયા હતા. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ શનિવારે બપોરના લગભગ અઢી વાગ્યાની આસપાસ ઓએનજીસી કોલોનીમાં જ્ઞાનેશ્વર નગરની ઝૂંપડપટ્ટીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના ચાર ફાયર એન્જિન, ચાર જેટી, ક્વિક રિસ્પોન્સ વેહિકલ સહિત પહોંચીનેને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ઝૂંપડામાં લાગેલી આગને કારણે ધુમાડા દૂર દૂર સુધી દેખાતા હતા. પોલીસના જણાવ્યા મુજબ આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. ■

# નવી મુંબઇ એરપોર્ટ નજીક ૫,૨૮૬ એકર ઔદ્યોગિક જમીન અંબાણીએ ખરીદી

મુંબઇઃ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ૨૦૨૫માં પણ એશિયાના સૌથી ધનિક વ્યક્તિ છે. ફોર્બ્સ અનુસાર તેમની પાસે રિયલ-ટાઇમ નેટવર્થ ૯૬ અબજ યુએસ ડોલર છે. તેમની રિલાયન્સનું માર્કેટ કેપ રૂ. ૧૬.૮૦ લાખ કરોડ રૂપિયા છે. તેમણે તેમના વેપારનું વિસ્તરણ કરવાનું ચાલુ જ રાખ્યું છે. હવે મુકેશ અંબાણીની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ મહારાષ્ટ્રમાં સૌથી મોટી ઔદ્યોગિક જમીન ખરીદી છે. આ જમીન ૫,૨૮૬ એકરમાં ફેલાયેલી છે. આ જમીન માત્ર ૨,૨૦૦ કરોડ રૂપિયાના મૂલ્યમાં વેચવામાં આવી છે. આ ઔદ્યોગિક જમીન નવી મુંબઈ એરપોર્ટ, અને મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક પ્રોજેક્ટની નજીકના મોકાના સ્થાન પર છે.

આ ડીલમાં આનંદ જૈનની જય કોર્પ લિમિટેડ પણ સામેલ છે. ■

# દાદરમાં પાલિકાની શાળામાં વિદ્યાર્થિનીનો વિનયભંગઃ પીટીના શિક્ષકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દાદરમાં પાલિકા સંચાલિત શાળાના ક્લાસ રૂમમાં ૧૨ વર્ષની વિદ્યાર્થિનીનો કથિત વિનયભંગ કરવા પ્રકરણે પોલીસે પીટીના શિક્ષકની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૨૭ ડિસેમ્બરે બની હતી, જેની પોલીસ ફરિયાદ શુક્રવારે કરાઈ હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગ કલમો અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધી આરોપી શિક્ષકની ધરપકડ કરવામાં આવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે વિદ્યાર્થિની ક્લાસ રૂમમાં એકલી હતી ત્યારે પીટીના શિક્ષક ત્યાં આવ્યા હતા. ક્લાસ રૂમ નજીક કોઈ ન હોવાનું જોઈને તેણે દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. વિદ્યાર્થિનીને ભેટવાનું કહીને શિક્ષકે તેનો કથિત વિનયભંગ કર્યો હતો.

ડરી ગયેલી વિદ્યાર્થિનીએ તેની સાથે બનેલી ઘટનાની તાત્કાલિક કોઈને જાણ કરી નહોતી. બે દિવસ પછી તેણે બહેનપણીને ઘટના વિશે કહ્યું હતું, જેણે ક્લાસ ટીચરને જાણ કરી હતી. ટીચરે વિદ્યાર્થિનીના વડીલો અને પ્રિન્સિપાલને ફરિયાદ કરી હતી. વડીલોએ પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. ■


"મકરસંક્રાંતિના પુણ્યકાળ" માં ગૌદાન... એટલે "અપંગ ગૌમાતાઓની શ્રેષ્ઠ ગૌસેવા" ₹-૨૧૦૦૦/-માં તિથિ યોજના.

ગૌસેવા એ જ પ્રભુસેવા ગૌદાન એ જ શ્રેષ્ઠદાન
સ્થાપના ૧૯૬૫

CSR & Income Tax 80G Benefit Available

Donate generously for Disable Cows on auspicious Makarsankranti



છેલ્લાં ૫૯ વર્ષથી કાર્યરત પૂ. પૂંજાબાપુ દ્વારા સ્થાપિત પાંજરાપોળમાં લગભગ ૭૫૦ આંધળી, લંગડી, કેન્સરગ્રસ્ત, દૂધ ન આપતી સુકી ગયેલી ગૌમાતાઓ તથા અનાથ વાંછરડાઓની સેવા થાય છે. માત્ર દાતાશ્રીઓના ગૌદાનથી ચાલતી આ સંસ્થાને સહાયની જરૂર

શ્રી કલ્યાણકારી સર્વોદય જીવદયા સંઘ - રાજુલા

પૂંજાબાપુ પાંજરાપોળ થોરડી રોડ, રાજુલા (જિલ્લો અમરેલી) ગુજરાત

ઈ ઓફિસઃ
- એશિયન સેલ્સ કોર્પોરેશન, ૪ - રંગમહલ, ૨૧૨/૨૧૬, સેમ્યુએલ સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦૦૦૩.
- દીપક કે વોરા, ડી-૬૨, વ્યોમેશ, ગોકુલ હોટલની સામે, મંડપેશ્વર રોડ, બોરીવલી (પ.), મુંબઈ - ૪૦૦૦૯૨.




બીમાર-વિકલાંગ ગૌમાતાઓ હરીફરી શકે જેનાથી તેઓ તંદુરસ્તી મેળવી શકે. એ શુભ ભાવનાથી ગૌચારણ માટે લેવાયેલી ભૂમી માટે "ભૂમીદાન યોજના"માં રૂા. ૫૧,૦૦૦/- + આપનાર દાતાશ્રીઓનું નામ સોનેરી અક્ષરે તક્તિમાં અંકિત કરવામાં આવશે.

| વિનેશ મહેતા | ગોપાલ પારેખ | અલ્પેશ મહેતા | દીપકભાઈ વોરા |
|---|---|---|---|
| 98211 10027 | 93240 47909 | 98922 19804 | 98694 22935 |

SHRI KALYANKARI S J SANGH



આ નામથી ચેક RTGS મોકલવા : SHRI KALYANKARI SARVODAY JEEVDAYA SANGH - RAJULA
સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયા (રાજુલા) : Saving A/C 56035012625 IFSC Code SBIN0060035
બેન્ક ઓફ બરોડા (રાજુલા) : Saving A/C 95560100009009 MICR 365012022 IFSC Code BARB 0 DBRAJ

સૌજન્યઃ પ.ભ.ગો.વા. હિરાલક્ષ્મી પ્રતાપરાય કેશવજી મહેતા
પ.ભ.ગો.વા.નીતાબેન મુંકુદ મહેતા (રાજુલાવાળા)ના જયશ્રીકૃષ્ણ

Kilitch Drugs (India) Ltd.
Website : www.kilitch.com

ગૌદાન માટે સંપર્ક

| | |
|---|---|
| શ્રી વિનેશ મહેતા, ઘાટકોપર | 98211 10027 |
| શ્રી ગોપાલ પારેખ, ચેમ્બુર | 93240 47909 |
| શ્રી અલ્પેશ મહેતા, બોરીવલી (ઈ.) | 98922 19804 |
| શ્રી અનિલ મહેતા, ઘાટકોપર | 76665 29036 |
| શ્રી દિપક વોરા, મસ્જિદ બંદર | 98218 72011 |
| શ્રી કૌશિક ભીખાભાઈ, રાજુલા | 81600 03738 |
| શ્રી ભુપતભાઇ સોની, બોરીવલી | 98190 65347 |
| શ્રી મુકેશભાઈ મહેતા-પોલીસ મિત્ર | 93222 37843 |
| શ્રી નીતિન દુલાભાઈ સોની, બોરીવલી (વે.) | 82683 27767 |
| શ્રી દેવાંગ શાહ-દેણપ | 86550 67008 |
| શ્રી વિલેશભાઇ સંઘવી-થાણા | 93240 24554 |
| શ્રી નગીનભાઈ દોશી, કાંદિવલી | 98694 78297 |
| શ્રી કમલકુમાર મહેતા (મહાવીર નગર) | 81695 74570 |
| શ્રી નરેન્દ્રભાઈ ચિતલીયા-બોરીવલી | 98700 54013 |
| શ્રી અરવિંદ સંઘવી, કાંદિવલી (વે.) | 79000 09810 |
| શ્રી નયન મહેતા, મહાવીર નગર | 95949 56424 |
| શ્રી રમેશભાઈ દોશી, માટુંગા | 98200 41283 |
| શ્રી કપિલ સંઘવી, મુળજી જેઠા | 93245 85502 |
| શ્રી ભાવેશ ધીરુભાઈ ગાંધી | 98335 95599 |
| શ્રી કિરીટ પારેખ, પારલા | 91370 12075 |
| શ્રી પરાગભાઈ મહેતા, મુલુંડ | 92232 44160 |
| શ્રી કીર્તિભાઈ ગોરડિયા, નવી મુંબઈ | 98200 37499 |
| શ્રી પ્રવિણભાઈ સંઘવી, ભાયંદર | 98206 16463 |
| શ્રી સુરેશ સંઘવી, પાલઘર | 99755 24222 |
| શ્રી જયંતિભાઈ પટેલ, વડોદરા | 94272 44601 |
| શ્રી ભુપતભાઈ મહેતાજી, રાજુલા | 99096 99134 |



**ગાઢ ધુમ્મસ** નવી દિલ્હીમાં શનિવારે સવારે છવાયેલું ગાઢ ધુમ્મસ. દેશની રાજધાનીના અનેક વિસ્તારમાં સતત બીજા દિવસે ધુમ્મસને લીધે નજીકનું પણ જોવું મુશ્કેલ બની ગયું હતું. (પીટીઆઇ)

# દિલ્હીમાં સતત બીજા દિવસે ગાઢ ધુમ્મસ

## ૧૫ ફ્લાઈટ બીજે વાળવી પડી, ૮૧ ટ્રેન મોડી પડી

નવી દિલ્હી : દિલ્હીમાં સતત બીજા દિવસે ગાઢ ધુમ્મસ છવાતાં અનેક વિસ્તારોમાં દૃષ્ટિગોચરતા શૂન્ય થઈ ગઈ હતી અને આને લીધે ૮૧ ટ્રેન મોડી પડી હતી અને ૧૫ ફ્લાઈટને બીજે વાળવી પડી હતી, એવી માહિતી અધિકારીઓએ શનિવારે આપી હતી.

હવામાન ખાતાએ કહ્યું હતું કે શુક્રવારે પાલમમાં સવારે સાડાઅગિયાર વાગ્યાથી અને સફદરજંગમાં શનિવારે રાતના સાડાબાર વાગ્યાથી દૃષ્ટિગોચરતા શૂન્ય હતી. ધુમ્મસ સાથે ઠંડો પવન ફૂંકાતો હોવાથી ધુમ્મસ વિખેરાઈ નહોતું ગયું.

સવારના સાત વાગ્યે ઈંદિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ગાઢ ધુમ્મસને લીધે દૃષ્ટિગોચરતા શૂન્ય હતી. રનવેમાં રનવે વિઝ્યુઅલ રેન્જ ૧૦૦-૨૫૦ મીટરની કેટ-ત્રણની સ્થિતિમાં હતી. હવામાન ખાતાએ કહ્યું હતું કે આવી પરિસ્થિતિ શુક્રવારના સાડાઅગિયાર વાગ્યાથી પ્રવર્તમાન હતી. હવાઈમથક ચલાવતા દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડે એક્સ પર સવારના ૬-૫૬ કલાકે એક પોસ્ટ મૂકીને માહિતી આપી હતી કે દિલ્હી હવાઈમથકે વિમાનોનું આગમન અને પ્રસ્થાન ચાલુ હતું. (એજન્સી)

SAMRUTI SHABHA



In the memory of

**LT. SHRI MANGILAL**

*Son of Lt. Shri Takhatmal ji Patwari*

***Fondly Remembered by :***
M PATWARI TRADERS PVT LTD,
ORIENT MERCANTILE CO LTD AND
PATWARI & KOTHARI FAMILY

Venue & Timings :
10:00 AM to 01:00 PM
Yashwantrao Chavan Centre Hall,
Academy of Information Technology, 7/8,
General Jagannath Bhosle Rd, Nariman Point,
Mumbai - 400021
Cont. 8928804725 / 9414107650

**પ્રાર્થના સભા**



જન્મ : ૧૭.૦૮.૧૯૫૮ — સ્વર્ગવાસ : ૦૪.૦૧.૨૦૨૫

**શ્રીમતી મીતાબેન દિલીપભાઈ લાખાણી**
કાજવદર નિવાસી, હાલ મુલુંડ, શ્રી દિલીપભાઈ શાંતિલાલ લાખાણીના ધર્મપત્ની

ના શબ્દોના વર્ણનથી, ના ફુલોના અર્પણથી,
નહીં મળે ક્યારેય જે ગુમાવ્યું નયનોના દર્પણ થી;
રહેશો સદા અમ હૃદયમાં, યાદો નાં સ્મરણ થી,
નથી રહ્યા અમ સંગાથમાં, પણ મહેક રહેશે
અમ જીવનમાં તમે સજાવેલી, એક એક ક્ષણ થી.

**પ્રાર્થના સભા**
**સોમવાર, તા. ૦૬.૦૧.૨૦૨૫ સમય : સાંજે ૩ થી ૫**
**સ્થળ : ધી પેલેસ બેન્ક્વેટ હોલ, વિકાસ સેન્ટર,**
**મુલુંડ (વેસ્ટ), મુંબઇ – ૪૦૦ ૦૮૦. (વેલે પાર્કીંગની વ્યવસ્થા છે)**

**પ્રેમાળ સ્મૃતિમાં**
**પતિ : દિલીપભાઈ શાંતિલાલ લાખાણી**
**પુત્રી – જમાઈ : કૃતિકા – અંકિત સંઘવી, નિયતિ – નિસર્ગ ઠક્કર**
**દોહીત્ર–દોહીત્રી : હિયાના, ધ્યુતીત, જુષ્ટિ**
**જેઠ – જેઠાણી : ભરતભાઈ – આશાબેન**
**દેર–દેરાણી : કેતનભાઈ – દિપીકાબેન**
**નણંદ–નણંદોઈ : સુરેખાબેન – જયેશભાઈ વોરા**
**ભાઈ–ભાભી : આશાબેન – નલિનભાઈ દલીચંદ મહેતા**
**બેન–બનેવી : પ્રફુલ્લાબેન – કીર્તિકુમાર પારેખ**
**ઈલાબેન – ધનવંતરાય શાહ**
**મિતાબેન (ટીના) – પરેશભાઈ ગાંધી**

**Lakhani Dyestuffs Pvt. Ltd.**

# ફટાકડા બનાવતી વખતે વિસ્ફોટઃ મકાન ધરાશાયી

## પતિ-પત્નીનું મોત

પારાદીપઃ ઓડિશાના જગતસિંહપુર જિલ્લામાં ફટકાડા બનાવતી વખતે થયેલા વિસ્ફોટમાં મકાન ધરાશાયી થવાની ઘટનામાં પતિ-પત્નીનાં મૃત્યુ થયાં હતાં. આ જાણકારી પોલીસે શનિવારે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ઘટના શુક્રવારે મોડી રાત્રે સદર પોલીસ સ્ટેશન વિસ્તારના બડાબાગ ગામમાં બની હતી. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે ઘરની છત અને દીવાલો ધરાશાયી થઇ ગઇ હતી. મૃતક દંપતીની ઓળખ રાજેશ દાસ અને તેની પત્ની રાની તરીકે કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે આ ઘટનામાં રાજેશનો નાનો ભાઇ પરેશ અને તેની પત્ની લક્ષ્મીપ્રિયા ઘાયલ થયા છે. હાલમાં તેઓની કટકની એસસીબી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પોલીસ, ફાયર સર્વિસ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડી-આરએફ)એ પણ ઘટનાસ્થળ પર બચાવ કામગીરી હાથ ધરી હતી. વિસ્ફોટનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ આરંભી દેવામાં આવી છે. ■

**શ્રધ્ધાંજલિ**



**જ્યોતિ ચંદ્રકાન્ત (બટુકભાઈ) મહેતા**

**૧૭/૧૨/૧૯૨૯ - ૦૨/૦૧/૨૦૨૫**

જ્યોતિબહેને જીવનની વસંતને જવાબદારીઓ નિભાવીને મહેકાવી. આયુષ્યની પળેપળમાંથી આનંદ લૂંટવો એ જ એમનો જીવનમંત્ર. એ મૃદુ-મિષ્ટભાષી વ્યક્તિ સંગીત-નૃત્ય-ગૂંથણ કળાઓમાં અવ્વલ દરજ્જે રહ્યા. એમની દીર્ઘ-જીવનયાત્રા એમણે કેળવેલા શોખોથી રસભર રહી. જેમને ક્ષણોને માણતા આવડી, તેમનું તો જીવ્યું લેખે લાગ્યું ગણાય.

**પ્રાર્થના સભા**
તા. ૦૫/૦૧/૨૦૨૫,
રવિવારે સાંજે ૫ થી ૭
એસ. એન. ડી. ટી. વુમન્સ યુનિવર્સિટી,
શ્રી રાવજી જીવરાજ ચંગડાયવાલા હોલ,
૩૩૮, રફી અહમદ કિડવાય રોડ,
માટુંગા (પૂર્વ), મુંબઈ ૪૦૦૦૧૯.

**શોકાતુર**
જૈમીની-હરીશ થાણાવાલા,
નિહાર-રિશીકા અને દર્શિની થાણાવાલા
કોકિલા મહેતા, પુષ્પા દોશી,
રેખા સરૂ દોશી,
મહેતા અને સંઘાણી પરિવારો .

લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ જૈન મરણ**



**શ્રીમતી સ્નેહલતાબેન મુલચંદભાઈ શાહ**
(ઉમ્ર વર્ષ - ૮૬), કુંભારીયા પાડો, પાટણ.
**શુક્રવાર, તા. ૩ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અરિહંત શરણ પામ્યા છે.**

સ્વ. શ્રી. મુલચંદ આર શાહ ના **પત્ની,**
મિનેશ એમ શાહ, રૂપલ આર પટણી, આશિત એમ શાહ, પૌલોમી કે શાહ ના **માતા,**
સ્મૃતિ એમ શાહ, સુબાલા એ શાહ, રાજેશ એસ પટણી, કલ્પેશ કે શાહ ના **સાસુ,**
સ્વ. શ્રી. ચંપકલાલ બાલુચંદ શાહ ના **પુત્રી,**
વિજેશ શાહ, ક્રિશ્મા શાહ, રોનક પટણી, દિશાલી પટણી, હર્ષિ શાહ, વિન્ની શાહ, વાણી શાહ, દક્ષિતા પટણી, આદિત્ય દોશી, શશી નામ્બિયાર, ક્રિશ સુચક ના **દાદી.**
મહેન્દ્રભાઈ, મિતીનભાઈ, મુકેશભાઈ અને કલ્પના મહેન્દ્ર શાહ ના **ભાભી,**
સ્વ. ચિનુભાઈ, સ્વ. સુશીલાબેન, સ્વ. વિમળાબેન, અનિલાબેન ના **બહેન.**
**લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.**
**મુલચંદ આર. શાહ પરિવાર**

Mulchand R. Shah

સૉલ ઓફ ટૂર

# તુર્કીની સુહાની સફરઃ ચાલો કરીએ ઈસ્તાનબુલ, પામુક્કલે અને બોડ્રમને એક્સપ્લોર



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચેરમૅન ધવલ જાંગલા

છેલ્લા કેટલાક વર્ષોમાં કુદરતી સુંદરતા માણવા માગતા પ્રવાસીઓ માટે તુર્કી એ મસ્ટ વિઝિટ ડેસ્ટિનેશન બની ચૂક્યું છે. અંતાલ્યા અને અલાન્યાનાં સુંદર દરિયાકિનારાથી લઈને કેપ્પાડોકિયાનાં નયનરમ્ય હોટ એર બલૂનનાં નજારા સુધી, તુર્કીમા વિતાવેલી દરેક ક્ષણ આજીવન યાદો આપે છે. જેમની ટર્કીની ટૂર્સ ખૂબ વખણાય છે એવા અરૌરા ટૂર્સનાં ધવલ જાંગલા પાસેથી વધુ જાણીએ આ રહસ્યમય દેશ વિશે.

**★ ધવલભાઈ, ઈસ્તાનબુલ પ્રત્યેની તમારી ફર્સ્ટ ઈમ્પ્રેશન શું હતી અને તમને શહેરની પ્રાચીન અને આધુનિક સાંસ્કૃતિનું સંયોજન કેવી રીતે મળ્યું?**

ધવલભાઈ- ઈસ્તાનબુલમાં પગ મૂકવો એ જીવંત ઇતિહાસના પુસ્તકમાં ચાલવા જેવી ફિલીંગ છે. શહેરની પ્રાચીન રચનાઓ અને આધુનિક જીવનનું આવું સુંદર સંયોજન મેં આ પહેલા નથી અનુભવ્યું. હાગિયા સોફિયા જોઈને તો હું એક ક્ષણ માટે તો હું આશ્ચર્ય પામી ગયો હતો. અહીંનાં વિશાળ ગુંબજ ઈતિહાસની યાદ અપાવે છે. હું ઇસ્તિકલાલ સ્ટ્રીટ નીચે લટાર મારતો હતો ત્યારે ત્યાંની જે ટ્રેન્ડી દુકાનો, આધુનિક કાફે અને સ્ટ્રીટ પરફોર્મર્સથી ભરેલો વાઇબ્રન્ટ વિસ્તાર જોઈને અવાક બની ગયો હતો.

**★ શું તમે ઈસ્તાનબુલમાં કોઈ વિશિષ્ટ લેન્ડમાર્ક્સની મુલાકાત લીધી હતી જે તમારા માટે જુદો એક્સપિરીયંસ હતો?**

ધવલભાઈ ડેફિનેટલી. બ્લુ મસ્જિદ તેના અદ્‌ભુત આર્કિટેક્ચર અને શાંતિપૂર્ણ વાતાવરણને લીધે એક અદ્‌ભુત આકૃતિ બનાવે છે. લોકોને આવા નોંધપાત્ર ધાર્મિક સ્થળમાં પ્રવેશતા જોવું અને અનુભવવું એ રસપ્રદ હતું. મેં ગ્રાન્ડ બઝારમાં પણ સમય વિતાવ્યો.રંગબેરંગી કાપડ, ઘરેણાં, મસાલા અને સુવિનીયર ખરીદવાનો આ માર્ગ છે. અને પછી, અલબત્ત, ત્યાં બોસ્ફોરસ છે. યુરોપ અને એશિયાને અલગ કરતા આ જળમાર્ગ પર બોટની સવારી કરવાથી મને ઈસ્તાનબુલની અનોખા ભૌગોલિક ઈતિહાસનો સાચો ખ્યાલ આવ્યો.

**★ ઈસ્તાનબુલના ખળભળાટભર્યા શહેરી જીવનનો અનુભવ કર્યા પછી, પામુક્કલે કેવું હતું?**

ધવલભાઈ - પામુક્કલે અને ઈસ્તાનબુલ વચ્ચે એક શ્રેષ્ઠ કહી શકાય એવો વિરોધાભાસ છે. ઇસ્તાનબુલ એ ઇતિહાસ અને શહેરી ઊર્જા ધરાવે છે જ્યારે પામુક્કલે એક કુદરતી અજાયબી છે. પ્રથમ વખત સફેદ ટ્રાવર્ટાઇન ટેરેસ જોવું એ અવાસ્તવિક ફિલીંગ છે, અહીંનો લેન્ડસ્કેપ એક અલાયદી દુનિયામાં આવી ગયાની અનુભૂતિ આપે છે. શુદ્ધ સફેદ પથ્થરોની રચનાઓ અને બ્લુ લગુન જેવા થર્મલ પૂલનો વિરોધાભાસ અદ્‌ભુત હતો. ટેરેસ પર ઉઘાડેપગે ચાલવું અને ગરમ, ખનિજ-સમૃદ્ધ પાણીમાં પલાળવું એક લક્ઝુરિયસ અનુભવ હતો.

**★ જ્યારે તમે પામુક્કલેમાં હતા ત્યારે શું તમે હિરાપોલિશના પ્રાચીન અવશેષોની શોધખોળ કરી હતી?**

ધવલભાઈ - હા, હિરાપોલિશ તો આ આખી સફરની ખાસિયત હતી. ટ્રાવર્ટાઇન્સની સુંદરતાનો અનુભવ કર્યા પછી, મેં મારી યાત્રા આ પ્રાચીન શહેર તરફ લંબાવી. ભલે ખંડેર હોય પણ એ આકર્ષક છે અને અહીંના આસપાસના લેન્ડસ્કેપના સુંદર દૃશ્યો પણ આપે છે. થિયેટર ખાસ કરીને ખૂબ પ્રભાવશાળી હતું - એ અવિશ્વસનીય રીતે સારી રીતે પ્રિઝર્વ કરવામાં આવ્યું છે અને ત્યાં બેસીને, ત્યાંની આધુનિક દુનિયાથી આટલું વિપરીત હતું, જેનાથી પામુક્કલે એક એવી જગ્યા જેવું લાગે છે જ્યાં ઇતિહાસ અને પ્રકૃતિ સંપૂર્ણ રીતે મળે છે અને તેની સાચવણી કરવામાં આવે છે.

**★ તમે બોડ્રમનું વર્ણન કેવી રીતે કરશો, ખાસ કરીને ઈસ્તાનબુલ અને પામુક્કલે જેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધા પછી ?**





ધવલભાઈ - બોડ્રમે ગતિશીલ જીવનમાં એક તાજગીભર્યો ફેરફાર આપ્યો. મારી સફરના ઐતિહાસિક અને પ્રાકૃતિક ભાગોનો અનુભવ લીધા પછી અમે બોડ્રમ પહોંચ્યા અને જાણે ભૂમધ્ય સ્વર્ગમાં પગ મૂક્યો હોય જેવું લાગ્યું. અહીંના દરિયાકિનારા સુંદર છે, પાણી સ્ફટિક સ્પષ્ટ છે, અને વાઇબ વધુ શાંત છે. જો કે, બોડ્રમ માત્ર એક બીચ સીટી નથી, અહીંનો ઈતિહાસ પણ ખૂબ સમૃદ્ધ છે. મેં હેલીકાર્નાસસ ખાતેના મૌસોલિયમના અવશેષોની મુલાકાત લીધી, જે પ્રાચીન વિશ્વની સાત અજાયબીઓમાંની એક હતી, અને બોડ્રમ કેસલ, જે શહેરને તેના ભૂતકાળની વાસ્તવિક સમજ આપે છે.

**★ અન્ય બીચ સ્થળોની સરખામણીમાં બોડ્રમને શું અજોડ બનાવે છે?**

ધવલભાઈ - બોડ્રમમાં લક્ઝરી અને સાંસ્કૃતિક ઊંડાણનું અદ્‌ભુત મિશ્રણ છે. અહીં તમે પ્રાચીન અવશેષોની શોધખોળ કરવા અથવા પરંપરાગત ગૂલેટમાં દરિયાકિનારે નૌકાવિહાર કરવામાં અને તમારી બપોર સ્ટાઇલિશ બીચ ક્લબમાં આરામ કરવામાં અથવા સ્થાનિક બજારોમાં ભટકવામાં વિતાવી શકો છો. વાઇબ્રન્ટ નાઇટલાઇફનાં દ્રશ્યો સાથે આ શહેર રાત્રે લાઈવ બની જાય છે. પરંતુ અહીં અધિકૃતતાની ભાવના પણ છે.

**★ આ ત્રણ સ્થળોની મુલાકાત લીધા પછી, તમે તુર્કીમાં તમારા અનુભવોનાં સરવાળા વિશે શું કહેશો?**

ધવલભાઈ - તુર્કી એક વૈવિધ્યસભર દેશ છે, જે રીતે તે દરેક પ્રકારના પ્રવાસીઓ માટે કંઈક ઓફર કરે છે તે આ દેશને ખરેખર ખાસ બનાવે છે. ઈસ્તાનબુલે એનાં સમૃદ્ધ ઈતિહાસ અને ઊર્જાસભર શહેરી જીવનથી મને મોહિત કરી દીધું, પામુક્કલેએ મને કુદરતની સુંદરતાની ધાકમાં મૂકી દીધો, અને બોડ્રમે મને દરિયાકાંઠાના પર સ્વર્ગ જેવી અનુભૂતિ આપી અને આરામ કરવાની તક આપી. તમે પ્રાચીન ઇતિહાસ, આકર્ષક લેન્ડસ્કેપ્સ કે પછી લક્ઝરી ગેટ-વે શોધી રહ્યાં હોવ, તુર્કી દરેકની ઝંખનાઓને સંતોષે છે.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

# ૧૧૬ વર્ષની વયે વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિ જાપાની મહિલાનું અવસાન

ટોક્યોઃ ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ અનુસાર વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિ, જાપાની મહિલા ટોમીકો ઇટુકાનું ૧૧૬ વર્ષની વયે અવસાન થયું છે. વૃદ્ધ નીતિઓના પ્રભારી અધિકારી યોશિત્સુગુ નાગાતાએ જણાવ્યું હતું કે ઇટુકાનું ૨૯ ડિસેમ્બરે મધ્ય જાપાનના હ્યોગો પ્રીફેક્ચરના આશિયામાં એક કેર હોમમાં અવસાન થયું હતું.

કેલ્પિસ નામના કેળા અને દહીંના સ્વાદવાળા જાપાનીઝ પીણાંને પસંદ કરતા ઇટુકાનો જન્મ ૨૩ મે, ૧૯૦૮ના રોજ થયો હતો. જેરોન્ટોલોજી રિસર્ચ ગ્રુપના જણાવ્યા અનુસાર ૧૧૭ વર્ષની મારિયા બ્રાન્યાસના મૃત્યુ બાદ ગયા વર્ષે તે સૌથી વૃદ્ધ વ્યક્તિ બની હતી.

જ્યારે તેમને કહેવામાં આવ્યું કે તે વિશ્વ સુપરસેન્ટેનરિયન રેન્કિંગ્સની સૂચિમાં ટોચ પર છે, ત્યારે તેમણે ફક્ત જવાબ આપ્યો, ''આભાર.'' જ્યારે ઇટુકાએ ગયા વર્ષે તેનો જન્મદિવસ ઉજવ્યો હતો, ત્યારે તેને મેયર તરફથી ફૂલો, એક કેક અને કાર્ડ મળ્યું હતું.

ઓસાકામાં જન્મેલા, ઇટુકા હાઇસ્કૂલમાં વોલીબોલ પ્લેયર હતાં, અને ૧૦૦૬૨ -ફૂટ ઊંચા માઉન્ટ ઓન્ટેક પર બે વાર આરોહણ કર્યું હતું. ગિનીસના જણાવ્યા અનુસાર તેને બે પુત્રીઓ અને બે પુત્રો હતાં.

ઇટુકાએ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેના પતિની ટેક્સટાઇલ ફેક્ટરીની ઓફિસનું સંચાલન કર્યું હતું. ૧૯૭૯માં તેના પતિના અવસાન બાદ તે નારામાં એકલા રહેતાં હતાં. તેમના પરિવારમાં એક પુત્ર અને એક પુત્રી અને પાંચ પૌત્રો છે. જેરોન્ટોલોજી રિસર્ચ ગ્રુપ અનુસાર, વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિ હવે ૧૧૬ વર્ષીય બ્રાઝિલિયન સાધ્વી ઇનાહ કેનાબારો લુકાસ છે, જેનો જન્મ ઇટુકાના ૧૬ દિવસ પછી થયો હતો. ■

# દિલ્હી ચૂંટણીઃ ભાજપે ભૂતપૂર્વ સાંસદ પરવેશ વર્મા, રમેશ બિધુરીને કેજરીવાલ અને આતિશી સામે મેદાનમાં ઉતાર્યા

નવી દિલ્હીઃ ભાજપે શનિવારે દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ૨૯ ઉમેદવારની પ્રથમ યાદી બહાર પાડી હતી, જેમાં ભૂતપૂર્વ સાંસદ પરવેશ વર્માને અરવિંદ કેજરીવાલ સામે અને રમેશ બિધુરીને આતિશી સામે મેદાનમાં ઉતાર્યા છે. કેજરીવાલ સામે સાહિબ સિંહ વર્માના પુત્ર પણ મેદાનમાં ઊતર્યા છે. સાહિબ સિંહ વર્માએ ૧૯૯૦ના દાયકામાં મુખ્ય પ્રધાન તરીકે બે વર્ષનો કાર્યકાળ સંભાળ્યો હતો. આ બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર ત્રણ ટર્મના પૂર્વ મુખ્ય પ્રધાન શીલા દીક્ષિતના પુત્ર સંદીપ દીક્ષિત છે. ભાજપની પ્રથમ યાદીમાં તાજેતરના મહિનાઓમાં કૉંગ્રેસ અને આપમાંથી પ્રવેશ કરનારા આઠ અગ્રણી નેતાનો સમાવેશ થાય છે. ૭૦ સભ્યોની દિલ્હી વિધાનસભાની ચૂંટણી આવતા મહિને થવાની છે. ભાજપના શહેર એકમના વડા વીરેન્દ્ર સચદેવાએ જણાવ્યું હતું કે પાર્ટીએ ''મજબૂત'' ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે જે પરિવર્તન માટે ''ઉત્પ્રેરક'' તરીકે કામ કરશે. દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન હેઠળના ટૂંકા ગાળાને બાદ કરતાં, ૨૦૧૩થી શહેરમાં આપની સત્તા પરની પકડને સમાપ્ત કરવા માટે ભાજપ તમામ ઉપાય કરી રહ્યું છે. ■

**ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશન**
**મંત્રાલય MSME (ભારત સરકાર)**
સી.બી.કોરા ઇન્સ્ટીટ્યુટ, સીંપોલી વિલેજ,
મ્યુનીસીપલ સ્કુલની સામે, બોરીવલી (પશ્ચિમ)
સરકારી પ્રમાણપત્ર
**મધુબની, ગોંડ પેંટીંગ કોર્સ**
**૧૧ જાનેવારી પ્રેક્ટીસ સાથે ઉપરના કલર સાથે કેનવાસ અને એમ.ડી.એફ ઉપર શીખવાડશું**
હર્ષલા હેમંત સાવંત ૯૮૨૦૮૫૪૫૫૮
૮૬૯૩૦૯૮૧૮૧ / ૯૮૨૦૦૮૪૫૫૮

# અમેરિકાના ડલ્લાસના શોપિંગ સેન્ટરમાં આગ, સેંકડો પ્રાણીઓનાં મોત

ડલ્લાસઃ અમેરિકાના ડલ્લાસમાં શુક્રવારે સવારે એક શોપિંગ સેન્ટરમાં આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં ૫૦૦થી વધુ પ્રણીઓનાં કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં. જેમાં મોટા ભાગનાં નાનાં પક્ષીઓ હતાં. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

ડલ્લાસ ફાયર-રેસ્ક્યુના પ્રવક્તા જેસન ઇવાન્સે એક નિવેદનમાં જણાવ્યું કે ઉત્તર-પશ્ચિમ ડલ્લાસમાં પ્લાઝા લેટિનામાં પાળતુ જનાવરોની દુકાનમાં રહેલા ૫૭૯ જનાવરો ધુમાડાને કારણે મૃત્યુ પામ્યાં હતાં. આગની જ્વાળાઓ પ્રાણીઓ સુધી પહોંચી શકી નહોતી. મરઘીઓ, એક હેમ્સ્ટર, બે કૂતરાં અને બે બિલાડીઓ પણ મૃત્યુ પામ્યાં હતાં. આગને ઓલવવામાં લગભગ બે કલાક જેટલો સમય લાગ્યો હતો અને સવારે ૧૧ વાગ્યાની આસપાસ ૪૫ અગ્નિશામકોએ ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ઇવાન્સે જણાવ્યું કે ડીએમઆરના કર્મચારીઓએ શોધ અને બચાવ પ્રયાસો હાથ ધર્યા હતા, પરંતુ દુકાનમાં રહેલા તમામ જનાવરો દુર્ભાગ્યવશ ધુમાડાને કારણે મૃત્યુ પામ્યાં હતાં. જોકે આગમાં કોઈને ઈજા થઈ નથી. એક માળના શોપિંગ સેન્ટરના માળખાને ગંભીર નુકસાન થયું હતું. શોપિંગ સેન્ટરમાં ઘણા નાના વ્યવસાયો ચાલતા હતા. આ શોપિંગ સેન્ટરના ફેસબુક પેજ પર આ સ્થાનને એ રીતે વર્ણવવામાં આવ્યું છે કે અહીં લોકો ખાવા-પીવા જઈ શકે છે અને તમામ પ્રકારની લેટિન વસ્તુઓ અને સેવાઓ ખરીદી શકે છે. ઇવાન્સે જણાવ્યું કે આગ લાગવાનું તાત્કાલિક કારણ જાણી શકાયું નથી અને તપાસ ચાલી રહી છે. ■

SOMAIYA VIDYAVIHAR
**ક. જે. સોમૈયા ટ્રસ્ટ,**
**સોમૈયા સંસ્કૃતિ વિહાર અને સોમૈયા વિદ્યાવિહાર,**
દ્વારા આયોજિત
**૩૬ મો જ્ઞાનયજ્ઞ** તા.૦૧.૦૧.૨૦૨૫, બુધવાર થી ૩૧.૦૧.૨૦૨૫, શુક્રવાર
સ્થળ : કાલિદાસ સભાગૃહ,પહેલે માળે, ક જે સોમૈયા કલા અને વાણિજ્ય મહાવિદ્યાલય
**સવારના સત્ર :**
**૭.૦૦ થી ૮.૦૦ કલાકે, ૮.૧૫ થી ૯.૧૫ કલાકે.**
**સાંજનું સત્ર :**
**૬.૦૦ થી ૭.૩૦ સુધી**
વધુ વિગત તથા વિવિધ કાર્યક્રમ, પ્રવક્તા, વિષય, દિવસ અને સમયની સંપૂર્ણ માહીતી માટે QR Code સ્કૅન કરવા વિનંતી
પદ્મભૂષણ કરમશીભાઇ જેઠાભાઈ સોમૈયા પરિવાર વતી
**શ્રી સમીર સોમૈયા - પ્રેસિડેન્ટ** | **શ્રીમતી લીલાબેન કોટક - ટ્રસ્ટી**
ડો.કિશન પવાર, પ્રાચાર્ય - ક.જે. સોમૈયા કલા અને વાણિજ્ય મહાવિદ્યાલય | ડો.ઉર્મિ ઠક્કર, હેડ- કેમ્પસ એડમીનસ્ટ્રેશન એન્ડ સ્ટુડેંટ્સ વેલ્ફરએ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# માંજરેકરે રિષભ પંત પરની ચર્ચામાં મિયાંદાદનું નામ કેમ લીધું?

## પંતે સેકન્ડ ફાસ્ટેસ્ટ હાફ સેન્ચુરીના ભારતીય વિક્રમની સાથે ૫,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન પૂરા કર્યા

સિડનીઃ આક્રમક બૅટર રિષભ પંતે ગઈ કાલે ઑસ્ટ્રેલિયા સામેની છેલ્લી ટેસ્ટના બીજા દિવસે બૅટિંગમાં આવતાંવેંત ધમાલ મચાવી દીધી હતી અને ઑસ્ટ્રેલિયન બોલર્સને ઊંઘતાં ઝડપી લીધા હતા તેમ જ તમામ લોકોને ચોંકાવી દીધા હતા અને પંતના આ ઓચિંતા પાવર પાછળના સંભવિત રહસ્ય વિશેની ચર્ચામાં ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે પાકિસ્તાનના ભૂતપૂર્વ બૅટર જાવેદ મિયાંદાદનું નામ લઈને દર્શકો-શ્રોતાઓને ચોંકાવી દીધા હતા.

પંતે પહેલા દાવમાં પાંચ પ્રકારની ઈજા થવા છતાં ક્રીઝમાં ઊભા રહીને લડત જાળવી રાખી હતી અને બહુમૂલ્ય ૪૦ રન બનાવ્યા હતા, જ્યારે ગઈ કાલે બીજા દાવમાં ૪૭ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૩૩ બૉલમાં ચાર સિક્સર અને છ ફોરની મદદથી ૬૧ રન બનાવ્યા હતા. ૧૪મી ઓવરમાં ૫૯ રનના સ્કોર પર વિરાટ કોહલીની ત્રીજી વિકેટ પડી ત્યારે પંત બૅટિંગમાં આવ્યો હતો. વિરાટની પ્રાઇઝ વિકેટ લઈને સ્કૉટ બૉલેન્ડ વધુપડતા જોશમાં હતો, પરંતુ પંતે તેનો ફુગ્ગો ફોડી નાખ્યો હતો. પંતે પોતાના પહેલા જ બૉલમાં સિક્સર ફટકારી હતી. તેણે બૉલ મિડ-ઑન પરથી સીધો મેદાનની બહાર મોકલી દીધો હતો.

મૅચ પર સ્પેશિયલ કમેન્ટ્સ આપી રહેલા ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરને ભૂતપૂર્વ શ્રીલંકન પ્લેયર રસેલ આર્નોલ્ડે બોલરને પહેલા જ બૉલથી જડબાંતોડ જવાબ આપવા પાછળનું કારણ પૂછ્યું ત્યારે માંજરેકરે તેને કહ્યું, 'જાવેદ મિયાંદાદ જ્યારે બૅટિંગ કરવા આવતો ત્યારે મન હળવું કરવા માટે હરીફ ખેલાડીઓ સાથે અથવા સાથી બૅટર સાથે થોડી વાતચીત કરી લેતો હતો. રિષભ પંતને મનની મૂંઝવણ કે તંગદિલીમાંથી બહાર આવવા ઇનિંગ્સના પહેલા જ બૉલને જોરદાર ફટકારવાનું બહુ ગમે છે. તે પોતાના દાવની શરૂઆતમાં જ ચોક્કો કે છગ્ગો ફટકારવાનું પસંદ કરતો હોય છે.'

પંતે ગઈ કાલે ૨૯ બૉલમાં હાફ સેન્ચુરી ફટકારીને ૨૮ બૉલમાં ૫૦ રન બનાવવાના પોતાના જ ભારતીય વિક્રમ પછી બીજું સ્થાન નોંધાવ્યું હતું.

દરમ્યાન, પંતે ગઈ કાલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૫,૦૦૦ રન પૂરા કર્યા હતા. ૧૫૦ ઇન્ટરનૅશનલ મૅચમાં તેના નામે ૫,૦૨૮ રન છે જેમાં સાત સેન્ચુરી અને ૨૩ હાફ સેન્ચુરી સામેલ છે. ■

# બુમરાહને પીઠમાં અસહ્ય દુખાવોઃ બે વર્ષ પહેલાં ૧૨ મહિના નહોતો રમી શક્યો

## સવારે સવાત્રણ કલાક મેદાન પર નહોતો, અન્ય બોલર્સે ઑસ્ટ્રેલિયાને મુશ્કેલીમાં મૂક્યું હતું

સિડનીઃ કૅપ્ટન રોહિત શર્માની ગેરહાજરીમાં ટીમ ઇન્ડિયાનું સુકાન સંભાળી રહેલા કાર્યવાહક કૅપ્ટન જસપ્રીત બુમરાહને ઑસ્ટ્રેલિયા સામેની છેલ્લી ટેસ્ટમાં ગઈ કાલે બીજા દિવસે પીઠમાં બે વર્ષે ફરી દુખાવો શરૂ થતાં તેને સ્કૅન માટે તાબડતોબ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.




બુમરાહની ગેરહાજરીમાં નેતૃત્વની જવાબદારી વિરાટ કોહલીએ સંભાળી હતી. બુમરાહને વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ દરમ્યાન પીઠના નીચલા ભાગમાં દુખાવો હતો અને લગભગ બાર મહિના સુધી તે મેદાનથી દૂર રહ્યો હતો. આજે બપોરે ભારતીય ટીમના પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાએ પત્રકારોને સંબોધન કર્યું હતું અને ક્રિષ્નાએ તેમને કહ્યું હતું કે બુમરાહને પીઠમાં ઈજા છે અને સ્કૅન પછીના મેડિકલ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

સિરીઝના તમામ બોલર્સમાં બુમરાહની ૩૨ વિકેટ હાઈએસ્ટ છે. ભારતીય ટીમને શ્રેણીની હારથી બચાવવાનો તેના પર બોલર તરીકે જબરદસ્ત બોજ છે એવામાં રોહિત શર્માએ પોતે જ નબળા ફૉર્મ બદલ આ મૅચમાંથી આરામ લઈ લેતાં સુકાનની જવાબદારી બુમરાહ પર આવી પડી અને હવે તેને પીઠમાં દુખાવો શરૂ થયો છે. તે આજે ત્રણ કલાક અને ૨૦ મિનિટ સુધી મેદાનની બહાર હતો.

બુમરાહે ઑસ્ટ્રેલિયાના બીજા દાવમાં ૧૦ ઓવર બોલિંગ કરી જેમાં તેણે ૩૩ રનમાં ઉસ્માન ખ્વાજા (બે રન) અને માર્નસ લાબુશેન (બે રન)ની વિકેટ લીધી હતી.

બુમરાહને ટ્રેઈનિંગ કિટમાં હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. તે લંચ અગાઉ ૩૦ મિનિટ પહેલાં મેદાનની બહાર જતો રહ્યો હતો. જમ્યા બાદ પાછો રમવા આવ્યો હતો, પણ એક જ ઓવર બોલિંગ કરીને પૅવિલિયનમાં જતો રહ્યો હતો.

બુમરાહની ગેરહાજરીમાં બાકીના બોલર્સ યજમાન ટીમને ભારે પડી ગયા હતા. ભારતના ૧૮૫ રનના જવાબમાં ઑસ્ટ્રેલિયા ૧૮૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગયું હતું. સિરાજે ૫૧ રનમાં ત્રણ, પ્રસિદ્ધ ક્રિષ્નાએ ૪૨ રનમાં ત્રણ અને નીતીશ કુમાર રેડ્ડીએ ૩૨ રનમાં બે વિકેટ લીધી હતી. ■

# બીસીસીઆઇના સેક્રેટરી અને ખજાનચીની નિયુક્તિ નક્કી થઈ ગઈ

## દેવાજિત સૈકિયા અને પ્રભતેજ ભાટિયા સિવાય કોઈએ હરજી નથી કરી

મુંબઈઃ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના સેક્રેટરીપદે પાંચ વર્ષની મુદત સફળતાપૂર્વક પૂરી કર્યા બાદ જય શાહ ૩૬ વર્ષની ઉંમરે તાજેતરમાં જ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના યંગેસ્ટ ચૅરમૅન બન્યા ત્યાર બાદ બીસીસીઆઇમાં તેમનો ખાલી પડેલો હોદ્દો થોડા જ દિવસમાં ભરાઈ જશે, કારણકે કાર્યવાહક સેક્રેટરી દેવાજિત સૈકિયાએ બોર્ડના સેક્રેટરીપદ માટે અરજી કરી છે. બોર્ડના ખજાનચીના હોદ્દા પર પ્રભતેજ ભાટિયા આવશે એ પણ લગભગ નક્કી છે.

સૈકિયા અને ભાટિયા, બન્નેએ પોતપોતાના જે હોદ્દા માટે અરજી કરી છે એ માટે બીજા કોઈની અરજી ન આવી હોવાથી તેઓ બિનહરીફ ચૂંટાશે.

આશિષ શેલારે તાજેતરમાં જ મહારાષ્ટ્ર સરકારમાં કૅબિનેટના પ્રધાન તરીકેના હોદ્દા માટે શપથ લીધા એટલે બીસીસીઆઇના ખજાનચીપદે તેમનો હોદ્દો ખાલી પડતાં છત્તીસગઢ સ્ટેટ ક્રિકેટ સંઘના ભાટિયાએ અરજી કરી હતી.

બીજી તરફ, સૈકિયા પહેલી ડિસેમ્બરથી જય શાહના સ્થાને કાર્યવાહક સેક્રેટરીપદ સંભાળી રહ્યા છે. જય શાહના સ્થાને બીસીસીઆઇના પ્રમુખ રોજર બિન્નીએ સૈકિયાની નિયુક્તિ કરી હતી.

બીસીસીઆઇની વેબસાઇટ પરની માહિતી મુજબ ઉમેદવારીપત્રક શનિવાર, ચોથી ડિસેમ્બરે સાંજે ૪.૦૦ વાગ્યા સુધીમાં ભરવાનું હતું અને સૂત્રોના જણાવ્યા અનુસાર સૈકિયા તથા ભાટિયાએ અરજી કરી દીધી છે. ■

# ગાંગુલીની પુત્રીની કાર સાથે બસ અથડાઇ, કાર-ડ્રાઇવરે જ પીછો કરીને બસ-ડ્રાઇવરને પકડી લીધો

## સના ગાંગુલીની શૈક્ષણિક અને વ્યાવસાયિક કારકિર્દી રસપ્રદ છે

કોલકાતાઃ ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન અને બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલીની પુત્રી સના ગાંગુલી જે કારમાં જઈ રહી હતી એ કાર સાથે બસ અથડાતાં નજીવો અકસ્માત થયો હતો, પરંતુ સદનસીબે કોઈને પણ ઈજા નહોતી થઈ.



આ ઘટના શુક્રવારે સાંજે ૬.૩૦ વાગ્યે ગાંગુલીના નિવાસસ્થાનથી ૨૦૦ મીટર દૂર બેહાલા ચોરસ્તા ક્રોસિંગ પાસે બની હતી અને સના ત્યારે કારમાં ડ્રાઇવરની બાજુમાં બેઠી હતી. રાઇચક-કોલકાતા રૂટ પર આ બસ સનાની કારની બારીના કાચ સાથે ટકરાઈ હતી.

અકસ્માત બાદ તરત જ બસનો ડ્રાઇવર બસ દોડાવી ગયો હતો. જોકે સના ગાંગુલીના ડ્રાઇવરે જ કાર દોડાવીને બસનો પીછો કર્યો હતો. લગભગ એક કિલોમીટર દૂર સાખેરબઝાર ક્રોસિંગ પાસે બસને આંતરીને રોકી લીધી હતી. સનાએ ફોન કરીને પોલીસનો સંપર્ક કર્યો હતો અને પોલીસે તરત ત્યાં પહોંચી જઈને બસના ડ્રાઇવરને અટકમાં લીધો હતો. સનાની કારને થોડું નુકસાન થયું હતું.

કોલકાતામાં ચોરસ્તા એ વિસ્તાર છે જ્યાં દોઢ વર્ષ પહેલાં એક ટીનેજ વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું અને ત્યારથી આ રસ્તા પર પોલીસનો પાક્કો બંદોબસ્ત રહેતો હોય છે. સનાની કારનો અકસ્માત થયો ત્યારે ત્યાં પોલીસ હાજર હતી એટલે જ બસનો પીછો થઈ શક્યો અને ડ્રાઇવરને પકડી શકાયો હતો.

સના ૨૩ વર્ષની છે. સૌરવ ગાંગુલી અને તેની પત્ની તથા જાણીતી ઓડિશી ડાન્સર ડોના ગાંગુલીની તે એકમાત્ર સંતાન છે. સનાએ શૈક્ષણિક સફર કોલકાતાના લૉરેટો હાઉસમાં શરૂ કરી હતી અને તે ઇકોનોમિક્સની ડિગ્રી ધરાવે છે જે તેણે યુનિવર્સિટી કૉલેજ લંડનમાંથી મેળવી છે. હાલમાં તે લંડન-સ્થિત ઇનોવર્વ નામની બુટિક કન્સલ્ટિંગ કંપની સાથે કન્સલ્ટન્ટ તરીકે સંકળાયેલી છે. તે પ્રાઇસવૉટરહાઉસકૂપર્સ નામની વિશ્વની બીજા નંબરની પ્રોફેશનલ સર્વિસીઝ નેટવર્ક સંબંધિત કંપનીમાં ઇન્ટર્નશિપ કરી ચૂકી છે. એ ઉપરાંત, તે ડેલોઇટ નામની આવી જ બીજી વિખ્યાત કંપનીમાં પણ ઇન્ટર્ન રહી ચૂકી છે.


તાજેતરમાં કોલકાતાની આરજી કર મેડિકલ કૉલેજ-હૉસ્પિટલમાં જુનિયર ડૉક્ટર પરના બળાત્કાર અને હત્યાનો જે આઘાતજનક કિસ્સો બની ગયો એ સામેના વિરોધમાં ત્યારે સનાએ સૌરવ-ડોના સાથે મળીને કૅન્ડલલાઇટ અભિયાનમાં ભાગ લીધો હતો.

૨૦૧૯માં સના ગાંગુલીએ નાગરિક સુધારા ધારાનો વિરોધ દર્શાવતો સંદેશ ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો હતો. જોકે પછીથી સૌરવ ગાંગુલીએ એ પોસ્ટ વિશે જણાવ્યું હતું કે 'એ પોસ્ટ સાચી નથી અને તેને (સનાને) આવા બધા મુદ્દાથી દૂર રાખો એવી બધાને મારી નમ્ર વિનંતી છે.' ■

# યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્મા ડિવૉર્સ લઈ રહ્યાં છે?

## બન્નેએ એકબીજાને સોશિયલ મીડિયામાં અનફૉલો કર્યા છે

નવી દિલ્હીઃ જી હા, ટીમ ઈન્ડિયાના સ્ટાર ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા બાદ હવે વધુ એક ભારતીય ક્રિકેટર તેની પર્સનલ લાઈફને કારણે ચર્ચામાં આવ્યો છે. જાણીતો સ્પિનર યુઝવેન્દ્ર ચહલ અને તેની પત્ની ધનશ્રી વર્મા ડિવૉર્સ લઈ રહ્યાં છે એવી અટકળ છેલ્લા કેટલાક સમયથી બહાર આવી જ રહી છે, પરંતુ આ બધી અફવાઓ વચ્ચે હવે ધનશ્રી અને ચહલે મોટું પગલું ભર્યું છે. બંને જણે સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ પરથી એકબીજાને અનફૉલો કર્યા છે. આવો જોઈએ શું છે આખો મામલો...





કેટલાક સમયથી ચહલ મેદાન પરના પર્ફોર્મન્સને કારણે નહીં, પણ પર્સનલ લાઈફને કારણે ચર્ચામાં છે. એવું કહેવાઈ રહ્યું છે કે ચહલ અને ધનશ્રી વચ્ચે કંઈ ઠીક નથી ચાલી રહ્યું અને તેઓ છૂટાછેડા લઈ રહ્યાં છે.

કેટલાક રિપોર્ટ્સમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ચહલે પોતાની વૉલ પરથી ધનશ્રી સાથેના તમામ ફોટો પણ ડિલીટ કરી દીધા છે તો બીજી બાજુ, ધનશ્રીએ ચહલને અનફોલો પણ કર્યું છે, પરંતુ ચહલ સાથેના ફોટો ડિલીટ નથી કર્યા. જોકે, બંનેના નજીકના લોકોનું કહેવું છે કે બંને જણ ડિવોર્સ લઈ રહ્યાં છે, પણ ઓફિશિયલ અનાઉન્સમેન્ટ કરવામાં સમય લાગશે.

આ બાબતે ધનશ્રી કે ચહલે કંઈ પણ સત્તાવાર નિવેદન નથી આપ્યું એટલે આ બધી અટકળો પણ સાબિત થઈ શકે છે. આ પહેલી વખત નથી કે ચહલ અને ધનશ્રીના સંબંધોમાં ખટપટની વાતો સામે આવી હોય. આ પહેલાં ૨૦૨૨માં પણ આવું થયું હતું અને એ સમયે ધનશ્રીનું નામ ટીમ ઈન્ડિયાના જ ખેલાડી શ્રેયસ ઐયર સાથે જોડાયું હતું. એવી અફવા પણ ઊડી હતી કે શ્રેયસ અને ધનશ્રીનું અફેર ચાલી રહ્યું છે. એ જ દરમિયાન ધનશ્રીએ ચહલ સરનેમ હટાવી હતી. જોકે, બાદમાં બંને જણે પોસ્ટ કરીને એમની વચ્ચે ઠીક છે એવું જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ડિવૉર્સની અફવાઓ વચ્ચે સોશિયલ મીડિયા પર શ્રેયસ ઐયર અને ધનશ્રી વર્માના ડાન્સિંગ મૂવ્ઝનો વીડિયો વાઈરલ થયો હતો અને એ સમયે પણ લોકોએ બંનેના લિંકઅપની વાતો કરી હતી. ■

# 'સેન્સીબલ આદમી હૂં, દો બચ્ચોં કા બાપ હું'...કેમ રોહિત શર્માએ આવું કહેવું પડ્યું?

## રોહિતે કહ્યું કે 'આ છેલ્લી ટેસ્ટમાં ન રમવાનો નિર્ણય મેં પોતે જ લીધો'

સિડનીઃ રોહિત શર્માએ અહીં ઑસ્ટ્રેલિયા સામેની છેલ્લી ટેસ્ટમાં નહીં રમવાના પોતાના જ નિર્ણય વિશે પેટછૂટી વાત ગઈ કાલે મૅચના બીજા દિવસે બ્રેક દરમ્યાન એક ઇન્ટરવ્યૂમાં કરી હતી અને એ સાથે તેણે પોતાની નિવૃત્તિની અટકળો ફેલાવતા લોકોને ટોણો પણ માર્યો હતો.

રોહિતને જ્યારે તેના રિટાયરમેન્ટ વિશેની અટકળો બાબતમાં પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, 'અરે ભાઈ, મૈં કહીં નહીં જા રહા હૂં. જેમ મેં કહ્યું કે મેં આ જે નિર્ણય લીધો છે એ કોઈ નિવૃત્તિનો નિર્ણય નથી કે નથી હું આ ગેમમાંથી હટવાનો. લૅપટૉપ, માઇક, પેન કે કાગળ સાથે બેસીને કોઈ માણસ જે કંઈ લખતો હોય કે બોલતો હોય એનાથી કંઈ અમારી લાઇફમાં બદલાવ ન આવે. અમે આટલા વર્ષોથી રમીએ છીએ એટલે અમારે ક્યારે જવાનું (ક્યારે રિટાયરમેન્ટ લેવાનું) કે અમારે ક્યારે રમવાનું, ક્યારે ટીમની બહાર બેસવાનું કે ક્યારે કૅપ્ટન્સી સંભાળવાની એ બધુ કંઈ આ લોકોએ નક્કી ન કરવાનું હોય. સમજદાર માણસ છું, મૅચ્યોર માણસ છું, બે બાળકોનો બાપ છું, મારી પાસે થોડું તો દિમાગ છે કે લાઇફમાં મારે શું જોઈએ.'

રોહિતે એવું પણ કહ્યું કે 'સિડનીમાં સિરીઝની આ છેલ્લી ટેસ્ટમાં ન રમવાનો નિર્ણય મેં પોતે જ લીધો હતો. આ નિર્ણય લેવાનું બહુ કઠિન લાગ્યું, પણ ટીમની જરૂરિયાત જોઈને મેં એ નિર્ણય લીધો. ક્યારેક ટીમની જરૂરિયાત પણ સમજવી પડતી હોય છે. ટીમને પ્રાધાન્ય ન આપો તો શું મતલબ છે!'

રોહિતે પોતાના રિટાયરમેન્ટને લગતી અફવા બાબતમાં વધુમાં કહ્યું, 'અમને અફવાની અસર નથી થતી હોતી. અમે (ખેલાડીઓ) પોલાદી મનોબળવાળા છીએ. કેટલીક બાબતો (અટકળો) અમારા અંકુશમાં નથી હોતી.'

રોહિત ગઈ કાલે ડ્રેસિંગ-રૂમમાં બેઠો હતો અને તેણે હેડ-કોચ ગૌતમ ગંભીર તથા અન્ય ખેલાડીઓની માફક રિષભ પંતની ફટકાબાજી ખૂબ માણી હતી. ■

# રિકલ્ટનની પ્રથમ ડબલ સેન્ચુરી, કેપ ટાઉનમાં પાકિસ્તાની બોલર્સની ધુલાઈ થઈ

કેપ ટાઉનઃ સાઉથ આફ્રિકાએ અહીં પાકિસ્તાન સામેની બીજી ટેસ્ટમાં બીજા દિવસે પહેલા દાવમાં ૬૧૫ રન બનાવ્યા ત્યાર બાદ પાકિસ્તાનની ટીમ ૬૪ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દેતાં મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. ઓપનર રાયન રિકલ્ટન (૨૫૯ રન, ૩૪૩ બૉલ, ૬૦૭ મિનિટ, ત્રણ સિક્સર, ઓગણત્રીસ ફોર) આ બીજા દિવસનો સુપરસ્ટાર પ્લેયર હતો. તેણે કરીઅરની આ ૧૦મી ટેસ્ટમાં પહેલી ડબલ સેન્ચુરી ફટકારી હતી. ચાર પાકિસ્તાની બોલર્સની બોલિંગમાં ૧૧૦થી વધુ રન બન્યા હતા.

કૅપ્ટન ટેમ્બા બવુમા (૧૦૬ રન, ૧૭૯ બૉલ, ૨૪૮ મિનિટ, બે સિક્સર, નવ ફોર) અને વિકેટકીપર કાઇલ વેરીને (૧૦૦ રન, ૧૪૭ બૉલ, ૧૫૨ મિનિટ, પાંચ સિક્સર, નવ ફોર)ની સદીનો પણ ટીમના ૬૧૫ રનમાં મોટો ફાળો હતો.

બવુમા અને રિકલ્ટન વચ્ચે ચોથી વિકેટ માટે ૩૨૫ બૉલમાં ૨૩૫ રનની તોતિંગ ભાગીદારી થઈ હતી. રિકલ્ટને એ ઉપરાંત વેરીને સાથે ૨૨૨ બૉલમાં ૧૪૮ રનની તથા માર્કો યેનસેન (૬૨ રન) સાથે ૬૭ બૉલમાં ૮૬ રનની પાર્ટનરશિપ પણ કરી હતી. સ્પિનર કેશવ મહારાજે પણ પાકિસ્તાની બોલર્સને નહોતા છોડ્યા. તેણે ૩૫ બૉલમાં બે સિક્સર અને ચાર ફોરની મદદથી ૪૦ રન બનાવ્યા હતા.

પાકિસ્તાની બોલર્સમાં મોહમ્મદ અબ્બાસ અને સલમાન આગાએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. જોકે તેમને એ વિકેટો અનુક્રમે ૯૪ રન તથા ૧૪૮ રનના ખર્ચે પડી હતી.

પાકિસ્તાને કૅપ્ટન-ઓપનર શાન મસૂદ, કામરાન ગુલામ અને સાઉદ શકીલની વિકેટ સસ્તામાં ગુમાવી દીધી હતી.

તેમની ત્રણમાંથી બે વિકેટ કૅગિસો રબાડાએ અને એક વિકેટ યેનસેને લીધી હતી. સાઉથ આફ્રિકાએ પહેલી ટેસ્ટ ૨૯મી ડિસેમ્બરે બે વિકેટના માર્જિનથી જીતી લીધી હતી. ■

# પર્થમાં બે ફિલ્ડર ટકરાયાઃ એકનું નાક તૂટ્યું, બીજાને માથામાં ઈજા થઈ

## ટક્કર બાદ બૅન્ક્રૉફ્ટ બિગ બૅશની બહાર, ડેનિયલ સૅમ્સ પણ થોડા દિવસ નહીં રમે

પર્થઃ ભારતની ઑસ્ટ્રેલિયા સામેની વર્તમાન ટેસ્ટ સિરીઝની પ્રથમ મૅચના સ્થળ પર્થના ઑપ્ટસ સ્ટેડિયમના મેદાન પર શુક્રવારે શૉકિંગ ઘટના બની ગઈ જેમાં સિડની થન્ડર ટીમના એકસાથે બે ફિલ્ડર ટકરાતાં બેહોશ થઈ ગયા હતા અને તેમને તત્કાળ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. એમાંના એક પ્લેયર કૅમેરન બૅન્ક્રોફ્ટનું નાક તૂટી ગયું હતું તેમ જ ખભામાં ફ્રેક્ચર થયું હતું અને બીજા ખેલાડી ડેનિયલ સૅમ્સને માથામાં ગંભીર ઈજા થઈ હતી.



અકસ્માતે સામસામા ટકરાવાની આ ભયંકર ઘટના ભારતની આઈપીએલ જેવી ઑસ્ટ્રેલિયાની બિગ બૅશ લીગ (બીબીએલ)માં પર્થ સ્કોર્ચર્સ અને સિડની થન્ડર ટીમ વચ્ચેની મૅચમાં બની હતી.

ડેવિડ વૉર્નર સિડની થન્ડર ટીમનો અને ઍશ્ટન ટર્નર પર્થ સ્કોર્ચર્સ ટીમનો કૅપ્ટન છે.

બૅન્ક્રોફ્ટ બીબીએલની બહાર થઈ ગયો છે અને સૅમ્સની માથાની સારવાર ચાલી રહી છે. જોકે બન્નેને હૉસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

પર્થ સ્કોર્ચર્સ (૨૦ ઓવરમાં ૧૭૭/૪) સામેની આ મૅચ સિડની થન્ડરે (૨૦ ઓવરમાં ૧૭૯/૬) છેલ્લા બૉલ પર ચાર વિકેટના માર્જિનથી જીતી લીધી હતી. શેરફેન રૂધરફર્ડે મૅચના અંતિમ બૉલમાં ફોર ફટકારીને સિડનીને રોમાંચક વિજય અપાવ્યો હતો.

પર્થની ઇનિંગ્સમાં ૧૬મી ઓવર સિડનીના લૉકી ફર્ગ્યુસને કરી હતી જેના એક બૉલમાં પર્થના કૂપર કોનોલીએ લેગ સાઈડ તરફ ઊંચો શૉટ માર્યો હતો. સૅમ્સ બૉલ પર સતત નજર રાખીને આવી રહ્યો હતો, જ્યારે સામેથી બૅન્ક્રોફ્ટ પણ કૅચ પકડવા પૂરપાટ આવી રહ્યો હતો. બન્ને જણ એકમેકની નજીક આવી ગયા અને તેમના માથા ટકરાયાં હતાં. બેમાંથી કોઈનાથી પણ કૅચ નહોતો પકડાયો અને તેઓ માથાથી જબરદસ્ત ટકરાતાં બન્ને જણ બેહોશ થઈ ગયા હતા.

બન્ને ટીમના ખેલાડીઓ તેમની પાસે પહોંચી ગયા હતા. ત્યારે બેઉ પ્લેયર અડધી બેહોશીની હાલતમાં તબીબી સારવાર માટે સંકેત આપવા લાગ્યા હતા.

તત્કાળ મેડિકલ ટીમ દોડી આવી હતી. સૅમ્સને સ્ટ્રેચરમાં લઈ જવાયો હતો અને બૅન્ક્રોફ્ટ મેડિકલ ટીમના કર્મચારીઓની મદદથી ચાલીને પૅવિલિયનમાં આવ્યો ત્યારે તેના નાકમાંથી ખૂબ લોહી વહી રહ્યું હતું.

બૅન્ક્રોફ્ટનો પરિવાર પર્થમાં જ રહેતો હોવાથી તેઓ તરત હોસ્પિટલ પહોંચી ગયા હતા. સૅમ્સની પત્ની બીજા શહેરમાં હોવાથી સિડનીની ટીમના મેનેજમેન્ટે તેને સિડનીના ફ્રેન્ચાઈઝીના ખર્ચે ફ્લાઈટમાં પર્થ પહોંચવાની વ્યવસ્થા કરી આપી હતી અને એરપોર્ટથી તેને હોસ્પિટલમાં તરત પહોંચવાની સગવડ કરી પણ આપવામાં આવી હતી.

બન્ને પ્લેયરની તબિયત સારી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# બુમરાહે બેદીનો બે રીતે ૪૬ વર્ષ જૂનો રેકૉર્ડ તોડ્યો

## સિંગલ-ડિજિટ રનના અનિચ્છનીય વિશ્વ વિક્રમમાં કોહલી હવે રોહિતની બરાબરીમાં

સિડનીઃ જસપ્રીત બુમરાહે ગઈ કાલે અહીં ઑસ્ટ્રેલિયા સામેની પાંચમી અને છેલ્લી ટેસ્ટમાં બીજા દિવસે પીઠની ઈજા બદલ મેદાનની બહાર થતાં પહેલાં સિરીઝમાં ૩૨મી વિકેટ લઈને પીઢ સ્પિનર બિશનસિંહ બેદીનો ૪૬ વર્ષ જૂનો ભારતીય વિક્રમ તોડી નાખ્યો હતો. બીજી તરફ, આઉટ-ઑફ ફૉર્મ વિરાટ કોહલીનો વર્તમાન ટેસ્ટ સીઝન (૨૦૨૪-'૨૫)માં ૧૦મી વખત સિંગલ ડિજિટમાં સ્કોર નોંધાયો અને એ સાથે તેણે રોહિત શર્માની બરાબરી કરી લીધી છે.

અહીં બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં એક તરફ ભારતે ઑસ્ટ્રેલિયા સામે પરાજયથી બચવાનું છે એટલું જ નહીં, ટ્રોફી જાળવી રાખવા આ મૅચ જીતવાની પણ છે એટલે રવિવારે રસાકસી જબરદસ્ત થશે એમાં બેમત નથી. જોકે આ માહોલમાં ભારતના પીઢ ખેલાડીઓ સારા અને ખરાબ, બન્ને રીતે રેકૉર્ડ-બુકમાં આવી રહ્યા છે.

બુમરાહે માર્નસ લાબુશેન (બે રન)ની ગઈ કાલે વિકેટ લીધી જે આ સિરીઝમાં તેની ૩૨મી વિકેટ હતી. વિદેશી ધરતી પર ભારતીય બોલર્સે હરીફ ટીમ સામેની એક ટેસ્ટ-સિરીઝમાં લીધેલી વિકેટોની રેકૉર્ડ-બુકમાં અત્યાર સુધી બિશનસિંહ બેદી મોખરે હતા. તેમણે ૧૯૭૭માં ઑસ્ટ્રેલિયામાં પાંચ મૅચની ટેસ્ટ-સિરીઝમાં કુલ ૩૧ વિકેટ લીધી હતી જે ભારતીય વિક્રમ હતો. જોકે બુમરાહે આજે ૩૨મો શિકાર કરીને તેમનો ૪૬ વર્ષ જૂનો રેકૉર્ડ તોડી નાખ્યો હતો. એટલું જ નહીં, ઑસ્ટ્રેલિયામાં એક સિરીઝમાં સૌથી વધુ વિકેટ લેનાર ભારતીય તરીકે પણ બેદી એ ૩૧ વિકેટના આંકડા સાથે પ્રથમ હતા, પણ હવે બુમરાહે ૩૨મી વિકેટ લઈને તેમને એમાં પણ પાછળ પાડી દીધા છે. આ યાદીમાં સ્પિનર ભાગવત ચંદ્રશેખર ત્રીજા નંબરે છે. તેમણે ૧૯૭૭માં ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં સિરીઝમાં ૨૮ વિકેટ લીધી હતી.

દરમ્યાન, એક સીઝનમાં ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વખત ફક્ત સિંગલ ડિજિટમાં રન બનાવવાની બાબતમાં અત્યાર સુધી રોહિત શર્મા મોખરે હતો, પરંતુ ગઈ કાલે વિરાટ કોહલીએ 'તેનો પીછો કરીને' તેની બરાબરી કરી લીધી.

રોહિતે એક ટેસ્ટ-સીઝનમાં સૌથી વધુ ૧૦ વાર સિંગલ ડિજિટમાં રન નોંધાવ્યા છે. વિરાટ ગઈ કાલે છ રને આઉટ થતાં તેના નામે પણ હવે આ સીઝનમાં ૧૦ વાર સિંગલ ડિજિટમાં રન છે. આ યાદીમાં રોહિત-વિરાટ પછીના સ્થાને આ ખેલાડીઓ છેઃ ઑસ્ટ્રેલિયાના ક્રેગ સાર્જન્ટ (૧૯૭૭ની સીઝનમાં નવ વખત સિંગલ ડિજિટમાં રન), ભારતના દિલીપ વેન્ગસરકર (૧૯૮૨ની સીઝનમાં નવ વખત સિંગલ ડિજિટમાં રન) તથા ગૅરી કર્સ્ટન (૧૯૯૬ની સીઝનમાં નવ વાર સિંગલ ડિજિટમાં રન). સચિન (૨૦૦૩માં) તેમ જ દિલશાન, નયન મોંગિયા અને સ્લેટર પણ નવ-નવ સિંગલ ડિજિટના રન સાથે તેમની બરાબરીમાં છે. ■

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર

તા. ૫-૧-૨૦૨૫

## સંઘ વિરુદ્ધ સાધુ-સંતો...

# ધર્મસ્થાનોના મુદ્દે બબાલ કેમ?



વડા સ્વામી રામભદ્રાચાર્ય મહારાજ

**'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'ના વડા મોહન ભાગવતે હિંદુઓને આપેલી સલાહથી ટોચના સાધુ-સંતો ગિન્નાયા છે. મંદિર-મસ્જિદ પછી મણિપુર અને બાંગ્લા દેશની ઘટનાઓને લઈને સરકાર અને સંઘની રહસ્યમય ચુપકીદી સામે શબ્દો ચોર્યા વગર એમણે પોતાનો ઉગ્ર આક્રોશ ઉછાળ્યો છે.**

કવર સ્ટોરી

વિજય વ્યાસ

feedback@bombaysamachar.com

ભારતમાં એક તરફ હિંદુ મંદિરો કે ધર્મસ્થાનો તોડીને મુસ્લિમ ધર્મસ્થાનો બનાવાયાં હોવાના પુરાવા મળવાની ઘટનાઓ વધતી જાય છે ત્યારે બીજી તરફ 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ' (આરએસએસ)ના વડા મોહન ભાગવતે હિંદુઓને આપેલી સલાહના કારણે બખેડો થઈ ગયો છે.

ભાગવતની સલાહથી હિંદુ સાધુ-સંતો ભડક્યા છે અને સ્પષ્ટ શબ્દોમાં ભાગવતને મર્યાદામાં રહેવા કહ્યું છે.

મોહન ભાગવતે મુસ્લિમ ધર્મસ્થાનોનાં ખોદકામ કરીને હિંદુ ધર્મસ્થાનો શોધવાની પ્રવૃત્તિથી દૂર રહેવાની હિંદુઓને સલાહ આપીને કહ્યું છે કે, દેશમાં દરેક મસ્જિદ નીચે મંદિર શોધવાની જરૂર નથી. મોહન ભાગવતે કટાક્ષ કર્યો કે, રામ મંદિરના નિર્માણ પછી ઘણા લોકોને લાગે છે કે, મંદિર તોડીને મસ્જિદ બનાવવામાં આવી હતી એવા અયોધ્યાની બાબરી મસ્જિદ-રામ જન્મભૂમિ વિવાદ જેવા મુદ્દા ઉઠાવીને 'કેટલાક' લોકો આડકતરી રીતે હિન્દુઓના નેતા બનવાના પ્રયાસ કરી રહ્યા છે. હકીકતમાં કોઈને પણ આ રીતે ધાર્મિક મુદ્દા ભડકાવીને નેતા બનવાની મંજૂરી ના આપી શકાય.


ભાગવતના આ નિવેદનની સાધુ-સંતોએ બરાબર ઝાટકણી કાઢી છે. સાધુ-સંતોએ સોઈ ઝાટકીને કહી દીધું છે કે, હિંદુ ધર્મસ્થાનોનો મુદ્દો અમારો છે એટલે સંઘ તેમાં ના પડે તો સારું છે. સાધુ-સંતોના સંગઠન 'અખિલ ભારતીય સંત સમિતિ (એબીએસએસ)'એ મોહન ભાગવતને સલાહ આપી છે કે, મંદિર-મસ્જિદ ધાર્મિક મુદ્દો છે અને આવા મુદ્દા પર ધર્માચાર્યોનો નિર્ણય જ અંતિમ રહેશે તેથી સંઘ કે બીજાં કોઈ સંગઠને આ મુદ્દે કડછો મારવો નહીં...

તુલસી પીઠના વડા સ્વામી રામભદ્રાચાર્ય મહારાજે તો ભાગવતની વાતને સાવ ફાલતુ ગણાવીને કહી દીધું છે કે, ભાગવતની વાત હિંદુઓએ સ્વીકારવી ફરજિયાત નથી કેમ કે ભાગવત 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'ના સંચાલક છે, હિન્દુ ધર્મના નહીં...

એમણે તો ત્યાં સુધી કહ્યું કે જ્યાં જ્યાંથી પણ હિન્દુ મંદિરના અવશેષો નીકળશે ત્યાં વોટથી કે કોર્ટથી એનો કબજો લઈને રહીશું!

ભાગવત મુસ્લિમોનું તુષ્ટીકરણ કરી રહ્યા છે એવી ટીકા પણ થઈ રહી છે. આ ટીકા સ્વાભાવિક છે કેમ કે સંઘ હિંદુ ધર્મસ્થાનો તોડવાના મુદ્દે બેવડાં ધોરણ અપનાવી રહ્યો છે. ૧૯૮૦ના દાયકામાં સંઘે જ અયોધ્યામાં ભગવાન શ્રી રામનું મંદિર તોડીને બાબરી મસ્જિદ બનાવાઈ હોવાનો દાવો કરેલો. એ વખતે સંઘ અયોધ્યા, કાશી અને મથુરા એ ત્રણ મંદિર મુસ્લિમો પાછાં આપે એવી માગણી કરતો હતો, પણ હવે કાશી અને મથુરાની વાત જ કરતો નથી ત્યારે બીજાં મંદિરો પાછાં લેવાની વાત કરે એવી આશા જ ના રખાય. હિંદુઓ માટે આ મુદ્દો ધાર્મિક લાગણી સાથે સંકળાયેલો છે, પણ સંઘ હિંદુઓની લાગણીને બદલે ભાજપનાં હિતો સાચવે છે તેથી સંતોનો આક્રોશ ગંભીરતાથી વિચારવા જેવો ખરો...

ભારતમાં હિંદુ ધર્મસ્થાનો તોડીને બનાવવામાં આવેલાં મુસ્લિમ ધર્મસ્થાનોનો મુદ્દો ઊઠે તો તેના કારણે મુસ્લિમ દેશોને મોદી સરકાર વિરુદ્ધ બોલવાની તક મળી જાય. મોદી સરકાર આંતરરાષ્ટ્રીય સ્તરે ભીંસમાં આવી જાય તેથી સંઘ આ મુદ્દા ના ઊઠે એવું ઇચ્છે છે.



મોહન ભાગવત

સંઘ સામે હિંદુવાદી નેતાઓએ અને સંતોએ ઉઠાવેલો આક્રોશ એ રીતે પણ યોગ્ય છે કેમ કે સંઘનું હિંદુત્વ સગવડિયું છે અને સંઘ હિંદુત્વનો ઉપયોગ પોતાના ફાયદા માટે કરે છે એવા આક્ષેપ અવારનવાર થતા રહે છે. સંઘ વિશ્વમાં હિંદુઓનું હિતરક્ષક સૌથી મોટું સંગઠન હોવાનો દાવો કરે છે, પણ વાસ્તવમાં એ સત્તાની નજીક રહીને બધા લાભો લે છે. સંઘનું હિંદુત્વ કેવું છે અને તેને હિંદુઓના બદલે ભાજપની વધારે ચિંતા છે એ મણિપુર અને બાંગ્લાદેશમાં આપણે જોઈ જ લીધું છે.

મણિપુરમાં અત્યારે ભલે શાંતિ છે, પણ છેલ્લાં દોઢ વર્ષથી જે હિંસા ચાલી તેમાં સંખ્યાબંધ હિંદુઓનો ભોગ લેવાયો અને હજારો હિંદુઓ બેઘર થયા. મણિપુરમાં ખ્રિસ્તી આદિવાસીઓ અને હિંદુ મેઈતેઈ સમુદાય વચ્ચેના જંગમાં હિંદુઓએ બહુ સહેવું પડ્યું છે. હિંદુ બહેન-દીકરીઓ પર પાશવી ગેંગ રેપ થયા અને જે બે બહેનને જાહેરમાં નગ્ન કરીને ફેરવવામાં આવી હતી એ બહેનો પણ હિંદુ જ હતી.

આ બધું જોઈને આપણી હિંદુવાદી સરકારમાં બેઠેલા લોકોનું ન તો લોહી ઊકળ્યું કે ના સંઘના નેતાઓના પેટનું પાણી હાલ્યું. સંસદમાં હિંદુઓનાં હિતો સાચવવા માટે જીવ આપી દેવાની વાતો કરનારા કેન્દ્ર સરકારના મંત્રીઓમાંથી એક મંત્રી મણિપુરના હિંદુઓનાં આંસુ લૂછવા માટે મણિપુર ગયો નથી કે એમના વિશે બોલ્યો પણ નથી.

બીજી તરફ, સંઘ મણિપુરની હિંસા વિશે બોલ્યો નથી એવું ના કહી શકાય કેમ કે ભાગવતે બે વાર મણિપુરના મુદ્દાને તાત્કાલિક હાથ પર લેવાની વાત કરી પણ પછી શું? કંઈ જ નહીં.

મણિપુરના હિંદુઓ આ દેશના હિંદુઓ જ છે ને એ કપાઈ રહ્યા હોય ત્યારે બે વાર એમના વિશે બોલી દેવું એ હિંદુઓનાં હિતો સાચવ્યાં ના કહેવાય. કેન્દ્ર સરકાર મણિપુરના હિંદુઓને ભગવાન ભરોસે છોડીને બેઠી છે તેની સામે સંઘે હુંકાર કરવો જોઈતો હતો.

બાંગ્લાદેશના મામલે પણ સંઘનું વલણ એવું જ છે. ભારત હિંદુઓનો સૌથી મોટો દેશ છે ત્યારે પાડોશી દેશોમાં રહેતા હિંદુઓની ચિંતા ભારત નહીં કરે તો બીજું કોણ કરશે એવી વાતો સિટિઝનશીપ એમેન્ડમેન્ટ ઍક્ટ (સીએએ) વખતે સંસદમાં કોણ કરતું હતું એ કહેવાની જરૂર નથી.

સંઘે એ વાતોમાં હાજીયો પૂરાવેલો ને અત્યારે બાંગ્લાદેશમાં હિંદુઓની કત્લેઆમ થાય છે ત્યારે હિંદુઓની ચિંતા કરનારા બધા ઘરે જઈને ગોદડાં ઓઢીને સૂઈ ગયાં છે.

સંઘ બાંગ્લાદેશના હિંદુઓની રક્ષા કરે એવી તો તેની પાસેથી અપેક્ષા જ નથી. જમ્મુ અને કાશ્મીર કે મણિપુર આ દેશનો ભાગ હોવા છતાં સંઘ આ રાજ્યોના હિંદુઓને બચાવવાના બદલે ખાલી થૂંક ઉડાડતો હોય તો બાંગ્લાદેશમાં તો કશું કરવાનો નથી.

સંઘ વ્યક્તિપૂજામાં નહીં માનવાની ને સંગઠન મહાન છે ને રાષ્ટ્ર મહાન છે એવી બધી સૂફિયાણી વાતો કરે છે એ નર્યો દંભ છે એ મણિપુરની ઘટનાએ સાબિત કરી દીધું. કાશ્મીરમાં હિંદુઓ મરે તેની સામે સરકાર ચૂપ રહે, મણિપુરમાં હિંદુઓ મરે તેની સામે પણ સરકાર કશું ના કરે છતાં સંઘ ચૂપ રહે તો તેની સામે વિરોધનો આક્રોશ હિંદુવાદીઓ ઉઠાવવાના જ છે. ■



## અરાઉન્ડ દ વર્લ્ડ




**નીલ પાટીલ**
Founder, COO & CTO
Veena World

neil@veenaworld.com

# ટ્રાવેલ. એક્સપ્લોર. સેલિબ્રેટ લાઈફ.

**ટ્રાવેલ એક્સપ્લોર સેલિબ્રેટ લાઈફ પોડકાસ્ટ સાથે અમે એક સરળ લક્ષ્ય રાખ્યું છેઃ પ્રવાસની ખુશીની ઉજવણી કરવીઅને દુનિયા જોવા અન્યોને પ્રેરિત કરવા.**




અમે અમારું પોડકાસ્ટ ટ્રાવેલ એક્સપ્લોર સેલિબ્રેટ લાઈફ શરૂ કર્યું ત્યારે વીણા વર્લ્ડનાં ચીફ પ્રોડક્ટ ઓફિસર સુનિલા પાટીલ અને મેં એક સરળ લક્ષ્ય રાખ્યું હતું: અમારી પ્રવાસની વાર્તાઓને જીવંત કરવી, એક્સપ્લોરેશનની ખૂબીઓને મઢી લેતી ઈનસાઈટ્સ, અનુભવો અને વાર્તાલાપનું આદાનપ્રદાન કરવું. અને 150 થી વધુ એપિસોડ પછી પોડકાસ્ટ ખરેખર વિશેષ તરીકે ઉત્ક્રાંતિ પામ્યું છે.

આ સફરમાં અમે એ સન્માન અનુભવ્યું છે કે અમે રસપ્રદ મહેમાનોને સાથે રાખી, તેમના અનોખા પ્રવાસી દૃષ્ટિકોણ અને કુશળતા પર ઊંડાઈથી ચર્ચા કરી છે. 2024માં 40 ટ્રાવેલ એક્સપ્લોર સેલિબ્રેટ લાઈફના એપિસોડ પ્રસારિત કરાયા હતા અને હવે અમારી અમુક મનગમતી ચર્ચા પર પ્રકાશ પાડવા માટે આ ઉત્તમ અવસર છે એવું મહેસૂસ થાય છે. આ એપિસોડથી શ્રોતાઓ પ્રભાવિત થયા હતા, તેમની અંદર ઉત્સુકતા જાગી હતી અને અસંખ્ય પ્રવાસનાં સપનાં પ્રેરિત થયાં હતાં.

સ્કેન કરો અને સાંભળો
ટ્રાવેલ એક્સપ્લોર સેલિબ્રેટ લાઈફ

**બોર્ડર-ગાવસકર ટ્રોફી સ્પેશિયલ**

આ એપિસોડમાં અત્યંત રોમાંચક રીતે ક્રિકેટનું ટ્રાવેલ સાથે મિલન થાય છે. સુનિલા અને હું શ્રોતાઓને દંતકથા બોર્ડર-ગાવસકર ટ્રોફીની યજમાની કરતાં પાંચ આઈકોનિક ઓસ્ટ્રેલિયન શહેરોના પ્રવાસે લઈ ગયાં હતાં. અમે પર્થના અદભુત બીચ અને આઉટડોર આકર્ષણો સાથે શરૂઆત કરી,જે પછી એડેલેઈડનું મોહક સૌંદર્ય અને બરોસા વેલીની પ્રસિદ્ધ વાઈન્સની સેર કરાવી હતી. બ્રિસ્બેનનું રિવરસાઈડ સૌંદર્ય અને સાંસ્કૃતિક સ્વર્ણિમતા અનોખી તરી આવી હતી, જ્યારે મેલબર્ને તેનાં કળા દ્રશ્યો અને ધમધમતી કેફે સંસ્કૃતિથી મોહિત કર્યા હતા.આખરે સિડનીએ તેના આઈકોનિક ઓપેરા હાઉસ, હાર્બર બ્રિજ અને અવિસ્મરણીય અનુભવોથી ચકિત કર્યા હતા.

**સ્વાલબાર્ડ: દુનિયાનો સૌથી ઉત્તરીય દ્વીપસમૂહ**

આ એપિસોડમાં સુનિલા અને મેં દુનિયાની કોર સ્વાલબાર્ડમાં સાહસ ખેડ્યું, જ્યાં આર્કટિક વંડરલેન્ડમાં બરફાચ્છાદિત ક્ષિતિજોનું અદભુત પરંપરાઓ સાથે મિલન થાય છે. અમે સ્વાલબાર્ડની અમુક વિચિત્ર નીતિઓમાં ડોકિયું કરાવ્યું, જેમ કે, 'નો બર્થ, નો ડેથ' નિયમ, જે આવા તીવ્ર વાતાવરણમાં જીવન જીવવાના પડકારોનો દાખલો છે. સાહસિકોને ડોગ સ્લેજ અને સ્નોમોબાઈલ થી પોલાર નાઈટ્સ જોવા સુધી અને ગ્લોબલ સીડ વોલ્ટનીખોજ કરવાનું પણ ગમશે. તેની સમૃદ્ધ વાઈલ્ડલાઈફ અને મંત્રમુગ્ધ કરનારી ક્ષિતિજો સાથે સ્વાલબાર્ડ અનોખું સ્થળ છે.

**કેથે પેસિફિક સાથે હોંગ કોંગ જુઓ**

આ એપિસોડમાં મને હોંગ કોંગના સ્વર્ણિમ શહેરમાં ડોકિયું કરવા માટે કેથે પેસિફિકથી આનંદ ચેડેરી સાથે બેસવાનો મોકો મળ્યો. આનંદની ઈનસાઈટ્સ સાથે અમે કેથે પેસિફિકના સમૃદ્ધ ઈતિહાસમાં ડોકિયું કરાવ્યું અને તે પછી હોંગ કોંગના હાર્દમાં પહોંચ્યા. મોંગ કોકની ધમધમતી ગલીઓથી ડ્રેગન્સ બેકના શાંત રસ્તાઓ સુધી, હોંગ કોંગ શહેરી રોમાંચ અને નૈસર્ગિક સૌંદર્યનું ઉત્તમ સંમિશ્રણ પ્રદાન કરે છે. આ એપિસોડ ટ્રાવેલ ટિપ્સ,ઈનસાઈડર નોલેજ અને વ્યવહારુ સલાહથી ભરચક હતો, જેણે આ ગતિશીલ સ્થળની સેર કરવાનું નિયોજન કરતા દરેકે અચૂક સાંભળવું જોઈએ.

**કહો બોન્જો ફ્રાન્સ: સિટી ઓફ લાઈટ્સની પાર**

આ એપિસોડમાં સુનિલા પાટીલ અને એટાઉટ ફ્રાન્સ ખાતે ડાયરેક્ટર ઈન્ડિયા શીતલ મનશો શ્રોતાઓને ફ્રાન્સનાં છૂપાં રત્નોના પ્રવાસે લઈ જાય છે.આ એપિસોડ ઓછા જ્ઞાત ખજાનામાં ઊંડાણથી ડોકિયું કરાવીને ફ્રાન્સ દરેક પ્રકારના પ્રવાસીઓ માટે આખા વર્ષનું ડેસ્ટિનેશન શા માટે છે તે બતાવે છે.

અમે ફ્રેન્ચ આલ્પ્સ જોયું, જે વિશ્વ કક્ષાના સ્કીઈંગ અને નયનરમ્ય રિટ્રીટ્સ સાથે સાહસિકો માટે સ્વર્ગ છે અને તેનાં લવેન્ડર ખેતરો અને સુંદર ગામડાંઓ માટે જ્ઞાત નયનરમ્ય પ્રાંત છે. બોર્ડોક્સના વાઈનયાર્ડસથી લાયોનની સાંસ્કૃતિક સ્વર્ણિમતા સુધી અને કોટ દ'અઝુરની સમુદ્રિ બાજુની ખૂબીઓ સુધી આ એપિસોડે પેરિસની પાર ફ્રાન્સની વૈવિધ્યતા આલેખિત કરી.

**પેરુવિયન એક્સપ્લોરેશન**

પેરુ દેશથી પણ વધુ છે. સુનિલા અને મેં આ મંત્રમુગ્ધ કરનારા એપિસોડમાં જોયું તેમ તે ઈતિહાસ, નિસર્ગ અને સ્વર્ણિમ ફ્લેવર્સનું સમૃદ્ધ સંમિશ્રણ છે. સુનિલાની પેરુની અવિસ્મરણીય ટ્રિપથી પ્રેરિત થઈને અમે આ સાઉથ અમેરિકન રત્નના ઘણા બધા સ્તર ઉજાગર કર્યા.

અમે મિરાફ્લોરેસના બીચથી લઈને બરાંકોની બોહેમિયમ ખૂબીઓ સુધી પેરુની સ્વર્ણિમ રાજધાની લિમાની ખોજ કરી. સુનિલાએ પેરુનાવૈવિધ્યપૂર્ણ પ્રદેશમાં તેનાં સાહસો વિશે જણાવ્યું, જેમ કે, અમેઝોન રેઈનફોરેસ્ટ, એન્ડીસ હાઈલેન્ડ્સ અને કોસ્ટલ ડેઝર્ટસ. તેની હાઈલાઈટમાં ઈન્કા ટ્રેઈલની હાઈકિંગ, માચુ પિછુની મુલાકાત, નાઝકા લાઈન્સ પરથી ઉડાણ અને આઈકોનિક પિસ્તો સાર સાથે નિકેઈથી ચિફા સુધી પેરુના ફ્યુઝન ક્યુઝીનનો પરિચય કરાવ્યો.

**વાઈન 101: ટુર્સ, ટેસ્ટિંગ અને ટિપ્સ**

આ એપિસોડમાં હું વાઈનની અદભુત દુનિયાની ખોજ કરવા માટે મારી સાથે ધ ક્યુરેટેડ વાઈનના નિષ્ણાત અપૂર્વ ગાવડે જોડાયા હતા.અમે ખોટી ભ્રમણાઓ દૂર કરવા પર વાત કરી, જેમાં અપૂર્વએ યાદ અપાવ્યું કે 'વાઈન મોંઘી હોય તેનો અર્થ તે સારી જ છે એવો નથી' અને વાઈનના લેબલ્સનું ડિકોડિંગ કરવા પર અને સોમેલિયર્સને યોગ્ય પ્રશ્નો પૂછવા પર ટિપ્સ આપી. અપૂર્વની ઈનસાઈટ્સે આરંભિકો અને શોખીનો માટે પણ વાઈન પહોંચક્ષમ બનાવી. તેમને વાઈન્સની જોડી જમાવવી, પરફેક્ટ બોટલની પસંદગી અને ટેસ્ટિંગ અને લર્નિંગની ખુશી માણવા વિશે માર્ગદર્શન આપ્યું.

**28 રાજ્યમાં 28 ખાદ્યની ખોજ**

ભારતનો રસોઈકળાનો વારસો તેના ભૂગોળ અનુસાર વૈવિધ્યપૂર્ણ છે અને ટ્રાવેલ એક્સપ્લોર સેલિબ્રેટ લાઈફના આ એપિસોડમાં સુનિલા અને મેં આપણાં 28 રાજ્યોનો સ્વાદિષ્ટ પ્રવાસ કરાવ્યો. બંગાળના સ્વાદિષ્ટ માછેરઝોલથી કેરળના સુગંધી અપ્પમ અને સ્ટ્યુ સુધી અમે ભારતીય રસોઈકળાને સમૃદ્ધ બનાવતી વૈવિધ્યપૂર્ણ સામગ્રીઓ, રસોઈકળાની ટેકનિક્સ અને સ્થાનિક વાર્તાઓની ઉજવણી કરી.

**હાઉઝિટ સાઉથ આફ્રિકા**

સાઉથ આફ્રિકા સ્વર્ણિમ વૈવિધ્યતાની ધરતી છે અને ટ્રાવેલ એક્સપ્લોર સેલિબ્રેટ લાઈફના આ એપિસોડમાં મારાં ફ્રેન્ડ અલ્પા જાની અને મેં તેનેઅસાધારણ શું બનાવે છે તેની ખોજ કરી. કેપ ટાઉનમાં ટેબલ માઉન્ટનના મંત્રમુગ્ધ કરનારા નજારાથી નયનરમ્ય ગાર્ડન રુટનાં હરિયાળાં જંગલોઅને નિર્મળ બીચીસ સુધી આ દેશ નૈસર્ગિક સૌંદર્ય અને સાંસ્કૃતિક સમૃદ્ધિનું ઉત્તમ સંમિશ્રણ પ્રદાન કરે છે. અમે આઈકોનિક બ્રાઈ (બાર્બેક્યુ),સ્વાદિષ્ટ બિલ્તોંગ અને સ્ટ્રીટ ફૂડ ફેવરીટ બની ચોવ સહિત સાઉથ આફ્રિકાના ક્યુલિનરી ખજાનામાં પણ ડોકિયું કરાવ્યું.

**સ્માર્ટ પેરન્ટિંગ: બાળકો સાથે પ્રવાસ માટે માર્ગદર્શિકા**

બાળકો સાથે પ્રવાસ પડકારજનક નહીં બનવો જોઈએ. બલકે તે પુરસ્કૃત સાહસ બની શકે છે. ટ્રાવેલ એક્સપ્લોર સેલિબ્રેટ લાઈફના આ એપિસોડમાં સુનિલા અને મેં પારિવારિક પ્રવાસ યાદગાર અને મનોરંજક બનાવવા માટે ઈનસાઈટ્સ અને વ્યૂહરચનાઓ આપી. અમે શિડ્યુલ મેનેજ કરવાથી અણધારી મુશ્કેલીઓ હાથ ધરવા સુધી ભારતીય વાલીઓની સામાન્ય મૂંઝવણોને પહોંચી વળ્યાં અને બાળકો માટે ડાઉનટાઈમ સાથે પેકિંગમાં શું ધ્યાન રાખવું જોઈએ અને આઈટિનરીના નિયોજન જેવી વ્યવહારુ ટિપ્સ આપી.

**સ્વિટ્ઝર્લેન્ડની ખોજઃ ઝર્મેટ અને મેટરહોર્ન અલ્પાઈન બોર્ડર ક્રોસિંગ**

ટ્રાવેલ એક્સપ્લોર સેલિબ્રેટ લાઈફના આ એપિસોડમાં ઝર્મેટના મંત્રમુગ્ધ કરનારા અલ્પાઈન પ્રદેશથી લઈને આઈકોનિક મેટરહોર્ન અલ્પાઈન ક્રોસિંગ સુધી ખોજ કરવા માટે મારી સાથે ઝર્મેટ બર્ગબેહનેન એજીનાં કન્ટ્રી મેનેજર દેવિકા જોડાયાં. મેટરહોર્ન દુનિયાનાં સૌથી પ્રસિદ્ધ શિખરમાંથી એક છે,જે અમારા વાર્તાલાપનું કેન્દ્રબિંદુ હતું, કારણ કે અમે તેના સમૃદ્ધ ઈતિહાસ અને સાંસ્કૃતિક મહત્ત્વનો મુદ્દો છેડ્યો હતો.

તેની એક હાઈલાઈટ મેટરહોર્ન અલ્પાઈન ક્રોસિંગ હતી, જે અદભુત ક્રોસ- બોર્ડર કેબલ કાર પ્રવાસ પ્રવાસીઓને સ્વિટ્ઝર્લેન્ડમાં ઝર્મેટ થી ઈટાલી લઈ જાય છે, જેમાં અદભુત આલ્પ્સનો મનોરમ્ય નજારો અને આકાશમાંથી અવિસ્મરણીય બોર્ડર ક્રોસિંગ અનુભવ કરવા મળે છે.

**તમારો આભાર!**

ટ્રાવેલ એક્સપ્લોર સેલિબ્રેટ લાઈફ અમારા પ્રવાસ સાથે તમારી સાથે, અમારા શ્રોતાઓ સાથે જોડાણનું ઉત્તમ માધ્યમ છે. અમારા પ્રવાસ સમુદાયનો હિસ્સો બનવા માટે તમારો આભાર અને અમે તમારી સાથે મળીને વધુ દુનિયાની ખોજ કરવા ઉત્સુક છીએ. ત્યાં સુધી જીવનની ઉજવણી કરતા રહો!

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.



સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@
bombaysamachar.com

# ગઝલ સમ્રાટ 'શયદા'નો ગઝલ ગુલઝાર ખીલ્યો છે પુરબહારે

હરજી લવજી દામાણી એક અગ્રગણ્ય ગઝલકાર હતા એમ કહીએ તો કોઈ ના ઓળખે, પણ ગઝલ સમ્રાટ શયદા કહીએ તો તાત્કાલિક ઓળખાણ પડે. ગઝલકાર તરીકે એવું પ્રદાન કર્યું કે 'શયદા' ઉપનામ આધુનિક ગુજરાતી ગઝલનો પર્યાય બની ગયું વીસમી સદીના પ્રારંભમાં ઘણા ગઝલકારો પ્રયત્નશીલ હતા ત્યારે ગઝલના આકાશમાં શયદા નામનો નવો સિતારો ઊગે છે. શયદા આવે છે અને સાથે છે સગીર, નસીમ, આસીમ રાંદેરી, અમીન આઝાદ, રતિલાલ 'અનિલ', મજનૂ અને સાબિર.

શયદાનો જન્મ ૨૪-૧૧-૧૮૯૨માં ભાવનગર પાસેના ધોલેરા ગામે, પણ કર્મભૂમિ હંમેશાં મુંબઈ રહ્યું. ઈ.સ. ૧૯૧૨માં મુંબઈ સમાચારમાં એમની ગઝલ પ્રગટ થઈ ત્યારે હરજી લવજી માસ્તર ધોલેરાવાળા એવા લાંબા નામે પ્રગટ થઈ હતી.

ભાષાની સરળતા, ભાવોની સુકુમારતા, વિચારની ગહનતા અને વેધકતા એમની ગઝલોમાં એકસાથે સમાવેશ પામે છે. ઈશ્કે-મિજાજી અને ઈશ્કે-હકીકી-રતિ અને ભક્તિ બન્નેનાં ઉદાહરણ એમની કૃતિઓમાં મળે છે. એમણે યોજેલા ઉપમા, દૃષ્ટાન્ત, અર્થાન્તરન્યાસ, વિરોધભાસ, અપહનુતિ જેવા અલંકારો સ્વાભાવિક છતાં ચમત્કૃતિપૂર્ણ લાગે છે. શયદાની શૈલીનો પ્રવાહ વિના-અવરોધે વહ્યો જાય છે. એમણે પોતે પોતાની ગઝલ માટે કહ્યું છે તે યથાર્થ છે:

*વિચારી વાંચનારા વાંચશે ને સાફ કહેશે કે*
*ગઝલ શયદાની સાદી સાવ છે, પણ છે મનન માટે*

શયદાની ગઝલપ્રીતિ અને ગુજરાતી ભાષા પ્રત્યેની એકનિષ્ઠ ભક્તિ હતી એટલે ૧૯૨૪માં 'બે ઘડી મોજ' નામનું સામયિક શરૂ કર્યું. મુંબઈમાં મેનહટન જેવા ફોર્ટ વિસ્તારમાં બે ગાળાનું એક માળનું મકાન એ 'બે ઘડી મોજ'નું કાર્યાલય જ્યોતીન્દ્ર દવેના હાસ્ય લેખો, ઝવેરચંદ મેઘાણીની કૃતિઓ અને સમકાલીન શાયરોની ગઝલો ઉપરાંત શયદાની નવલકથા નિયમિત પ્રગટ થાય. યુવાન સૈફુદીન એટલે સૈફ પાલનપુરીને ગઝલ લખતા કર્યા અને 'બે ઘડી મોજ'માં તેઓ ઉર્દૂ શાયરી પર બઝમે શાયરી કોલમ પણ લખતા. આપણા લોકપ્રિય શાયર બરકત વીરાણી 'બે ફામ' એમના જમાઈ હતા. 'બે ફામ' કહે છે કે હું થોડીક ગઝલો લઈને 'બે ઘડી મોજ'માં શયદા સાહેબ પાસે ગયો, એમણે ગઝલો તો ના સ્વીકારી પણ જમાઈ તરીકે પસંદ કરી લીધો.

એ વખતના સમકાલીન ગઝલકારો ઉર્દૂ-ફારસી શબ્દોની ભરમારમાં રાચતા હતા ત્યારે શયદાએ ગઝલનું ગુજરાતીકરણ કર્યું. સામાન્ય માણસને સમજાય એવી સરળ ભાષામાં ગઝલો કહેવાનું શરૂ કર્યું. 'શબ્દમાં ગહેકી રહ્યા છે મોરલા, ભાવના મારી ઢળકતી ઢેલ છે.' એમાં વાણી, રૂપક, પ્રતીક બધુંય ગુજરાતી છે, અને 'અમારું જ મસ્તક અમોને નમે છે,' એમાં તો જાણે કે ગઝલ અને ભુજંગી છંદની ચાલ કદમ મિલાવીને ચાલે છે.



ગઝલકાર શયદા

મુંબઈ સમાચારના તંત્રી મીનુભાઈ દેસાઈએ નોંધ્યું હતું કે 'વીસમી સદીના પ્રથમ ચરણ દરમિયાન શયદાએ આ ગઝલ અને અનુસંગિક નઝમ ઇત્યાદિ કાવ્ય સ્વરૂપોની ગંભીરતા અને સહૃદયતાપૂર્વક ઉપાસના કરી તેમને વિશિષ્ટ સ્થાન અપાવ્યું છે. કાવ્ય તત્ત્વના છાંટણાઓ અને અર્થઘનતાવાળી, શયદાની ગઝલ સૌના હૈયામાં વસી જાય તેમાં કશું નવાઈ જેવું નથી.'

મુશાયરાઓ દ્વારા ગઝલને લોકપ્રિય બનાવવામાં શયદાનો ફાળો બહુ મોટો છે. મુશાયરાનો ઇતિહાસ રચનાર મહાગુજરાત ગઝલ મંડળના દર ત્રણ મહિને એક પંક્તિ પર મુશાયરાઓ થવા માંડ્યા. શયદા નિયમિત દર ત્રણ મહિને સુરત આવતા. આવા જ એક મુશાયરામાં એમણે સૈફ પાલનપુરીને ગઝલ રજૂ કરતા કર્યા હતા. પછી તો મંડળના મુશાયરા આખા ગુજરાતમાં યોજાવા લાગ્યા તેમાં શયદા અચૂક હાજર હોય. એમનો દરજ્જો ઊંચો તોય શાયરોના ઉતારે જ રહે. બધાની ગઝલો સાંભળે. કોઈક વાર સુંદરમ્, ઉમાશંકર કે જ્યોતીન્દ્ર દવે પ્રમુખપદે હોય.

રાંદેરના મુસ્લિમ ગુજરાતી સાહિત્ય મંડળે વિદ્વાન પ્રમુખોનાં પ્રવચનો સહિત એક પંક્તિ પર રચાયેલી ગઝલોના 'કાવ્યકુંજ'નામે સંગ્રહો પ્રગટ કર્યા હતા. આમ ૧૯૨૨થી ૧૯૨૪ સુધીમાં શયદા મુશાયરાઓમાં છવાઈ જાય છે. રાંદેરમાં પંક્તિ પરના મુશાયરામાં આવા શેરો પણ મળે છે જે સદાબહાર રહ્યા છે:

*બનાવ રાતે બન્યો છતાંય મેં કીધું*
*કોઈ ગયું ધોળા દીએ હૃદય ચોરી*

૧૯૪૨થી ગઝલમાં શયદાનાં સ્થાન અને માન ગઝલ સમ્રાટના મોભાને શોભે એમ સ્થાપિત થાય છે. પછી આવા સરસ શેરો આવે છે.

*રૂપ એનું નામ છે બીજું ચમકતી વીજળી*
*એ ચમકતી વીજળી શું હાથમાં આવી શકે?*

બોલચાલની ભાષાના મહાવરાઓનો સમુચિત ઉપયોગ શયદા માટે રૂઢિપ્રયોગોનો ગઝલમાં સહજ પ્રવેશ આસાન વાત હતી. જેમ કે:

તમારી મહેફિલની એ જ રંગત, તમારી મહેફિલની એ જ હલચલ હજાર બેસે, હજાર ઊઠે, હજાર જાયે, હજાર આવે

***

હૃદયમાં કોની એ ઝંખના છે, નયન પ્રતીક્ષા કરે છે કોની?

ઊભો છે શયદા ઉંબરમાં આવી,
ન જાય ઘરમાં, ન બહાર આવે.

શયદાએ 'ભારત ભારતી' પુસ્તક લખ્યું અને માતૃભૂમિની વેદના-સંવેદના વ્યક્ત કરી. ગાંધીજી એ વખતે વર્ધા આશ્રમમાં હતા. શયદા સાહેબ ગાંધીજી પાસે પહોંચી ગયા. કેટલાક અંશો સંભળાવ્યા. એ દિવસ ગાંધીજીનો મૌનવાર હતો એટલે એ 'શ્રવણવાર' બની ગયો. શયદાના એ વખતના શેરની તાસીર જુદી જ લાગે. એમણે ગાંધીજીને આવા શેરો સંભળાવ્યા, જેમ કે:

*અમારા કોણ કહે છે કે ખજાના આજ ખાલી છે*
*ખજાનામાં રુદન છે, ભૂખમરો છે, પાયમાલી છે.*

***

*ફળ ફૂલથી ભરપૂર ભારત-વર્ષ નંદનવન હતો*
*ખોટું નથી લવલેશ કે આ દેશ પણ કંચન હતો*
*ઉજ્જડ થતો દેખાય છે દેશ નંદનવન થશે*
*કંચન હતો આ દેશ ને પાછો ફરી કંચન થશે.*

ગાંધીજીએ એક કાગળ પર લખ્યું કે 'બહુ મીઠું લાગ્યું' આ વાત ૧૯૪૪ની છે. મુશાયરાઓમાં નવા નવા શાયરોને લઈ જવા એવો શયદાનો શિરસ્તો. ૧૯૨૪થી ૧૯૬૨ સુધીમાં જીવનમાં અનેક ચઢાવ-ઉતાર વચ્ચે ગઝલની સાધના-આરાધના સતત ચાલુ રહી. ૩૦-૬-૧૯૬૨માં વિદાય થયા ત્યાં સુધીમાં બધાની ગઝલો છાપી અને છપાવી, પણ પોતાનો સંગ્રહ પ્રગટ કર્યો નહીં. છેલ્લા દિવસોમાં ૨૪ ગઝલોની પુસ્તિકા 'ગુલઝારે શાયરી' પુસ્તિકા શ્રેણીમાં ૧૯૬૧માં પ્રગટ થઈ હતી, જેમાં જ્યોતીન્દ્ર દવેએ પ્રસ્તાવના લખી હતી. ૧૯૯૯માં એમના પુત્રો હબીબ શયદા અને અફઝલ શયદા આગળ આવે છે. કવિ શોભિત દેસાઈના સંપૂર્ણ સહકારથી ૨૪૦ પાનાંનો ગ્રંથ 'અશ્રુ ચાલ્યા જાય છે' પ્રગટ થયો છે.

જ્યારે ગુજરાતની પ્રજાએ ગઝલ સમ્રાટનું બિરુદ આપ્યું ત્યારે શયદાએ કહેલા શેરોમાં એમની વિનમ્રતા દેખાય છે:

*ગઝલ સમ્રાટ નહીં 'શયદા'*
*ગઝલનો ભેખધારી છે.*

***

*પછી સમ્રાટનો સમ્રાટ થાજે*
*પ્રથમ 'શયદા' સહુનો દાસ થઈ જા*

ગઝલને સ્થાપિત કરી, ગઝલની પ્રતિષ્ઠા વધારી અને પછી કહ્યું કે:

*હવે આવતો 'શયદા' ઇતિહાસ કહેશે*
*ગઝલમાં તમે બાદશાહત કરી છે*

***

*જીવનમાં જોઉં છું જાતે, અને મરવા પછી મારા*
*જગત કહેશે કે 'શયદા'નો ગઝલ ગુલઝાર બાકી છે*

શયદાની ગઝલમાં લાલિત્ય અને લાવણ્ય હતું. આકર્ષણ અને આભિજાત્ય હતું. એમની ગઝલો રળિયામણી અને સોહામણી હતી. રૂપની મસ્તી અને પ્રેમનો મિજાજ હતો. ખેલદિલી અને ખુદ્દારી હતી. ખુમારી હતી તો ખુવારી પણ હતી. એમના જમાનામાં એમનો એક દમામ હતો, દબદબો હતો. મરીઝે કહ્યું હતું કે ઉર્દૂ ગઝલમાં જે સ્થાન મીર તકી મીરનું છે, એવું જ ગુજરાતી ગઝલમાં શયદા સાહેબનું છે.

શયદા ઉત્તમ ગઝલકાર ઉપરાંત નવલકથાકાર હતા. 'અમીના', 'મા તે મા', લાખેણી લાજ જેવી લોકપ્રિય નવલકથાઓ એ વખતે મુંબઈ સમાચારમાં નિયમિત પ્રગટ થતી રહેતી.'

શયદાના ગઝલ ગુલઝારમાંથી થોડાંક ગુલોની મહેક માણીએ:

*તું કહે છેઃ અશ્રુ ચાલ્યાં જાય છે*
*હું કહું છુંઃ જિંદગી ધોવાય છે*

***

*હૃદયમંથન કરી મેં વાત કાઢી છે મનન માટે*
*મળી છે દૃષ્ટિ જોવા કાજ, ને આંખો રુદન માટે*

***

*જનારી રાત્રી જતાં કહે જેઃ સલૂણી એવી સવાર આવે*
*કળી કળીમાં સુવાસ મહેકે, ફૂલો ફૂલોમાં બહાર આવે*
*હૃદયમાં એવી રમે છે આશા, ફરીથી એવી બહાર આવે*
*તમારી આંખે શરાબ છલકે, અમારી આંખે ખુમાર આવે*

***

*તમારા પગ મહીં જ્યારે પડ્યો છું*
*હું સમજ્યો એમ આકાશે ચડ્યો છું*

***

*સાત સાગર બંધ પાંપણમાં હતા*
*બંધ કંઈ કાચો હતો; તૂટી ગયોઃ*

***

*કંઈ ભાવોમાં, કંઈ દૃષ્ટિમાં, કંઈ હસવામાં, કંઈ રડવામાં*
*કંઈ આ રીતે, કંઈ એ રીતે જે કહેવું છે કહેવાઈ જશે.*

***

*કદી ચિંતા કરી લઉં છું કદી ચિંતન કરી લઉં છું*
*જીવનમાં એમ જીવનનું હું સંશોધન કરી લઉં છું*

***

*જિંદગીનો સાર જો પાણી મહીં*
*એક પરપોટો થયો, ફૂટી ગયો.*

***

*યુગેયુગથી સકળ વિશ્વ એનું એ જ નીરખું છું*
*હવે કોઈ નવી દૃષ્ટિ મને આપો નયન માટે* ■

*** *** ***


મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@
bombaysamachar.com

# ક્રાંતિની દિલધડક દાસ્તાં કલમની શાહી વિરુદ્ધ તાનાશાહી

**ટાઇટલ્સઃ**
**સમય સૌનો હિસાબ રાખે છે. (છેલવાણી)**

વિખ્યાત સ્પેનિશ લેખક ગેબ્રિયલ ગાર્સિયા માર્ક્વેઝ જીવનનાં અંતિમ પડાવમાં હતા ત્યારે એક પરિણીત સ્ત્રીની સેક્સલાઇફ વિશે બોલ્ડ નવલકથા લખવામાં ગૂંચવાયેલા. નવલકથામાં 'આના' નામની સ્ત્રી દર વર્ષે કેરેબિયન ટાપુ પર માતાની કબરની મુલાકાતે આવે છે ત્યારે થોડો સમય પતિ ને પરિવારથી આઝાદ થઇને દર વખતે એક નવો પ્રેમી શોધે છે!



લડવૈયા ડેનિશ દિદેરો

વૃદ્ધ માર્ક્વેઝ ત્યારે ડિમેન્શિયા કે મનોરોગથી પીડાતા એટલે યાદશક્તિ કથળવા માંડેલી. માર્ક્વેઝે એ નવલકથાની ૪-૫ આવૃત્તિ લખી, વર્ષો સુધી લખાણમાં અખતરા ને કાપકૂપ કરતા રહ્યા પછી આખરે હારીને દીકરા ગોન્ઝાલોને કહ્યુંઃ 'આ નવલકથાને ક્યારેય છપાવશો નહીં.'

જોકે, માર્ક્વેઝના મૃત્યુ બાદ એના દીકરાએ ૧૦ વરસે એ 'અંટિલ ઓગસ્ટ' નવલકથા છપાવી. ભલે એ માર્ક્વેઝની 'લવ ઈન ધ ટાઇમ ઓફ કોલેરા' જેવી એ મહાન કથા નથી તોયે ખાસ છે, કારણ કે એમાં મહાન માર્કવેઝનો અંતિમ અવાજ છે. બહુ નસીબદાર છે એ લેખકો, જેમના ગયા પછી સંતાનો કે મિત્રો અપ્રગટ લખાણો છપાવીને, બુઝાયેલી કલમની શમ્મા જલતી રાખે છે.

પણ ક્રાંતિ ને મુક્ત વિચારોના ફ્રેંચ લડવૈયા ડેનિશ દિદેરો(૧૭૧૩ - ૧૭૮૪) સાથે આવું ના થયું. ફ્રાન્સના કંગાળ ગામડાનાં દિદેરો માટે લેખન કે જીવનનો મુદ્રાલેખ એટલે 'માનવજાતનું ઓછામાં ઓછું નુકસાન ને વધુમાં વધુ કલ્યાણ કરવું' આવા 'લિબરલ થિંકિંગ' કે 'મુક્ત વિચારો' એ જાંબાઝ લેખક દિદેરોનો સંકલ્પ, બલ્કિ સિદ્ધાંત હતો અને એના આ જ તેજાબી વિચારો સામે તાનાશાહ રાજવી જાની દુશ્મન હતો.

**ઇન્ટરવલઃ**
**અવાજને ખોદી શકાતો નથી!**
**ને ઊંચકી શકાતું નથી મૌન. (લાભશંકર ઠાકર)**

એક સાંજે દિદેરાના આંગણે પોલીસે વોરંટ દેખાડીને ઘરમાં 'રાજદ્રોહી સાહિત્ય'ની શોધ કરવા માંડી. દિદેરો, આ જોઇને ના તો હેબતાયો કે ના તો આશ્ચર્ય પામ્યો. 'ડિનર વખતે મારી રાહ જોતા નહીં', એટલું ઘરનાંઓને કહી એ પોલીસની ઘોડાગાડીમાં ચૂપચાપ બેસી ગયો.

'મારો અપરાધ?'

'તેં શહેનશાહની રખાત માટે રમૂજ કરી એ તારો અપરાધ. તું સરકાર ને ધર્મ વિરૂદ્ધ નવા અને ખતરનાક વિચારો ધરાવતો દેશદ્રોહી ક્રાંતિકારી છે!' પોલીસવાળાએ કહ્યું.

દિદેરોને ખબર હતી કે સ્વતંત્ર વિચારો વ્યક્ત કરવા, તે સમયના બંધિયાર ફ્રાન્સમાં ગુનો ગણાતો. અનેક તેજાબી લેખકો આવા જ અપરાધને કારણે જેલમાં સબડીને ખતમ થઇ ગયેલા.

પછી ફ્રાંસનાં બે જાણીતા પ્રકાશકોએ શહેનશાહને અરજ કરી : 'દિદેરો સાથે અમે 'એન્સાઇક્લોપીડિયા' (જ્ઞાનકોશ) લખવાના કરાર કર્યા છે ને જો એ કામ બંધ રહેશે તો અમને નુકસાની થશે.' જુલ્મી શહેનશાહનો એક પ્રધાન અંદરખાને નવા ક્રાંતિકારી વિચારનો ચાહક હતો. એણે શહેનશાહને સમજાવ્યું : 'દિદેરો તો મામૂલી કંગાળ લેખક છે. ખાલી વાતોના વડા કરે છે. એનાથી રાજ્યને કંઇ નુકસાન થાય એવી તાકાત એનાં લખાણમાં નથી. મગતરાને માફ કરીને છોડી મૂકો.'

જેલમાંથી બહાર આવતાં જ દિદેરો જ્ઞાનકોશ લખવા માંડ્યો પણ એમાં એણે શાસન તેમ જ ધર્મસંસ્થા વિરુદ્ધ છૂપા સંદેશા મૂક્યા. પ્રકાશકો સમજી ગયા કે દિદેરોનું લખાણ એમને એમ પ્રગટ કરશું તો આવી બનશે. ચાલાક પ્રકાશકોએ ક્રાંતિકારી લખાણો છેકી નાખીને પુસ્તક છપાવ્યું, જેની ખબર દિદેરોને છેલ્લો ભાગ છપાઇ ગયા પછી પડી. અને ત્યારે એણે માથા પટક્યાં, રાતે પાણીએ રડ્યો!

પ્રકાશકો દ્વારા એડિટ થઇ છપાયેલા ગ્રંથોમાં પોલીસે પણ થોડીઘણી કાપકૂપ કરાયેલા દિદેરોનાં બીજાં પુસ્તકો બહાર આવ્યા. ત્યાર બાદ દિદેરો હતાશામાં વીસેક વર્ષ જીવ્યો અને એના મૃત્યુ બાદ બરોબર વીસ વર્ષે ફ્રાંસનાં લોકો ક્રાંતિ પોકારી ને બાસ્તીલ જેલના ભાંગીને ભુક્કા કર્યા, જાલિમ તાનાશાહ રાજવંશને ખતમ કર્યો. ઇતિહાસકારો કહે છે કે ફ્રાંસની લોહિયાળ ક્રાંતિ અને પરિવર્તન પાછળનું સાચું બળ દિદેરોના ધગધગતા વિચારોના દાવાનળનું બળ હતું. '૪૦ જ વર્ષ પછી એ કંગાળ લેખકના શબ્દો ફ્રાંસના સમગ્ર રાજતંત્રના અને ધર્મસંસ્થાના પાયા જડમૂળથી ખોદી નાખશે' એવી જરાક પણ કલ્પના ત્યારના તાનાશાહને આવી હોત તો એમણે દિદેરોને છોડી મૂકવાને બદલે જેલમાં જ ખતમ કરી નાખ્યો હોત તો સવાલ થાય છે કે આટલો મોટો ક્રાંતિકારી દિદેરો જગતની તવારીખમાં જોઈએ એટલો જાણીતો કેમ ન થયો? એની સામે ફ્રેંચ વિચારક જ્હોન્સન જગપ્રસિદ્ધ બન્યા કેમકે એમને એમનો ચરિત્રલેખક બોઝવેલ મળ્યો, જે એક ચરિત્રલેખક તરીકે ખૂબ સરસ હતો. જે ગુણ બોઝવેલમાં હતો તે દિદેરોના ચાલુ ચરિત્રલેખકમાં ન હતો.

આવા સમર્થ પણ ગુમનામ ક્રાંતિકારી દિદેરો વિશે આપણા મહાન સાહિત્યકાર મેઘાણીજી લખે છેઃ 'મહાપુરુષોને અમર કરવા એમના ચરિત્રલેખકો પણ મહાન મળવા જોઇએ.'

આજે ૨૦૨૪માં પણ આપણે ત્યાં દરબારી લેખકો દ્વારા મહાપુરૂષો વિશે લખાતી કિતાબોમાં સચ્ચાઇ ઓછી અને ઇતિહાસને તોડીમરોડીને સરકારી પ્રચારની ભેળપૂરી વધારે હોય છે.

ઇતિહાસે માત્ર દિદેરો સાથે જ નહીં, પણ ચે ગુવેરા, ફિડેલ કાસ્ટ્રો કે લેનિન જેવી હસ્તીઓ સાથે પણ વિચિત્ર વર્તન કર્યું છે. ગાંધીજી નસીબદાર હતા કે એમના જમાનામાં વામણા લેખકો કે સરકારના ચાપલૂસ ઇતિહાસકારો નહોતા, જે ગાંધીને બાળપણથી જ મહાન કે પરાક્રમી બતાવીને સુપરમેનમાં ખપાવી દે! ફ્રાંસમાં જો દિદેરો પર લખવાની પાબંદી ના હોત તો એણે પોતે જ અદ્‌ભુત આત્મકથા લખીને પોતાનું અમર પાત્ર સર્જી નાખ્યું હોત! અનેક ગુમનામ ક્રાંતિકારીઓએ મૂંગાં બલિદાનો આપીને આજનો સભ્ય સમાજ અને મોડર્ન આઝાદ દુનિયા રચી છે જો કે એવા લોકોના અવાજને દબાવવાવાળા શાસકો આજે ય આપણી આસપાસ છે, કાયમ હતા ને આવ્યા જ કરશે.. પણ યાદ રહે લોકોને દબાવી શકાય છે પણ પ્રજાનાં અવાજને સત્તાની મુટ્ઠીમાં કાયમ માટે કેદ કરી શકાતો નથી.

**એન્ડ-ટાઇટલ્સઃ**
**આદમઃ મારા હોઠ આઝાદ છે, બોલવા માટે**
**ઈવઃ ફરી બોલ!** ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@
bombaysamachar.com

# પોતાના કૌશલ્યમાં શ્રદ્ધા હોય તો લોકોની ટિપ્પણીની પરવા ન કરો

થોડા દિવસ અગાઉ એક મિત્રએ મને કહ્યું:

'તમે પત્રકારત્વ છોડીને ફિલ્મ ઇન્ડસ્ટ્રી તરફ વળ્યા એ ખોટું કર્યું.'

એમની વાત સાંભળીને મને હસવું આવ્યું. મેં એમને એક જમાનાના વિખ્યાત ફિલ્મસર્જક કેદાર શર્માના જીવનનો એક કિસ્સો કહ્યો.




કેદાર શર્મા ફિલ્મસર્જક બન્યા એ પહેલાં મોટા ગજાના ફિલ્મસર્જક દેવકી કુમાર બોઝ સાથે લેખક-ગીતકાર તરીકે કામ કરતા હતા. કેદાર શર્માને લેખક અને ગીતકાર તરીકે જ તક મળી રહી હતી, પણ એમની મહત્ત્વાકાંક્ષા ફિલ્મ - દિગ્દર્શક બનવાની હતી. એ દિવસો દરમિયાન કેદાર શર્માનો દેવકી બોઝ સાથે ઝઘડો થઈ ગયો અને એમણે દેવકી બોઝની કંપનીમાંથી રાજીનામું આપી દીધું.

દેવકી બોઝ સાથે ઝઘડો થયો એ પછી કેદાર શર્મા બેકાર હતા. બીજું કામ શોધવાના પ્રયાસો કરી રહ્યા હતા. બહુ કોશિશ પછી એમને 'ફિલ્મ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા' ની ફિલ્મ બનાવવાની તક મળી. એ સમયમાં 'ફિલ્મ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા'એ વિખ્યાત લેખક ભગવતીચરણ વર્માની નવલકથા 'ચિત્રલેખા' પરથી ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું હતું.

જોકે કેદાર શર્મા માટે દિગ્દર્શક બનવાનો રસ્તો સરળ નહોતો. ભગવતીચરણ વર્માની 'ચિત્રલેખા' નવલકથામાં જે વિષય હતો એ જ વિષય પર બીજી બે ફિલ્મ બની રહી હતી અને એ બે ફિલ્મ પૈકી એક ફિલ્મ 'નર્તકી' તો ખુદ દેવકી બોઝ બનાવી રહ્યા હતા. કેદાર શર્માએ 'ચિત્રલેખા' ફિલ્મ સ્વીકારી ત્યારે ફિલ્મજગતમાં બધાને લાગ્યું કે શર્મા બહુ મોટી ભૂલ કરી રહ્યા છે. ફિલ્મ ઉદ્યોગના લોકોની નજરે જે વિષય પર દેવકી બોઝ જેવા ધુરંધર ફિલ્મસર્જક ફિલ્મ બનાવી રહ્યા હોય એ જ વિષય પર ફિલ્મ બનાવવી એ નરી મૂર્ખાઈ જ હતી.

બીજી બાજુ દેવકી બોઝ પણ કોઈ કારણથી કેદાર શર્માને ફિલ્મ બનાવતાં રોકવા ઇચ્છતા હતા. એમણે પોતાનાથી નારાજ કેદાર શર્માને મળવા બોલાવ્યા. કેદાર શર્મા મળવા ગયા ત્યારે દેવકી બોઝે સમજાવ્યા કે 'તમે આ ફિલ્મ છોડી દો અને મારી ફિલ્મ 'નર્તકી' લખવાનું કામ હાથ પર લઈ લો. તમે બહુ સારા લેખક અને ગીતકાર છો.. આ દિગ્દર્શનનો ધખારો પડતો મૂકી દો અને મારી ફિલ્મના લેખક તરીકે આવી જાવ, પરંતુ, કેદાર શર્મા પોતાના નિર્ણય પર મક્કમ હતા. એમણે દેવકી બોઝની ઑફર નકારી કાઢી અને 'ચિત્રલેખા'ના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

દેવકી બોઝ પાસે 'ન્યૂ થિયેટર્સ'ની તોતિંગ બ્રાન્ડ તેમ જ એ વખતનાં આધુનિક ઉપકરણો તથા ફિલ્મજગતનાં મોટાં નામોનું પીઠબળ હતું. દેવકી બોઝ સાથે એ વખતના ખ્યાતનામ સંગીતકાર પંકજ મલિક હતા તથા અશોક કુમાર સહિતના નામાંકિત ફિલ્મ કલાકારો તેમની ફિલ્મમાં અભિનય કરવા આતુર રહેતા હતા. એમને માટે 'નર્તકી' વધુ એક ફિલ્મ હતી, પણ કેદાર શર્મા માટે 'ચિત્રલેખા' ફિલ્મ બહુ મોટા પડકાર સમાન હતી. એમને ફિલ્મ દિગ્દર્શનની પહેલી તક મળી હતી અને ફિલ્મસર્જક તરીકે એમના અસ્તિત્વનો દારોમદાર એ ફિલ્મ પર હતો.



કેદાર શર્મા

કેદાર શર્માએ બહુ દોડધામ પછી 'ચિત્રલેખા' ફિલ્મની મુખ્ય ભૂમિકામાં મહેતાબને કરારબદ્ધ કરી. મહેતાબની હીરોઈન તરીકે ખાસ નામના નહોતી. મહેતાબે કોઈ મોટા બેનરની ફિલ્મમાં ક્યારેય અભિનય કર્યો નહોતો. કેદાર શર્માએ મહેતાબને સમજાવી કે આ ફિલ્મ તારી અને મારી જિંદગીમાં મોટો વળાંક લાવી શકે એમ છે એટલે તારી પૂરી અભિનયક્ષમતા આ ફિલ્મમાં લગાવી દેજે (મહેતાબે 'ચિત્રલેખા' ફિલ્મમાં નિર્વસ્ત્ર બનીને સ્નાનનું એક દૃશ્ય પણ આપ્યું હતું. એ જમાનામાં એ બહુ મોટી વાત હતી).

શર્માએ પોતાનું અસ્તિત્વ રેડીને 'ચિત્રલેખા' ફિલ્મ બનાવી તો નાખી, પણ પછી એમના માટે નવો સંઘર્ષ શરૂ થયો. એમણે કલકત્તામાં 'ન્યૂ સિનેમા' થિયેટરમાં એ ફિલ્મ રિલીઝ કરી. શર્મા દિગ્દર્શક તરીકે નવા હતા અને મહેતાબ પણ બી ગ્રેડની ફિલ્મોની અભિનેત્રી ગણાતી એટલે કોઈ મોટા બેનરની ફિલ્મ રિલીઝ થાય ત્યારે પ્રેક્ષકોમાં જે ઉત્સાહ હોય એવો ઉત્સાહ સ્વાભાવિક રીતે ન હતો. એમ છતાં ઘણા પ્રેક્ષકો એક વાર ફિલ્મ જોઈ નાખવા માટે 'ન્યૂ સિનેમા'માં જતા તો ફિલ્મના બુકિંગ માટે બેઠેલા કર્મચારીઓ એમને એવું કહીને પાછા રવાના કરી દેતા હતા કે 'આ ફિલ્મ બહુ બકવાસ છે અને ફિલ્મ જોશો તો તમે પૈસા વેડફવા માટે પસ્તાશો!'

ખુદ 'ન્યૂ સિનેમા'ના કર્મચારીઓ પ્રેક્ષકોને પાછા ધકેલી દેતા હતા એટલે 'ચિત્રલેખા' ફિલ્મનો ધબડકો થઈ ગયો. એક અઠવાડિયામાં તો એ ફિલ્મ ન્યૂ સિનેમામાંથી ઊતરી ગઈ (બાય ધ વે, 'ન્યૂ સિનેમા' થિયેટર એ વખતની પ્રખ્યાત નિર્માણ કંપની ન્યૂ થિયેટર્સની માલિકીનું હતું અને ન્યૂ થિયેટર્સ માટે દેવકી બોઝ 'નર્તકી' ફિલ્મ બનાવી રહ્યા હતા)!

'ચિત્રલેખા' ફિલ્મનો ધબડકો થઈ ગયો એટલે 'ચિત્રલેખા' નવલકથાના લેખક ભગવતી ચરણ વર્માએ 'ચિત્રલેખા' ફિલ્મ સામે આક્રોશ ઠાલવવાનું શરૂ કરી દીધું. એમણે એક લેખમાં કેદાર શર્મા પર આરોપ મૂક્યો કે એમણે મારી મહાન નવલકથાનો કચરો કરી નાખ્યો. ફિલ્મ સાથે સંકળાયેલા બીજા લોકો અને પત્રકારો પણ કેદાર શર્મા પર માછલાં ધોવાં માંડ્યાં હતાં, પણ કેદાર શર્માને 'ચિત્રલેખા'ના નિર્માણ માટે સહેજ પણ અફસોસ નહોતો.

'ચિત્રલેખા' ફિલ્મનો કલકત્તામાં બહુ ખરાબ રીતે ધબડકો થઈ ગયો, પણ એ ફિલ્મ દેશનાં બીજાં શહેરોમાં રિલીઝ થઈ અને અણધાર્યું પરિણામ આવ્યું. પ્રેક્ષકો ઉમળકાભેર એ ફિલ્મ ફરી વાર જોવા જવા લાગ્યા અને જેમણે ફિલ્મ જોઈ હોય એવા પ્રેક્ષકો પોતાના મિત્રો - પરિચિતોને એ ફિલ્મ જોવા માટે આગ્રહ કરવા લાગ્યા. એ સમયમાં વર્તમાન સમયની જેમ પબ્લિસિટીનાં ગંજાવર સાધનો હતાં નહીં એટલે માઉથ પબ્લિસિટી એટલે કે મોઢામોઢ પ્રચારને કારણે ફિલ્મો ઊંચકાઈ જતી કે પછી પિટાઈ જતી.

જે કેદાર શર્માની 'ચિત્રલેખા' ફિલ્મ માટે માછલાં ધોવાયાં હતાં અને કેદાર શર્માને નકામા ફિલ્મસર્જક ગણી દેવાયા હતા એ ફિલ્મ દેશનાં બીજાં શહેરોમાં સુપર હિટ સાબિત થઈ ગઈ.

'ચિત્રલેખા'ની આ સફળતાને પગલે અખબારોએ તેનાં ગુણગાન ગાવાનું શરૂ કરી દીધું અને ઘણાં અખબારોએ તો એ ફિલ્મને મહાન ફિલ્મ જાહેર કરી દીધી! જે ફિલ્મને કારણે ફિલ્મજગતના લોકો કેદાર શર્માને મૂર્ખ ગણી રહ્યા હતા એ જ ફિલ્મને કારણે એમની ઓળખ પ્રતિભાશાળી ફિલ્મસર્જક તરીકે અપાવા લાગી.

-અને એ પછી તો શર્માએ એકએકથી ચડિયાતી ફિલ્મો બનાવી અને તેઓ ભારતીય ફિલ્મ ઉદ્યોગના ઇતિહાસમાં પોતાનું નામ અમર કરી ગયા!

માણસને પોતાના કૌશલ્યમાં શ્રદ્ધા હોય તો એણે લોકોની ટિપ્પણીની પરવા ન કરવી જોઈએ. મોટા ભાગના લોકોનું કામ સલાહો આપવાનું અને કશુંક જુદું કરવા જતાં માણસોને ઉતારી પાડવાનું જ હોય છે. એમની વાતો પર ધ્યાન ન આપવું જોઈએ.■

# ગુજરાતી નાટકમાં બંગાળી બાબુની કમાલ

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

**કાંતિ મડિયાનાં** નાટકોના વિશિષ્ટ શીર્ષકો વિશે બે હપ્તા પહેલા મેં વાત કરી હતી. શીર્ષકથી જ શરૂ થયેલી પ્રયોગશીલતાનો વિસ્તાર નાટકના વિષયની પસંદગીમાં, એની ભજવણીમાં તેમજ એના દિગ્દર્શન – અભિનય સુધી જોવા મળતો હતો. નાટકના સીન પ્રભાવી લાગે એ માટે સેટિંગ્સમાં અનેક અખતરા મડિયાનાં નાટકોમાં જોવા મળ્યા છે. ‘કોરી આંખો ને ભીના હૈયા’માં પણ પ્રેક્ષકોને એક અલાયદો અનુભવ થયો. આ નાટકમાં સ્ટેજ પર બોગદામાંથી એક ટ્રેન જાય ને બીજી આવે એવું દ્રશ્ય ઊભું કરવામાં આવ્યું હતું. આ દ્રશ્યની રજૂઆતમાં કોઈ કચાસ ન રહી જાય અને પ્રેક્ષકો એનો રોમાંચ અનુભવી શકે એ માટે ખાસ કલકત્તાથી તપસ સેનને બોલાવવામાં આવ્યા હતા.

તપસ સેન... વીસમી સદીનું ભારતીય નાટ્ય સૃષ્ટિનું વિરાટ વ્યક્તિત્વ. ૧૯૪૦ના દાયકામાં તેઓ કલકત્તામાં બંગાળી રંગભૂમિની ચળવળ સાથે સંકળાયા હતા. એ સમયકાળમાં ઉત્પલ દત્ત, શંભુ મિત્ર જેવા દિગ્ગજ દિગ્દર્શકો સાથે સ્ટેજ લાઈટિંગ ડિરેક્ટર તરીકે કામ કર્યું હતું. ઈન્ડિયન પીપલ થિયેટર એસોસિએશન (ઈપ્ટા)ના સ્થાપક સભ્યોમાંના એક તપસ બાબુ પછી હિન્દી નાટકો સાથે પણ જોડાયા. પછીનાં વર્ષોમાં ઈબ્રાહિમ અલકાઝી, વિજય તેંડુલકર જેવા નાટ્ય માંધાતાઓનાં નાટકોમાં પણ અવનવા પ્રયોગો કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા. ક્રિયેટિવ સ્ટેજ લાઈટિંગમાં તેમની ગણના જીનિયસ તરીકે થતી હતી. ૧૯૫૯માં કોલસાની ખાણમાં કામ કરતા મજૂરોની પીડા – તકલીફો પર પ્રકાશ પાડતા ઉત્પલ દત્તના ‘અંગાર’ નામના બંગાળી નાટકમાં અદભુત પ્રકાશ સંયોજન પછી તેઓ ‘તપસ લાઈટ સેન’ તરીકે ઓળખાવા લાગ્યા હતા. ૧૯૫૯માં ‘સેતુ’ નામના બંગાળી નાટકની હિરોઈન ટ્રેનમાંથી પડતું મુકી આત્મહત્યા કરે છે એવું એક દશ્ય હતું. અનેક દર્શકો આ નાટક ફરી વાર હિરોઈનના આત્મહત્યાના દશ્યમાં કરેલા બેમિસાલ પ્રકાશ સંયોજન જોવા માટે આવતા હતા. એ પ્રકાશ સંયોજનની કમાલ એવી પ્રભાવશાળી હતી કે પોતે પણ એ જ ટ્રેનમાં બેઠા હોવાનો એહસાસ પ્રેક્ષકોને થતો હતો. તેમની સિદ્ધિ અને ખ્યાતિ દેશના સીમાડા ઓળંગી વિદેશમાં પણ ફેલાઈ છે. તમે જો યુરોપનો પ્રવાસ કર્યો હશે તો પેરિસનો આલાગ્રાન્ડ આઈફિલ ટાવર જરૂર જોયો હશે અને રાતના અંધારામાં એ જે રીતે પ્રકાશમાન થાય છે એનો આનંદ જરૂર લીધો હશે. વિશ્વભરના સહેલાણીઓની આંખોમાં આંજણ કરી દેનારી એ લાઈટિંગમાં પણ તપસ સેનનું યોગદાન છે. આ બધી વિગતે વાત કહેવાનું તાત્પર્ય એટલું કે નાટક સર્વાંગપૂર્ણ સુંદર બને એ માટે મડિયા (અને અન્ય દિગ્દર્શકો સુધ્ધાં) કેવી ચીવટ રાખતા હતા એનો ખ્યાલ આવે.

‘કોરી આંખો ને ભીના હૈયા’ એક મરાઠી નાટક પર આધારિત હતું અને જાણવા જેવી વાત એ છે કે ડોમ્બીવલીમાં બનેલી એક સત્ય ઘટના પર આધારિત હતું. વર્ષો પહેલા કલ્યાણ જતી ટ્રેનમાંથી કૂદકો મારી પતિ – પત્નીએ આપઘાત કરવાની કોશિશ કરી હતી પણ એમાં પત્ની બચી ગઈ હતી. આ ઘટના પરથી મરાઠી નાટક ‘માઝં કાય ચૂકલં’ બન્યું અને એના પરથી મડિયાએ ગુજરાતી સંસ્કરણ રજૂ કર્યું હતું. ટ્રેનમાંથી પડતું મૂકવાનો સીન પ્રભાવી લાગે એ માટે મડિયાએ ખાસ તપસ સેનને બોલાવ્યા હતા અને બંગાળી બાબુએ ખૂબ જ ચીવટ રાખી ઝીણામાં ઝીણી વિગતો માટે ચોકસાઈ રાખી જોઈતું હતું એવું રોમાંચક દશ્ય ખડું કરી આપ્યું હતું. બે મહિના રિહર્સલ કર્યા પછી નાટક ઓપન થયું. નાટકને પ્રેક્ષકોએ વધાવી લીધું. એની કથા અને પેલા ટ્રેનમાંથી આપઘાતના સીનની ખૂબ પ્રશંસા થઈ. નાટક ચાલ્યું એનો આનંદ તો હતો જ, સાથે નવી રંગભૂમિ પર મારું પદાર્પણ હિટ નાટકથી થયું એને કારણે આનંદ બેવડાઈ ગયો. નવી રંગભૂમિનાં અન્ય નાટકોમાં કામ મળવાની સંભાવના બળવત્તર થઈ. નાટકમાં કામ કરવાની તો મજા આવી જ, પણ કાંતિભાઈ નાટક તૈયાર કરવામાં કેવી અને કેટલી મહેનત લે છે એ બહુ નજીકથી જોયું અને જાણ્યું.

નવી રંગભૂમિ પર પગ જામી જશે એવી આશા જાગી, પણ અંગત જીવનમાં નવા ઘરમાં લાંબો સમય રહેવા મળશે એ આશા ઠગારી નીવડી. વાત એમ હતી કે ઘરમાં ગેસનો ચૂલો ન હોવાને કારણે મારે સ્ટવની મદદ લઈ રસોઈ કરવી પડતી હતી અને એ માટે કેટલાક લોકોના રેશન કાર્ડ લઈ લાઈનમાં ઊભા રહી કેરોસીન લાવું ત્યારે મારા ઘરે ચા – પાણી ને રસોઈ થઈ શકતા હતા. અલબત્ત ઉદય ભાઈ અને અન્ય રહેવાસીઓ વારાફરતી કાર્ડ આપતા હતા એટલે મારું ગાડું ગબડ્યે જતું હતું. જોકે, વારંવાર કાર્ડ માગવા જવું મને ખટકતું હતું, પણ છૂટકો નહોતો. એક દિવસ મને ખબર પડી કે ‘ટેમ્પરરી રેશન કાર્ડ’ બનાવી શકાય છે. હું તો રાજી થઈ ગઈ કે જો મને એવું કાર્ડ મળી જાય તો કોઈના ઓશિયાળા ન રહેવું પડે. એટલે મેં બીજે દિવસે ઉદય ભાઈના કાને વાત નાખી કે કામચલાઉ રેશનકાર્ડ બનાવી આપવામાં મદદ કરો. ત્યારે ઉદય ભાઈએ હા તો પાડી, પણ ચાર દિવસ પછી એવી ઘટના બની જેની મેં સપનામાં પણ કલ્પના નહોતી કરી.



નાટકઃ ‘કોરી આંખો ને ભીના હૈયા’

બન્યું એવું કે મને યોગી નગરનું ઘર અપાવનારા પ્રાગજી ડોસાના જમાઈનો મને ફોન આવ્યો અને કહ્યું કે ‘બહેન, એક સમસ્યા ઊભી થઈ છે.’ હું તો વિચારમાં પડી ગઈ કે શું વાત હશે? મેં હળવેકથી પૂછ્યું કે ‘શું થયું ભાઈ?’ તો જમાઈએ જણાવ્યું કે ‘બહેન, માઠું નહીં લગાડતા, પણ જેમનો ફ્લેટ છે એમના કોઈ સગા સંબંધી ત્યાં રહેવા આવવાના છે એટલે તમારે ફ્લેટ ખાલી કરવો પડશે.’ ફોનનું રિસીવર મારા હાથમાંથી નીચે પડતા પડતા રહી ગયું. જોકે, ક્ષણભરના આંચકામાંથી હું તરત સ્વસ્થ થઈ ગઈ. જિંદગીમાં આઘાત – આંચકાની મારા માટે હવે કોઈ નવાઈ નહોતી રહી. પછી મને એક વિચાર એવો આવ્યો કે ઉદય ભાઈને ટેમ્પરરી રેશનકાર્ડ બનાવી આપવાની વાત કરી હું ભૂલ તો નહોતી કરી બેઠી? એ માગણીને કારણે તો ઘર છોડવાનો વખત નથી આવ્યો ને એવા વિચારો દિમાગને ઘેરી વળ્યા. જોકે, આટલા દિવસ મને રહેવા ઘર આપ્યું એ એમની મહેરબાની અને હશે, જેવી પ્રભુની ઈચ્છા એમ કહી મનને મનાવી લીધું. પણ હવે કરવાનું શું? બે દીકરી અને એક દીકરાને લઈ રહેવા ક્યાં જવાનું એ મોટો સવાલ હતો. આવી સમસ્યામાં પહેલું નામ મને જ્યોતિ બહેનનું જ યાદ આવતું હતું. જ્યોતિ દ્વિવેદી, વિનયકાંત દ્વિવેદીનાં પત્ની. આગાઉ પણ ઘર મેળવવામાં મને મદદરૂપ થયાં હતાં. આ વખતે પણ કરશે એ આશા જ નહીં ખાતરી સાથે મેં જ્યોતિ બહેનને ફોન કર્યો... ■

## રશિયન ધર્મગુરૂ - વૈષ્ણવ સમાજમાં હાહાકાર...

મૂળ નામ જમનાદાસ મોરારજી સંપટ પણ ‘જામન’ ઉપનામથી વધુ પ્રસિદ્ધિ મેળવી. નાટક જોવાના શોખીન બનેવીને કારણે જમનાદાસને બાળપણમાં જ નાટકો જોવાની તક મળી. રુચિ કેળવાઈ અને ૧૮ વર્ષની ઉંમરે તો નાટ્ય લેખક બની ગયા. આજથી ૧૦૦ વર્ષ પહેલા તેમણે લખેલા ‘સોનેરી જાળ’ નામના નાટકે વૈષ્ણવ સમાજમાં હાહાકાર મચાવી દીધો હતો. નાટકમાં ઢોંગી ધર્મગુરુની વાત હતી, પણ એ ૧૯મી સદીના પોતાને ચમત્કારી અવતાર લેખવનારા રશિયન ઢોંગી ધર્મગુરુ રાસ્પુટિનની પાપલીલા પર આધારિત હતું. જોકે, પ્રેક્ષકોને નાટક બેહદ પસંદ પડ્યું હતું અને એટલે નાટક કંપની એના શો ચાલુ રાખવા ઉત્સુક હતી. બીજી બાજુ નાટક બંધ કરવા દબાણ થયું. અંતે મંદિરના મહારાજશ્રી માટે સ્પેશિયલ શોનું આયોજન કરી તેમનું ગ્રીન સિગ્નલ મેળવવાનો તોડ કાઢવામાં આવ્યો. મહારાજશ્રીએ નાટક જોયું અને નાટકનો પ્રભાવ જોઈ શો ચાલુ રાખવાની મંજૂરી આપી પણ નાટકની ભજવણીમાં કપાળે ‘યુ’ આકારનું તિલક નહીં કરવાની શરત મૂકી હતી. આ નાટકને કારણે ‘જામન’ને નામના મળી અને ક્રાંતિકારી નાટકકારનું લેબલ તેમને લાગી ગયું. આ નાટકની સફળતા બાદ ‘જામન’એ બાળકો પ્રત્યે દુર્લક્ષની અનોખી કથા ધરાવતું નાટક ‘એમાં શું’? લખ્યું. આ નાટકને એવો જબરદસ્ત આવકાર મળ્યો કે આજથી ૧૦૦ વર્ષ પહેલા આ નાટકની ટિકિટ ૧૦૦ રૂપિયામાં વેચાઈ હોવાની વાત વહેતી થઈ હતી. (સંકલિત)

# પચાસની ઉંમરે પણ કરી શકાય છે કરિયરની શરૂઆત

### સિલાઈ મશીને સર્જી મંજુશાની સફળ ગાથા

વિશેષ
પ્રથમેશ મહેતા
feedback@bombaysamachar.com





કહેવાય છે કે નવી શરૂઆત કરવા માટે કોઈ સમય કે ઉંમરનું નડતર નથી હોતું. જીવનમાં આવતા વળાંકો પ્રગતિ અને તકોના દ્વાર ઉઘાડતાં હોય છે. આવું જ કાંઈક થયું મુંબઈમાં રહેતાં મંજુશા જેવિયર સાથે. ૨૦૧૬માં જ્યારે તેમની નોકરી છૂટી ગઈ તો તેમણે ઘરે બેસી રહેવાને બદલે પોતાની સીવણકળાની રુચિને આગળ વધારીને બિઝનેસ શરૂ કર્યો. બે હજાર રૂપિયાથી શરૂ કરેલો આ બિઝનેસ આજે તેમને લાખોની આવક રળી આપે છે. એ વિશે મંજુશાએ કહ્યું કે, ‘૨૦૧૬માં મારી નોકરી છૂટી ગઈ હતી. મારે કામની જરૂર હતી. મારી દીકરીના શિક્ષણ માટે અને ઘર ચલાવવા પૈસાની જરૂર હતી. બાવનની ઉંમરે શું મને કોઈ નોકરી આપશે? જો નોકરી ઘરથી દૂર હશે તો ટ્રાવેલ કરવું શક્ય હશે? શું હું યુવાનોની જેમ જલ્દીથી કોઈ નવી વસ્તુ શીખી અને ગ્રહણ કરી શકીશ?’



મંજુશા જેવિયર અને નજૂકા જેવિયર

આ બધી ગડમથલ તેના દિમાગમાં ચાલી રહી હતી. એ જ વખતે તેની દીકરી નજૂકા જેવિયર જે એક માર્કેટિંગ પ્રોફેશનલ છે તેણે તેને બિઝનેસ શરૂ કરવાની સલાહ આપી હતી. તેની આ આઇડિયા કામ કરી ગઈ અને આજે તે ‘તોહફા’ નામની બ્રૅન્ડ ચલાવે છે. એના માધ્યમથી ઘરમાં ઉપયોગી એવી અનેક ચીજ-વસ્તુઓ તેઓ બનાવે છે.

આવી રીતે તેમના ઘરના એક ખૂણામાં ઉપયોગ કર્યા વગરનું પડી રહેલું સો વર્ષ જૂનું સિલાઈ મશીન કામમાં આવી ગયું. મંજુશા આ મશીન પર વિવિધ વસ્તુઓને નવો આકાર આપે છે અને એ લોકોના ઘરને સુશોભિત કરી દે છે. મંજુશા પોતાની કળાથી ફેબ્રિક દ્વારા ટ્રાવેલ ઑર્ગેનાઇઝર્સ, પર્સીસ, મેકઅપ પાઉચ, લેપટૉપ સ્લીવ્સ, તકિયાના કવર અને ફેબ્રિક ટ્રે બનાવે છે.

મંજુશાનું કહેવું છે કે જો દિલમાં હામ હોય તો કોઈ કામ અશક્ય નથી.

જોકે આ નવી શરૂઆત કરવા માટે પણ તેને થોડી તકલીફ વેઠવી પડી હતી. મંજુશાની દીકરી નજૂકાએ કહ્યું, ‘શરૂઆતમાં અમે એકબીજાને આર્થિક રીતે સપોર્ટ કરતા હતાં. અમે મમ્મીની સેવિંગ્સ અને તેના ટૅલન્ટ પર ટકી રહ્યાં. મને યાદ નથી આવતું હોય કે બાળપણમાં મને દુકાને જઈને કપડાં ખરીદવા પડ્યા હોય. મારી મમ્મી મારા માટે એ સીવતી હતી. પોતાની સાડી અને ડ્રેસના સુંદર કોમ્બિનેશનથી એને બનાવતી હતી.’


પોતાના બિઝનેસને પ્લાસ્ટિક-ફ્રી રાખવાની વાત કરતાં મંજુશાએ કહ્યું, ‘યુવાપેઢી સાથે જોડાઈ રહેવાની મને મજા આવે છે. ઉદાહરણ તરીકે મને ટકાઉ ફેશન અને એની અગત્યતા વિશે જાણ નહોતી. જોકે મારી દીકરીએ મને એની માહિતી આપી. આજે અમારા બિઝનેસમાં અમે પ્લાસ્ટિકનો જરાપણ ઉપયોગ નથી કરતાં. હું હંમેશાંથી કાંઈક પોતાનું કરવા માગતી હતી, પરંતુ નાણાં ન હોવાથી આગળ નહોતી વધી રહી.’

લાઇફમાં સકારાત્મક અભિગમ રાખવાની સલાહ આપતાં મંજુશા વધુમાં કહે છે કે, ‘મારું એવું માનવું છે કે કોઈપણ કામ કરીએ એમાં પડકારો તો આવશે જ. જોકે તમને જે કામ કરવાની ઇચ્છા છે એ કરવામાં આવે તો એ વધુ સરળ બની જાય છે. પરિવર્તનનું સ્વાગત કરો. એ નક્કી તમને સફળતા અપાવશે. મને એ શંકા પણ રહેતી કે જો હું આ બિઝનેસમાં સફળ ન થઈ તો શું થશે? મારી ઉંમર પણ વધી રહી છે. શું મને કોર્પોરેટ જોબ મળશે? હું મારી દીકરીને સતત એમ પૂછ્યા કરતી કે શું મારે આ બિઝનેસ છોડીને નોકરી શોધવી જોઈએ?’

આટલું જ નહીં મંજુશા પોતાની સાથે અન્ય મહિલાઓને પણ પગભર કરી રહી છે. તેના તોહફાના આ બિઝનેસમાં આઠ મહિલાઓ જોડાયેલી છે. એથી આપણી પારંપરિક સિવણકળા ટકી રહે છે અને તેને પ્રોત્સાહન પણ મળે છે. ■

# આયુર્વેદ આવ્યું છે ક્યાંથી?

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com







આપણો દેશ જબરો છે. બધા દેશમાં ધ્રુવીકરણ થતું હોય. બે પક્ષ લડતા હોય. બે વિચારસરણી ધરાવતા લોકો બાખડતા હોય. એમાં પોલિટિક્સ પણ ભળે. ભારત એટલે યુનિક છે કે એમાં ઝઘડાની સાથે રાજકારણ ઉપરાંત ધર્મ પણ ભળે. આયુર્વેદ અને મેડિકલ એલોપેથી વચ્ચે પણ જે ઝઘડો ચાલતો આવે છે અને બાબા રામદેવ અને બીજાં તત્ત્વોને કારણે તે ક્યારેક ક્યારેક ભડકે પણ બળે છે. આવા ઈસ્યૂ-મુદ્દામાં ધાર્મિક તણાવ પણ છે, એજેન્ડા પણ છે, વેપાર પણ છે અને એવું પણ ઘણું બધું છે, જેની આપણને નથી ખબર. મેડિકલ-એલોપેથી અને આયુર્વેદ વચ્ચેનાં વર્ષો જૂના ગજગ્રાહમાં એકબીજા ઉપર દોષારોપણ થાય ને સાચા-ખોટા દાવા પણ થાય. હિંદુઈઝમ અને ખ્રિસ્તી ધર્મને લઈને પણ દલીલો આવે. આપણે એ ઝઘડામાં તો નથી પડવું અને કયો રસ્તો વધુ બેટર છે એ વાત પણ નથી કરવી. એ બધાથી વધુ રસપ્રદ છે આયુર્વેદનો ઇતિહાસ કે આયુર્વેદ આવે છે ક્યાંથી? આયુર્વેદને વેદ કહે છે, પણ એ મુખ્ય વેદ નથી. ભારતવર્ષના પાયામાં ચાર વેદ છે. એ ચાર વેદના પાયા ઉપર હિન્દુસ્તાન નામના દેશનો ઇતિહાસ ખડો છે. એમાં સૌથી જૂનો વેદ એટલે ઋગ્વેદ. આયુર્વેદને ઋગ્વેદના એક ઉપવેદ તરીકે પણ જોવામાં આવે છે. ગંગાકિનારે રહેનારા આર્યો તરીકે ઓળખાવા લાગ્યા. આર્ય એટલે સારા-નોબેલ માણસ. આયુર્વેદને આર્યોનું વૈદ્યકશાસ્ત્ર પણ માનવામાં આવતું. પ્રાચીન ભારતનું ચિકિત્સાશાસ્ત્ર એટલે આયુર્વેદ. આ આયુર્વેદનો ઉદ્‌ભવ કઈ રીતે થયો? એ જાણવા જઈએ તો બે રસ્તા મળે.

એક રસ્તો દંતકથાઓ કે માયથોલૉજિકલ સ્ટોરીનો છે અને બીજો રસ્તો ઇતિહાસકારો અને સંશોધકોને જે સાબિતીઓ મળી છે તે છે અર્થાત્ આયુર્વેદની ઉત્પત્તિની એક વાત માનવા માટે શ્રદ્ધા જોઈએ. આયુર્વેદના ઉદ્‌ભવની બીજી થિયરીમાં સાયન્સ છે, પણ બધાંનાં જ સાયન્ટિફિક પરિમાણો હોતાં નથી. દંતકથાવાળો ઇતિહાસ પહેલાં જોઈએ. સૌપ્રથમ આપણે પહેલાં એટલે કે ધાર્મિક રસ્તે આયુર્વેદના ઉદ્‌ભવનો તાગ મેળવવાની કોશિશ કરીએ. આયુર્વેદ એટલે ઉપવેદ અને તે બ્રહ્મા અર્થાત્ બ્રહ્મદેવના પૂર્વ મુખમાંથી નીકળ્યાનું માનવામાં આવે છે, જેના સૌથી પહેલાં આચાર્ય અશ્વિનીકુમાર હોવાનું મનાય છે. અશ્વિની કુમાર પાસેથી ઇંદ્રે આ વિદ્યા મેળવીને ધન્વંતરિને તે શીખવી. અહીં એક બીજો ફાંટો પણ પડે છે તે છે અત્રિનો. હવે આ અત્રિ કોણ છે? બ્રહ્મદેવનો બીજો પુત્ર એટલે અત્રિ. એ સમયગાળા પહેલાં પેદા થયેલા બધા માનસપુત્રો મહાદેવના શાપથી મરણ પામતાં બ્રહ્મદેવે કરેલ યજ્ઞના અગ્નિની શિખામાંથી એ ઉત્પન્ન થયો હતો. એને અનસૂયા નામે સ્ત્રી હતી. એમને દત્ત, દુર્વાસા, સોમ અને અર્યમા એવા ચાર પુત્ર તથા અમલા નામની બ્રહ્મનિષ્ઠ પુત્રી હતી. દંડકારણ્યમાં રામ આ ઋષિને આશ્રમે ગયા હતા. એણે રામનું આદરસહિત આતિથ્ય કર્યું હતું અને અનસૂયાએ સીતાની પરોણાચાકરી કરી એને પાતિવ્રત્ય સંબંધી નીતિ સમજાવી હતી. આયુર્વેદની આ બે મુખ્ય શાખા અત્રિ અને ધન્વંતરિ. એ બંનેની વિદ્યાશાખાઓ પણ જુદી. કાશીનો રાજા દિવોદાસ ધન્વંતરિનો અવતાર કહેવાતો. એની પાસે જઈને સુશ્રુતે આયુર્વેદનો અભ્યાસ કર્યો. અત્રિની જ પ્રણાલી મુજબ અગ્નિવેશે ચરકસંહિતાનું સંકલન કર્યું. હરિતસંહિતા પણ આ શ્રેણીમાં આવે, જેમાં જુદાં જુદાં દ્રવ્યો દ્વારા શરીરની આંતરિક શક્તિને મજબૂત કરવા ઉપર ભાર મૂકવામાં આવતો. એનો અર્થ એ કે આ પ્રણાલીમાં શસ્ત્રક્રિયાને બદલે દવાઓ ઉપર ભાર મૂકવામાં આવતો. જ્યારે ધન્વંતરિ પ્રણાલી મુજબ જ સુશ્રુતસંહિતા લખાયું. એમાં વાઢકાપ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. ભારદ્વાજને પણ આ શાસ્ત્રના પ્રવર્તક માનવામાં આવે છે. કેટલાકના મત પ્રમાણે આયુર્વેદનું શાસ્ત્ર અથર્વવેદનું ઉપાંગ મનાય છે.

આયુર્વેદનાં આઠ અંગ છે : શલ્ય, શાલાક્ય કાયચિકિત્સા ભૂતવિદ્યા, કૌમારતંત્ર (બાલ ચિકિત્સા), અગદતંત્ર. રસાયન અને વાજીકરણ એ તેનાં આઠ અંગ છે. કફ, પિત્ત અને વાયુ એ ત્રણ પ્રકૃતિની માન્યતા ઉપર આયુર્વેદ રચાયેલો છે. આયુર્વેદના આચાર્યોઃ અશ્વિની કુમાર, ધન્વંતરિ, દિવાદાસ (કાશીરાજ), નકુલ, સહદેવ, અર્કિ, ચ્યવન, જનક, બુધ, જાવાલ, જાજલિ, પૈલ, કરથ, અગસ્ત્ય, અત્રિ અને તેના ૬ શિષ્ય (અગ્નિવેશ, ભેડ, જાતૂકર્ણ, પરાશર, સીરપાણિ, હારીત), સુશ્રુત અને ચરક. આયુર્વેદનું જ્ઞાન આરબ અને યુનાની લોકોની મારફત યુરોપમાં પ્રસરવા પામ્યું અને અર્વાચીન વૈદ્યકશાસ્ત્રની ઉત્પત્તિમાં તે ઉપયોગી થઈ પડ્યું. આયુર્વેદના મૂળ ગ્રંથકારો ચરક અને સુશ્રુત લગભગ અઢી હજાર વર્ષ જેટલા જૂના છે. ચરક (ઈ. સ. પૂ. ૫૦૦) ઔષધ સંગ્રહ માટે અને સુશ્રુત (ઈ.સ. ૧૦૦) શસ્ત્રવૈદ્ય તરીકે પ્રસિદ્ધ છે.આયુર્વેદના સમયગાળા વિષે પણ મતમતાંતર છે. જે ઉપલબ્ધ શાસ્ત્રો મળ્યાં છે અને તેમાં જે સમયઅવધિનો ઉલ્લેખ છે એ મુજબ આયુર્વેદ નામની વિદ્યા ઈ.સ. પૂર્વે ૩૩૦૦થી લઈને ઈ.સ. પૂર્વે ૧૦૦૦ ના સમયગાળા દરમિયાન અસ્તિત્વમાં આવી હોય એવું બને.

ઇતિહાસકારોનો એક મત એવો પણ છે કે સિંધુખીણની સંસ્કૃતિ એટલે કે મોહેં-દડો અને હડપ્પાના લોકો આયુર્વેદનો ઉપયોગ કરતા. તે સમયે પણ શરીરમાં કોઈ અવ્યવસ્થા સર્જાય કે કોઈ રોગ આવે તો તેનાં અમુક મુખ્ય લક્ષણોને ધ્યાનમાં લેવામાં આવતાં અને તેના પરથી તેની દવા નક્કી થતી. એ મુખ્ય લક્ષણોમાં કફ, અતિસાર, કબજિયાત, આંચકી, ગાંઠ, ગૂમડાં અને ચામડીના અમુક વિકારો હતા. તે જોઈને દર્દીને દવા આપવામાં આવતી. આમ તામ્રયુગથી આયુર્વેદની શરૂઆત થઈ અને લોહયુગ સુધીમાં તો એ ખૂબ વિકસ્યું.

ભારતમાં ગુપ્ત વંશના શાસનકાળ દરમિયાન આયુર્વેદ વિદ્યા ગ્રંથસ્થ થઈ ત્યાં સુધીમાં તો કરોડો લોકોએ આયુર્વેદની ચિકિત્સાનો લાભ લીધો હતો અને પોતાની જિંદગીનાં દુઃખ-દર્દોમાંથી રાહત મેળવી હતી. આયુર્વેદમાં મુખ્યત્વે ત્રણ દોષ અને તેનું પ્રમાણમાપ જોવામાં આવે. આ તો આપણે બધા જાણીએ છીએ. વાત, પિત્ત અને કફ. માણસની માનસિકતા સાથે પણ ત્રણ દોષ જોડાયેલા છે તેવું આયુર્વેદ માને છે – સતોગુણ, રજોગુણ, તમોગુણ. તે સિવાય શરીર સાત ધાતુઓથી બનેલું હોય તેવું આયુર્વેદ માને છે. (સાત ધાતુઃ રક્ત, રસ, માંસ, શુક્ર, મેદ, અસ્થી, મજ્જા.) અત્યારે તો આખી દુનિયામાં આયુર્વેદ અને યોગ ઉપર પુષ્કળ લખાય છે. આયુર્વેદના અનેક ગ્રંથો પ્રાચીન સમયમાં લખાયા છે. એમાંથી અમુક ગ્રંથ આકૃતિઓ સાથે શરીરવિદ્યા અને ચિકિત્સાશાસ્ત્ર સમજાવે છે. શલ્ય એટલે કે ઓપરેશન પણ એક આર્ટ છે, જે જીવન-મરણ સાથે જોડાયેલું છે. હિમાલયની દુર્ગમ પહાડીઓ કે બીજા અમુક દૂરસુદૂરના પ્રદેશોમાં અલભ્ય જડીબુટ્ટીઓ છે, જે ચમત્કાર કરી શકે છે. ચાઇનીઝ ટ્રેડિશન કે યુનાની પદ્ધતિઓ પણ આવા દાવાઓ કરતી હોય છે. જોકે અત્યારે આયુર્વેદિક પ્રોડક્ટ્સ જે મળે છે એમાંથી ઘણી ભેળસેળવાળી હોય છે. પારો અને સીસું જેવી ઝેરી ધાતુઓ પણ ઘણી આયુર્વેદિક દવાઓમાંથી મળી આવે છે, પણ એ વાંક ઉત્પાદકની દાનતનો છે.

આમ જુવો તો આયુર્વેદ અને એલોપેથી બંને એકબીજાના પૂરક છે. અમુક સંજોગોમાં ઝડપી ઉપચાર માટે એલોપેથીના ઉપચાર જ કારગત નીવડે છે તો નિરોગી રહેવા માટે આયુર્વેદ મદદરૂપ બને છે. આજનું મેડિકલ સાયન્સ અને આયુર્વેદ પણ ઉપકારક છે, પરંતુ બંને જુદાં છે. બંને જુદા જુદા સંજોગોમાં કામ આવી શકે એમ છે. કોઈ જ શાખાનો સાવ છેદ ન ઉડાડી શકાય. જોકે, આ બંનેને સાથે સ્વીકારી શકે એવા લોકો કેટલા? ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સંબંધ-સ્વાસ્થ્ય ને સુખ....

## નવા વર્ષે અમલમાં મૂકવા જેવા થોડા બોધપાઠ જાણી લઈએ



**૧૯૩૮માં** હાર્વર્ડના સંશોધકોએ લોકો કઈ બાબતથી સૌથી વધુ ખુશ રહે છે તે શોધવા માટે દાયકાઓ લાંબો અભ્યાસ શરૂ કર્યો હતો.

એમણે વિશ્વભરના ૭૨૪ લોકોનું નિરીક્ષણ કર્યું હતું અને દર બે વર્ષે એમનાં જીવન વિશે વિગતવાર પ્રશ્નો પૂછ્યા હતા. આ અભ્યાસથી લોકો કેવી રીતે આનંદ અને ખુશીથી ભરપૂર જીવન જીવી શકે છે તેની ઘણી અવિશ્વસનીય સમજ મળી છે.

તાજેતરમાં, આ પ્રોજેક્ટના નિર્દેશક અને હાર્વર્ડ મેડિકલ સ્કૂલમાં મનોચિકિત્સાના પ્રોફેસર રોબર્ટ વાલ્ડિંગરે એક પોડકાસ્ટમાં આ અભ્યાસમાંથી કેટલાક બોધપાઠની વાતો કરી છે. ૨૦૨૫ના નવા વર્ષે ખુશ રહેવા માટે આપણે શું કરી શકીએ તેના ઘણા દિશાનિર્દેશ આ અભ્યાસમાં છે.

એમણે કહ્યું કે જીવનના સંતોષ અને સુખાકારીનું સ્તર નક્કી કરવામાં સંપત્તિ અથવા સફળતાને બદલે સંબંધોની ગુણવત્તા સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ હતું. આ અભ્યાસમાં જે લોકોની તપાસ કરવામાં આવી હતી તેના પરથી ખબર પડી હતી કે ઘનિષ્ઠ અને મદદગાર સંબંધો ધરાવતા લોકો લાંબું - તંદુરસ્ત જીવન જીવે છે. તેનાથી વિપરીત, એકલતામાં અને અલગથલગ જીવતા લોકો માનસિક અને શારીરિક વ્યાધિઓનો ભોગ બને છે. આ વાત આમ તો નવી નથી. માણસ સામાજિક પ્રાણી છે અને સંબંધો માટે જીવે છે તે માનવજાતિના અસ્તિત્વના પાયાની વાત છે. ભારત જેવા દેશમાં જ્યાં પરિવારની વ્યવસ્થા સૌથી મજબૂત અને મહત્ત્વની છે ત્યાં સંબંધોનું મહત્ત્વ સમજાવવાની જરૂર નથી પડતી, પરંતુ પશ્ચિમમાં જ્યાં એકલા રહેવાનું ચલણ વધુ છે એમના માટે અને જે લોકોને ઉત્તમ સંબંધો સ્વાસ્થ્યમાં શું યોગદાન આપે છે ખબર નથી, એમના માટે હાર્વર્ડનો આ અભ્યાસ ઉપયોગી છે.

સમગ્ર જીવન દરમિયાન, આપણા સંબંધોની સંખ્યા અને તેની ગુણવત્તા માનસિક અને શારીરિક સુખાકારીને અસર કરે છે. સામાજિક લગાવ અને માનસિક સ્વાસ્થ્યના ઘણા ફાયદા છે, જેમ કે તેનાથી ચિંતા અને હતાશા ઓછી થાય છે. આત્મસન્માન અને સહાનુભૂતિ વધે છે. મજબૂત, તંદુરસ્ત સંબંધ શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવામાં પણ મદદ કરી શકે છે અને આપણને રોગમાંથી સારા થવામાં મદદ કરી શકે છે. એકલતા સ્વાસ્થ્ય માટે નાટકીય પરિણામો લાવી શકે છે. એકલતા ઊંઘની પેટર્ન બગાડે છે, બ્લડ પ્રેશર ઊંચું કરે છે અને કોર્ટિસોલ નામનું સ્ટ્રેસ હોર્મોન વધારે છે. તે શરીરની રોગપ્રતિકારક શક્તિને અસર કરે છે અને સંતોષની એકંદર ભાવનાને ઘટાડે છે. એકલતા અસામાજિક વર્તણૂક, હતાશા અને આત્મહત્યા માટે જોખમી પરિબળ છે. વૃદ્ધ લોકો એ ઉંમરમાં ખાસ કરીને સંવેદનશીલ હોય છે. એમની શારીરિક ગતિશીલતામાં ઘટાડો થાય એટલે અન્ય લોકો સાથે હળવા-મળવાનું મુશ્કેલ બની શકે છે, પરંતુ જે વૃદ્ધ લોકો અન્ય લોકો સાથે જોડાયેલા રહે છે એમને તે ઉંમરની સ્વાસ્થ્ય અને મન સંબંધી અનેક સમસ્યામાં મદદ મળે છે. આ કારણથી જ દર વર્ષે ૧ જાન્યુઆરીને 'વૈશ્વિક પરિવાર દિવસ' તરીકે ઊજવવામાં આવે છે, જેનો ઉદ્દેશ લોકોને એકતાની સકારાત્મક અસરો સમજાવવાનો છે, જેથી વિશ્વભરની વિવિધ સંસ્કૃતિઓ અને ધર્મોના લોકો એકબીજાને ટેકો આપે અને દેશ અને દુનિયામાં શાંતિ રહે. તેનો મુખ્ય હેતુ યુદ્ધનો અંત લાવીને સંવાદિતા અને એકતાને પ્રોત્સાહન આપવાનો છે.

૧૯૭૯માં, લગભગ પુખ્ત વયના ૭,૦૦૦ લોકોના એક અભ્યાસમાં, સંશોધકોએ શોધી કાઢ્યું હતું કે સામાજિક અથવા સામુદાયિક સંબંધો વિનાના લોકો નવ વર્ષમાં મૃત્યુ પામે તેવી શક્યતા બમણી કરતાં વધુ હતી. તે પછી અનેક સંશોધનોએ સામાજિક સંબંધો અને દીર્ઘાયુષ્ય વચ્ચેના સંબંધને સમર્થન આપ્યું છે. જો સંબંધો સુખનો સોર્સ હોય તો સંબંધોની સંખ્યા વધારવાથી સુખમાં વૃદ્ધિ થાય? જવાબ 'ના' છે. અમુક લોકોને ગણીને પાંચ ઘનિષ્ઠ સંબંધ હોય અને છતાં તે સુખી હોય, જ્યારે અમુક વ્યક્તિઓના જીવનમાં ૫૦ લોકો 'ખાસ' હોય અને છતાં એ અસંતોષી હોય.

આપણે સામાજિક પ્રાણી છીએ અને આપણે ભાવનાત્મક લગાવમાં જીવીએ છીએ તે વાત સાચી, પરંતુ સુખનો આધાર સંબંધની સંખ્યા પર નહીં, ગુણવત્તા પર હોય છે. જીવનમાં એક વ્યક્તિ પણ આપણને પાંચસો સંબંધની ગરજ સારે. એ એક વ્યક્તિ આપણા જીવનમાં હોય કે ન હોય તેની ચાવી આપણે કેટલી વિવેકબુદ્ધિથી તેને પારખીએ છીએ તેના પર છે.

અમુક વ્યક્તિ આપણને 'બનાવે' - અમુક આપણને 'તોડે' તો અમુક વ્યક્તિઓ આપણને 'જૈસે થે' રાખે. આપણે કોની સાથે જોડાવા માગીએ છીએ તેના પરથી આ ત્રણમાંથી એક સ્થિતિ આપણા જીવનમાં કાયમ રહે છે. કદાચ તમે સહમત નહીં થાવ, પરંતુ આપણે ઘણી વાર અમુક લોકોને બહાર જવા દેવા પડે છે, જેથી બીજા લોકો અંદર આવી શકે અને આપણને બહેતર બનાવવામાં યોગદાન આપી શકે. જીવનમાં આવતી પ્રત્યેક વ્યક્તિ આપણી અંદર કોઈ ને કોઈ ચીજ છોડી જાય છે. એ સારા માટે છે કે ખરાબ માટે તેની સમજણ એ હકીકત પર નિર્ભર કરે છે કે આપણા પાંચ સંબંધ છે કે પચાસ.

'કાસ્ટ અવે' નામની બહુ જાણીતી હોલિવૂડ ફિલ્મમાં હીરો ચક નોલાન્ડ (ટોમ હેન્કસ) એક નિર્જન ટાપુ પર ફસાઈ જાય છે. જહાજમાંથી તણાઈને આવેલા સામાનમાંથી એ એક વૉલીબોલ પર માણસનો ચહેરો દોરીને એને 'વિલ્સન' નામ આપે છે. સાવ નિર્જન એવા એ ટાપુ પર વિલ્સન જ એનો એક માત્ર 'દોસ્ત' છે. ચક એની સાથે રોજ એની મુસીબતો, આશાઓ અને દુઃખ-દર્દની વાતો શેઅર કરે છે અને ટાપુ પરની એકાકી જિંદગીને સહ્ય બનાવે છે. આ વૉલીબોલ માણસની અંદર બીજા માણસના સાથ-સંગાથની જરૂરિયાતનું પ્રતીક છે. સંબંધનું મૂળ તત્ત્વ આ જ છેઃ માનસિક અને ઈમોશનલ સેહત માટે તેમ જ જીવન ટકાવી રાખવા (સર્વાઇવલ) માટે માણસમાં સંબંધની જરૂરિયાત હોય છે. સંબંધનાં નામ અલગ હોઈ શકે, પરંતુ આપણે કોઈની સાથે કોઈપણ સ્વરૂપે 'રીલેટ' કરી શકીએ એ માણસ તરીકેની આપણી બુનિયાદી શરત છે.

### એવો સંબંધ તંદુરસ્ત ક્યારે કહેવાય?

**આ પાંચ માપદંડ પર એ ખરો ઊતરવો જોઈએ, જેમ કે..**

૧) સંપૂર્ણ વિશ્વાસની ભાવના
૨) પરસ્પર સન્માનની વૃત્તિ
૩) ઉત્તમ સંવાદની ક્ષમતા
૪) એકબીજાને સ્પેસ-મોકળાશ આપવાની વૃત્તિ
૫) એકબીજાને બહેતર બનાવવામાં સાથ આપવો.

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# બાલીમાં નવા વર્ષની કલ્પનાતીત આધ્યાત્મિક ઉજવણી



**નવા વર્ષની** ઉજવણીનો થાક ઊતર્યો કે નહીં? આપણે એક-એક તહેવાર જોશભેર ઉજવીએ. નવું વર્ષ આપણું હોય કે અંગ્રેજીનું, એને પોતીકું સમજીને શોપિંગ, વેકેશન, નાચગાન, મહેફિલ અને ન જાણે શું-શું કરી લઇએ. આમ તો નવું વર્ષ હોય કે જન્મદિન, જીવનનું એક વધુ વરસ પૂરું થાય પણ આપણે એનો વિચાર કરવાને બદલે આને માણવામાં ગળાડૂબ થઇ જઇએ.

આ બધા વચ્ચે ઇન્ડોનેશિયાના બાલીમાં થતી ઉજવણી એકદમ હટકે જ નહીં, અત્યંત પ્રભાવશાળી, પ્રેરક અને વિચારતા કરી મૂકે એવી છે. બાલીમાં બાલીનીઝ કેલેન્ડર પ્રમાણે શરૂ થતા નવા વર્ષ માટે શબ્દ છે નાઇપી. અંગ્રેજી સ્પેલિંગ ગુયાશ યાદ રહે કે બાલીઝ ટાપુમાં બહુમતી હિન્દુ પ્રજાની છે. આ લોકો નવા વર્ષની જે રીતે ઉજવણી કરે કે એ એકદમ શાંત, આધ્યાત્મિક અને શાતાદાયી છે. આ લોકો વર્ષારંભને આત્મ-નિરીક્ષણનો મોકો સમજે છે.

આ કારણસર નાઇપીને દિવસે નથી ફટાકડાં ફોડાતા, નથી ગીતો ગવાતા, નથી મ્યુઝિક વાગતા, નથી ડાન્સ થતા કે નથી દારૂ સાથે ખાણીપીણીની મહેફિલ યોજાતી કે નથી રજાનો ઉપયોગ કરતા ફરવા જવાનો પ્રોગ્રામ બનતો.

તો નાઇપીની ઉજવણીમાં થાય છે શું? ઉપવાસ થાય, ધ્યાન ધરાય, અને મૌન પળાય અને લાઇટ બંધ રખાય. આ બધું એકલદોકલ છે. અપવાદરૂપ માનવીઓ જ ન કરે. આખેઆખું બાલી નવા વર્ગને આ રીતે જ ઉજવે.

એ દિવસે બાલીમાં સંપૂર્ણપણે લોકડાઉન હોય, રસ્તા સૂમસામ હોય, એમ્બ્યુલન્સ કે ઇમર્જન્સી માટેના પોલીસ વાહન સિવાય રસ્તા એકદમ ખાલીખમ હોય. સિનેમાઘર, ઑફિસ, કામધંધા, નોકરી, મોલ, નાટ્યમંદિર, બસ અને ટ્રેન સહિત બધે બધુ બંધ. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પણ એમાં આવી જાય. આ નિયમોનો ભંગ કરવાની હિંમત કોઇ સ્થાનિક તો ન જ કરે.

અને પર્યટકોએ શું કરવાનું? હોટલની રૂમની અંદર જ રહેવાનું. લાઇટ, એ રીતે કરવાની કે બહાર પ્રકાશ ન જાય. કોઇ પણ સંજોગોમાં રૂમની બહાર પગ મૂકવાની મનાઇ કોઇ ઓવરસ્માર્ટ ટૂરિસ્ટ ફિશિયારી મારે તો? બનતી ત્વરાએ બાલીમાંથી રવાના કરી દેવાય.

શાંતિ, મૌન, તપ, ધ્યાન અને એકાંત વચ્ચે આત્મનિરીક્ષણ કરનારા આપણા જેવા હિન્દુ છે. પણ આપણે શું કરીએ છીએ? નિરાંતે વિચારવા અને સમજવા જેવો સવાલ છે.

આ નાઇપી ક્યારે ઉજવાય છે? મોટેભાગે એ માર્ચ કે એપ્રિલ મહિનામાં આવે. ૨૦૨૪મા ૧૧મી માર્ચે ઉજવાયો હતો, તો ૨૦૨૫માં ૨૯મી માર્ચે અને ૨૦૨૩ મા ૧૯મી માર્ચે નાઇપી નિમિત્તે ૨૪ કલાકનું એટલે નિયત તારીખના સતત છ વાગ્યાથી આગલા દિવસના સવારે છ વાગ્યા વચ્ચે આ અનોખી ઉજવણી થાય છે. પછી નેમ્બાક (Ngembak) અગ્નિ કે લાબુહ બ્રાઝીલ રિચ્યુઅલ થાય. આમ સૌ એકમેકને માફ કરી દે (આપણા જૈન ભાઇ-બહેનો સવંત્સરી નિમિત્તે એકમેક મિચ્છામી દુક્કડમ કરે છે એવું જ કંઇક છે ને આ?) અને નવા વર્ષને હૃદયપૂર્વક આવકારે. ત્યારબાદ ધર્મ-શાંતિની વિધિ સાથે આ દિવસની પૂર્ણાહુતિ થાય.

એક રીતે તો ભારતીય ઉપખંડમાં ઉજવાતા નવા વર્ષ જેવો જ આ તહેવાર છેઃ આપણામાં સાલ મુબારક, મરાઠીઓમાં ગુડી પડવા,





સિંધીઓમાં ચેટીચાંદ, તમિળ-કન્નડના ઉગાડી અને મણિપુરીઓના સાજબુ નોંગમા પાનબા.

નેઇપીને સ્થાનિક ભાષામાં 'બાલીનો મૌન દિવસ' પણ ગણાવાય છે. સત્તર હજાર મુસ્લિમો છે પણ બાલીમાં ૮૭ ટકા વસતિ હિન્દુઓની છે. આ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક નવ વર્ષની ઉજવણીમાં હવે આંતરરાષ્ટ્રીય પર્યટકોને પણ ઘણો રસ પડવા માંડ્યો છે. આવી ઉજવણીને કલ્પના બહારની બાબત સમજનારાઓ ઇન્ડોનેશિયન અથવા બાલીની ટૂર એવી રીતે પ્લાન કરે કે નાઇપીની પૂર્વ સંધ્યાએ બાલીમાં પહોંચી જાય. કાયમ દોડધામ અને ધમધમાટ વચ્ચે જીવતા લોકો માટે આ અનુભવ પણ એકદમ આકર્ષક બની રહે છે.

ઘણા નાઇપી અગાઉ અને પછી ઉજવાતા દિવસો માણવા અને એમાં સામેલ થવા માટે બાલીમાં જ ધામા નાખીને રહી જાય છે. એટલે જ બાલીનું ૮૦ ટકા અર્થતંત્ર પર્યટનલક્ષી છે. અહીં પર્યટકોના આગમનનો અતિરેક પણ થવા માંડ્યો છે. એ જ બાલીનું મહત્ત્વ નથી દર્શાવતું? ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# વર્ષ- ૨૦૨૪ના પાઠ વર્ષ - ૨૦૨૫માં પણ યાદ રાખજો..

## ગંભીર પડકારો સામે તમામે સજ્જ રહેવું જોઈશે




**કોઈપણ વરસ હોય કે દિવસ, એ જ્યારે વીતી જાય ત્યારબાદ કોઈને કોઈ પાઠ શીખવી ગયો હોય છે, પરંતુ ઘણીવાર એ આપણને તરત સમજાય ને ઘણીવાર મોડેથી પણ સમજાય. હમણાં જ વીતેલું ૨૦૨૪નું વર્ષ જે પાઠ શીખવી ગયું ને ભાવિના જે સંકેત પણ આપીને ગયું છે એના પર નજર ફેરવી લઈએ...**

શેરબજાર અને મ્યુચ્યુઅલ ફંડસના રોકાણકારો માટે દ્રષ્ટિ કરીએ તો નિયમન સંસ્થા 'સેબી' એ ૨૦૨૪માં ઘણાં આકરાં અને શિસ્તના પગલાં લીધા છે, જેમાં માર્કેટનું અને રોકાણકારોનું હિત સમાયેલું હોય. આવાં કેટલાંક ચુનંદાં પગલાં પર નજર કરીએ. 'સેબી'એ વરસ દરમિયાન માર્કેટમાં ગરબડ કરનારી વ્યક્તિઓ અને કંપનીઓ સામે સખત કદમ ભર્યા. મ્યુચ્યુઅલ ફંડસમાં નાના રોકાણકારો મોટે પાયે સામેલ હોવાથી તેમની રક્ષા અર્થે અને વધુ પારદર્શકતાની જોગવાઈના કદમ ભર્યા. નાના-મધ્યમ કદના રોકાણકારોને ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ જેવા સટ્ટાકીય સોદાઓથી દૂર રહેવા ' સેબી' સતત અહેવાલ બહાર પાડી તેમને ચેતવણી આપતું રહયું. રિટેલ ઈન્વેસ્ટર્સને 'એફ એન્ડ ઓ' સેગમેન્ટથી દૂર રાખવા આ સેગમેન્ટમાં કડક નિયમો સાથે સોદાઓની મર્યાદા વધારી દીધી.

'સેબી'નાં પગલાં ને પરિણામ જોકે વર્ષ દરમિયાન 'સેબી' ચેરપર્સન ખુદ ચોક્કસ આક્ષેપોને પરિણામે વિવાદમાં રહયા. આ આક્ષેપો 'અદાણી ગ્રુપ' સંબંધી હતા અને તેનો રેલો ગ્લોબલ સ્તરે પણ ચર્ચાયો હતો. આ આક્ષેપો

ગંભીર હતા, પરંતુ ભારતીય નિયમન સંસ્થાની વિશ્વસનીયતાને ધ્યાનમાં રાખી નિયમન તંત્રની ચોક્કસ સ્તરે રક્ષા જરૂરી બની ગઈ. હવે ૨૦૨૫માં આ પ્રકરણ 'વો ભૂલી દાસ્તા' બની જાય તો નવાઈ નહીં. વીતેલા વરસમાં સરકારે અને 'સેબી'એ નેશનલ સ્ટોક એક્સચેંજના અમુક વરસ પહેલાંના વિવાદાસ્પદ કો-લોકેશન પ્રકરણને પણ માફ કરી દઈ ઘણાંને મુકિત આપી દીધી.

ગયા વરસે અદાણી પ્રકરણ પણ ભારે વિવાદનું કેન્દ્ર બન્યું, જેને લીધે બજારમાં અને અદાણી ગ્રુપના સ્ટોકસમાં પણ ભારે ઊથલપાથલ થઈ. મામલો અમેરિકાના નિયમન તંત્ર તેમ જ યુએસ કોર્ટ સુધી ગયો. હવે ૨૦૨૫ માં તેનું પરિણામ શું આવે છે એ જોવાનું બાકી છે. બાય ધ વે, આ મામલો પણ 'રાત ગઈ બાત ગઈ' જેવો બની જાય એવી શકયતા ઊંચી છે, કારણ કે આવા

પ્રકરણમાં આંતરરાષ્ટ્રિય રાજકારણ તેમ જ સ્થાપિત હિતોની બહુ મોટી સત્તા કામ કરતી હોવાથી સત્ય સુધી પહોંચવાનું આમ પણ બહુ જ કઠિન હોય છે. રિઝર્વ બેંકના કદમ ને ચિંતા

વીતેલા વરસમાં રિઝર્વ બૅન્કે ચોકકસ પ્રકારના ઓનલાઈન પ્લેયર્સ તેમ જ માઈક્રો ફાઈનાન્સ કંપનીઓ સામે લાલ આંખ કરી હતી. એમાં મોટાં -મોટાં નામ પણ સામેલ હતા. રિઝર્વ બૅન્કે જિઓપોલિટિકલ સંજોગોને ધ્યાનમાં રાખી બહુ સાવચેતીપૂર્વક પગલાં ભરી ઈકોનોમીની જાળવણી કરી છે. ઈન્ફલેશન (ફૂગાવા) ને નિયંત્રણમાં રાખ્યા છે. વ્યવહારું નાણાંનીતિને જાળવી રાખી છે. કરન્સી મેનેજમેન્ટની પણ કાળજી લીધી. ભલે વિતેલા વરસમાં રૂપિયો ડોલર સામે સતત ઘસાતો રહી નીચલા સ્તરે ગયો, પણ અન્ય કરન્સી સામે રૂપિયો બહેતર રહયો એમ કહી શકાય. રિઝર્વ બૅન્કે ગયા વરસે ગોલ્ડ લોન્સની પ્રવૃત્તિ કરતી જાણીતી કંપનીઓ સામે પણ સવાલ ઉઠાવ્યા અને તેમને અંકુશમાં રાખવા તથા શિસ્ત જાળવવા કડક પગલાં ભર્યા.

### કેટલીક મહત્ત્વની ઘટનાઓ...

- વીતેલા વરસની બે મહત્ત્વની ઘટનામાં એક જનરલ ઈલેકશન અને બીજી ઘટના બજેટને ગણી શકાય. આ વખતે ઈલેકશને નવા રંગરૂપ બતાવ્યા અને નવા સમીકરણો-પરિમાણો પણ રચાયાં.
- આ વરસમાં ભારતે યુએસ ઈલેકશનના આટાપાટા અને બદલાયેલી સત્તા પણ જોઈ.

હવે તેની ખરી અસરો નવા વરસમાં જોવા મળશે.

- વિતેલા વરસમાં ભારતે વિવિધ દેશોના યુધ્ધ

જોયા, જે નવા વરસમાં પણ શાંતિ પામ્યા નહી હોવાથી ભારતે તેની ચિંતા કરતા રહેવાની છે.

- નવા વરસે અમેરિકાના નવા તેવર જોવાના આવશે અને તેની સંભવિત અસરો સામે ભારતે સજ્જ રહેવું પડશે. વિદેશ વેપાર મામલે ભારતે હજી પોતાની સ્પર્ધાશકિત વધારવાની છે.
- ગત વર્ષમાં ભારતીય મૂડીબજારે આઈપીઓની વણઝાર જોઈ-તેની કથિત ગરબડો અને સિધ્ધિ પણ જોઈ. રોકાણકારોની કમાણી અને ભારે નુકશાની પણ જોઈ. નવા વરસમાં આ ચિત્ર સંભવત જુદી રીતે જોવા મળશે. આ માટે યુએસની નવી સત્તાના અભિગમ અને ભારતના કેન્દ્રિય બજેટની રાહ જોવાની રહેશે.
- ક્રિપ્ટોકરન્સીના પણ નવા વેશ જોવા મળે તો નવાઈ નહી.
- મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રે નવા આઈડિયા, પ્રવેશ, નવી યોજનાઓ, વગેરે પરિવર્તન પણ જોવા મળી શકે છે.

આમ નવા વરસના ગંભીર પડકારો માત્ર ભારતે જ નહી, બલકે સમગ્ર જગતે AI - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વ્યાપક અને ગહન અસર જોવાની છે. આ AI એક ક્રાંતિ બનવા તરફ પ્રયાણ કરી રહ્યું છે, જે ૨૦૨૫માં વધુ વેગ સાથે આગળ વધશે એવા એંધાણ છે. જેના સારા-નરસા બંને પરિણામ માટે

જગતે તૈયાર રહેવું જોઈશે. ૨૦૨૫માં સાયબર ક્રાઈમ- સ્કેમનો સામનો કરવા વધુ સજ્જ અને સક્ષમ બનવું પડશે..

આવા આ તમામ પડકારો સામે સૌ સજ્જ રહે એવી શુભેચ્છા. ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




બીજે જ દિવસે અભિ અને અકબર પીઆર સુખી ગુલાટીની સામે બેઠા હતા.

'સર, મૈં જો કૂછ ભી હું...આપકી મહેરબાની હૈ. આપકા અહેસાન ચુકાના ચાહતા હું.'

'બડી અચ્છી બાત હૈ. સુન કર અચ્છા લગા.' પછી અકબર તરફ મોં કરીને કહ્યું: 'મિયાં, ક્યા ફિક્સ કરને આયે હો.?' અકબરની અસલિયત ગુલાટીથી છૂપી નહતી અને એટલે જ અકબરના ચહેરા પર ઝાંખપ ન આવી.

'ગુલાટીસા'બ, અભિ આપકા અહેસાન ચુકાના ચાહતા હૈ...કેસે ચુકાના યે ફિક્સિંગ મેરા હૈ.'

'સર, મેરી ઇચ્છા હૈ... આપ મેરી સારી ફિલ્મોં કા ડિસ્ટ્રીબ્યુશન કરો. પ્રોડ્યુસર્સ સે આપકો ડિસ્ટ્રીબ્યુશનશિપ મૈં દિલાઉંગા.....આપકા નામ હોગા. ડિસ્ટ્રીબ્યુટર સુખી ગુલાટી. સારા પૈસા મેરા હોગા. આપ જો કમાઓ ઉસ પૈસો સે અપની સ્ટાઇલ કી ફિલ્મેં બનાના.'

'અહેસાન ચુકાને કી અભિ કી ઇચ્છા કે પીછે કા તુમ્હારા ફિક્સિંગ ક્યા હૈ અકબર.?' ગુલાટીએ પૂછ્યું.

'હબીબ ઔર આદિલ ખાન. યે દોનોં અભિ કી કરિયર ખતમ કરના ચાહતે હૈ.' અકબરે કહ્યું.

'ઓહ, તો અભિ મેરા અહેસાન ચુકાયેગા ઔર મૈં ઉસકી કીમત ચુકાઉંગા.' ગુલાટીએ કહ્યું.

'ગુલાટી સા'બ, હબીબ આપકે સામને ચું તક નહીં કર સકતા યે મૈં જાનતા હું...વરના વો આપકી ફિલ્મ એક ટુકડા આકાશ બનને નહીં દેતા'

'....ઔર મૈં એક્ટર નહીં બન પાતા' અકબરનું વાક્ય કાપતા અભિએ કહ્યું.

'અકબર, તુમ્હારા નામ અકબર હૈ, લેકિન તુમ્હારા દિમાગ બીરબલ કા હૈ' સુખી ગુલાટી હસ્યો.

'સર, તો યે બાત મૈં પક્કી સમજું?' અભિએ હસીને પૂછ્યું.

'રિલીઝ કે લિયે તુમ્હારી કૌન સી ફિલ્મ તૈયાર હૈ, અભિ?'

'ટક્કર કાંટે કી' અભિ બોલ્યો. અને ત્રણેય હસી પડ્યા.

*****

'ગુલાટી, અભિ અને અકબરે હાથ મિલાવ્યા. ગુલાટીએ રાતોરાત ડિસ્ટ્રીબ્યુશન કંપની ખોલી નાખી......અભિએ ફિલ્મના નિર્માતાઓ પાસેથી ડિસ્ટ્રીબ્યુશન રાઇટ્સ સુખી ગુલાટીને અપાવ્યા, પણ એમાં ફિલ્મના એક્ઝિબિશનને લઇને અડચણ ઊભી થવાની શક્યતા હતી. એક્ઝિબિટર્સ એટલે કે થિયેટરમાલિકો હબીબની ધાકને લીધે ડિસ્ટ્રીબ્યુટર સુખી ગુલાટીની ફિલ્મ ન બતાવે તો શું કરવું.? એનો રસ્તો અકબર પાસે હતો. એણે અભિની ફિલ્મ બતાવવા માગતા એક્ઝિબિટર્સને ચોક્કસ અઠવાડિયા માટેની ચોક્ક્સ રકમ ચુકવીને સુખી ગુલાટીને રાઇટ્સ અપાવી દીધા. થિયેટર માલિકો પરથી પૈસાનું કે હબીબની ધમકીનું જોખમ ઘટી ગયું. હબીબની ધમકી પહોંચે તે પહેલાં બધું ગોઠવાઇ ગયું હતું. અભિની એક પછી એક ફિલ્મ રિલીઝ થઇ....બતાવાઇ. એની તવાઇ ન તો અભિ પર આવી ન તો ગુલાટી પર આવી.

*****

અભિ એક પછી એક હિટ ફિલ્મો આપવા લાગ્યો. પ્રોડ્યુસરો માટે એ લકી સાબિત થતો ગયો. અકબર પીઆર અભિના કામમાં વ્યસ્ત થઇ ગયો.

સુખી ગુલાટી અભિની ફિલ્મોના ડિસ્ટ્રીબ્યુશન અને એક્ઝિબિશનમાંથી કમાવા લાગ્યો. અને એની કમાણીમાંથી પોતાને ગમતી આર્ટ ફિલ્મો બનાવતો ગયો.

ગાંડી ગણાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીએ ફરી એકવાર પોતાનું ગાંડપણ બતાવી આપ્યું. અભિને હીરો બનાવી દીધો. એ વાત જુદી છે કે અભિ પાસે અભિનય કળાનો ખજાનો હતો.....એ જન્મજાત અદાકાર હતો...સાથે સાથે એની પાસે લોકોને વાપરવાની કળા પણ હતી.....કદાચ કુદરતી અભિનય કળાની સાથે એની પોતાની આ કળા પણ કામ કરી ગઇ.....કોઇપણને વશમાં લઇ લેવાનો એનો ચાર્મ એને ચરમસીમાએ લઇ ગયો. અભિ સીમાની રૂમમાંથી લોજમાં અને લોજમાંથી લિવ એન્ડ લાઇસન્સમાં....લિવ એન્ડ લાઈસન્સમાંથી પોતાના ફ્લેટમાં અને પછી બાંદરામાં પોતાના આલીશાન બંગલામાં પહોંચી ગયો. એનો વ્યાવસાયિક સિતારો સાતમે આસમાને હતો પણ સામાજિક કે અંગત જીવનમાં આવનારી મુસીબતનો કદાચ એને અંદાજ નહતો. અભિએ કેટલીક ફિલ્મોમાં શીલાને રોલ અપાવીને એની કરીઅર પણ બનાવી હતી. જોકે શીલાને અભિ સાથે ઘરસંસાર માંડવામાં કોઇ રસ નહતો., પણ પોતાને અભિની સૌથી નિકટ માનતી પ્રિયા ખુલી આંખે જોયેલું સપનું સાકાર થાય એની ઘડીઓ ગણતી હતી. અભિ પ્રિયાને ટાળતો નહતો, પણ લગ્નની વાત પણ કરતો નહતો.....પ્રિયા અભિની ઝળહળતી કારકિર્દી જોઇને હરખાતી ને અભિના જવાબની રાહ જોતી. બીજી બાજુ, સીમા એની એ જ રૂમમાં પહેલા જેવું જ જીવન વીતાવતી હતી.

> 'અકબર, તુમ્હારા નામ અકબર હૈ, લેકિન તુમ્હારા દિમાગ બીરબલ કા હૈ' સુખી ગુલાટી હસ્યો

અને કોઇ રાજા છુપા વેશે રાત્રિચર્યા કરવા નીકળે એમ અભિ ચોરીછૂપીથી સીમા પાસે પહોંચી જતો. સીમા પાસે આ કેવું ચુંબકીય આકર્ષણ હતું જે અભિને ખેંચીને સીમાની નાનકડી રૂમમાં લઇ જતું.

એક રાતે એણે સીમાના વાળમાં હાથ ફેરવાતા કહ્યું: 'સીમા, હવેથી હું અહીં નહીં આવું.'

'કોઇપણ સંબંધ હોય એની એક સીમા હોય છે....હદ હોય છે...મર્યાદા હોય છે. તું એક હદ સુધી સીમા સુધી પહોંચ્યો...હવે તારી મર્યાદા આવી ગઇ છે.' સીમાએ કહ્યું.

'સીમા, હું અહીં નહીં આવું, પણ તું મારી સાથે રહીશ...મારા બંગલામાં.' અભિ બોલ્યો અને સીમાએ સ્વીચ ઓન કરીને રૂમમાં અજવાળુ કર્યું.

'તું આ શું બોલે છે અભિ.?' એણે પૂછ્યું.

'હા સીમા, હું તારી સાથે લગ્ન કરવા માગું છું?' અભિએ લાઇટ ઓફફ કરીને સીમાને બાહુપાશમાં જકડી લીધી.

*****

આદિલ ખાનના આખાય શરીરમાં ઝનુન પ્રસરી ગયું હતું શોહરતની કાચી દિવાલને ટેકે ઊભેલો હીરો આદિલ ખાન અભિની સામે અભિનયમાં ટકી શકે એમ નહતો એટલે એ વિલનિયત પર ઉતરી આવ્યો હતો. એણે ખૂબ ધમપછાડા કર્યા ને રોજ હબીબનું માથું ખાવા લાગ્યો હતો.

'હબીબભાઇ, અભિ કી ફિલ્મેં નહીં રોક પાતે હૈ તો ઉસકો રાસ્તે સે હટા દો'

સાંભળીને હબીબનું માથું ફરી ગયું. એણે દોસ્તીયારીનો મુખવટો હટાવીને અન્ડરવર્લ્ડનો અસલી ચહેરો બતાવ્યો.

'ઇસકો સુપારી કહેતે હૈ. ફૂકટ મેં નહીં હોગા...પચાસ લાખ હોગા.

મુઝે વિદેશ મેં બૈઠે ભાઇ કો પૈસે ઔર જવાબ દેના પડેગા.'

અભિ નામના કાંટાને કાયમ માટે રસ્તામાંથી દૂર કરવાની સુપારી પચાસ લાખ.? આદિલ ખાન હબીબને ભરોસે બેઠો હતો. દોસ્તીદાવે કામ પતી જશે એવા વહેમમાં હતો.

'હબીબભાઇ, ભાઇ સે બઢકર હમારી દોસ્તી હૈ.... કૂછ તો લિહાઝ કિયા હોતા ઇતની બડી રકમ માંગને સે પહેલે.'

'દોસ્તી હૈ ઇસલિયે મૈને અભિ કી ફિલ્મે રોકને કી કોશિશ કી....લેકિન ગુલાટી કે પાસ અભિ કી ફિલ્મે દિખાને કે અપને રાસ્તે થે. અબ બાત અભિ કી સુપારી કી હૈ તો......બડા પૈસા લગેગા.' હબીબે સાફ શબ્દોમાં કહી દીધું.

'મૈં આપકી દસ ફિલ્મે મુફત મેં કરુંગા.....આપ મેરા કામ કર દો.' આદિલે રસ્તો બતાવ્યો.

'તુમ ઔર તુમ્હારી ચાર હિરોઇન જિસ કે સાથ તુ સોતા હૈ....સબ મિલ કે કોન્ટ્રેક્ટ પર સાઇન કર દો...તો સમજો તુમ્હારા કામ હો ગયા.'

આદિલ ખાન પોતાની ખાતરી આપી શકે એની સાથે કામ કરતી બીજી ખ્યાતનામ અભિનેત્રીઓ વતી એ કઇ રીતે કહી શકે.? છતાં એણે ટાઇમ માગ્યો....હિરોઇનોને સમજાવવા પટાવવાની કોશિશ કરી જોઇ...અંતે બધેથી ના સાંભળીને ભિખારી જેવું મોઢું લઇને હબીબ પાસે ગયો. હબીબ એનું મોં જોઇને હસવા લાગ્યો.

'બહુત ઝયાદા માંગ લિયા આપને હબીબભાઇ?' એણે કહ્યું.

'કામ ભી બડા હૈના....તુ ભી તો પ્રોડ્યુસરોં સે બડા પૈસા લેતા હૈના...ઔર યે મેરા ધંધા હૈ.....ધંધે મેં ના યારી હૈ, ના દોસ્તી.' હબીબને સાંભળીને આદિલ ખાન ઘવાયો....લોહીલોહાણ કાળજા સાથે એ ફિલ્મીસ્ટાઇલે હબીબને ભેટીને નીકળી ગયો.

*****

જખ્મી આદિલ ખાન પાંજરે પુરાયેલા સિંહની જેમ રૂમમાં આંટા મારી રહ્યો હતો. એની સામે અભિનો ચહેરો ફરતો હતો. અચાનક હબીબનો અસલી ચહેરો સામે આવતા એણે હાથમાં પકડેલો ગ્લાસ ટીવીના પરદા પર ફેંક્યો.

કાચના અવાજથી દોડી આવેલા નોકરોને ગાળો ભાંડીને ભગાડી મૂક્યા.

'હબીબ, કહાં ગયા તેરા ભાઇચારા.? મૈં ભાઇ ભાઇ કહેતા રહા ઔર તુ મુઝે ચારા સમઝતા રહા. દેખ લુંગા...તુઝે દિખા દુંગા.'

આદિલ ખાનના પગની સાથે સાથે જુબાન પણ લડખડાતી હતી, ઇર્ષાની આગમાં એનું દિમાગ લબકરા મારતું હતું. એણે નવો પેગ બનાવીને ટેલિફોનનું રિસિવર ઊચક્યું ને પાંજરામાંથી માંડ છુટેલા સિંહની જેમ ગર્જના કરી: 'હબીબ, તૂ નહીં તો ઔર સહી...ઔર સહી......તૂ ખિલાડી હૈ તો મૈં ભી અનાડી નહીં હું.' એણે એક નંબર ઘૂમાવીને કહ્યું: 'હેલો બસ્તા શેઠ....મૈં આદિલ ખાન.' (ક્રમશ:)■

આકાશ મારી પાંખમાં
કલ્પના દવે
feedback@bombaysamachar.com

# કાળસર્પ



બેંગલોરની આઈ.ટી.કંપનીના સી.ઈ.ઓ. રામનાથ શેટ્ટી દરેક પાસે શ્રેષ્ઠ પરફોર્મન્સનો અને નીતિમત્તાનો આગ્રહ રાખતા.

તેમની પર્સનલ સેક્રેટરી મિસ સોનાલી માથુર એટલે કંપનીનું જીવંત એનસાયક્લોપીડીયા.

કંપનીના લીગલ એડવાઈઝર નિર્મલ જોશી શેટ્ટીસાહેબની આ નવી સેક્રટરીની બુદ્ધિપ્રતિભાથી તેમજ ખુબસુરતીથી ખૂબ પ્રભાવિત થઈ ગયા હતા. એટલે ઑફિસમાં આવે અને શેટ્ટીસાહેબ ઑફિસમાં ન હોયમાં ત્યારે સોનાલીની ઓફિસમાં અડ્ડો જમાવતા.

સોનાલી, રિયલી યુ આર જીનિયસ . બાય ધ વે, તમે બેંગલોર આવવાનું અને તે પણ આવા ઈંટિરિયર ભાગમાં આવેલી કંપનીમાં આવવાનું કેમ નક્કી કર્યું ? મુંબઈ અને બેંગલોરની સોશિયલ લાઈફ ખૂબ ડિફરન્ટ છે. નહીં? ઝીણી આંખ કરીને કોફીનો ઘૂંટ લેતા નિર્મલ જોશીએ કહ્યું.

સર, આવી સરસ કંપનીમાં પહેલો બ્રેક અને આવી સરસ પોજિશન મળે. આય એમ વેરી લકી. સોનાલીએ લેપટોપમાં કામ કરતાં ટૂંકો ઉત્તર આપ્યો.

આર યુ સેટીસફાયડ હીયર, ઈન સચ લો સેલેરી?નિર્મલ જોશીએ પૂછયું.

સર, સેલેરી ડઝન્ટ મેક ડિફરન્સ ટુ મી. અને મને અહીં ખૂબ નવું શીખવા મળે છે. ઈટસ ગ્લોબલ કંપની.

એની અધર પ્રોબ્લેમ, હું તારો વેલવિશર છું. તું મને કહી શકે છે.

નો, સર થેંકસ. બટ, યુ કેન સી આય એમ બિઝી વીથ માય વર્ક. તમે પ્લીઝ, રિસેપ્શન રૂમમાં બેસો.

નિર્મલ જોશીએ કહ્યું- આય હેવ વન ઓફર ફોર યુ. જોઈન માય ફર્મ. સેલેરી પણ ડબલ મળશે.સોરી સર, આય એમ નોટ ઈન્ટરેસ્ટેડ. લેટ મી ડુ માય વર્ક. સોનાલીએ કહ્યું.

સર, શેટ્ટી સર મંગલવાર કો આયેંગે આપ મંગલવાર કો આના. કીતના બજે કા એપોઈંટમેન્ટ લીખું. સોનાલીએ ખુરશી પરથી ઊભા થતાં કહ્યું.

યે નખરે મુઝે મત દીખાના. મેં જાનતા હું કી તુમ એક બચ્ચેકી મા હો. ઔર, તેરે હસબન્ડ કે સાથ તું નહીં રહતી. યે બાત અગર યહાં સબકો પતા ચલ ગયા, તો ક્યા હોગા, યે સોચ કે રખના.

સોનાલી અવાચક બની ખુરશી પર બેસી પડી. એનું માથું ચકરાવા લાગ્યું.

જો, સોનામેડમ, તારા ભૂતકાળને ઉખેડવો ન હોય તો હું કહું તેમ કરજે. કહેતા નિર્મળ જોશીએ સોનાલીની પીઠ પર હાથ ફેરવ્યો જે સોનાલી માટે કાળસર્પ જેવો જ હતો.

કંપનીએ આપેલા પોતાના કવાટર્સમાં સોનાલી ગઈ. પણ, આજે તેના મનમાં કોઈ અકળ ભય ઘેરી વળ્યો હતો. એક સફળ સિધ્ધહસ્ત નારી પોતાના પદ-પ્રતિષ્ઠા કે વૈભવને પ્રાપ્ત કરવા કેટલો બધો સંઘર્ષ કરે છે,પછી તેને સાચવવા ઝઝૂમે છે. વળી સ્વરક્ષાના કવચને સાચવવાનું સતત માનસિક દબાણ, સ્ત્રી લોલુપ નજરોથી પોતાની જાતને બચાવીને પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા પણ સંઘર્ષ કરવો જ પડે.

સોનાલીએ મનમાં વિચાર્યું કે મુંબઈના એ દુ:સ્વપ્નને ભૂલવા હું આ બેંગલોરની કંપનીમાં જોડાઈ પણ એ ભૂતકાળ મારી સાથે ઝળાની જેમ જડાઈ ગયો છે. જે ભૂતકાળને ધરબી દેવા હું મુંબઈની જે.પી. મોર્ગન જેવી કંપની છોડી અહીં આવી તે જ કાળસર્પ મને અહીં પણ ભરખવા આવ્યો! હું આજની સશક્ત શિક્ષિત નારી છું. હું મારા નિર્ણય જાતે જ લઈશ.

ત્યાં જ મુંબઈથી તેની ખાસ ફ્રેન્ડ રોશનીનો ફોન આવ્યો. સોનુ, ફેબમાં મારા મેરેજ છે, ત્યારે પણ તું મારી સાથે જ હોવી જોઈએ. મેરેજ પછી હું તો કેનેડા સેટ થઈશ. વાવ, ઈટસ ગ્રેટ યાર. સોનાલીએ કહ્યું.

રોશનીએ ધીમેથી કહ્યું - અરે, સોમવારે હું ઓર્ફનેજમાં ગઈ હતી. તારો મયંક તને મળવાની ખૂબ જીદ કરે છે.

રોશની, આય એમ રીયલી ફેડઅપ નાવ. તું જાણે છે ને કે મયંકની પાલક માતા થવાનો નિર્ણય મેં કેવા સંજોગોમાં લીધો હતો. પણ, એની આકરી કિંમત હું ચૂકવી રહી છું.

ઈટ્સ ઓકે. બાળકને જન્મ આપીને અંતિમ શ્વાસ લેતી તારી ભાભી જ હતી, એને આપેલું એ વચન તું નિભાવી રહી છે. આજે એ અઢી વર્ષનું બાળક તારામાં એની મા જુએ છે. રોશનીએ કહ્યું.

એ કોરોનાનો સમય હતો, મારો ભાઈ કોરોનામાં જ મેં ગુમાવ્યો. ભાભીને ત્યારે પાંચમો મહિનો હતો.. ભાભીની પ્રથમ ડિલીવરી મારે જ કરવાની આવી. ડિલીવરી વખતે ભાભીને હાય બી.પી તો હતું અને બ્રીધીંગ પ્રોબ્લેમ વધી ગયો. નવજાત બાળકને છાતીસરસો ચાંપતા ભાભીએ કહ્યું- સોનાલી, મને કંઈ થઈ જાય તો તું મારા દીકરાને ઉછેરજે. મને વચન આપ.

ભાભી, હું આ બાળકની પાલક માતા બનીશ. ત્યાં જ ભાભીનો શ્વાસ ફૂલાયો, એ બેશુદ્ધ થઈ ગયા, અને એ નવજાત શિશુને મારા ખોળામાં મૂકી ગયાં. પણ, રોશની આને લીધે મારે કેટલી અગનપરીક્ષા આપવાની, હું થાકી ગઈ છું આ સમાજના લોકોથી-

તારા મનમાં કોઈ પાપ નથી, પછી શું કામ ગભરાય છે, ડીયર?

રોશની બધું હોવા છતાં મારું જીવન શુષ્ક રણ જેવું. જેને મનના અતલ ઊંડાણથી પ્રેમ કરું છું, એણે પણ સાથ છોડી દીધો- રાજન સાથેના એ અતૂટ સંબંધ શું કાચના હતા? એને પણ મારા પર વિશ્વાસ ન બેઠો. આ ભણતર, આ સંપત્તિને માણવા આપણું કોઈ ન હોય તો- કહેતાં સોનાલીથી રડી પડાયું.

સંઘર્ષો સામે બાથ ભીડવાની એનાથી હારી ન જવાય માય ડીયર સોનુ.

ઘરમાં આગ લાગી એટલે અહીં જંગલમાં આવી તો અહીં પણ દાવાનળ- રોશની તું જ કહે કે હું સાચી છું, એ સાબિત કરવા મારે સીતાજીની જેમ અગ્નિપરીક્ષા આપવાની છે, અને કોણ લેશે- રાજન મારા ચરિત્ર પર શંકા કરે એ જ હું સહન કરી શકતી નથી. એ ઘર છોડીને ગયો છે, હું એ ઘરમાં નથી રહી શકતી, એટલે મેં અહીં જોબ સ્વીકારી. રોશની ઈનફ ઈસ ઈનફ- હું હારી ગઈ છું. થાકી ગઈ છું. ક્યાં ભાગી જઉં સમજ નથી પડતી.

અરે, એક ટેલેન્ટેડ, એજ્યુકેટેડ સોનાલી આવું કહે છે- તું તો સી.ઈ.ઓ.ની પર્સનલ સેક્રેટરી છે, કંપનીમાં બધા મેડમ કહીને માન આપતા હશે. પે-પેકેજ પણ સારું હશે. અને રાજન તને ખૂબ મિસ કરે છે, ઓફિસમાં પણ ગંભીર હોય છે. એની બર્થડે હતી તે દિવસે અમે કહ્યું કે રાજન પાર્ટી હો જાય- એણે કહ્યું- સોનુ, વગર હું શું પાર્ટી કરું?


અમારી કંપનીમાં નિર્મલ પાંડે છે. આજે મારી અંગત વાત જાહેર કરવાની ધમકી આપતો હતો. કોણ છે આ- એ શું કરશે? આ ભૂતકાળનો કાળસર્પ મને કયારે છોડશે? સોનાલીએ ચિંતિત થઈ પૂછયું.

મને લાગે છે કે આ એ જ પાંડે છે, જેણે છ મહિના આપણી કંપનીમાં કામ કર્યું છે. એ તને ટેન્શન આપે છે, તેમાં તારે ડરવાની જરૂર નથી. એને તો આપણી કંપનીમાંથી તગેડી દીધો હતો. એનાથી શું ગભરાવાનું ?

રોશનીના આ શબ્દોથી સોનાલીના મનમાં નવી શક્તિનો સંચાર થયો. ■

ફોકસ
પ્રભાકાન્ત કશ્યપ
feedback@bombaysamachar.com

# ગમે ત્યાં ડાન્સ કરશો તો ફસાશો કાયદાકીય ચુંગાલમાં!







જ્યારથી સોશિયલ મીડિયામાં વીડિયો રીલનો ટ્રેન્ડ શરૂ થયો છે, ત્યારથી છોકરા-છોકરીઓ ગમે ત્યાં ડાન્સ કરવા લાગ્યા છે. આજકાલ તમે પણ ભીડવાળા રેલ્વે સ્ટેશન, બસ સ્ટોપ પર, બજારમાં, મોલમાં, કોલેજની બહાર અથવા ગમે ત્યાં નાચતા ઘણા યુવાનોની રીલ્સ જોઈ હશે. વાસ્તવમાં, તમે ગમે ત્યાં એટલે કે સાર્વજનિક સ્થળે આ રીતે ડાન્સ કરવા ઊભું રહી જવું, ત્યાં સુધી હાસ્ય, ખુશી અને આનંદની વાત છે જ્યાં સુધી કોઈને આપત્તિ ન હોય અને કોઈ આ બધા સામે કાયદેસરની કાર્યવાહી ન કરે.

જો કોઈને આપત્તિ થાય તો આ રીતે ગમે ત્યાં ડાન્સ કરવાથી કાયદાકીય મુશ્કેલી ઊભી થઈ શકે છે. ખાસ કરીને ઉત્તેજક ડાન્સ કરવો, જેવો આજકાલ છોકરીઓ સોશિયલ મીડિયા પર કરતાં જોવા મળી રહી છે. ભારતીય કાયદા હેઠળ આ દંડનીય અપરાધ છે.

જાહેર સ્થળોએ ઉત્તેજક ડાન્સ કરવો એ અગાઉ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૪ હેઠળ સજાપાત્ર ગુનો હતો અને હવે ભારતીય ન્યાય સંહિતા હેઠળ પણ તેને ગુનો ગણવામાં આવે છે. આટલું જ નહીં ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમ ૬૬ હેઠળ અશ્લીલ ડાન્સ માટે કોઈને ત્રણ મહિનાની જેલ અથવા દંડ અથવા બંને થઈ શકે છે. આવું ત્યારે થઈ શકે છે જ્યારે કોઈ સાર્વજનિક સ્થળે અથવા તો ખાનગીમાં પણ અશ્લીલ ડાન્સ કરી તેને ઓનલાઈન શેર કરે, તો તે સાયબર ક્રાઈમની શ્રેણીમાં આવી જાય છે. પરંતુ સૌથી ખતરનાક 'ઈન્ડિસેન્ટ રિપ્રેઝન્ટેશન ઑફ વુમન એક્ટ ૧૯૮૬' છે, જેમાં જો મહિલાઓને અશ્લીલ ડાન્સમાં અયોગ્ય રીતે રજૂ કરવામાં આવે તો પાંચ વર્ષ સુધીની સજા અથવા દંડ અથવા બંને થઈ શકે છે.

વાસ્તવમાં આવા કેસમાં તમને કોર્ટમાં રજૂ કરવામાં આવે છે અને તમારો ડાન્સ અશ્લીલ ન હતો તેઓ બચાવ કરવાની જવાબદારી તમારી બની જાય છે. આ એક લાંબી અને અત્યંત ખર્ચાળ પ્રક્રિયા છે.

આ ઉપરાંત, જાહેર સ્થળોએ અશ્લીલતાના આરોપો પણ વ્યક્તિની સામાજિક છબી અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે છે.

જો સાર્વજનિક સ્થળે અશ્લીલ ડાન્સ કરનાર સ્ત્રી કે પુરુષ નોકરી કરતી હોય તો તેની નોકરી એટલે કે પ્રોફેશનલ લાઈફ પણ તેનાથી પ્રભાવિત થઈ શકે છે. ઘણાં લોકો પૂછશે કે અશ્લીલ ડાન્સની વ્યાખ્યા શું છે? તો જાણી લો કે સાર્વજનિક સ્થળે કરવામાં આવેલો તમારો ડાન્સ કોઈ ચોક્કસ સમાજની માન્યતાઓ, નૈતિકતા અને સંસ્કૃતિ પર સવાલો ઉઠાવે તો તે અશ્લીલ ગણાશે. તેને અશ્લીલ ગણવા માટેનો બીજો આધાર એ છે કે તમે એવાં કપડાં પહેરીને ડાન્સ કરો છો, જે સમાજમાં અભદ્ર ગણાય છે. તેથી,જાહેર સ્થળોએ હંમેશાં જવાબદારીપૂર્વક વર્તવું વધુ સારું છે.

કોઈપણ રીતે તમારો ઉત્સાહ વ્યક્ત કરતા પહેલા એ જાણી લો કે આમ કરવાથી કોઈની ભાવનાઓને ઠેસ તો નહીં પહોંચેને અને હા, જો તમે કોઈ કાર્યક્રમનું આયોજન કરી રહ્યા હોવ તો પણ તમે આવા કાયદાથી બચી શકશો નહીં. તેથી, કોઈપણ કાર્યનું આયોજન કરતા પહેલા, તેની પ્રક્રિયાઓ અને શું કરી શકાય અને શું ન કરી શકાય તે વિશે જાણી લો.

નિયમોનું પાલન કરવું ખૂબ જ જરૂરી છે. સોશિયલ મીડિયા પર ઉત્તેજક અથવા સામાન્ય રીતે અશ્લીલ ગણાતા ડાન્સ વીડિયો ક્યારેય શેર કરશો નહીં. આ ફક્ત તમારી સામાજિક છબીને જ નુકસાન નહીં પહોંચાડે, પરંતુ કાયદાકીય રીતે તમને જેલની સજા અથવા દંડ અથવા તો બંને સજા થઈ શકે છે. તેથી, જાહેર સ્થળોએ હંમેશાં મર્યાદા અને શિસ્તતાનું પાલન કરો.

જોવાની વાત એ છે કે આ દિવસોમાં સોશિયલ મીડિયા પર રીલ શેર કરવા માટે યુવાનો જાહેર સ્થળોએ ખૂબ જ ઉત્તેજક ડાન્સ કરે છે અને પછી તેને શેર કરે છે. વાસ્તવમાં, લોકોને આકર્ષવાનો આ એક રસ્તો છે જેથી તેમના વીડિયો વાઇરલ થાય અને તેઓ આ રીલ્સમાંથી સારી એવી કમાણી કરી શકે.


કેટલાક લોકોને લાગે છે કે તેમના ખાસ ડાન્સ મૂવ્સ અલગ અને અનોખા છે, તેથી તેઓ આવા વીડિયો શેર કરીને રાતોરાત ફેમસ થઈ જશે. આવા વીડિયો ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને પહેલા ટિકટોક પર વ્યાપકપણે શેર કરવામાં આવતા હતા. વધુ ને વધુ લાઈક્સ મેળવવા યુવાનો હવે એવી જગ્યાઓ પર ડાન્સ કરીને લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માગે છે, જ્યાં સામાન્ય રીતે આ બધા માટે કોઈ અવકાશ નથી. તેનું એક કારણ એ છે કે આજની યુવા પેઢી દરેક સમયે પોતાની જાતને વ્યક્ત કરવાના મૂડમાં છે.

તેઓ તેમની કુશળતા અને ઉત્સાહ દરેક જગ્યાએ પ્રદર્શિત કરવામાં અચકાતા નથી. પરંતુ આ પ્રકારની મસ્તી તેમને કાયદેસર રીતે મોંઘી પડી શકે છે. તેથી, જાહેર સ્થળોએ હંમેશાં સામાજિક શિષ્ટાચાર જાળવો. પબ્લિક પ્લેસ પર આ રીતે ડાન્સ કરવાથી માત્ર કાયદાકીય સમસ્યાઓ જ નહીં, ટ્રાફિકમાં પણ ખલેલ પડે છે, સલામતી સાથે ચેડા થાય છે અને લોકો બિનજરૂરી રીતે વિચલિત થાય છે. જેના કારણે અકસ્માતો પણ સર્જાય છે અથવા તો થવાની સંભાવના રહે છે. તેથી આવી પ્રવૃત્તિઓ ટાળવી જોઈએ. ■

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# મોદીજી, ભૂલી તો નથી ગયા ને? ગામડાંને સમૃદ્ધ કરવાનું ?!

## ગામડાંને સમૃદ્ધ બનાવી લોકોને સુખી કરવા હશે તો દરેક ગામે આવાં કાર્યો કરવાં પડશે.




સૌરાષ્ટ્રમાં સૌથી નોંધપાત્ર ગામ તરીકે રાજકોટથી ૨૨ કિલોમીટર અંતરે આવેલા રાજસમઢિયાળાનું નામ દરેકના હોઠે આવી જાય. આ ગામડાની ડોક્યુમેન્ટરી પાંચ વખત દૂરદર્શન પર દેખાડવામાં આવી ચૂકી છે. ‘સુરભિ’ સિરિયલમાં પણ તે ચમક્યું હતું. કોઈ એમ કહે કે રાજસમઢિયાળામાં રામરાજ્ય છે તો તેમાં અતિશયોક્તિ નથી, કારણ કે આ ગામમાં કોઈ ઘરને તાળું મારતું નથી. બપોરે દુકાન ખુલ્લી મૂકીને વેપારી જમવા ચાલ્યા જાય છે.

ગ્રાહક આવે તો પોતાને જોઈતી વસ્તુ લઈને તેની કિંમત ગલ્લામાં મૂકી દે છે. ગુટખાવિરોધી ઝુંબેશની ગમે તેટલી પ્રેસનોટ છપાય કે શપથ લેવાય, તેનું પરિણામ જોવા મળતું નથી,પણ રાજસમઢિયાળામાં ગુટખા વેચવા પર જ પ્રતિબંધ છે અને એ કોઈ તોડતું નથી. ગ્રામપંચાયતની દુકાને રાહતભાવનું કેરોસીન વેચાય છે, પણ કેરોસીન લોકો જાતે લઈ લે છે. કોઈ ચોરી કરતું નથી. થોડાં વરસો પહેલાં ગામમાં ચોરી થઈ હતી. બીજા દિવસે એક ભાઇએ ગ્રામપંચાયતમાં ચોરીની જાહેરાત કરી કે તરત તેમને વળતર પેટેના સાઠ હજાર રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા.

આ તમામ વાતોનો સઘળો જશ રાજસમઢિયાળાના હરદેવસિંહ જાડેજાને જાય છે. એમ.એ.નું ભણીને એસઆરપીમાં જોડાયેલા હરદેવસિંહ જાડેજાનું મન અકળાયું એટલે નોકરી છોડી દઈ ગામની વાટ પકડી લીધી, પણ એ પછી તેમણે ગામને એવું કંડાર્યું કે બીજાં ગામો રાજસમઢિયાળાના માર્ગે ચાલવા મજબૂર બન્યાં છે. ‘હિન્દુસ્તાન’ના પત્રકાર વિજેન્દ્ર રાવતે તો લખ્યું પણ ખરું કે ભારત કે ઈસ ગાંવ કે પદચિહ્નો પર ચલેં તો દેશ કે ગાંવો કા ઉદ્ધાર નિશ્ચિત હૈ

હરદેવસિંહ જાડેજા ૧૯૭૮માં આ ગામના સરપંચ બન્યા પછી આ ગામે આખા ભારતભરમાં પ્રસિદ્ધિ મેળવી છે.

સરપંચ બન્યા પછી હરદેવસિંહે કચરો નાખવાનો, જુગાર રમવાનો, દારૂ પીવાનો કે ઝઘડા વખતે પ્રથમ ગાળ બોલનારાને દંડ કરવાનો નિયમ કર્યો અને પ્રથમ વરસે ૩૦,૦૦૦ રૂપિયા દંડ વસૂલ કર્યો. ‘ભૂવા નાબૂદી’નું સૂત્ર આપ્યું. બાળકદીઠ એક વૃક્ષ વાવવાનો નિયમ કર્યો અને તેના કારણે ગામની ફરતે ઘટાદાર વૃક્ષો ઉગાડાયાં. ઘરો ઉદ્યાન જેવાં બની ગયાં. તમે રાજસમઢિયાળા જાઓ તો હરદેવસિંહ જાડેજા ગ્રામપંચાયતની ઓફિસેથી સીધા જ હરિજનવાસમાં લઈ જાય અને કોઈ રિસૉર્ટ જેવો હરિજનવાસ જોઈને આભા થઈ જવાય. હરદેવસિંહે ગામ ફરતે પાળા કરાવીને વહી જતું પાણી રોકાવ્યું. તેને કારણે ગામ અને જમીનનાં તળ સુધર્યાં. પાણીની છૂટ થઈ ગઈ.

રાજસમઢિયાળાની વસતિ પૂરા બે હજાર માથાંની નથી, પણ તે વાર્ષિક ૩૫,૦૦૦ મણ ઘઉં અને સાત હજાર મણ કપાસનું વાવેતર મેળવે છે, બીજા પાક જુદા. વરસે પચાસ લાખથી વધારે કિંમતનાં તો આ ગામ શાકભાજી વેચે છે. અહીં ગામના દરેક વોકળા પર ચેક ડેમ બનાવી લેવામાં આવ્યા છે. એને કારણે ચોમાસાનું પાણી તળમાં ઊતરે છે. ગામની સીમમાં ધીમે ધીમે કરતાં ૫૧,૦૦૦ વૃક્ષો પણ વાવ્યાં છે.

લોકોનું તો એવું છે કે ફાયદો જુએ તો શ્રદ્ધા બેવડાઈ જાય. હરદેવસિંહ જાડેજાને કારણે ગામ સ્વચ્છ, સુરક્ષિત અને સમૃદ્ધ બન્યું, એટલે તેમને ખોબલે ખોબલે સહકાર મળવા માંડ્યો. હરદેવસિંહની ઇચ્છા સ્ટેડિયમ બાંધવાની હતી તો ગામલોકોએ સામેથી જમીન આપી દીધી. સ્ટેડિયમમાં ક્રિકેટની પાંચ ટર્ફ વિકેટ બનાવવામાં આવી છે. હરદેવસિંહ જાડેજા કહે છે, ‘આ સ્ટેડિયમ પહેલાં અમે ગામના દરેક ઘરની પ્રાથમિક સુવિધાની દેખભાળ કરી હતી. અમારા આખા ગામમાં અત્યારે સિમેન્ટના રસ્તા બની ગયા છે. હવે અમે પ્લાસ્ટિક નાબૂદીની ઝુંબેશ ઉપાડી છે. પ્લાસ્ટિકનો કચરો ફેંકે તેને ૫૧ રૂપિયા દંડ અને જેના ઘર પાસે એ કચરો પડ્યો હોય તેનો અગિયાર રૂપિયા દંડ અમે લઈએ છીએ. મારે રાજસમઢિયાળા ફરતે એક લાખ વૃક્ષો વાવવાં છે એટલે તેનો ટાર્ગેટ બધાને આપી દીધો છે. મારો ટાર્ગેટ સૌથી મોટો રાખ્યો છે. મારી જમીનમાં હું દસ હજાર વૃક્ષો વાવવાનો છું. પાંચ હજાર જેટલાં જામફળ અને સીતાફળ તો વાવી દીધાં છે. ૩૫૦ આંબા વાવ્યા છે.’

રાજસમઢિયાળાની સમૃદ્ધિ જોઈને તેની આજુબાજુનાં પંદરેક ગામો પણ તેને પગલે ચાલવા માટે તૈયાર છે. ખોબડદળ, અણિયારા, લીલી સાજડિયાણી, ભૂપગણ, લાખાપર, ત્રંબા જેવાં આ ગામોમાં ૧૩૦ જેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા છે. લીલી સાજડિયાણી ગામમાં સરપંચની ચૂંટણી નહીં, પણ પસંદગીથી ચૂંટાશે એવો નિર્ણય લેવાઈ ગયો છે.

જ્યાં પસંદગી હશે ત્યાં જ ગામનો વિકાસ ઝડપથી થશે એવું માનતા હરદેવસિંહ જાડેજાને આજથી દશ વરસ પહેલાં અમે પૂછેલું કે તમારા ગામ માટે છેલ્લે નવું શું કર્યું એ કહો? તો તેમણે કહ્યું કે, ‘ઉપગ્રહ મારફત મળેલી તસવીરોમાં જિયોલોજિક સર્વે કરાવીને અમે વર્ષો અગાઉ થયેલા ધરતીકંપથી થયેલી તિરાડો (ફ્રેક્ચર) શોધીને તેમાં પાણી ઉતાર્યું છે. એ કારણે અમારા ગામનાં તળ એક કિલોમીટર ઊંડે સુધી પાણીવાળાં બન્યાં છે. આટલી ગરમીમાં પણ અમારા ગામના એક કૂવામાં (ઉપરથી) દસ ફૂટ પાણી આજે પણ છે.

**ખબર નહીં આ બધું કોણે અને ક્યારે ક્યાં મુક્યું. મારી પાસે આજે આવ્યું અને મેં શેર કર્યું. કાંતિ મડિયાએ કહ્યું હતુંઃ સુખ અને દુઃખ વહેંચવાથી વધે છે...**

આજે આટલું જ... ■


ટ્રાવેલ પ્લસ
કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# પીલીભીત - તરાઈના વાઘની નવી નગરી




ભારતીય સંસ્કૃતિમાં અરણ્ય વસેલું છે, ખરી રીતે કહીએ તો અરણ્યમાંથી આપણી સંસ્કૃતિનો જન્મ થયો છે. આપણે સહુ ભારતીય અરણ્યમાંથી જ તો ઊછર્યા છીએ. અરણ્યને નજીકથી જાણવા પ્રયત્નો કરીએ તો એનાં વાત્સલ્યને સ્પષ્ટપણે અનુભવી શકીએ. જંગલને જંગલની રીતે જ માણીએ તો જંગલ વિષે વધારે ઊંડાણમાં સમજી શકીએ. ભારતમાં તરાઈનાં વિશિષ્ટ પ્રકારનાં બારેમાસ લીલાં રહેતાં જંગલોમાં ફરતાં ફરતાં જંગલો સાથે સંવાદ કર્યો અને સમજી શકયો કે જંગલ એટલે કુદરતે સર્જેલી પાઠશાળા, જ્યાં કુદરતના નિયમો એ જ એની કિંમત છે. અહીં બસ કુદરતના સાક્ષી બનીને જ કુદરતને માણી શકાય. હંમેશા દરેક જંગલ મને વહાલથી આવકાર આપે. હવા સાથે પર્ણોનો વાર્તાલાપ, પંખીઓનો કલરવ, તમરાઓની ગુંજ, વાઘની ત્રાડ, હરણાઓનો કોલ, ઘુવડનો અલાર્મ કોલ આ સઘળું એમના આવકારના સંકેતો છે. જંગલ આખુંય આ વિશિષ્ટ પ્રકારના પ્રભાવક જીવોનું ઘર છે અને આ જંગલોનું સર્જન પણ કુદરતે અહીં વસતા દરેક જીવોની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને કર્યું છે. આ જંગલમાં વહેતી નદીઓ, વૃક્ષો અને પશુ-પંખી સમેત સહુએ મને હંમેશા વહાલથી આવકાર્યો છે. જંગલનાં પક્ષીઓનો મધુર અવાજ સાંભળીને કંઈક સારું, અલગ અને નશીલું લાગે છે. દોસ્ત, જંગલ એ નશો છે જે દુનિયાના કોઈ પણ નશાની તોલે ન આવે. ભારતનાં અદ્ભુત જંગલોમાં વિવિધ પ્રકારનાં જંગલોનો સમાવેશ થાય છે જેમાં ઉષ્ણકટિબંધ બારમાસી જંગલો, લીલાં પાનખર જંગલો, સૂકાં પાનખર જંગલો, મિશ્ર જંગલો, શંકુદ્રમ જંગલો, કાંટાળાં જંગલો, અફાટ રણપ્રદેશો, તરાઈનાં જંગલો, ઘાસિયાં મેદાનો, સમુદ્રકાંઠાનાં મેન્ગ્રુવ્સ અને સ્વેમ્પ જંગલો, દરિયાઈ પરવાળાનું પાણી નીચે રહેલું ગજબ વિશ્વ, વિશાળ નદીઓના પટમાં આવેલા મેદાની પ્રદેશો વગેરે. તરાઈનાં જંગલોમાં પહેલી વાર ગયો ત્યારથી જ એવું અનુભવ્યું કે હિમાલયનો આ હિસ્સો સાવ અલિપ્ત અને તપસ્વી જોગીની માફક એની પોતાની જ ધૂનમાં મસ્ત હોય એમ એક અલગ જ રાગ છેડતો હતો. અહીંના વાઘ પણ મસ્ત મગન થઈને ફરતા હોય, હરણાઓ અહીં તહીં નિશ્ચિંત થઈને કૂદતાં હોય, બારાસિંઘા સૂર્યની હૂંફાળી ગરમીમાં મસ્તી કરતા હોય, સૂર્યનાં કિરણો પર્ણોમાંથી ગળાઈને હસતા ઘાસને હૂંફ અને માટીમાંથી નશીલી સુગંધ મનને તાજગી આપતી હોય. આ બધાની સામે કયું ભૌતિક સુખ વહાલું લાગે?

નિસર્ગની પ્રકૃતિ શાંત છે, ગંભીર છે. આ એ જંગલની વાત છે જે ઉત્તરપ્રદેશ રાજ્યમાં હિમાલયની તળેટીમાં આવેલાં તરાઈનાં વિશાળ જંગલોનાં સૌંદર્યનો અનુભવ કરાવે છે. જંગલ સાથે ભયને કશી જ લેવાદેવા નથી હોતી. જો જંગલો ભયાવહ જ હોત તો દરેક જીવમાત્રને એ ક્યારેય ન આકર્ષી શકત. જંગલ કુદરતનું એવું રૂપ છે જે સ્પષ્ટપણે જોઈ શકાય છે. હું કુદરતમાં વિશ્વાસ કરું છું અને એ જ કુદરતને હું હંમેશા જંગલોમાં જ જોઉં છું. નેપાળની સરહદે આવેલ પીલીભીત ટાઇગર રિઝર્વ ભારતનાં સુંદર તરાઈનાં જંગલોમાંનું એક છે. પીલીભીત ટાઇગર રિઝર્વમાં ચૂકા ઇકો ટુરિઝમ ઝોન વિકસાવેલ છે જ્યાં શારદા નદીનો વિશાળ ઘાટ એક સુંદર બીચ માફક જોવા મળે છે અને અહીં ઉત્તરપ્રદેશ વન વિભાગ દ્વારા બોટિંગ કરાવવામાં આવે છે. પીલીભીત પક્ષીવિદો માટે સ્વર્ગ સમું કહી શકાય. ભારતીય વિસ્તારમાં દેખાતાં ૧૩૦૦ જેટલાં પંખીઓની પ્રજાતિમાંથી અહીં ૩૭૦ કરતાં પણ વધારે પ્રજાતિઓ જોઈ શકાય છે. આ સ્થળની ૧૫ જૂન સુધી જ મુલાકાત લઈ શકાય છે, ત્યાર બાદ ચોમાસા દરમ્યાન છેક ઓકટોબર ૧૫ સુધી લાંબો બ્રેક હોય છે.




ઉત્તરપ્રદેશમાં શાહજહાંપુર જિલ્લામાં શારદા અને ઘાઘરા નદીના કિનારે આવેલ પીલીભીત ટાઇગર રીઝર્વ ભારતનાં ખૂબ જ મનોરમ્ય જંગલોમાંનું એક છે. ભારત-નેપાળની આંતરરાષ્ટ્રીય સરહદ પર સ્થિત આ જંગલ ૨૦૧૪માં ભારતના ૪૫મા ટાઇગર રીઝર્વ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. ૭૩૦.૨૫ ચો. કિમી. વિસ્તારમાં વિસ્તરેલ પીલીભીત ટાઇગર રિઝર્વ આજે આશરે ૬૦ થી ૬૫ જેટલા વાઘ સાથે દેશનાં સઘળાં વાઘ સંરક્ષણ ઉદ્યાનમાંથી વાઘનાં સંરક્ષણ માટે આગવું સ્થાન ધરાવે છે. અહીં ખૂબ જ ટૂંકા ગાળામાં ઝડપથી વાઘની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાયો છે. તાજેતરમાં પ્રોજેક્ટ ટાઇગરને ૫૦ વર્ષ પૂરાં થયાં એ અનુસંધાનમાં ભારતભરમાં મુક્તપણે મહાલતા વાઘની કુલ સંખ્યાના આંકડા જાહેર કરવામાં આવ્યા છે જે ૩૧૬૭ છે એ સાથે આજે વિશ્વભરમાં વસતા કુલ વાઘમાંથી ૮૦% જેટલા વાઘ તો ખાલી ભારતમાં જ વસવાટ કરે છે. ૧૯૭૩માં શ્રીમતી ઇન્દિરા ગાંધી દ્વારા ઉત્તરાખંડના જિમ કોર્બેટ નેશનલ પાર્કથી પ્રોજેક્ટ ટાઈગરની શરૂઆત થઈ હતી. તાજેતરમાં છત્તીસગઢ સ્થિત ગુરુ ઘાસીદાસ નેશનલ પાર્કને ૫૩મો ટાઇગર રિઝર્વ પ્રોજેક્ટ ઘોષિત કરવામાં આવ્યો એ સાથે આજે ભારતમાં કુલ ૫૩ ટાઇગર રિઝર્વ પ્રોજેક્ટ્સ આ અદ્ભુત અને પ્રભાવક પ્રાણીઓનું ઘર બન્યા છે અને કુદરતની આહાર શૃંખલામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવી રહ્યા છે જેનો સંપૂર્ણ શ્રેય પ્રોજેક્ટ ટાઇગરને જાય છે.

ઉત્તરપ્રદેશનો આ વિસ્તાર ભરપૂર પાણી ધરાવે છે પરિણામે અહીં શેરડીનો મબલક પાક લેવામાં આવે છે. આ જ શેરડીનાં ખેતરો વાઘનાં બચ્ચાઓનાં ઉછેર માટે સહુથી સુરક્ષિત સ્થળ છે, પરિણામે તરાઈનાં આ જંગલોમાં વાઘની સંખ્યામાં ભારતનાં બીજાં જંગલો કરતાં ખૂબ જ ઝડપથી વધારો નોંધાયો છે. જંગલમાં પ્રવેશ કરતાં જ ચિત્તલનું ઝૂંડ તમારું સ્વાગત કરવા તૈયાર જ હશે. જેમ જેમ જીપ્સી જંગલ માર્ગે આગળ વધશે કે તરાઈનાં અવનવાં પ્રાણીઓ અલગ અલગ રંગરૂપમાં નજર સામે દેખાવાં લાગશે. અહીં વાઘને મુક્તપણે વિહરતો જોવો એ એક લહાવો છે. ગગનચુંબી સાલનાં વૃક્ષોમાંથી માંડ માંડ કરીને ગળાઈને આવતો સૂર્યપ્રકાશ અહીંના વિવિધ છોડવાઓને જાણે અલગ જ પ્રકારના રંગો પ્રદાન કરે છે. અહીં વસતા બારાસિંઘા, સાંભર, ચિત્તલ, બાર્કિંગ ડિયર અને હોગ ડિયર મળીને હરણની પાંચ પ્રજાતિઓ, જંગલી સૂવર, વિભિન્ન પ્રજાતિના વાંદરાઓ અને માંકડાઓ વગેરે આ જંગલને વાઘ માટે એક આદર્શ અભયસ્થાન પૂરું પાડે છે પરિણામે સહુથી ઓછા સમયમાં વાઘની પ્રજાતિને ડબલ કરવા માટે આ ટાઇગર રિઝર્વ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પામ્યો છે.

ચૂકા ઇકો ટુરિઝમ તરીકે ઓળખાતા આ સ્થળ પર ચૂકા બીચ પર જ નૈસર્ગિક વાતાવરણમાં રહીને આ જંગલનો આનંદ માણી શકાય એ માટે ઉત્તરપ્રદેશ વન વિભાગ દ્વારા અહીં વિશ્રામગૃહની વ્યવસ્થા કરવામાં આવી છે જે ઉત્તરપ્રદેશ વન વિભાગની વેબસાઈટ પર સરળતાથી બુક કરાવી શકાય છે. અહીંની સફારી અલગ અલગ ચાર ગેટ પરથી કરી શકાય છે. વાઘને વિહરતો જોવો અહીં ખૂબ સરળ તો ન કહી શકાય, પણ નસીબ સાથ આપે તો તરાઈના જંગલમાં વાઘ જોવાનો અનુભવ જીવનભરનો સર્વશ્રેષ્ઠ અને યાદગાર અનુભવ બની રહેશે. ખૂબ જ ઊંચું ઘાસ અને ગીચ જંગલના કારણે ભાગ્યે જ અહીં વાઘ દેખાય. ઊંચા સાલની કેનોપી, હિમાલયનાં પક્ષીઓ ક્યાંય આછેરી ઝલક બતાવે તો ક્યારેક કરતબો બતાવે, દેખાય નહિ તો ટહુકારથી એમની હાજરી વર્તાયા કરે એવું વાતાવરણ તો એ અદ્ભુત જીવો તો બનાવે જ. ફેફસામાં ભરાય એટલી શુદ્ધ હવા ભરી લો અહીં, આંખો થાકે ત્યાં સુધીનું પ્રાકૃતિક સૌંદર્ય મનમાં ઠાંસી લો, બાકી કોઈ કેમેરાની સક્ષમતા નથી કે અહીંયાના વિશ્વને કેદ કરી શકે. છેલ્લે હું એટલું કહી શકું કે જે મળ્યું એ ખરેખર ખૂબ જ મહત્ત્વનું હતું.

તાજેતરના વાઘની વસ્તી ગણતરીના આંકડાઓ, જંગલમાં ત્રાડ પાડીને પોતાના અસ્તિત્વનો પરિચય આપતા જંગલના રાજા વાઘ અને અને એના સંરક્ષણના પ્રયત્નો સીધી કે આડકતરી રીતે આપણને સહુને પર્યાવરણ માટે ખૂબ જ સંવેદનશીલ બનાવે છે. ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

### હેલ્થ ગેઝેટનું અજબ-ગજબ

# એક્ઝેટ-એક્યુરેટ ને અમેઝિંગ...

નવા વર્ષે દરેક વ્યક્તિ કોઈ એક રિઝોલ્યુશન સેટ કરે છે. કોઈ ચોક્કસ સંકલ્પ લઈને કંઈક કરી છૂટવાની દરેકની તૈયારી હોય છે.

મોટા ભાગે વહેલી સવારે વહેલા ઊઠીને કસરત કરવા જવાનું, જીમ જવાનું અને આખું વર્ષ ફીટ એન્ડ ફાઈન રહેવા માટેની આખી શ્રેણી તૈયાર કરવામાં આવે છે.

આ બધા પાછળ પહેલો પડકાર વહેલી સવારે ઊઠવાથી શરૂ થાય છે. મોબાઈલના બેક ટુ બેક એલાર્મ તો ઑફ થઈ જાય છે ઊંઘમાં. હવે નવા વર્ષે સ્માર્ટ અને ડિજિટલ ગેઝેટની દુનિયામાં હેલ્થ ગેઝેટ એવાં આવી રહ્યાં છે જે સતત તમને એલર્ટ રાખશે - અપડેટ રાખશે. નવા વર્ષે હેલ્થ ગેઝેટનું માર્કેટ એ સ્તરે અપડેટ થવાનું છે કે, ભવિષ્યમાં બ્લડગ્રૂપ જાણવા પણ ડિવાઈસ આવી જાય તો નવાઈ નહીં.

સ્માર્ટ વૉચ પહેરનારી દરેક વ્યક્તિ પાસે પોતાની હાર્ટબિટ અને સ્ટેપનો રેકોર્ડ હોય છે. હવે સ્માર્ટ વૉચમાં જ હેલ્થ એપથી આખું સેક્શન આવી રહ્યું છે, જે ટોટલ બોડીફેટથી લઈને સ્ટેપ કાઉન્ટ તો કહેશે, એ ઉપરાંત વહેલા ઊઠવા



માટે એક વૉઈસનોટની જેમ કામ કરશે.

બ્રિટનના AI રિસર્ચર સ્માર્ટ વૉચને એ રીતે કસ્ટમાઈઝ કરી રહ્યા છે - બનાવી રહ્યા છે કે જેમાં વહેલી સવારે ઊઠવામાં પડતી મુશ્કેલીને દૂર કરી શકાય. આ માટે ૧૦૦ લોકોનો એક એવો સરવે કરવામાં આવ્યો, જેમાં એ પૂછવામાં આવ્યું કે, કઈ વાત એમની ઊંઘ ઉડાવી દે છે. એમની ઊંઘનો પણ અભ્યાસ કરવામાં આવ્યો, જેને ‘સ્લીપ લેસન રિપોર્ટ’ નામ અપાયું. પછી સ્માર્ટ વૉચમાં ‘વૉઈસનોટ પ્લસ’ ફીચર એડ કરવાના પ્રયાસ શરૂ થયા. આ પ્રયોગ હજુ પરીક્ષણ હેઠળ છે.

## હેલ્થ એનાલિટક્ટ AI

આશા રાખીએ કે, નવા વર્ષે આ ગેઝેટ ‘હેલ્થ એનાલિટક્ટ AI’ની અપડેટ આપણા સુધી પહોંચે. માની લો કે, સતત પાંચથી સાત કલાકનું સિટિંગ (બેઠક) થયું અને શરીરના સાંધા જામ થઈ રહ્યા છે તો હેલ્થ એનાલિક્ટ AI આપણને યાદ દેવરાવશે કે, ‘લેટ્સ વૉક... એક્સસાઈઝ..ડ્રિંક વૉટર...!’

કેલિફોર્નિયાની એક કૉલેજમાં સ્માર્ટ એપ્લિકેશન પ્લસ AIના માધ્યમથી એવો પ્રયોગ થયો, જેમાં સતત બેઠાડું કામ કરતી વ્યક્તિના શરીરમાં આવતા ફેરફાર નોંધી એને એક્ટિવ કરવા એપ તૈયાર થઈ. કૉલેજના સ્ટુડન્ટને ગેઝેટ પોસાય એમ હતું નહીં એટલે વેબસાઈટ અને એપ્લિકેશન બનાવી દીધી, જે હાર્ટબિટ, બ્લડપ્રેશર, સ્ટેપ અને વોટર લેવલની માહિતી આપશે.

તમે કહેશો આમાં શું નવું છે? ‘એપલ’ અને ‘સેમસંગ’ જેવી કંપની હવે સ્લીપ ડાયગ્નોસિસ પર રિસર્ચ કરી રહી છે, જેને AI સાથે જોડીને હ્યુમન ડિસઓર્ડર તૈયાર કરશે.

આમ પાણી આવ્યાં પહેલાં જ પાળ બંધાય જાય તો ઘણું સારું કામ થાય. બીમારી લાગુ થાય એ પહેલાં જ ગંભીર એલર્ટ મળી જાય તો સુરક્ષાનાં પગલાંમાં વીજવેગ જોવા મળે. સ્લિપ ડાયગ્નોઝ અને ડિસિઝ પર ‘એપલે’ એ વાત નોટ કરી છે કે, શરીરમાં શિથિલતા આવે ત્યારે ઈન્ફેક્શન વધુ વકરે છે. આનો રિપોર્ટ પણ ‘એપલ’ પોતાની નવી સ્માર્ટ વૉચમાં આપશે.

હવે વાત એક્યુરેસી-ચોક્કસાઈ પર આવીને અટકે છે. જેટલી ડિવાઈસ એટલી એક્યુરેસમાં મતમતાંતર વધારે. હેલ્થ ગેઝેટનો છૂપો સંદેશો એ છે કે, અમારું પરિણામ નજીક હોઈ શકે છે ચોક્કસ નહીં. એટલે ફીટ રહેવા મહેનત તો વ્યક્તિએ જ કરવાની.

## બ્લડપ્રેશર મોનિટર ડિવાઈસ

આ કોઈ જેવું તેવું ડિવાઈસ નથી. જે રીતે ઈયરબડ દૈનિક જીવનનો એક ભાગ છે, આ જ ઈયરબડ (ઈયરફોન) હવે બ્લડપ્રેશરની અપડેટ આપશે. સુગર લેવલ બતાવશે. ડાયેટ ફોલો કરતા હશો તો સમયાંતરે ચાર્ટ રિમાઈંડર આપશે. આ માટેની સ્ક્રિન હશે ઈયરબર્નનું ચાર્જર.

## ડિજિટલ આઈમાસ્ક

ઊંઘ આવતી હોય અને ક્યાંય આઉટડોર હો તો આ માસ્ક ઊંઘમાં ખલેલ પહોંચવા નહીં દે. આંખના ખૂણે અને કાન સુધીની જગ્યામાં આ ડિવાઈસ એવા વાયબ્રેશન આપશે કે, થાક ઊતરી જશે. આંખને હાનિ પહોંચાડ્યા વગર આસપાસના એરિયાને એવી રીતે રિલેક્સ કરશે કે જાણે ફેસ પર મસાજ કર્યું હોય. આ પ્રોડક્ટ પર અત્યારે બ્યુટીકેર માટે પણ વપરાય છે. ડાર્કસર્કલને કવર કરવા માટે પણ ઘણા દેશમાં એનો ઉપયોગ થાય છે. જાપાન આનો પ્રયોગ સફળ કરશે તો નવા વર્ષે આ ડિવાઈસ હેલ્થ ગેઝેટમાં સામિલ થશે.

થ્રી-ડી સોનોગ્રાફી સુધી અપગ્રેડ થયેલું મેડિકલ સેક્ટર હવે વીઆર-વર્ચ્યુઅલ રિયાલિટીમાં પ્રવેશવા જઈ રહ્યું છે. મર્યાદા સાથે અને કસ્ટમાઈઝ ડિવાઈસ સાથે એક એવું મેડિકલ ટેબલેટ ‘સેમસંગ’ તૈયાર કરી રહ્યું છે જેમાં વીરઆર સેટઅપથી આખું બોડી એનિમેટેડ ફોર્મ સાથે દેખાશે. હવે જ્યાં ઈન્ફેક્શન કે ફોલ્ટ હશે એને લાઈવ જોઈને ડિટેક્શન કરી શકાશે. ■


### આઉટ ઑફ ધ બૉક્સ

*વર્ષ ૧૯૭૧માં પહેલો ઈ-મેલ સેન્ડ કરવામાં આવ્યો હતો. જેમાં કોઈ મેસેજ નહીં, પણ કિ-બોર્ડની ઉપરની પહેલી ટેકસ્ટ લાઈનના માત્ર અક્ષરો જ હતા.*

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# સોક્રેટિસ - મનુભાઈ પંચોળી 'દર્શક'




ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર નામ પરથી કંઈ યાદ આવે છે? હવે જો કહેવામાં આવે કે આ વ્યક્તિ ગુજરાતી ભાષાના સમર્થ કવિ, વાર્તાકાર અને વિવેચક છે તો અનેક ચહેરા પર એક મોટું પ્રશ્નચિહ્ન ખડું થયા વિના રહે નહીં, પણ જો તમને કહેવામાં આવે કે આપણે 'સુન્દરમ'ની વાત કરી રહ્યા છીએ તો તમે તરત કહેવાના કે એમનાં કાવ્યો, વાર્તા જ નહીં, તેમણે રચેલાં બાળકાવ્યો પણ વાંચ્યાં છે ને માણ્યાં છે. એમનું લાંબુંલચ નામ હોઠ પર રમવાને બદલે તખલ્લુસ 'સુન્દરમ' સ્મરણપટ પર અંકિત થઈ ગયું છે.

'પાટણની પ્રભુતા' (૧૯૧૬), 'ગુજરાતનો નાથ' (૧૯૧૮), 'રાજાધિરાજ' (૧૯૨૪) સોલંકી યુગની આ ઐતિહાસિક નવલત્રયીથી ગુજરાતી નવલકથા ક્ષેત્રને વળાંક મળ્યો હોવાનું સાહિત્ય વિવેચકોનું માનવું છે. આ ત્રણેય નવલકથા તો વાચકોના હૃદય સિંહાસન પર બિરાજમાન છે, પણ એના સર્જક કનૈયાલાલ માણેકલાલ મુનશી - ક. મા. મુનશી પણ સ્મરણ પ્રદેશ પર કાયમી વસવાટ ધરાવે છે. ક. મા. મુનશીએ પ્રારંભનું કેટલુંક લખાણ ઘનશ્યામ વ્યાસ નામથી કર્યું હોવાની નોંધ છે. પોતાના લખાણને કેવો આવકાર મળે છે એ ચકાસવા મુનશીએ અલગ નામ (એ તખલ્લુસ નહોતું) વાપર્યું હોવાની સંભાવના કેટલાક લોકોએ વ્યક્ત કરી હતી.


ગુજરાતીઓને સાહિત્ય સાથે બહુ લેણું નહીં હોય, પણ આપણી પ્રજાને ગઝલનું સૌંદર્ય, એની ખુમારી બહુ જ પસંદ છે. અનેક લોકોને કવિતા મુખપાઠ નહીં હોય, પણ કોઈ ગઝલ નહીં તો છેવટે અલગ અલગ ગઝલના ચુનંદા શેર જરૂર હૈયે અને હોઠે હોવાના. વિચારી બોલ 'શયદા' યા તું એને રાખ કાબૂમાં, અરે એ જીભ છે, જે વિશ્વમાં માથાં કપાવે છે કે પછી હૃદયમાં કોની એ ઝંખના છે, નયન પ્રતીક્ષા કરે છે કોની? ઊભો છે 'શયદા' ઉંબરમાં આવી, ન જાય ઘરમાં ન બ્હાર આવે સાંભળી તમે મલકાઈ ઊઠશો. આ વાંચીને તમને ખ્યાલ આવી ગયો હશે કે એ 'શયદા'ના લખેલા છે. સાહિત્ય પ્રેમીઓ 'શયદા'ને જાણે છે, માણે છે, પણ બહુ ઓછાને ખબર હશે કે આ એમનું તખલ્લુસ છે અને એમનું અસલી નામ હરજી લવજી દામાણી છે. ઈ. સ. ૧૯૧૨માં પ્રથમ વખત તેમની કવિતા તમારા પ્રિય અખબાર 'મુંબઈ સમાચાર'માં પ્રકાશિત થઈ હોવાની નોંધ છે. તેમનું તખલ્લુસ 'શયદા' કેમ છે એનું કારણ જાણવા જેવું છે. દેવનાગરી લિપિમાં 'શયદા' નહીં પણ 'શૈદા' લખાય છે અને શૈદા શબ્દનો અર્થ છે મુગ્ધ, મોહિત, આશિક, પાગલ પ્રેમી વગેરે. હરજી લવજી દામાણીને ગઝલ માટે અનુરાગ - તલસાટ હતા અને એટલે જ તેઓ 'શયદા' તરીકે જાણીતા થયા.

સાહિત્ય વિશ્વમાં એવાં ઘણાં ઉદાહરણ છે જેમાં મૂળ નામ (સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ) કરતા તખલ્લુસ (કલાપી) વધુ લોકપ્રિય હોય. બીજી તરફ એવાં પણ ઉદાહરણ છે જેમાં તખલ્લુસ (વાસુકિ) કરતાં મૂળ નામ (ઉમાશંકર જોશી)થી વિશેષ ઓળખ ધરાવતા હોય. હવે આપણે એક એવા મૂઠી ઊંચેરા સર્જકની વાત કરીએ જેમનું મૂળ નામ અને તખલ્લુસ બંને અફાટ લોકપ્રિય હતા, છે અને આવતી કાલે પણ રહેશે. એ સર્જક છે 'ઝેર તો પીધાં જાણી જાણી' અને 'સોક્રેટિસ' જેવી અવિસ્મરણીય નવલકથાની ભેટ આપનારા મનુભાઈ પંચોળી 'દર્શક'. સર્જકનું મૂળ નામ મનુભાઈ પંચોળી અને 'દર્શક' તખલ્લુસ. રસપ્રદ વાત એ છે કે એમના સર્જનની કે તેમની પ્રવૃત્તિઓનો ઉલ્લેખ થાય ત્યારે મનુભાઈ પંચોળી 'દર્શક' તરીકે જ કાયમ થયો છે અને ભવિષ્યમાં પણ એમ જ થશે એવું એનું કૌવત છે.

ENગ્લિશ વિંGLISH

## PSEUDONYMS

અંગ્રેજી સાહિત્ય જગતમાં અનેક એવા સર્જક થઈ ગયા કે જે મૂળ નામને બદલે પેનનેમ - સુડોનિમથી વધુ પ્રચલિત થયા. એમાં એક નામ એવું છે કે જેમની શોર્ટ સ્ટોરીઝ - ટૂંકી વાર્તા અનેક દેશના લોકોએ માણી છે, પણ એમનું પેનનેમ એટલું પ્રભાવી છે કે મૂળ નામ જાણવાની તસ્દી બહુ ઓછા લોકોએ લીધી છે. કેટલાક તો એ નામને જ મૂળ નામ સમજતા આવ્યા છે. તમને જો વિદેશી વાર્તા વાંચવાનો શોખ હશે તો વિશ્વવિખ્યાત ટૂંકી વાર્તા 'The Gift of the Magi' જરૂર વાંચી હશે. 'ધ ગિફ્ટ ઑફ મેગાઈ'માં ખૂબ ઓછા પૈસા ધરાવતાં પતિ-પત્ની એકબીજાને ક્રિસમસ ગિફ્ટ આપવા શું કરે છે એની હૃદયસ્પર્શી વાર્તા છે. ઝીણવટભર્યું નિરીક્ષણ, પ્રવાહી રજૂઆત અને ચોંકાવી દેનારો કે આશ્ચર્યજનક અંત એ તેમની ટૂંકી વાર્તાની ખાસિયત હતી. The Gift of the Magi and The Duplicity of Hargraves as well as Ransom of Red Chief stories were written by an author named O. Henry. In fact O. Henry is a pen name and his original name was William Sydney




Porter. ઓ. હેન્રી તખલ્લુસ એટલું લોકપ્રિય થયું કે મૂળ નામ વિલિયમ સિડની પોર્ટરથી અનેક લોકો અજાણ રહ્યા. કોઈ ગુના માટે વિલિયમ પોર્ટરને જેલમાં જવું પડ્યું હતું. કારાવાસ દરમિયાન તેમણે ૧૪ ટૂંકી વાર્તા વિવિધ 'પેનનેમ'થી લખી જેમાંનું એક નામ હતું ઓ. હેન્રી. આ પેનનેમ કેવી રીતે પસંદ થયું એનો ખુલાસો ખુદ વિલિયમ પોર્ટરે એક જગ્યાએ કર્યો છે. તેમની વાર્તા મિત્ર મારફત પ્રકાશકને મોકલવામાં આવતી હતી જેથી કોઈને ખબર ન પડે કે કોઈ કેદી વાર્તા મોકલી રહ્યો છે. લેખકશ્રીએ મિત્રને જણાવ્યું હતું કે 'મારી વાર્તા અલગ નામે છપાય એવી મારી ઇચ્છા છે. મને કોઈ ઉપનામ - તખલ્લુસ - પેનનેમ ગોતી આપવામાં મદદ કર.' મિત્રએ કહ્યું આપણે કોઈ અખબાર લઈએ અને એમાં છપાયેલાં નામી હસ્તીઓનાં નામ પર નજર દોડાવી જે ફેશનેબલ નામ લાગે એ અપનાવી લેવાનું. મેં હા પાડી અને અખબાર જોતાંની સાથે મારી આંખ હેન્રી નામ વાંચી ચમકી ઊઠી. મેં કહ્યું કે લાસ્ટ નેમ (અટક) તરીકે હેન્રી રાખીએ. પછી મેં કહ્યું કે ફર્સ્ટ નેમ (મુખ્ય નામ) મને ટૂંકું જોઈએ છે. એટલે મારો મિત્ર તરત બોલ્યો કે એક અક્ષર જ પસંદ કરી લે. મને આ સૂચન ગમી ગયું. અંગ્રેજી અક્ષર 'ઓ' લખવામાં એકદમ સરળ છે અને આમ મારી વાર્તા 'ઓ હેન્રી' તખલ્લુસથી છપાવા લાગી.' આવી મજેદાર કથા છે ઓ. હેન્રી પેનનેમની. 'O. Henry', a pseudonym that first appeared in the story "Whistling Dick's Christmas Stocking" in December 1899.

સગ્ગી बहिण

## टोपणनाव

હિન્દી ફિલ્મ જગતમાં 'સમાંતર સિનેમા' તરીકે ઓળખાયેલી ફિલ્મોમાં એડ ફિલ્મમેકર રવિન્દ્ર ધર્મરાજ દિગ્દર્શિત 'ચક્ર' મહત્ત્વની ફિલ્મ ગણાય છે. આ ફિલ્મની કથા-પટકથા મરાઠી લેખક જયવંત દળવીની એ જ નામની નવલકથા પર આધારિત હતી. **जयवंत द्वारकानाथ दळवी हे मराठी लेखक, नाट्यकार, पत्रकार होते ठणठणपाळ या टोपणनावाने त्यांनी काही वृतपत्रीय स्तंभलेखन केले.** જયવંત દળવીનું યોગદાન વાર્તાકાર, નાટ્યકાર તેમ જ પત્રકાર તરીકે હતું. તેમણે 'ઠણઠણપાળ' (ગુજરાતીમાં ઠનઠનગોપાલ) તખલ્લુસથી અખબારમાં કોલમ લખી હતી. ઠનઠનગોપાલ એટલે દરિદ્ર અથવા નિર્ધન વ્યક્તિ. અલબત્ત જયવંત દળવીને આ 'તખલ્લુસ કે ટોપણનાવ' વૈચારિક કે સાહિત્યિક નિર્ધન અવસ્થાના સંદર્ભમાં નહોતું મળ્યું. દળવી 'લલિત' નામના માસિકમાં નિયમિત કોલમ લખતા હતા. ટીકા કરતી વખતે એમની કલમ ચાબખા ન મારતી, હા ચીંટિયો જરૂર ભરતી અને મોટે ભાગે ગલગલિયાં કરતી. સાહિત્યિક કૃતિને કાર્ટૂનિસ્ટની નજરે જોવાની તેમની શૈલી વાચકો અને લેખકોમાં પ્રિય હતી. તેમનામાં વૈચારિક દારિદ્રય ક્યારેય નજરે નહોતું પડ્યું. તેમના પછી કેટલાક લોકોએ તેમની જેમ નર્મ વિનોદી લેખનનો પ્રયાસ કરી જોયો, પણ ઠણઠણપાળ જેવી શૈલી કોઈ આત્મસાત ન કરી શક્યું.

राष्ट्र भाषा

## छद्मनाम

વિવિધ ઋતુ પર કવિ કાયમ ફિદા રહ્યો છે. એનું વર્ણન કરતી વખતે કવિની કલમ ખીલી ઊઠે છે. એક સમયે હિન્દી સાહિત્યમાં વસંત ઋતુ પર કવિતા લખવામાં જાણે હોડ લાગી હોય એમ મોટો ફાલ ઊતરતો હતો. અનેક કવિઓએ વસંત કાવ્યો લખ્યાં છે, પણ એમાં સૂર્યકાંત ત્રિપાઠીની રચનાઓ અલગ તરી આવે છે. આ કવિનું તખલ્લુસ 'નિરાલા' હતું. તેમને આ તખલ્લુસ કયા કારણસર મળ્યું એનો એક કિસ્સો છે. એક વાર કવિશ્રી પ્રકાશક પાસે પુસ્તકની રૉયલ્ટી લઈ પાછા ફરી રહ્યા હતા. રસ્તામાં એક વૃદ્ધાએ 'બેટા, આ ગરીબને ભીખમાં કંઈક આપ' એમ કહ્યું ત્યારે ત્રિપાઠીજી આક્રોશમાં બોલ્યા 'મને દીકરો કહે છે અને ભીખ માગે છે? તને પાંચ રૂપિયા આપું તો ક્યાં સુધી ભીખ નહીં માગે? 'આખો દિવસ' વૃદ્ધાનો જવાબ. પછી કવિશ્રીએ ૧૦ રૂપિયા અને ૧૦૦ રૂપિયાની વાત કરી એ જ સવાલ કર્યો. વૃદ્ધાની આંખોમાં દયનીય ભાવ જોઈ ત્રિપાઠીજીએ ખિસ્સામાં હાથ નાખ્યો અને રૉયલ્ટી પેટે મળેલા ૪૦૦ - ૫૦૦ રૂપિયા વૃદ્ધાને આપી દીધા. **फिर इतना ही बोले कि 'यह रखो खबरदार, निराला की मां होकर आज के बाद यदि भीख मांगती दिखीं तो गर्दन दबा दूंगा' बूढ़ी औरत निराला जैसे बेटे को आशीष पर आशीष दिए जा रही थी, लेकिन वह तो ऐसे भाव में मस्ती से चले जा रहे थे कि जैसे कुछ हुआ ही न हो।** પછી ત્રિપાઠીજી એટલું જ બોલ્યા કે 'રાખો, આ પૈસા. ખબરદાર, નિરાલાની મા થઈને આજ પછી ક્યારેય ભીખ માગી છે તો તમારી ડોક મરડી નાખીશ.' અવાચક થઈ ગયેલી વૃદ્ધા 'નિરાલા' જેવા દીકરા પર આશીર્વાદનો વર્ષાવ કરી રહી હતી, પણ કવિ તો એવી મોજમસ્તીમાં ત્યાંથી નીકળી ગયા, જાણે કશું જ બન્યું નથી. સૂર્યકાંત ત્રિપાઠીના આવા અલગારી સ્વભાવને કારણે જ તેમને 'નિરાલા' ઉપનામ મળ્યું હતું. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સવા મણ સોનું ને અધ મણ રૂપું



મારા લખેલ પુસ્તક 'પુણ્યશ્લોકા'ના વિમોચન પ્રસંગે કચ્છી વેશભૂષા - અલંકારોથી સજ્જીત બાઈયુનાં ફોટાવાળી ફ્રેમ ભેટમાં મળી હતી એ જોઈને બાઈયુની સુંદરતામાં વધારો કરતા 'દાગીના' ઉપર લખવાનો મોકો મળી ગયો. અનેક કોમોએ પોતાની આગવી સંસ્કૃતિને કચ્છમાં ઢાળી છે, એ દરેકની કમનિયતા મોહિત કરી દે છે. અછતમાં પણ કળાનાં રંગો પાથર્યા છે એવી આ બધી કોમ સુશોભિત થવામાં હટી નથી. ચાહે તે બાઈ હોય કે ભાઈ. ઘણી વાર તો લાગે કે બાઇયુંએ આભૂષણો ચડાવ્યા છે કે આભૂષણોમાં બાઇયું!

મહિલાની સુંદરતાની વાત કરવામાં આવે ત્યારે ઘરેણાનો ખ્યાલ પ્રથમ સ્થાને રહે છે. સંસ્કૃતિના આરંભથી જ સ્ત્રીઓનાં ઘરેણાં અસ્તિત્વ ધરાવે છે. પુરાણોમાં આભૂષણોથી અલંકૃત સ્ત્રીના સૌંદર્યનું વર્ણન કરવામાં આવ્યું છે. ઋગ્વેદકાળમાં માત્ર સ્ત્રી - પુરુષ માટે નહીં પરંતુ ગાયો ઘોડાઓ માટે આભૂષણોનો ઉલ્લેખ મળ્યો છે. અલંકાર, આભરણ જેવા વિવિધ શબ્દોથી ઓળખાતાં આભૂષણો અથર્વવેદ મુજબ હાથીદાંત, શંખ અને છીપમાંથી બનાવતા હતા. આભૂષણોનો ઉલ્લેખ મોહેં-જો-દડો અને હડપ્પા સંસ્કૃતિના અવશેષમાંથી પણ મળ્યા છે અને કવિ કાલિદાસ રચિત 'અભિજ્ઞાનશાકુન્તલ'માં પણ આભૂષણોનો ઉલ્લેખ જોવા મળે છે. કચ્છમાં પદાર્પણ કરી ચૂકેલી હિજરતી પ્રજાએ પોતાની સાથે પોતાની સંસ્કૃતિમાં આભૂષણોનો ખ્યાલ વધારે વિસ્તૃત અને રસપ્રદ બનાવ્યો છે. પોતાનો એક અલગ જ વસવાટ બનાવી રહેતી ફકિરાણી જત બાઈયુ કે જેને એના જ કચ્છમાં શું થાય છે એની પરવા નથી, એ નાકવેંઢો પહેરે તે એટલો મોટો અને વજનદાર હોય કે દોરીથી બંધાયેલ વાળમાં ગૂંથીને રાખવો પડે. રબારણું કે આયરાણીયુંની વાત હોય કે પછી મારવાડા બાઈયું. એમને જોઇને ઉદગાર નીકળી જાય, કેડી ફૂટરી લગેતી!!

આ બાઈયુના સૌંદર્યનું વર્ણન વેશભૂષાની સાથે જાણે ઘરેણાં વગર શક્ય ન હોય તેવું લાગે. આ ઘરેણાં કિંમતી ધાતુ નિર્મિત હોઈ થાપણ તરીકે ગણવામાં આવતા તેનાથી આર્થિક ભીંસ પડે ત્યારે આ થાપણ તેમા સહાયરૂપ બને. પરંતુ કચ્છી મહિલાનાં ઘરેણાં આ સિવાય પણ અનેક કારણો રજૂ કરે છે, તેના બીજા ફાયદાઓ પણ છે.

કચ્છ અંતરિયાળ અને સૂકો મુલક હોવાને લીધે મહિલાઓ ગાઉ દૂર જઈને પાણી ભરવા જતી, તે નિર્જન વનવગડામાં પ્રયાણ કરતી હોવાને લીધે સલામતીનો મોટો પ્રશ્ન પણ ઉદ્ભવે અને એટલે જ કચ્છી ઘરેણાંની બનાવટ એ પ્રકારની છે કે તે મહિલાને આવી આફતમાં સ્વરક્ષા માટે હથિયારની જેમ કામ આવે.

હાથના (કડા) સ્ત્રીના કાંડા સાથે ઘર્ષણ થઇને હાડકા મજબૂત બનાવે છે અને શક્તિનું સંચાર વધારે છે, જેથી મહિલાને જલદી થાક પણ લાગતો નથી. કચ્છી (કડલા) હૃદયના રોગની શક્યતાને પણ ઘટાડે છે અને માનસિક સંતુલન મજબૂત બનાવે છે એટલે જ આપણે કચ્છી મહિલાને 'સુરાતનવાળી' કહીએ છીએ. તેની બનાવટ એવી ધારદાર હોય છે કે એનાથી પ્રહાર કરવામાં આવે તો માણસને ઘાયલ કરી દે. એવી જ રીતે નાકની (નથ) એવી વજનવાળી અને અણીદાર હોય છે કે જો તેનાથી વાર કર્યો હોય તો તે ખૂંચી જાય છે અને લોહીલુહાણ કરી નાખે છે.

પગના (ઝાંઝર) વજનદાર અને કસેલા હોય છે, તેને સોની દ્વારા જ પહેરાવી કે ઉતારી શકાય છે. એવું કહેવાયું છે કે તેને પગમાં પહેરવાથી મહિલાની પેટની નીચેની ચરબી વધવાની ગતિને રોકે છે, તે પગ સાથે ઘર્ષણ કરીને હાડકાને મજબૂત બનાવે છે અને તેના લીધે ઈચ્છાશક્તિ મજબૂત થાય છે. તે ચાંદીના હોવાથી શીતળતાનો ગુણ પણ મળે છે.

નસીબની વાત એ છે કે આભૂષિત પ્રથા હજુ કચ્છમાં લુપ્ત નથી થઈ એટલે સવા મણ સોનું ને અધ મણ રૂપુએ સજાવેલી બાઈયુને તાકનારા પરદેશીઓનાં ઢગલાં અહીં ઠલવાય છે.

ભાવાનુવાદઃ મુંજી હિકડી લિખલ ચોપડી 'પુણ્યશ્લોકા' જે વિમોચન ટાંણે કચ્છી પેરવેશ નેં આભરણેસે સજેલી બાઈયેંજે ફોટેવારી ફ્રેમ મુંકે ભેટમેં જુડઇ હુઇ. અજ઼ ઇજ ફ્રેમેકે ન્યારી બાઈયેંજે સણગારજો તરીકો ઑડે઼ ધાગીનેતે લિખેજો મોકો મિલી વ્યો.કિઇક કોમુપિંઢજી આઉગી સંસ્કૃતિકે કચ્છમેં ઢારઇ આય, હિન મિડ઼ીજી ખૂબીયું પાંકે ચકિત કરી ડેત્યું. અછતમેં પણ કલાજા રઙ પથરયા ઐં હિન ધરા તે. ભલે હુ બાઈ સણગારે ક પોય ભાઈમાડૂ.ગણે વાર ત લગે ક બાઇયું ધાગીને કે ચડાય આય ક ધાગીના બાઇયેંકે!

સંસ્કૃતિજી સરુઆતનું જ નારી આભરણજે ખ્યાલ સથે રજુ થિઇ આય. પુરાણેમેં પ આભરણેસે સજેલી નારીજી સુંદરતાજો વર્ણન કરેમેં આયો આય. ઋગ્વેદકાલમેં ખાલી સ્ત્રી પુરુષલા જ નં પ ગોયું ક ઘોડેજ઼ે ધાગીનેજે સણ્ગારજો ઉલ્લેખ મિલ્યો આય. અલંકાર, આભરણ જેંડે઼ નિડારે નિડારે નવાજેસસેં ઓરંખાઇંધા ધાગીના અથર્વવેદ મુજબ હાથીડંધ, શંખ ને છીપ મિંજાનું ભનાયમેં અચીંધા હોઆ, ઇનજો બ્યો ઉલ્લેખ મોહેં-જો-દડો ને હરપ્પા સંસ્કૃતિજે અવશેષમિંજાનુ પ મિલ્યા ઐં નેં કવિ કાલિદાસરચિત 'અભિજ્ઞાનશાકુન્તલ'મેં પ ધાગીનેંજો ઉલ્લેખ ન્યારી સગ઼ોંતા.

પિંઢજો આઉગો જ વસવાટ ભનાય રોંધલ ફકિરાણી જત બાઈયુમ ક જેંકે ઇનીજે જ઼ કચ્છમેં કુરો થિએતો તેંજી પરવા નાય, ઇ નાકવેંઢો પેરેત્યું ઉ ઇતરો વડો ને વજનવારો હોયતો ક ઇનકે દોરીસેં બંધેને વારમેં ગુંથિને રખણોપેતો. રબારણું ક આયરાણીયુંજી ગ઼ાલ હોય કપોય મારવાડા બાઈયું; ઇનીકે ન્યારીને ઉદગાર નિકરી વિઞે ક કેડી઼ ફુટરી લગેત્યું!!

હી ધાગીના કિંમતી ધાતુસે ભનલ હોયતા ઇતરે થાપણ તરીકેં પ રખેજો મિહત્વ બોરો આય નેં જડે જરૂર પે તેર હી જ થાપણ ઉગારે સગ઼ે.પ કચ્છી બાઇયેંજા ધગીના સલમતીજે હેતુસેં પ અનુઠા ઐં.

કચ્છ અંતરિયાડનેં સૂકો મુલક આય ઇતરે બાઇયું મિલ પર્યા વિઞીનેં પાણી ભરેલા વિઞે, સુનકાર વનવગડેમેં વિચરંધી વે ઇતરે સલામતીજો સવાલ અચે ને તેર હી ધાગીના ઇનીકે આફતમીજા રિખ્યાલા હથિયારવાંકે કમ અચે.

હથજાકડા઼ બાઇયેંજે કંડેભેરા ઘસરાજે ઉનસે હડમજબૂત ભનેંતા નેં શક્તિજો સંચાર કરેંતા, જેંસે બાઇયું જપાટો થકે નત્યું. કચ્છી કડલા ધમજી બીમારી કે થેલા નતા ડીંયે નેં માનસિક સંતુલન મજબૂત ભનાયતા ઇતરે જ કચ્છી બાઇયું સુરાતનવારી ચોવાજેત્યું. કડ઼લેજી ભનાવટ ધારવારી હૂંધેજે કારણ અગર હુમલો કરેમેં અચે ત માડૂ ઘાયલ થિઇ વિઞે. એડી઼ જ રીતે નકજી નથ પ એડી઼ વજનવારી ને અણીદાર હોયતિ ક અગર વાર કર્યુ ત એડી઼ ખૂંચે ક લૂઇલુઆણ કરિ વિજેં.

પગજાકડેવારા સાંકરા વજનવારા ને કસેલા હોયતા, અધ અધ કિલોજો હી ધાગીનું સોની વટાં જ પેરાજે નેં ઉતારી સગ઼ાજે. ચોવાજેતો ક પગમેં ચાંધિ પેરેસેં બાઇયેંજી પેટ નીચાજી ચરબી વધે નતી નેં પગ ભેરા ઘર્ષણ સેં હડેંકે મજબૂત ભનાઇયેંતા ને પરિણામે ઈચ્છાશક્તિ મજબૂત થિએતી. ચાંધિજા વે ઇતરે શીતલતાજો ગુણ પણ જુડેતો.

નસીબજી ગ઼ાલ ત હી આય ક આભૂષિત પ્રથા અનાં કચ્છમેં લુપ્ત નાય થિઇ ઇતરે નથી જ સવા મણ સોનું ને અધ મણ રૂપુ' સે સજલ બાઈયુકે ન્યારેલા પરદેસીયેંજો ઢગલોહિત ઠલવાજેતો.

ને અંતેધાગીનેતે બો લાઇનું,

'મૂકે સોનીડે જો હટ વાલો લગે; હિકડો આય ઝૂમણિયું સવા લખજો,
મુકે મણિયારે જો હટ વાલો લગે; હિકડી આય ચૂડલિયું સવા લખજ્યું.'■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# બેકારનું લેબલ ભૂંસવું છે? આ જોબ માટે એપ્લાય કરો...



'મિસ્ટર રાજુ, તમે કઈ પોસ્ટ માટે એપ્લાય કર્યું તે ખબર છે?' નોકરીના ઇન્ટરવ્યુમાં લી નામના ઑફિસરે સવાલ પૂછયો.

'યેસ સર, મને બધી ખબર છે. હું પૂરી તૈયારી સાથે આવ્યો છું. આઈ એમ નોટ અ બાર્બર વિધાઉટ રેઝર.' રાજુએ સ્વયંસ્પષ્ટ જવાબ આપ્યો.

'તમારું બ્લડ પ્રેશર કેટલું રહે છે?' યાંગ નામના અધિકારીએ પૂછયું.

'સર મારું બ્લડ પ્રેશર ૯૦-૧૨૦ છે.' રાજુએ બ્લડ પ્રેશરનો રિપોર્ટ વુ નામના અધિકારીને આપ્યો.

'તમારો ડાયાબિટીસ રિપોર્ટ...?'

'સર, જમ્યા પહેલાં ૧૦૯ અને જમ્યા પછી ૧૩૦ બ્લડ શ્યુગર રહે છે. આ રહ્યો રિપોર્ટ.'

ડાયાબિટીસની સાથે રાજુએ હેમોગ્લોબિન ઇત્યાદિના રિપોર્ટ્સ પણ પકડાવ્યા.

'તમે માઇનસ દસ ડિગ્રીમાં કામ કરી શકશો?' બીજા એક અધિકારીએ પૂછયું.

'એટલે કે મારે હિમાલય પર્વતમાં રહીને કામ કરવાનું છે? માઇનસ ડિગ્રીમાં કામ કરવામાં શારીરિક તકલીફ થશે, પરંતું, ગરમગરમ ચા કે સુપની ચુસ્કીથી મારી ઠંડી ભગાડી દઈશ.'

રાજુએ ખુમારીપૂર્વક જવાબ આપ્યો. એનામાં આવી પડકારજનક નોકરી મેળવવાનો અદમ્ય ઉત્સાહ હતો.

'મિસ્ટર રાજુ, તમારો ઇકો કાર્ડિયોગ્રામ આપો.'

'સર, મેં આજે જ મારો ઇકો કઢાવેલો છે.' એમ કહી રાજુએ પોતાનો ઇકો રિપોર્ટ પણ આપ્યો.

હૃદયની અંદર વીજતરંગો ઉત્પન્ન થાય છે અને આ તરંગોને કારણે હૃદય સતત ધબકતું હોય છે. દરેક ધબકારો વિદ્યુતસ્પંદનથી શરૂ થાય છે અને એ વખતે હૃદય સંકોચાય છે. હૃદયમાં વિદ્યુતપ્રવાહ જે ગતિએ થતો હોય એ મુજબ હૃદયનું સંકોચન અને વિસ્તરણ થતું હોય છે. ઈસીજી મશીન દ્વારા વીજપ્રવાહનું કાગળ પર રેખાંકન લેવામાં આવે છે. આનાથી હાર્ટને અટેકથી થયેલું નુકસાન કે હૃદયની તાલબદ્ધતા અને ગતિમાં અનિયમિતતા કેટલી છે એનું વિશ્લેષણ કરી શકાય છે.

ડૉકટરે જોયું કે ઇકો શૅરબજારના ઇન્ડેક્સની જેમ ચડ-ઊતર કરતો ન હતો. ચોક્કસ પોઇન્ટની આજુબાજુ એકધારો સ્ટેડી જણાતો હતો.

'તમે કદી એન્ડિયોગ્રાફી કે એન્જિયોપ્લાસ્ટી કરાવી છે? અમારે મજબૂત હૃદય ધરાવતા સ્ટાફની જરૂર છે. તમે ટ્રેડમિલ ટેસ્ટ ટીએમટી રિપોર્ટ લાવ્યા છો?' અધિકારીએ એક વધુ રિપોર્ટ માગ્યો.

'ના, મેં ક્યારેય એન્જિયોગ્રાફી કે એન્જિયોપ્લાસ્ટી કરાવી નથી. આ મારો ટ્રેડમિલ રિપોર્ટ.'

'તમારો એચઆઇવી રિપોર્ટ?'

રાજુએ એ રિપોર્ટ પણ રજૂ કર્યો.

'તમને પગાર સિવાય બીજા પર્કસ એટલે ભથ્થાં મળશે નહીં' વડા અધિકારીએ રાજુને નોકરીની શરત કહી.

'નો પ્રોબ્લેમ.'

'તમને મોર્ચરીમાં જવા ગ્લોવ્ઝ કે ઓવરકોટ કંપની તરફથી મળશે નહીં.'

'હું જાણું છું, સર.' રાજુનો જવાબ.

'તમારે ત્રણ શિફટમાં કામ કરવાનું રહેશે. અઠવાડિક રજા મળશે નહીં. સ્ટાફની તંગી હોય તો રાત-દિવસ કામ કરવાનું રહેશે.'

'મને કંપનીની વર્ક સ્ટાઈલની જાણકારી છે.... ઓબાઓ નામના ત્રીસ વર્ષીય યુવકે સતત એકસો ચાર દિવસ કોઈ કંપનીમાં સતત કામ કરતાં તેનાં અંગો કામ કરતાં બંધ થતાં અવસાન થયું હતું તે વિગતો જાણું છું.' રાજુએ પુરાવા સહિત કામકાજના કલાકોની વિગતો શેર કરી.

રાજુ રદીએ કઈ જગ્યા પર નોકરી કરવા અરજી કરી હશે એવો સવાલ આ બધું વાંચતાં તમારા મનમાં થયો હશે. રાજુ સાવ બેરોજગાર હતો. એણે 'સ્વરોજગાર'ના નામે પાણીમાં પકોડા તળ્યા. દેશમાં એટલા બધા બેરોજગાર પકોડા સેન્ટરો ખૂલી ગયેલા કે રાજુના પકોડા કોણ ખરીદે ને કોણ ખાય? 'અગ્નિવીર' યોજનાની ભરતીમાં પણ આટલો લાંબો ઇન્ટરવ્યુ કે પડપૂછ ન હોય. ચાર વરસની નોકરી માટે ચાર પ્રશ્ન કાફી કહેવાય.

એક દેશમાં એક કૂતરાંને દત્તક લેનારને ત્યાંના કૂતરા દીઠ સાડા ચાર હજાર રૂપિયા આપે છે. રાજુ એટલા રૂપિયા માટે શ્વાનપાલક થાય નહીં. અફઘાનિસ્તાનના શિક્ષણમંત્રી ભણવાને બદલે બૉમ્બ બનાવવાની તાલીમ લેવાની યુવાનોને નસીહત આપે છે. રાજુ બૉમ્બ તો શું ટીકડી પણ ફોડતાં બીવે છે.

આમ છતાં, રાજુ રદીએ એક જાહેરખબર જોઈને નોકરી માટે અરજી કરેલી. એ કંપની ચીનના શૈડોંગ પ્રાંતમાં અંતિમ સંસ્કારની સેવા આપવાનું કામ કરે છે. પ્રાચીન સમયમાં મૃતદેહોની અંતિમ વિધિ ચાંડાલ લોકો કરતા હતા. આ નોકરી ચાંડાલનું સુધારેલું રૂપ હતું, જેમાં મૃતદેહને મોર્ચરી-મોર્ગમાંથી લાવવા ન્યૂનતમ દસ મિનિટ ફ્રીજીંગ ટેમ્પરેચરમાં રહેવું ફરજિયાત હતું. આ કામ માટે પગાર માત્ર પચ્ચીસ હજાર રૂપિયા મળનાર હતો.

રાજુ રદીએ નોકરીની બોલી અને શરતો જાણીને પણ જય રણછોડ થવાનો માર્ગ અખત્યાર કર્યો એવું મે ચંદુ ચૌદસ પાસેથી સાંભળ્યું છે. આ જગ્યા હજુ ખાલી છે. વાચકો તમે બેકાર હોવ તો અત્યારે જ ફૉર્મ ભરી નોકરી પાકી કરો. કમસે કમ તમારા કપાળ પરથી 'બેરોજગાર'નું લેબલ તો ભૂંસાશે! ■

## ૫. અંગત

**કાનૂની કામો**
તમામ પ્રકારની કાનૂની સેવાઓ માટે વકીલ સાહેબનો સંપર્ક કરો. - 9820765812. (બી-૧૫૩૩૬)

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**
રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૩૩૯)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં.). (૧૫૪૩૮/એ)

લગ્ન વિષયક
**અતિ સુંદર, કવોલીફાઇડ, હાઇ પ્રોફાઇલ, બીઝ.ફેમીલીની કન્યા**
1994 Born, 5', 52 kg, MBA કરેલ, વૈષ્ણવ પરિવારની કન્યા માટે યોગ્ય વેલસેટલ્ડ યુવક આવકાર્ય.
(જ્ઞાતીબાધ નથી)
**SUDHIR BHATT**
9920099889 / 9820099889
9619101019 / 9619101020
sudhirmatrim@gmail.com
(દહેજ નહીં) (૧૫૪૧૧-એ)

## ૯. લગ્ન સંબંધી

■ મરાઠી કન્યા ઉંમર-27, 5'.3" શિક્ષણ 10મી, વાસણની દુકાનમાં કામ કરે છે. પગાર-9,000/-, છોકરીના માં બાપ નથી, કાકા - કાકી સાથે રહે છે. મહેનતી, નિર્વ્યસની છોકરો જોઈએ, જાતિની ઉંમરની શરત નથી,: તરત લગ્ન - 9579032497. (દહેજ નહીં.). (બી-૧૫૩૪૦)

**(PGMBA)**
**1981 Born 5'.1" Height 55 Kgs Issueless Divorcee working in Bank is looking for suitable Candidates from Mumbai / Abroad. Please send Full Biodata on +91 8879178056. (No Dowry) (240)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટાકાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693/ 7506569229. (બી-૧૫૨૩૯)

## ૧૨. યાત્રા સહેલગાહ

**KRISHNA HOLIDAYS**
ઉત્તર ભારત - બનારસ અયોધ્યા - ચિત્રકુટ - પ્રયાગરાજ - લખનૌ સાથે શ્રી મહાપ્રભુજીની બેઠકજી માર્ચ (દિવસ-12) (28,500/-), ચંપારણ જગન્નાથપુરી - ગંગાસાગર ફેબ્રુઆરી (દિવસ-10) - (23,500/-) હિતેશ શાહ:- 9324353911, દિનેશ પારેખ:- 9224447855. (૧૫૪૫૬-બી)

# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## ૧૨. યાત્રા સહેલગાહ

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૩૩૮)

**શ્રીયમુના**
કચ્છ રણોત્સવ, તીરૂપતિ રામેશ્વર, કન્યાકુમારી, ત્રિવેન્દ્રમ, અયોધ્યા, બનારસ, નેપાળ, 9892377559. (૧૫૩૧૧-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**જોઈએ**
અંધેરીની પ્રખ્યાત ઓફિસ માટે પાર્ટ/ ફુલ ટાઈમ બેઝીક કોમ્પ્યુટર મહિલા ઓપરેટર, બેઝીક અંગ્રેજી જરૂરી- સુધીર 9920099889/ 9820099889. (૧૫૪૨૯/એ)

**CHIEF ACCOUNTANT REQUIRE**
**Having 12- 15 Years of Experience, Knowledge of G.S.T., TDS, PF, Team Heading, Account Finalisation for our Chakala, Andheri East Office. Whatsapp 9967744144, Email: voracodistributors@gmail.com (15462-A)**

**REAL ESTATE**
Sales Wanted 10 Male Candidates to Work at a Reputed Real Estate Company at Juhu Scheme earn 10 Lacs annually, on Commission basis. Field job 10 am to 7 pm Profile - Site Visits - Inspections, Meetings Whatsapp CV 7021919014. (15256-B)

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (વેસ્ટ)**
**સ્ટેશનની બાજુમાં, નાટકવાલા લેન, 2 બેડરૂમ, 657' કારપેટ (TOP FLOOR - 15th) નવા બિલ્ડીંગમાં, (1.85 CR) OWNER :- 9819303699. (૧૫૪૩૯-એફ)**

**સુરેન્દ્ર ગાલા**
સાંતાક્રુઝ (ઈસ્ટ/વેસ્ટ) 1/2/3 બેડરૂમ રેડી - બંધાતામાં, ભાડેથી/ વેચાણથી, લેવા-આપવા. 9870026887, Paras - 8879989196. (૧૫૨૦૬-એફ)

**પ્રભાદેવી**
ડુપલેક્ષ ફ્લેટ 1640' કાર્પેટ, 2 ગાડી પાર્કિંગ-લીફ્ટ-ઓનરશીપ-લોમેન્ટેનન્સ (8.50 Cr.) ''જીતુભાઈ'' 9869322453. (૧૫૩૦૦-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા-વેચવા રાજેશભાઈ સાવલા-9892329269. (૧૫૪૫૨/એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**હમણા નહિ તો ક્યારેય નહિ, પ્રાઈમ લોકેશન, 3 બેડરૂમ, હોલ, કિચન-1010' કારપેટ- 2.22 CR, 3 બેડરૂમ, હોલ, કિચન-935' કારપેટ-2.25 CR, 3 બેડરૂમ, હોલ, કિચન, 960' કારપેટ-2.95 CR, પાર્કિંગ સાથે. HOME-ALONE PROPERTY - જુગ્નુ શાહ-9833352224. (૧૫૪૫૨/બી)**

**ઘાટકોપરમાં ગેરંટી**
**મિસ કરશો તો મિસ-ટેક કરશો, વાંચીને નહીં વિચારીને લ્યો તો સિંગપાકનાં ભાવમાં કાજુકતરી મળશે. ડિમાન્ડ કરતા સપ્લાય વધારે છે. ગમે તે જ લ્યો ગમ્મે તે ન લ્યો. બજારભાવે ફ્લેટ લે-વેચનો સોદો ૩૦ દિવસમાં કરી આપવાની ગેરંટી. BHIMANI-9820814333, CHABADIA-9820204041. (૧૫૪૫૨/સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
પંતનગર - ૧, ૨, ૩ બેડરૂમનાં ફ્લેટો, OC વાળા બિલ્ડિંગમાં, પાર્કિંગ, રેડી/ અંડર કન્સ્ટ્રકશન. કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૧૫૪૫૨/ડી)

**મુલુંડ વેસ્ટમાં**
**ઓનરશીપ મોટા 3/૪ BHK ફ્લેટ ડેક સાથે વેચાણ માટે. ૩ મહિનામાં કબ્જો. 9820071007. (બી-૧૫૩૪૧)**

**વિલેપાર્લે ઈસ્ટ**
**૩ બેડરૂમ નવા બિલ્ડીંગમાં (૬ મહિના પહેલાજ બંધાયેલ) પ્રાઈમ લોકેશન ઉપર ૯૪૮ સ્કે.ફીટ. 4.75 કરોડ. સંપર્કઃ ઓનર 9699885522. (બ્રોકર માફ). (એસડીબી-૨૩૫૧)**


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૭. જગ્યા આપવી છે

**''ફાયદામાં'' બોરીવલી (વેસ્ટ)**
શીંપોલી રોડ, ''મોદી વોલ્ગા'', નવા ટાવરમાં 2 બેડરૂમ (617'), 1,90,00,000/- ''અતુલ સંગોઈ એસોસીએટસ'' - 9820203032. (૧૫૪૩૯-એ)

**ઘાટકોપર**
ફ્લેટ્સ, ઓફિસ, શોપ ભાડેથી વેચાણથી લેવા આપવા સંપર્ક મણીયાર 9869051038. (૧૫૪૪૧-એ)

**વિલેપાર્લે વેસ્ટ**
**ભાડેથી ૪ બેડરૂમ અને ૩ બેડરૂમ્સના ફ્લેટ જૈન દેરાસર પાસે લેવા, પઝેશન ફેબ્રુઆરી સંપર્ક એજન્ટઃ અશ્વીન મરચન્ટઃ ૯૮૧૯૮૭૪૫૧૫. (૧૫૪૬૫-એ)**

**''ચૌપાટી''**
2 બેડરૂમ, ''સીવ્યુ'', પાર્કિંગ, 4,75,00,000/-, લેવા/ વેચવા. ''નિતીન'': 9867222020. (૧૫૪૬૪-બી)

**''વર્લી'' 2 બેડરૂમ**
હીલ રોડ, ફર્નીશ્ડ, પાર્કિંગ, 4,75,00,000/-, ''સીવ્યુ''. ''નિતીન'': 9867222020. (૧૫૪૬૪-સી)

**માટુંગા - કિંગ્સ સર્કલ**
2 બેડરૂમ હોલ કિચન વેચાણ માટે, નવી બિલ્ડિંગ - O.C. સાથે, ઈન્ડીન જીમખાનાની નજીક, 12મો માળ, 770 Sq. Ft., પાર્કિંગ, 3.40 કરોડ., સંપર્ક 9374543885. (૧૫૪૩૨-સી)

**મલાડ (વેસ્ટ)**
**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમનાં ફ્લેટો વેચાણથી - ભાડેથી. લેવા - ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૨૩૨૭)**

**કાંદિવલી (વેસ્ટમાં)**
**લકઝરીયસ 1 / 2 / 3 બેડરૂમના ફ્લેટો માટે - 9867932447. (૧૫૪૩૩-એ)**

**સાંતાક્રુઝ (વેસ્ટ)**
લીંકિંગ રોડ- આર્ય સમાજ પાસે, 3 બેડરૂમ 1200 યુઝેબલ કાર્પેટ, હાયર ફ્લોર, લિફ્ટ, સીવ્યુ, 1 પાર્કિંગ, ૫.૭૫ કરોડ. નેગોશીયેબલ, બીજા ઘણા પ્રપોઝલ. ફ્લેટો લેવા- વેચવા-લીવલાયસંસથી. ''ચેતન નાગર'' 9820141544, 9920141544. (બી-૧૫૨૩૬)

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 B H K, 1150 ફૂટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૩૧૩)

**ઘાટકોપર વેસ્ટ કામાલેન**
1 RK + 1 BHK જોડી પ્રાઈમ લોકેશન રેડી કબજો લેવા હિતેશભાઈ 9920927958, 9820008003. (૧૫૪૨૪-સી)

**ઘાટકોપર ઈસ્ટ નીલકંઠ વેલી**
૧ થી ૫ બેડરૂમના લકઝરીયસ ફ્લેટસ પ્રાઈમ લોકેશન રેડી કબજો હિતેશભાઈ 9920927958, 9820008003. (૧૫૪૨૪-ડી)

**''જુહુમાં''**
"FREE HOLD બંગલો- 580 સ્કવેર યાર્ડ (37 કરોડમાં)''. ''એજન્ટ''- 8007342828. (૧૫૪૬૩-એ)

**પરેલ/શિવરી**
અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૫૧૮૦)

**ઘાટકોપર ઈસ્ટ, વેસ્ટ**
૧ થી ૫ બેડરૂમના લકઝરીયસ ફ્લેટસ તથા ઓફિસ, દુકાન રેડી, બંધાતામાં લેવા, વેચવા, ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003. (૧૫૪૨૪-એ)

**લીઝ ફ્લેટો**
૨/૩/૪ બેડરૂમ ફર્નિશ્ડ ફ્લેટો લીઝ ૩ બેડરૂમ ઓનરશીપ જુહુધારા કોમ્પલેક્ષ જેવી લીંકરોડ ૧ બેડરૂમ જુહુ ગ્રીનફિલ્ડ ૪ બેડરૂમ પાર્લા (વેસ્ટ) લીઝ, બી. નરેન્દ્ર જોશી ૯૮૨૦૨૯૪૯૨૨, ૯૧૬૭૩૦૯૮૬૯, ૯૮૯૨૨૯૭૭૭૫. વિષાલ. (૧૫૪૩૨-એ)

**બોરીવલી (વેસ્ટ) હરિદાસ નગર**
**3 બેડરૂમ LUXURIOUS AMENITIES, 1283' રેરા કારપેટ, હાયર ફ્લોર, રેડી, OC સાથે. 9819810215 / 9769622033 / 022 - 28995592. (સમય 11 થી 6). (૧૫૪૩૧-એ)**

**હાજીઅલી**
2 બેડરૂમ - 800' કાર્પેટ - પાર્કિંગ - 3,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૧૨-એ)

**ગામદેવી**
2 બેડરૂમ - 800' - કાર્પેટ - ફરનીસ્ટ - 3,75,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૧૨-બી)

**તારદેવ**
3 બેડરૂમ - 1600' - કાર્પેટ - પાર્કિંગ - 6,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૧૨-સી)

**ગોવાલીયા ટેંક**
4 બેડરૂમ - 1800' - કાર્પેટ - ૨ ગેરેજ - 11,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૧૩-એ)

**નેપેન્સી**
3 બેડરૂમ - 2100' - સી.ફેસીંગ-પાર્કીંગ-ફરનીસ્ટ શાહ - 9820068382. (૧૫૩૧૩-બી)

## ૧૭. જગ્યા આપવી છે

**ગામદેવી**
4 બેડરૂમ - 1600' - કાર્પેટ - પાર્કીંગ - 7,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૧૩-સી)

**DOSTI MEZZO SION,**
**Quiet Location All Amenities, Pool, Club, Gym, Possn in 6 months Group Booking Discounted Deals 2 Bed 3.20 Cr. ++ 3 Bed 4.45 Cr. ++ 8655929524. (B-15280)**

**"PRABHADEVI"**
**"Sea View - Fully Furnished 2/3 Bedroom Flats available." "Akruti Builders" - 8591254627. (15401-A)**

**GHATKOPAR EAST**
Hingwala Lane, 2 & 3 BHK - Best & New Building with O.C., Ready Possession Flats, Near Jain Derasar / Apasray - Double Height Entrance Lobby - Jaquar Fittings & Designer Material Used - 2 Branded Elevators - Prime Location - 3 Side Open - Vastu Complaint., Call: 8879390090. (15447-A)

**KHETHWADI**
For Sale / Rent 1 BHK (560'} 2 BHK (627'} Jodi Flat, 2nd Floor, Ownership, Lift available. Vijay Realtors 9224214227. (15453/A)

**VILEPARLE (WEST)**
**Near Railway Station, Jain Derasar, 2 BHK - 704, 3 BHK - 1015 / 1062 Carpet. 42K/ PSF (Possession August 2025) (P51800055202) 9967791461. (15460/A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**જુના ભાડાની ભાડુઆતવાળી**
**જગ્યા મુંબઈ તથા પશ્ચિમ ઉપનગરમાં વેચાણથી જોઈએ છે. 9320279802. (એસડીબી-૨૩૫૬)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**કાંદિવલી (વેસ્ટ)**
**ગવર્મેન્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં, ગ્રાઉન્ડ ફ્લોરમાં, 2500' થી 3500' જગ્યા જોઈએ છે. 8879181869. (૧૫૪૫૬/એ)**

**''ઓપેરાહાઉસ / ''ચર્નીરોડ''**
312' ઓફિસ / ગોડાઉન (બેઝમેન્ટ) 75,00,000/- લેવા / વેચવા. ''નિતીન'' : 9867222020. (૧૫૪૬૪-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
નવા બિલ્ડીંગમાં OC સાથે શુભમ એવન્યુમાં ઓફિસો 225' થી 440', પાર્કિંગ, વેચાણથી /ભાડેથી. કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૧૫૪૫૨-ઈ)

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2340)

**"PRITHVI"**
**Offers on O/R Shop abt 463 Carpet, Ground Floor, in Kalbadevi's Utensils Market Near Surti Hotel. 9820149838 / 9869070183. (JP-4962-A)**

## ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૪૪૩-એ)

## ૩૧. નાણાંકીય

■ 4 મહિનામાં રોકાણ કરીને 5,00,000/- લાખની સામે 7,50,000/- મેળવો. 9167841236. (જેપી-૪૯૬૨-ડી)

■ બેંકો દ્વારા રિજેક્ટ થયેલ લોકો માટે પણ લોન ઉપલબ્ધ! હોમ લોન અને પ્રોપર્ટી સામે લોન માટે સંપર્ક કરો। બોમ્બે ફાયનાન્સ? 8928748518. (બી-૧૫૩૩૪)

## ૩૨. જમીન-મિલકત

**''તૈયાર હોસ્પિટલ''**
''વિરાર (વેસ્ટમાં) 65 કરોડમાં વેચાણથી તેમજ ભાડેથી આપવાની છે.'' ''એજન્ટ''- 9820124414. (૧૫૪૬૩-બી)

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ કલીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

## ૩૩. ધંધાદારી

**કબુતરની જાળી**
ફીટીંગ સાથે 3 વર્ષની ગેરંટી, ઓલ બર્ડનેટ સર્વિસ. નાયલોન નેટ લોંગ ટાઈમ લાઈફ. ''જીતુભાઈ'' - 7900191232. (બી-૧૫૩૩૭)

# ૩૫ ટકા વળતરની લાલચે બિઝનેસમૅન સાથે ૭.૬૩ કરોડની છેતરપિંડી

નાગપુરઃ રોકાણ પર વાર્ષિક ૩૫ ટકા વળતરની લાલચે નાગપુરના બિઝનેસમૅન સાથે ૭.૬૩ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે દંપતી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

એમઆઈડીસી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે જયંત ગુલાબરાવ સુપારે (૪૩) અને તેની પત્ની કેસરી (૩૫)એ ફરિયાદી જિતેન્દ્ર નરહરિ જોશી (૪૧)ને આકર્ષક વળતરની લાલચ આપી હતી. રોકાણ કરેલી રકમ પર વાર્ષિક ૩૫ ટકાનું વળતર આપવાની લાલચ જોશીને અપાઈ હતી.

શરૂઆતમાં જોશીને સારું વળતર આપીને મોટી રકમનું રોકાણ કરવા લલચાવ્યો હતો. લાલચમાં આવી જોશીએ ૭.૬૩ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

૨૦૨૪ના છ મહિના સુધી બધું બરાબર ચાલતું હતું, પરંતુ બાદમાં દંપતીએ વળતર આપવાનું બંધ કરી દીધું હતું. જોશીએ વારંવાર સંપર્ક સાધવાનો પ્રયાસ કરતાં દંપતીના મોબાઈલ સ્વિચ ઑફ્ફ આવતા હતા.

આ પ્રકરણે જોશીએ પોલીસનો સંપર્ક સાધતાં ગુનો નોંધવામાં આવ્યો હતો. વધુ તપાસ માટે કેસ આર્થિક ગુના શાખામાં ટ્રાન્સફર કરાયો હતો. (પીટીઆઈ)■

# ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝરે બોરીવલીના યુવાનને દોઢ કરોડ રૂપિયાનું ફૂલેકું ફેરવ્યું

મુંબઈઃ આકર્ષક વળતરની લાલચ બતાવી સાયબર ઠગ ટોળકીએ બોરીવલીના યુવાન પાસેથી ખાસ્સા દોઢ કરોડથી વધુ રૂપિયા પડાવ્યા હોવાનું સામે આવ્યું હતું. ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સના સ્વાંગમાં આરોપીઓએ રોકાણની બનાવટી સ્કીમ્સ બતાવી કથિત છેતરપિંડી કરી હતી.

બોરીવલીમાં રહેતા ૪૪ વર્ષના ફરિયાદીએ આ પ્રકરણે નૉર્થ રિજન સાયબર પોલીસમાં ગુરુવારે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ અનુસાર ત્રણ આરોપીએ સારા વળતરની ખાતરી આપી ફરિયાદીને નાણાં રોકવા માટે રાજી કર્યો હતો. ફરિયાદીએ શરૂઆતમાં નાની રકમ ૫૦ હજાર રૂપિયાનું રોકાણ કર્યું હતું.

ફરિયાદીને એક વ્હૉટ્સઍપ ગ્રૂપમાં એડ કરવામાં આવ્યો હતો, જેમાં શૅર ટ્રેડિંગ સંબંધી ટિપ્સ આપવામાં આવતી હતી. ગ્રૂપમાં સ્ટોક ટ્રેડિંગ સંબંધી માર્ગદર્શન પણ આપવામાં આવતું. એ સિવાય આઈપીઓ ખરીદીની માહિતી પૂરી પાડવામાં આવતી. આ સ્કીમ્સમાં રોકાણ કરનારાઓને વેબપેજ પર વળતર કેટલું જમા થયું તેની માહિતી મળી રહી હતી. ફરિયાદીને પણ અગાઉ આ વેબપેજ પર સારું વળતર મળ્યું હોવાનું દર્શાવી વધુ રકમનું રોકાણ કરવા લલચાવ્યો હતો.

ઠગ ટોળકીની જાળમાં સપડાયેલા ફરિયાદીએ ૧૬ ઑક્ટોબર, ૨૦૨૪થી ૨૫ ઑક્ટોબર, ૨૦૨૪ દરમિયાન વધુ ૯૨.૫૦ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. ફરિયાદીને વધુ રોકાણ માટે અલગ અલગ બૅન્ક ખાતાંની વિગતો પણ મોકલવામાં આવી હતી.

જોકે ફરિયાદીએ વળતરની રકમ કઢાવવાનો પ્રયાસ કરતાં તે કઢાવી શક્યો નહોતો. આરોપી દ્વારા ઉડાઉ જવાબ આપી વધુ નાણાં રોકવાની સલાહ આપવામાં આવી હતી. આખરે પોતે છેતરાયો હોવાની જાણ થતાં ફરિયાદીએ સાયબર પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# પીડિતાએ દુરાચારના અપરાધી સાથે જ લગ્ન કરી લેતાં આરોપીને કોર્ટે નિર્દોષ છોડ્યો

મુંબઈઃ કિશોરીનું અપહરણ કર્યા બાદ તેની જાતીય સતામણી કરવાના કેસમાં થાણેની કોર્ટે આરોપીને કિશોરીએ આરોપી સાથે ખુશ છું એવું નિવેદન આપતાં તેને નિર્દોષ છોડી મૂક્યો હતો. કિશોરીએ કોર્ટને કહ્યું હતું કે તેણે તેની સાથે લગ્ન કરી લીધાં છે અને હવે તેની સામે તેને કોઇ ફરિયાદ નથી.

૧લી જાન્યુઆરીએ કોર્ટે આપેલા આદેશની નકલ શનિવારે ઉપલબ્ધ થઇ હતી. સરકારી વકીલ આરોપી સામેના આરોપોને પુરવાર કરવામાં નિષ્ફળ ગયા હતા, એવું નિરીક્ષણ સ્પેશિયલ જજ ડી.એસ. દેશમુખે જણાવ્યું હતું.

જાન્યુઆરી, ૨૦૧૯માં આરોપી સામે સૌપ્રથમ પડોશી કિશોરીને અનેક ઠેકાણે લઇ જવામાં આવી હોવા અંગે અપહરણનો ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપી જ્યારે પાછો ફર્યો ત્યારે પોલીસે પોક્સો અને અન્ય કલમ હેઠળ ગુનો નોંધીને તેની ધરપકડ કરી હતી.

કેસના ખટલા દરમિયાન કિશોરીએ કોર્ટને એવું કહ્યું હતું કે આરોપીએ ક્યારે પણ મારી સાથે જબરદસ્તી કરી નહોતી અને જે કંઇ પણ અમારા બંને વચ્ચે થયું હતું એ સર્વસંમતિથી થયું હતું. તેણે એવો પણ દાવો કર્યો હતો કે જ્યારે તેનું અપહરણ થયું હતું ત્યારે તે કિશોરીમાંથી પુખ્ત વયન થઇ ગઇ હતી.

ફરિયાદી હવે મહિલા બની ગઇ છે અને તેણે આરોપી સાથે લગ્ન કરી લીધાં છે અને તેને એક દીકરો પણ છે. હાલમાં તે આરોપી સાથે શાંતિથી રહે છે. કોર્ટે મહિલાના નિવેદન બાદ આરોપીને નિર્દોષ છોડી મૂક્યો હતો. ■

## ૩૩. ધંધાદારી

**વેક્યુમ**
થેપલા, રોટલી, ખાખરા, આચાર વગેરે વેક્યુમ કરીને મળશે. 2 મહિનાની લાઈફ કાંદિવલી (ઈસ્ટ) સ્ટેશન પાસે. 25/- per piece. - 98923 52082. (જેપી-૪૯૬૨-સી)

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

FAMILY FOALTER MEDICAlim Policy age 0 to no age limit 10 Lac To 1 cross no limit no Medical Report Cash Less Card Protibilty available Dilipbhai 9136621227 / 9321554532. (B-15315)

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**
કમ્પ્લીટ 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 4000/=, 3 બેડરૂમ 3D ડ્રોઈંગ 5000/=, સ્પેશિયલાઈઝ બાથરૂમ, કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ, પ્લાનિંગ, રીનોવેશન. Whatsapp 8989282877. (બી-૧૫૩૪૯)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

# ડિજિટલ અરેસ્ટઃ ઍર હોસ્ટેસના ૧૦ લાખ ગયા

થાણેઃ મની લોન્ડરિંગના કેસમાં ધરપકડની કથિત ધમકી આપી સાયબર ઠગે થાણે જિલ્લામાં રહેતી ઍર હોસ્ટેસ પાસેથી ૧૦ લાખ રૂપિયા પડાવ્યા હતા.

કલ્યાણમાં રહેતી ૨૪ વર્ષની ફરિયાદીને ૨૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ અજાણ્યા નંબર પરથી કૉલ આવ્યો હતો. કૉલ કરનારા શખસે ફરિયાદીને કહ્યું હતું કે તેણે ઈરાનમાં મોકલેલું પાર્સલ તેના સરનામે પહોંચ્યું નથી.

પોતે કોઈ પાર્સલ ઈરાનમાં મોકલ્યું ન હોવાનું ફરિયાદીએ કહેતાં કૉલ કરનારા શખસે વીડિયો કૉલ કર્યો હતો અને મની લોન્ડરિંગના કેસમાં ફરિયાદીનું નામ સામે આવ્યું હોવાનું જણાવ્યું હતું. આ કેસમાં ધરપકડ કરવાની ધમકી પણ ફરિયાદીને આપવામાં આવી હતી.

ધરપકડથી બચવું હોય તો નાણાં ટ્રાન્સફર કરવાનું ફરિયાદીને કહેવામાં આવ્યું હતું. આ માટે ફરિયાદીના મોબાઈલ ફોન પર એક લિંક સુધ્ધાં મોકલવામાં આવી હતી. ડરી ગયેલી ફરિયાદીએ લિંક ઑપન કરી ૯.૯૩ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જોકે બાદમાં પોતે છેતરાઈ હોવાની જાણ થતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ જે નંબર પરથી ફરિયાદીને કૉલ આવ્યો હતો તેનું લૉકેશન 'વિદેશ'માં દર્શાવી રહ્યું છે. (પીટીઆઈ)■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો**

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


ઓપિનિયન

# ભૂતકાળને ભૂલવામાં જ સફળતા સમાયેલી છે?

સી. એ. પ્રકાશ દેસાઈ

લેખની શરૂઆતમાં જ ક્ષમા યાચના કે વ્યવસાયિક કારણોસર છેલ્લા ૪ મહિનાથી ''ઓપીનીયન'' કોલમમાં લેખો નહીં મોકલી શકાયા. આપ વાચકમિત્રોના સ્નેહબદલ ખૂબ ખૂબ આભાર.

ભૂતકાળ કોને વાગાળવો નથી ગમતો? પણ શું ભૂતકાળના અનુભવને વર્તમાન કે ભવિષ્ય માટે આધાર બનાવી શકાય? આ પ્રશ્નનો જવાબ વ્યક્તિના સ્વભાવ પ્રમાણે અલગ અલગ હોઇ શકે છે.

હોલીવૂડની મુવી જોનાર શોખીનોએ કદાચ ૧૯૯૯માં આવેલી ''ધ મેટ્રિક્સ'' મુવી જોઇ હશે. જેમાં એક પાત્રનું નામ હતું. ''નીઓ'' જે એક કમ્પ્યુટર હેકર હતો અને આ પાત્ર ભજવનાર કલાકારનું નામ છે ને કયુનુ રીવસ, જેનો જન્મ ૨જી સપ્ટેમ્બર ૧૯૬૪ના રોજ બૈરૂત લેબનોનમાં થયો હતો. ભૂતકાળનો વાગોળવો કે તેને તીલાંજલી આપવી તેનું ઉત્તમ ઉદાહરણ કયુનુની જીવન દાસ્તાન છે.

જેને ૩ વર્ષની ઉંમરે એના બાપે છોડી દીધો હોય અને જેની છેલ્લી મુલાકાત તેના પિતા સાથે ૧૩ વર્ષની ઉંમરે થઇ હોય, જેને જેની માતાએ એકલા હાથે તો નહીં ઉછેર્યો હોય કારણ કે તેની માએ આ સમય દરમિયાન ૪ લગ્ન કરેલાં હતાં તેથી મોટાભાગે ઉછેર દાદા દાદી એ જ કર્યો હોય અને આ કારણોસર અવારનવાર શાળાઓ બદલાવાના કારણે ભણવામાં પણ રૂકાવટ આવેલી હોય. આવી પરિસ્થિતિમાંથી પસાર થયેલી ઘણી વ્યક્તિઓ તેના નસીબને દોષ દઇને જેમ તેમ જિંદગી ગુજારતા જોવા મળે છે, પણ કયુનુ રિવ્સ અલગ માટીનો હતો.

બાળપણ જયારે બહુ દુઃખદાયી હોય ત્યારે સાચો સહારો માત્ર એક ખાસ મિત્રનો જ હોય છે. તેવી રીતે કયુનુ રિવસનો પણ એક ખાસ મિત્ર જતો જેનું નામ હતું રિવર ફિનિક્સ. કયુનુને જિંદગી જીવવાનો એક માત્ર સહારો તેનો મિત્ર ફિનિક્સ હતો, પણ ૧૯૯૩માં ડ્રગ્ઝના ઓવરડોઝના કારણે ફિનિક્સનું મૃત્યુ થતા કયુનુને બહુ મોટો આઘાત લાગ્યો. જેમ તેમ કરીને જિંદગી ગુજારવા લાગ્યો અને ત્યાં બીજો આઘાત લાગ્યો. ૨૦૦૧માં જયારે તેણે તેનું પ્રથમ સંતાન પુત્ર સ્ટીલબોર્ન થતા ગુમાવવું પડયું. સ્ટીલબોર્ન પુત્ર ગુમાવતા પતિ પત્ની વચ્ચે દોષારોપણો આક્ષેપો પ્રતિઆક્ષેપો અને ઝઘડાઓ થતા લગ્નજીવનમાં ભંગાણ પડયું અને બન્ને વચ્ચે છૂટાછેડા થઇ ગયાં. પતિ પત્ની છૂટાછેડા લેતાં હોય છે પણ સ્નેહની ડોર એકદમ જલદી છૂટતી નથી. છૂટાછેડા લીધીના ૧૮ મહિનામાં જ એક દિવસ સમાચાર આવ્યા કે એક કાર એક્સિડન્ટમાં કયુનુની પત્ની જેનીફરનું મૃત્યુ થયું છે. આમ કયુનની જિંદગીમાં કરુણ બનાવોની વણઝાર ચાલુ જ હતી.

જિંદગી જીવવા માટે દરેકની લાઇફમાં એક પેશન તો હોય જ છે તેમ કયુનુ રિવસની જિંદગીમાં એક્ટિંગના શોખે જિંદગી જીવવા માટે પ્રેરણાનું ઝરણું ચાલુ રાખ્યું અને એક્ટિંગમાં કામ મેળવા માટે વર્ષોની રઝળપાટ બાદ ''ધ મેટ્રીક્સ'' મુવીમાં નીઓની એક કમ્પ્યુટર હેકરનો રોલ મળ્યો હતો. જેમાં પાત્ર ભજવવામાં જીવ રેડી દીધો અને ૩૧ માર્ચ ૧૯૯૯ના રોજ ''ધ મેટ્રીક્સ'' મુવી રિલીઝ થતાની સાથે કયુનુએ સફળતાના શીખરે ચડી ગયો. ત્યારબાદ તો કયુનુ રિવ્સ જહોન વીક સિરીઝની ૪ ફિલ્મોમાં ૨૦૨૩ સુધી કામ કરતો જોવા મળે છે. તે ઉપરાંત તેણ ટોય સ્ટોરીઝ ૪માં ડયુક કુબમના કેરેકટર માટે વોઇસઓવર કરેલ છે. આજે કયુનુ રિવસની વેલ્થ ૩૮૦ મિલિયન ડૉલર્સ મતલબ ૩૮ કરોડ અમેરિકન ડૉલર એટલે ૩૨૬૮ કરોડની છે. કયુનુની નાની બેનને કેન્સરની બીમારી થતા તે સમયસર આર્થિક મદદ મળતા બચી ગયેલી તેને ધ્યાનમાં રાખીને કયુનુ કેન્સર હૉસ્પિટલો અને કેન્સર સારવાર માટે ચાલતી સંસ્થાઓમાં મોટી દાનની રકમો આપ્યા કરે છે.

કયુનુ રિવસને અવારનવાર કૉલેજે યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ મોટીવેશનલ ટોક માટે આમંત્રણ આપે છે ત્યારે તેની ટોકનો મુખ્ય મુદ્દો હોય છે કે ભૂતકાળ તમે બદલી શકતા નથી. ભૂતકાળની ઘટનાઓ તમારા તાબામાં નથી, તો નો કમ્પલેઇન, નો ક્રિમિનલ માઇન્ડસેટ, નો અનએથિકલ મિન્સ ટુ મેક મની. તમારા ભૂતકાળની વેલ્યૂ સાંભળનાર માટે તમને આશ્વાસનના બે શબ્દોથી વધારે નથી. તેથી તેનો કોઇ ખરીદનાર નથી કે જે તમને તેની કિંમત ચૂકવે. સાર એમાં જ છે કે ભૂતકાળને દફનાવીને જિંદગીમાં આગળ વધો અને કોઇ એક પેશન રાખો કે જે તમે ૨૪ કલાક સુતા, જાગતા, ખાત, પીતા વાગોળ્યા કરો અને તે એચીવ કરવું તે જ જિંદગીનું મિશન બનાવી દેશો તો આખરે સફળતા તમારા કદમ ચુમશે. જેમ દારૂણ ભૂતકાળ ભૂલવામાં સમજદારી છે તેવી જ રીતે ભવ્ય ભૂતકાળને વાગોળતા લોકો ભવિષ્યમાં નિષ્ક્રિય થઇને બરબાદ થનારાના પણ કિસ્સાઓ છે. તેની પણ કયારેક ચર્ચા કરીશું. ''ધ ઇમ્પોર્ટન્ટ થીંગ ઇઝ ડેર ટુ ડ્રીમ બીગ ધેન ટેઇક એકશન ટુ મેઇક ઇટ કમ ટ્રુ'' 'મુબઈ સમાચાર'ના જ્ઞાની વાંચકો અને તેમના પરિવારને ઇશુના ૨૦૨૫ના નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ.

# તેજીમંદીના ટ્રીગરના અભાવે બજાર અથડાઇ ગયું

## કોર્પોરેટ કમાણીને આધારે શેરલક્ષી કામકાજ વધશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મજબૂત યુએસ ડોલર, ઊંચા મૂલ્યાંકન અને રોકાણકારો કોઇ તેજીમંદીના ટ્રીગર વગર મૂંઝવણભરી પરિસ્થિતિમાં હોવાને કારણે બજારે નિરાશાવાદી નોંધ સાથે સપ્તાહનું સમાપન કર્યું છે. સારા વેચાણના આંકડા સાથે ઓટો સેક્ટરે અન્ય ઇન્ડેક્સને પાછળ રાખી દીધા હતા. સ્મોલ અને મિડકેપમાં ફરી આકર્ષણ વધ્યું છે, પરંતુ લાર્જ કેપ્સમાં હળવી રિકવરી જોવા મળી હતી

શેરબજારમાં તેજીનો જુવાળ એક જ દિવસમાં શમી ગયો હોય એ રીતે, સપ્તાહના અંતિમ સત્રમાં સેન્સેક્સમાં ૭૨૦ પોઇન્ટનું મસમોટું ગાબડું નોંધાયું હતું, જ્યારે નિફ્ટી ૨૪,૦૦૦ની સપાટી માંડ ટકાવી શક્યો હતો. નોંધવું રહ્યું કે પાછલા સત્રમાં ગુરુવારે સેન્સેક્સ ૧૫૦૦ પોઇન્ટ ઉછળીને ૮૦,૦૦૦ની સપાટી વટાવી પાછો ફર્યો હતો અને નિફ્ટી પણ ૨૪,૨૦૦ને સ્પર્શ્યો હતો. ઈક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી શુક્રવારે લગભગ એક ટકાના નીચા ખાબક્યા હતા. રોકાણકારોએ આવતા સપ્તાહે શરૂ થતી કોર્પોરેટ સેક્ટરના પરિણામોની સીઝન અગાઉ બેંક અને આઈટી શેરોમાં એક્સપોઝર ઓછું કર્યું હોવાથી વેચવાલીનું દબાણ વધ્યું હતું. બજારના સાધનો અનુસાર અમેરિકી ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘટાડાને કારણે સેન્ટિમેન્ટ પર વધુ અસર પડી હતી.

કોર્પોરેટ પરિણામ પર ખાસ નજર રહેશે અને તેને કારણે શેરલક્ષી કામકાજ જોવા મળશે. એવેન્યુ સુપરમાર્ટે ડિસેમ્બર ક્વાર્ટર માટે સ્ટેન્ડઅલોન ધોરણે રેવન્યૂમાં ૧૭.૫ ટકાનો વધારો નોંધાવ્યા બાદ તેના શેરમાં ૧૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. મારુતિનું વેચાણ ડિસેમ્બરમાં ૩૦ ટકા વધીને ૧,૭૮,૨૪૮ યુનિટ સુધી પહોંચ્યું છે. જર્મન કાર મેકર ઓડી ઇન્ડિયાએ ૨૦૨૪માં ૨૭ ટકાના ઘટાડા સાથે ૫૮૧૬ કારનું વેચાણ નોંધાવ્યું છે.

રોયલ એનફિલ્ડનું વેચાણ ૨૫ ટકા વધીને ૭૯,૪૬૬ યુનિટ રહ્યું છે. પાવર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર્સની અગ્રણી ઉત્પાદક સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટ લિમિટેડે બે નોંધપાત્ર ઓર્ડર મેળવ્યા છે, જેમાં પ્રથમ રૂ. ૧૨.૮૧ કરોડનું મૂલ્યનો ૧૦૦ કેવીએ વિતરણ ટ્રાન્સફોર્મર્સના સપ્લાય માટે તમિલનાડુ જનરેશન એન્ડ ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન તરફથી છે. વધુમાં, જેમાં કંપની ૯૦ ટકા હિસ્સો ધરાવે છે તે, ભાગીદારી પેઢી દાન્યા ઇલેક્ટ્રિક કંપનીએ રૂ. ૭.૨૬ કરોડનો નવો ઓર્ડર મેળવ્યો છે.

પ્રાઇમરી માર્કેટમાં ક્વાડ્રન્ટ ફ્યુચર ટેક લિમિટેડનો રૂ. ૨૯૦ કરોડનો બુક બિલ્ટ ઇશ્યુ સાતમી જાન્યુઆરીએ ખુલશે અને નવમી જાન્યુઆરીએ બંધ થશે. કેપિટલ ઇન્ફ્રા ટ્રસ્ટ ઇન્વિટનો રૂ. ૧,૫૭૮ કરોડના બુક બિલ્ટ ઇશ્યુ સાતમી જાન્યુઆરીએ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને નવમીએ બંધ થશે. સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઇનિંગ આઇપીઓ છઠી જાન્યુઆરીએ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને આઠ જાન્યુઆરીએ બંધ થશે. એ વન સ્ટીલ ઇન્ડિયાએ રૂ. ૬૫૦ કરોડના આઇપીઓ માટે ડીઆરએચપી ફાઇલ કર્યું છે. અગ્રણી સ્ટોક બ્રોકિંગ ફર્મના રિસર્ચ એનાલિસ્ટે કહ્યું હતું કે નિફ્ટી તેની ટોચની સપાટી સામે લગભગ નવેક ટકા નીચી સપાટીએ છે તે જોતા હવે વધુ કરેક્શનને અવકાશ હોય એવું લાગતું નથી.

બજારના સાધનો અનુસાર આગામી સમયમાં ટ્રમ્પની આર્થિક નીતિઓ અને ઊંચા મૂલ્યાંકનની આસપાસની અનિશ્ચિતતા શેરબજારને ટૂંકા ગાળામાં અસર કરી શકે છે. આગામી સત્રોમાં, અગ્રુ જણાવ્યા અનુસાર કોર્પોરેટ ક્ષેત્રના ત્રીજા ત્રિમાસિક પરિણામો પર બજારનું ખાસ ધ્યાન રહેશે. વધુમાં, રોકાણકારો અંદાજપત્ર અગાઉની અપેક્ષાઓના આધારે તેમના પોર્ટફોલિયોમાં ફેરફાર કરે તેવી શક્યતા છે.

# ટ્રમ્પની વેપાર-વેરાની નીતિની અસરની અવઢવ

## ડૉલર મજબૂત થતાં સપ્તાહના અંતે વૈશ્વિક સોનામાં નરમાઈ

કોમોડિટી

રમેશ ગોહિલ

વીતેલા સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં રાજકીય-ભૌગોલિક તણાવ અને નવા અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિ ફુગાવાલક્ષી હોવાની શક્યતાને ધ્યાનમાં લેતાં સોનામાં હેજરૂપી અને સલામતી માટેની માગ રહેતાં ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં એક તબક્કે સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧.૫૦ ટકા જેટલો વધારો થયો હતો, પરંતુ સપ્તાહના અંતે ડૉલર ઈન્ડેક્સમાં તેજીનું વલણ રહ્યું હોવાથી ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએથી પાછા ફર્યા હતા અને સાપ્તાહિક ધોરણે ભાવમાં ૦.૮ ટકા જેટલી વૃદ્ધિ જોવા મળી હતી. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સપ્તાહ દરમિયાન ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહેતાં વધુ સાપ્તાહિક ધોરણે ૨૯ પૈસાનો ઘટાડો આવ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં પણ વધારો થવાથી ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૬૮નો ઉછાળો આવ્યો હતો. જોકે, તેજીના વલણમાં સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહી હતી.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન તરફથી પ્રાપ્ત થયેલી આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં વેરા રહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૭મી ડિસેમ્બરનાં રૂ. ૭૬,૪૩૬ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૭૬,૨૯૬ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૭૬,૦૪૫ અને ઉપરમાં રૂ. ૭૭,૫૦૪ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૬૮ અથવા તો ૧.૩૯ ટકા વધીને સપ્તાહની ઊંચી રૂ. ૭૭,૫૦૪ની સપાટીએ બંધ રહ્યા હતા. એકંદરે સપ્તાહ દરમિયાન રોકાણલક્ષી માગ નિરસ રહેવાને કારણે જ્વેલરી ઉત્પાદકોની માગ પણ નબળી જ રહેતાં સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૪ ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યાના અહેવાલ હતા. મુંબઈસ્થિત એક હોલસેલરે જણાવ્યું હતું કે છેલ્લાં કેટલાક દિવસોથી ડૉલર સામે રૂપિયામાં વધુ ધોવાણ થઈ રહ્યું હોવાથી આયાત પડતરોમાં વધારો થવાને કારણે વૈશ્વિક ભાવની સરખામણીમાં સ્થાનિકમાં ભાવવધારો વધુ જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગયા મહિને સ્થાનિકમાં એક તબક્કે સોનાના ભાવ ઘટીને ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫,૪૫૯ સુધી પહોંચ્યા હતા. વધુમાં મુંબઈસ્થિત એક આયાતકારે જણાવ્યું હતું કે હાલમાં કમુહર્તાનો સમયગાળો ચાલી રહ્યો હોવાથી રિટેલ સ્તરની માગ શાંત રહેતાં સપ્તાહ દરમિયાન જ્વેલરોની પણ લેવાલી નિરસ રહી હતી.

સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનમાં આગામી ૨૯મી જાન્યુઆરીથી નવા લ્યુનાર વર્ષનો આરંભ થઈ રહ્યો છે અને નવા વર્ષની ઉજવણી દરમિયાન માગ ખૂલવાના આશાવાદને ધ્યાનમાં લેતા જ્વેલરોની માગને ટેકે ચીન ખાતે ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૪.૫૦ ડૉલરથી ૧૦ ડૉલર આસપાસના પ્રીમિયમમાં ઓફર કરી રહ્યાના અહેવાલ હતા. જોકે, ગત સપ્તાહે જ્વેલરી ઉત્પાદકોની માગ પ્રમાણમાં ઓછી રહી હતી, પરંતુ તેની સરખામણીમાં રોકાણલક્ષી માગ જોવા મળી હોવાનું એક એનાલિસ્ટ રોસ નોર્મને જણાવ્યું હતું.

એકંદરે ગત સપ્તાહ દરમિયાન ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને રાજકીય-ભૌગોલિક તણાવને કારણે સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. વધુમાં આગામી ૨૦મી જાન્યુઆરીથી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ હોદ્દો અખત્યાર કરતાં તેની પ્રસ્તાવિત વેપારની અને ટેરિફની નીતિઓ ફુગાવાલક્ષી તથા રાજકોષીય ખાધ પ્રેરિત હોવાની ભીતિ જેવાં કારણોસર સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું. વધુમાં ટ્રમ્પની નીતિઓ અને તેની અમેરિકા સહિતના વૈશ્વિક અર્થતંત્ર પર થનારી અસર અને અમેરિકી ફેડરલ રિઝર્વ નાણાં નીતિમાં કેવો અભિગમ અપનાવે છે તેના પર બજાર વર્તુળોની નજર સ્થિર થઈ છે. જોકે, ફેડરલ રિઝર્વે છેલ્લી નીતિવિષયક બેઠકના અંતે વર્ષ ૨૦૨૫માં માત્ર બે જ વખત વ્યાજદરમાં કપાતનો અવકાશ હોવાનો સંકેત આપ્યો હતો. હાલની વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૨૬૨૦થી ૨૭૫૦ ડૉલર આસપાસ અને સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪,૮૦૦થી ૭૯,૫૦૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે શુક્રવારે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા ઘટીને ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએથી પાછા ફરીને ઔંસદીઠ ૨૬૪૧.૫૨ ડૉલરની સપાટીએ રહ્યા હતા. તેમ જ સાપ્તાહિક ધોરણે ભાવમાં ૦.૮ ટકાનો વધારો નોંધાયો હતો, જ્યારે વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૫૪.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે ટ્રમ્પની પ્રસ્તાવિત વેરા નીતિની અસરની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા વૈશ્વિક અર્થતંત્ર મંદ પડવાની ભીતિને ધ્યાનમાં લેતા હાલમાં સોના સહિતની તમામ ધાતુઓમાં માગ મંદ પડી રહી હોવાનું વિસ્ડમ ટ્રીના કૉમોડિટી સ્ટ્રેટેજિસ્ટ નિતેશ શાહે જણાવતા ઉમેર્યું હતું કે સોનામાં સુધારા સામે ડૉલર ઈન્ડેક્સની મજબૂતીને કારણે પડકારો હોવા છતાં અમેરિકા સહિત અન્ય દેશોના દેવામાં થનારા અપેક્ષિત વધારો અને રાજકીય ભૌગોલિક તણાવને કારણે સોનાની તેજીને ટેકો મળતો રહેશે. હવે રોકાણકારોની નજર આગામી સપ્તાહે જાહેર થનારા અમેરિકાનાં નોન ફાર્મ પે રૉલ ડેટા અને ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેર થનારી મિનિટ્સ પર રોકાણકારોની નજર રહેશે કેમ કે આ ડેટાની અસર આગામી ૨૮-૨૯ જાન્યુઆરીના રોજ યોજાનારી અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકના નિર્ણયો પર પડશે.

# ખાદ્યતેલમાં પાંખાં કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૨ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે સપ્તાહના અંતે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં હોવાથી ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના સોયાબીન રિફાઈન્ડના રૂ. ૧૨૨૦થી ૧૨૨૫ અને રિફાઈન્ડ સનફ્લાવર તેલના રૂ. ૧૩૪૦, રૂચીના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સનફ્લાવર રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૫ અને ગોકુલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા.



# અંદાજપત્ર પૂર્વે કૃષિ પ્રધાને રાજ્યો સાથે વિવિધ સ્કીમોની સમીક્ષા કરી

## વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૩.૫થી ૪ ટકા વૃદ્ધિદરનો અંદાજ

નવી દિલ્હીઃ કેન્દ્રિય કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે આજે અંદાજપત્ર પૂર્વે વિવિધ રાજ્યોના કૃષિ પ્રધાનો સાથે વિવિધ સ્કીમોની સમીક્ષા કરવાની સાથે હાલના પ્રોગ્રામ અને અંદાજપત્રીય ફાળવણી માટે તેઓની ભલામણો લીધી હતી.

આજે યોજાયેલી વર્ચ્યુઅલ બેઠકમાં શિવરાજ સિંહે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫માં કૃષિ અને કૃષિ સંલગ્નિત ક્ષેત્ર ૩.૫૦થી ૪ ટકા વૃદ્ધિદર દાખવે તેવો આશાવાદ વ્યક્ત કરવાની સાથે સંતોષ વ્યક્ત કર્યો હતો અને રાજ્ય સરકારોને ઝડપી ગતિએ કાર્ય કરવા માટેનો અનુરોધ કર્યો હતો.

ગત નાણાકીય વર્ષ ૨૦૨૪માં દેશમાં ગ્રામીણ વિસ્તારમાં દેશમાં ગરીબાઈનો દર જે નાણાકીય વર્ષ ૨૦૨૩માં ૭.૨ ટકાનો હતો તે ઘટીને સૌ પ્રથમ વખત પાંચ ટકા કરતાં ઓછો થયો હોવાના સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાના અહેવાલને તેમણે આવકાર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે દેશનાં ફાર્મ ક્ષેત્રને પ્રોત્સાહિત કરવા કેન્દ્રએ આઈસીએઆરનાં સંશોધનો મારફતે હેક્ટરદીઠ ઉત્પાદન વધારવા અને બિયારણની નવી વેરાઈટીઓ રજૂ કરવા સહિત છ પૉઈન્ટનો વ્યૂહ અમલ કર્યો હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે સરકાર ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરવા, માઈક્રો ઈરિગેશનને પ્રોત્સાહન કરવા, ફાર્મ મેકેનાઈઝેશન, ટેક્નોલૉજી સ્વીકૃતિ અને નવી કૃષિ પદ્ધતિઓ અપનાવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

વધુમાં તેમણે બેઠક દરમિયાન પીએમ-કિસાન, પ્રધાન મંત્રી ફસલ બિમા યોજના, ડીએપી ફર્ટિલાઈઝર સબસિડી, કિસાન ક્રેડિટ કાર્ડ અને પ્રધાન મંત્રી અન્નદાતા આય સંસ્કરણ અભિયાન જેવી મુખ્ય સ્કીમોની પ્રગતિ અંગે માહિતી આપવાની સાથે જણાવ્યું હતું કે કૃષિ ક્ષેત્રમાં આ એક સતત ચાલતી રહે તેવી પ્રક્રિયા છે અને તેને માટે આપણે સંયુક્તપણે સતત પ્રયાસો કરતા રહેવા પડશે. મને પૂર્ણપણે વિશ્વાસ છે કે અમે અંદાજપત્ર તથા યોજનાઓમાં સુધારણા અંગે સાથે મળીને સૂચનોનું આદાનપ્રદાન કરીશું અને તે દિશામાં સાથે મળીને આગળ વધીશું, એમ તેમણે ઉમેર્યું હતું. આ બેઠકમાં કૃષિ સચિવ દેવેશ ચતુર્વેદી અને મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# વિદેશી હૂંડિયામણની અનામત ૪.૧૧ અબજ ડૉલર ઘટી

## ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્કે હસ્તક્ષેપ કરી રહી

મુંબઈઃ ગત ૨૭મી ડિસેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૪.૧૧૨ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૪૦.૨૭૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૮.૪૭૮ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૪૪.૩૯૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

ગત સપ્ટેમ્બરના અંતે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ રહી હતી. જોકે, હમણાં છેલ્લાં કેટલાક સપ્તાહથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા હાજર બજારમાં હસ્તક્ષેપ કરી રહી હોવાથી અનામતમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

રિઝર્વ બૅન્કની સાપ્તાહિક આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં મુખ્ય હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૪.૬૪૧ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૫૧.૯૨૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાય યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧.૨ કરોડ ડૉલર ઘટીને ૧૭.૮૭૩ અબજ ડૉલરના સ્તરે રહ્યા હતા, જ્યારે સોનાની અનામત ૫૪.૧૦ કરોડ ડૉલર વધીને ૬૬.૨૬૮ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૪.૨૧૭ અબજ ડૉલરની સપાટીએ ટકેલી રહી હોવાનું રિઝર્વ બૅન્કે માહિતીમાં ઉમેર્યું હતું.

# ખાંડમાં માગ અનુસાર મિશ્ર વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના વધારા સાથે રૂ. ૩૪૫૦થી ૩૫૦૦ આસપાસના મથાળે થયા હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં વધ્યા ભાવથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તેમ જ માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતાં ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૨નો સુધારો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ આજે હાજરમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની ખપપૂરતી માગ હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૬૦થી ૩૬૮૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મથકો પરના પ્રોત્સાહક અહેવાલ, રિટેલ સ્તરની માગ અને માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૨ના સુધારા સાથે રૂ. ૩૬૮૨થી ૩૮૫૨માં થયા હતા.

# બાબાની ભભૂતિની બબાલ





## ભિવંડીમાં બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીના સત્સંગમાં ધક્કામુક્કી

## બાબાએ ભભૂતિ લેવા મંચ પર આવવા કહ્યું પછી ધમાલ થઈ, પોલીસનો લાઠીચાર્જ

મુંબઈ: ભિવંડીમાં બાગેશ્વર બાબા તરીકે ઓળખાતા બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી મહારાજના સત્સંગમાં ભભૂતિ લેવા માટે ભક્તો વચ્ચે ધક્કામુક્કી થતાં બાબાએ સ્ટેજ છોડીને જવું પડ્યું હતું. સિક્યોરિટી ગાર્ડની હાજરી છતાં પરિસ્થિતિ કાબૂ બહાર જતી જોઈ પોલીસે સૌમ્ય લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. સદ્નસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

ભિવંડીના માનકોલી નાકા ખાતે ઈન્ડિયન ઑઈલ કંપનીના પરિસરમાં શનિવારે ધીરેન્દ્ર શાસ્ત્રી મહારાજના સત્સંગનું આયોજન કરાયું હતું. બાબાએ કથા કરી ભક્તોને પ્રવચન આપ્યું હતું. અને પછી ભભૂતિ વહેંચણીની જાહેરાત કરવામાં આવી હતી.

ભભૂતિ લેવા માટે બધાને હરોળમાં આવવાનું કહેવાયું હતું. આ માટે પહેલાં મહિલાઓ અને પછી પુરુષોએ લાઈન લગાવવાનું શરૂ કર્યું હતું, પરંતુ પહેલાં ભભૂતિ લેવાના પ્રયાસમાં ભક્તો વચ્ચે ધક્કામુક્કી થવા લાગી હતી.

સ્ટેજ નજીક ભક્તોની ભારે ભીડને કારણે અનેક મહિલાઓએ ગૂંગળામણની ફરિયાદ કરી હતી. ભક્તોની ભીડ નિયંત્રણ બહાર જતી જોઈ બાબા સ્ટેજ છોડી જતા રહ્યા હતા.

શ્વાસ લેવામાં તકલીફ પડવાને કારણે મહિલાઓને ચક્કર આવવા લાગતાં તેમને સ્ટેજ પર એક તરફ બેસવાની વિનંતી કરવામાં આવી હતી. મોટા ભાગના લોકોએ સ્ટેજ પર ચઢવાના પ્રયાસ કર્યા હતા. પરિસ્થિતિ વણસતી હોવાના અણસાર આવતાં પોલીસે હળવો લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી, એવું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સાંઈબાબાના શરણમાં ૧૬.૬૧ કરોડનું દાન

**વર્ષના આખર સપ્તાહમાં આ દાનમાં ૮૦૯ ગ્રામ સોનું અને ૧૪ કિલો ચાંદી પણ**



મુંબઈ: શિર્ડી સાંઈબાબા સંસ્થાન ટ્રસ્ટ દ્વારા ક્રિસમસ અને નવા વર્ષના આગમન દરમિયાન શિર્ડી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાંઈબાબાના વિશેષ દર્શન, વીઆઇપી પાસ જેવી સુવિધાઓ રાખવામાં આવી હતી.

પચીસમી ડિસેમ્બરથી બીજી જાન્યુઆરી સુધી અંદાજે આઠ લાખ લોકોએ બાબાના દર્શન કર્યા હતા અને ભક્તો દ્વારા ૧૬.૬૧ કરોડ રૂપિયાનું દાન કરવામાં આવ્યું હતું. નવ દિવસ સુધી દાન, ટોલ પાસ, ડેબિટ-ક્રેડિટ કાર્ડ, ઓનલાઇન દાન, ચેક/ડીડી અને મની ઑર્ડરના માધ્યમથી કુલ ૧૫,૯૭,૩૭,૨૮૧ રૂપિયાનું દાન કરવામાં આવ્યું હતું.

આ સિવાય ૮૦૯.૨૨૦ ગ્રામ સોનું (૫૪,૪૯,૬૮૬ રૂપિયા), ૧૪ કિલો ૩૯૮ ગ્રામ ચાંદીનું (૦૯,૯૩,૮૯૫ રૂપિયા) દાન આપવામાં આવ્યું હતું. આ પ્રકારે કુલ ૧૬,૬૧,૮૦,૮૬૨ રૂપિયાનું દાન કરવામાં આવ્યું હતું.

છ લાખથી વધુ ભક્તોએ શ્રી સાંઈ

(જુઓ પાનું ૪) ▶▶

# ૨૦૦૬ના નાંદેડ બ્લાસ્ટના તમામ આરોપીઓને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા

મુંબઈ: નાંદેડ ખાતેની સેશન્સ કોર્ટે શનિવારે ૨૦૦૬ના બ્લાસ્ટ કેસમાં તમામ નવ આરોપીને નિર્દોષ છોડી મૂક્યા હતા. વિગતવાર આદેશ હજુ સુધી ઉપલબ્ધ થયો નથી. બચાવ પક્ષના વકીલે જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષ એ સાબિત કરી શક્યું નથી કે આ ઘટના બોમ્બ બ્લાસ્ટ હતી. આ કેસમાં કુલ ૧૨ આરોપી હતા, જેમાંથી બે જણ વિસ્ફોટમાં માર્યા ગયા હતા, જ્યારે એકનું ખટલા દરમિયાન મૃત્યુ થયું હતું. જિલ્લા અને વધારાના સેશન્સ જજ સી.વી. મરાઠેએ શનિવારે બાકીના આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા.

નાંદેડ શહેરમાં કથિત રીતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર એવા લક્ષ્મણ રાજકોંડવારના ઘરે ચાર અને પાંચ એપ્રિલ, ૨૦૦૬ દરમિયાન રાતે વિસ્ફોટ થયો હતો. રાજકોંડવારના પુત્ર નરેશ અને વીએચપીના કાર્યકર હિમાંશુ પાનસે કથિત રીતે વિસ્ફોટ એસેમ્બલ કરતા સમયે માર્યા ગયા હતા, એવો દાવો તપાસકર્તાઓએ કર્યો હતો.

આ કેસની શરૂઆતમાં મહારાષ્ટ્ર એન્ટિ ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ) દ્વારા તપાસ કરવામાં આવી હતી અને બાદમાં આ કેસને સીબીઆઈને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. બચાવ પક્ષના વકીલ નીતિન રુણવાલના જણાવ્યા અનુસાર ટ્રાયલ દરમિયાન ફરિયાદ

(જુઓ પાનું ૪) ▶▶




Deepak Somaiya


# ૬૨ વર્ષે ૫૦ કિ.મી. નવી મેટ્રો લાઈન શરૂ કરોઃ ફડણવીસ

## બધા જ મેટ્રોનું નવું ટાઈમટેબલ નક્કી કરવા પણ કહ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ શહેર અને ઉપનગરોમાં કનેક્ટિવિટી સુધારવા અને રોડ ટ્રાફિકની ભીડ ઘટાડવા માટે મુંબઈ અને મુંબઈ ઉપનગરોમાં વિવિધ મેટ્રો પ્રોજેક્ટ્સ પ્રગતિમાં છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ મેટ્રો પ્રોજેક્ટ્સ અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ઓથોરિટી દ્વારા ચાલી રહેલા (જુઓ પાનું ૪) ▶▶

# વર્સોવાથી દહિસર કોસ્ટલ રોડનું કામ દોઢ મહિનામાં શરૂ થઈ જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ કોસ્ટલ રોડને વર્સોવાથી દહિસર સુધી લઈ જવાના પ્રોજેક્ટ માટેનો કૉન્ટ્રેક્ટ આપવાના લગભગ વર્ષ બાદ હવે આ મહત્ત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનું કામ આગામી ૪૫ દિવસથી અંદર ચાલુ થઈ જશે એવી ખાતરી કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન તથા ઉત્તર મુંબઈના સાંસદ સભ્ય પીયૂષ ગોયલે શનિવારે આપી હતી.

શનિવારે પીયૂષ ગોયલે પાલિકા, મ્હાડા, એસઆરએ, એમએમઆરડીએ, કલેકટર, પોલીસ પ્રશાસન સહત જુદા જુદા અધિકારીઓ સાથે પાલિકા મુખ્યાલયમાં બેઠક કરી હતી. જેમાં ૬૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ પ્રોજેક્ટ પર ચર્ચા કરવામાં આવી હતી, જેમાં મુખ્યત્વે મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ-બે પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. ૨૦ કિલોમીટરનો લગભગ ૧૬,૬૨૧ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ જે વર્સોવા અને દહિસરને જોડશે અને ટ્રાફિકમાંથી રાહત આપવાનો છે. આ નવો કોસ્ટલ પ્રોજેક્ટ દહિસર ચેક નાકા પરના ભારને ૩૦થી ૩૫ ટકા ભાર ઘટાડશે એવું માનવામાં આવે છે. આ પ્રોજેક્ટ માટેનો વર્ક ઓર્ડર ગયા વર્ષે બહાર પાડવામાં આવ્યો હતો. પરંતુ અમુક મંજૂરીઓને કારણે પ્રોજેક્ટમાં અનેક અવરોધ આવ્યા હતા.

આ પ્રોજેક્ટને કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) ની મંજૂરી સહિત અન્ય જરૂરી મંજૂરી મળી ગઈ છે. પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય તરફથી જરૂરી વાંધા સૂચના પણ ટૂંક સમયમાં મળી જશે. ત્યારબાદ તેને હાઈ કોર્ટમાં સબમિટ કરવામાં આવશે. આગામી ૪૫ દિવસમાં આ પ્રોજેક્ટ

(જુઓ પાનું ૪) ▶▶


**PAC n DELIVER**
**INTERNATIONAL COURIER**
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
**8879991866**
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"





KAAJAL ADS





KAAJAL ADS


# બીડના સરપંચની હત્યા ત્રણની ધરપકડઃ એક હજી ફરાર

મુંબઈ: બીડ જિલ્લાના સરપંચ સંતોષ દેશમુખની ૯મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ થયેલી હત્યાના કેસમાં પોલીસે બે ફરાર આરોપી સહિત ત્રણ જણની પુણે અને કલ્યાણ ખાતેથી ધરપકડ કરી હતી, એવું પોલીસ અધિકારીએ શનિવારે જણાવ્યું હતું. ત્રણેય આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવતાં તેઓને ૧૪ દિવસની સીઆઈડી કસ્ટડીમાં રાખવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

સુદર્શન ઘુલે અને સુધીર સાંગલેની પુણેથી જ્યારે સિદ્ધાર્થ સોનાવણેની થાણે જિલ્લાના કલ્યાણ ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. ગુલે અને સાંગલેનાં નામ હત્યાના ગુનામાં હતાં, જ્યારે સોનાવણેનું નામ પોલીસે કરેલી પૂછપરછમાં બહાર આવ્યું હતું. પોલીસે અત્યાર સુધી આ કેસમાં સાત જણની ધરપકડ કરી છે અને એક આરોપી હજી ફરાર છે.

## આ તો ફક્ત પ્યાદા

છત્રપતિ સંભાજીનગર: બીડના સરપંચ સંતોષ દેશમુખ હત્યા કેસમાં પુણેથી વધુ બે જણની ધરપકડ બાદ ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસે ફરી એક વખત શનિવારે એનસીપીના નેતા ધનંજય મુંડેને લક્ષ્ય બનાવ્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે ધરપકડ કરાયેલા આ બે જણ ફક્ત પ્યાદા છે જ્યારે મુખ્ય આરોપી બિન્દાસ્ત મુક્ત ફરી રહ્યો છે.

પોલીસે દેશમુખ હત્યાના ચાર અઠવાડિયા બાજ પુણેથી વધુ બે જણ સુદર્શન ચંદ્રભાન ધુલે (૨૬) અને સુધીર સાંગલે (૨૩)ની ધરપકડ કરી હતી.

## ધનંજય મુંડેને કેબિનેટથી દૂર રાખો

બીડમાં સરપંચ સંતોષ દેશમુખની હત્યા પ્રકરણે પારદર્શક તપાસની ખાતરી કરવા માટે એનસીપીના નેતા ધનંજય મુંડેને મહારાષ્ટ્ર કેબિનેટથી દૂર રાખવા જોઇએ, એમ એનસીપીના જ વિધાનસભ્ય પ્રકાશ સોલંકેએ શનિવારે જણાવ્યું હતું. મહાયુતિના સાથી પક્ષોમાંથી

(જુઓ પાનું ૪) ▶▶







**રાજકોટમાં ધીરગુરુદેવના અનુગ્રહથી 15 કરોડના ખર્ચે નવનિર્મિત વિરાણી બહેરા-મૂંગા શાળા સંકુલનો 12 જાન્યુઆરીના ઉદ્ઘાટન સમારોહ**




રાજકોટમાં છેલ્લા ૬૦ વર્ષથી કાર્યરત અને જન્મથી ગંભીર બિમારી કે અકસ્માતે બધિર બનેલા દીકરા - દીકરીઓને બાલમંદિરથી ધોરણ - ૧૨ સુધીનું બધિર શિક્ષણ અને સ્વરોજગારી માટે વ્યવસાયિક તાલિમ આપનાર શ્રી અને શ્રીમતી છગનલાલ શામજી વિરાણી બહેરા-મૂંગા શાળા ટ્રસ્ટ સંકુલમાં કુલ ૨૫૦ની સંખ્યા છે.

પૂ. શ્રી ધીરગુરુદેવની અસીમકૃપાથી સંપૂર્ણ સંકુલનું જમીનદોસ્ત કરી ૬૫ હજાર સ્કેવર ફીટમાં નવનિર્માણ કરવામાં આવેલ છે. જેમાં શ્રી જીતુભાઈ બેનાણીની બાંધકામ સેવા અભિનંદનીય છે.

**નૂતનીકરણ**

શશીકાંત જી. બદાણી
• પ્રાથમિક શાળા •
બીનાબેન અજયભાઈ શેઠ
• કન્યા છાત્રાલય •
છગનલાલ શામજી વિરાણી
• કુમાર છાત્રાલય •
ધારા જિતેન્દ્રભાઈ બેનાણી
• કોટયાર્ડ •
ડો. પી.વી. દોશી તથા શ્રી રવિકુમાર ભારદીયા
• માધ્યમિક શાળા •
રોલેક્ષ રીંગ્સ લિ.
• અન્નપૂર્ણા ગૃહ •
રંગીલદાસ નથુભાઈ વારીઆ
• ઓડિટોરિયમ •
વોરા વેલફેર ફાઉન્ડેશન
• વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર •
ક્રિશ પ્રણય દેસાઈ
• ઈન્ડોર સ્પોર્ટસ •
• લિફ્ટ દાતા •
ઈલાબેન હરીશભાઈ મહેતા
કેતનભાઈ જી. શોભાણા
નરેન્દ્રસિંહ પી. જાડેજા
• સોલાર સિસ્ટમ •
દયાકુંવર જી. શેઠ
ડો.અરૂણાબેન એ. મહેતા
રસિલાબેન નગીનદાસ પારેખ
• ઓફિસ •
હાર્દિકાબેન જે. ભીમાણી
• વેઈટિંગ લોન્જ •
સિદ્ધિ વિનાયક મોટર્સ
• કોન્ફરન્સ રૂમ •
ચંદુભાઈ કેશવજી વોરા

**કુમાર-કન્યા છાત્રાલય અને સ્કૂલના રૂમ દાતા**

| | | |
|---|---|---|
| ✦ રામકુંવરબા પ્રેમચંદ વાઘર | ✦ પ્રાણલાલ મણીલાલ પંચમીયા | ✦ વત્સલ વિપુલ સંઘવી |
| ✦ શાંતિલાલ અને ઈલાબેન ટોળિયા | ✦ રમેશભાઈ મૂળશંકર ઠાકર | ✦ હંસાબેન હેમતભાઈ ભાયાણી |
| ✦ અરૂણાબેન મનહરલાલ શાહ | ✦ કલાવતીબેન પ્રાણલાલ શેઠ | ✦ સેવંતીલાલ અને હેમાબેન મહેતા |
| ✦ ડો. હસમુખ લક્ષ્મીચંદ શેઠ | ✦ પ્રમોદાબેન કિશોરચંદ્ર કોટીચા | ✦ સ્મિતાબેન મહેન્દ્રભાઈ પારેખ |
| ✦ માલિનીબેન કિશોરભાઈ સંઘવી | ✦ ઈશિતા હિતેશભાઈ મહેતા | ✦ મંજુલાબેન મહેન્દ્રભાઈ સંગોઈ |
| ✦ અમીશા નીરજ વોરા | ✦ શર્વી હિતેશભાઈ મહેતા | ✦ રશ્મિબેન રજનીભાઈ શાહ |
| ✦ રિમતાબેન મુકેશભાઈ શેઠ | ✦ અનીશા હિતેશભાઈ મહેતા | ✦ રંજનબેન જયસુખલાલ પટેલ |
| ✦ ધીરજબેન વસંતરાય મહેતા | ✦ હિતેશ અને તૃપ્તિ મહેતા | ✦ રંજનાબેન નરોત્તમભાઈ ઉદાણી |
| ✦ ઉષાબેન મહેશભાઈ વાઘર | ✦ વિજયાબેન હરિલાલ કામદાર | ✦ રસીલાબેન હિંમતલાલ શેઠ |
| ✦ હસુભાઈ લક્ષ્મીશંકર જોષી | ✦ એન્ડોક હેલ્થકેર પ્રા. લિ. | ✦ મંગળાબેન કુબેરભાઈ તેજાણી |
| ✦ હેમલતાબેન શિવુભાઈ લાઠિયા | ✦ કલાબેન ઘનશ્યામભાઈ ત્રિવેદી | ✦ ડો. રજનીભાઈ એમ. મહેતા |
| ✦ અનિલભાઈ મણિલાલ વિરાણી | ✦ એક સદ્ગૃહસ્થ | ✦ રીટાબેન અભયકુમાર શાહ |
| ✦ રમાગૌરી કેશવલાલ વિરાણી | ✦ પદમશી વિકમશી સંઘવી | ✦ શારદાબેન રતિલાલ દોશી |
| ✦ દુર્લભજી શામજી વિરાણી | ✦ નર્મદાબેન ટોકરશી કારિયા | ✦ રમણીકલાલ મગનલાલ મહેતા |
| ✦ ઈન્દિરાબેન સુરેન્દ્ર વિરાણી | ✦ નિર્મળાબેન શાંતિલાલ મારુ | ✦ વનિતાબેન વ્રજલાલ મહેતા |
| ✦ દિનેશભાઈ ભૂપતભાઈ શેઠ | ✦ ડો. રતનબેન ખીમજી છાડવા | ✦ મંગલાવંતી હસમુખરાય મહેતા |
| ✦ લૈલારાની, કરીન, કવિ, અભિ | ✦ ડો. અરૂણાબેન અભયચંદ્ર મહેતા | ✦ રંજનબેન સુરેન્દ્રભાઈ મહેતા |
| ✦ હરસુખભાઈ જે. જુઠાણી | ✦ નીરૂબેન નિરંજનભાઈ સંઘવી | ✦ વિદ્યાબેન મહેન્દ્રભાઈ મહેતા |
| ✦ રમાગૌરી છોટાલાલ દફતરી | ✦ વીજકોરબેન રામજીભાઈ ડેલીવાલા | ✦ મહેન્દ્ર જમનાદાસ અજમેરા |
| | | ✦ ચુનિલાલ કરશનદાસ જોબનપુત્રા |

અપીલ : સંકુલમાં ₹11 લાખ - વેઈટીંગલોન્જ નામકરણ : ₹5 લાખ એક જલમંદિર (કુલ-૮) અને કાયમી વિદ્યાર્થી એજ્યુકેશન સહાય યોજના 1 વર્ષના ₹25000/- અને તેના ગુણાંકમાં 1, 2, 5, 11 ગમે તેટલા વર્ષનો અને વિદ્યાર્થીનો લાભ લઈ શકાશે.

સંપર્ક : પ્રમુખ રજનીભાઈ બાવીસી - ૯૩૨૮૧૩૦૦૩૩


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**